વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૩મું
જાન્યુઆરી - ૨૦૧૮
અંક : ૪૭૬

મંગલ મંદિર ● જાન્યુઆરી-૨૦૧૮ ● ૧
(કુલ પાના : ૯૨)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાળા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060

Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# 'નવનીત'નાં શ્રેષ્ઠ જ્ઞાનવર્ધક પ્રકાશનો...




આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.

NAVNEET®
Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED


**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India
**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001:2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

IADC

# આદરાંજલી



જન્મ તારીખ
૧૩-૯-૧૯૨૬

અરિહંત શરણ
૬-૧૨-૨૦૧૪

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રા ના કાયમી સંઘપતી
## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા
(મોટા લાયજા - કચ્છ, હાલ મુંબઇ)

## સંભારણ

પ.પૂ. આચાર્ય ભગવંત તથા સાધુ સાધ્વીઓના શુભ આશિર્વાદ થી સપ્ટેમ્બર ૨૦૦૬ માં શ્રી સંઘની સ્થાપના થી દર મહીનાના પહેલા રવિવારે કાચીગુડાથી કુલપાકજી તીર્થ યાત્રા નિયમીત શરૂ થઈ અને આજ શ્રી કુલપાકજી તીર્થ યાત્રા સંઘ અનેક પ્રવૃત્તિઓ ધમ ધમી ઊઠી છે.

જાનેવારી ૨૦૧૧ થી માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાલ ગાલા શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતી બન્યા જેથી શ્રી સંઘમાં પ્રવૃત્તીઓનું ભયો ભયો થઈ ગયો.

"VISION 12-12-12" હેઠળ આયોજીત શ્રી સમ્મેત શીખરજીને દસ દિવસની યાત્રામાં માં ૧૮૧ યાત્રાળુ જોડાયા. માતુશ્રી આ યાત્રાના સાહાયક દાતા બની શ્રી સંઘના કાર્યને આશ્રસ્થ કરેલ સાથે સાથે ભવિષ્યનાં શ્રી સંઘના કોઈ પણ કાર્ય માતે પોતની તત્પરતા પ્રગટ કરેલ.

પ.પૂ. સર્વોદય સાગર મહારાજ સાહેબના હૈદરાબાદ કાચીગુડા જીનેશ્વરધામ મંદિરમાં ચાતુર્માસ દરમ્યાન ૨૦ થી ૨૫ દિક્ષા લીધેલ મુનીઓના પરિવારજનોનો સન્માન કરવામાં આવેલ ત્યારે કાર્યક્રમનો સમસ્ત ખર્ચ ઊપાડી પ્રત્યેક પરિવારજનોને રૂા. ૩૫૦૦/- થી રૂા. ૪૦૦૦/- સુધીના વસ્તુઓની પ્રભાવના કરેલ પ.પૂ. ગુરૂવલ્લભ મહારાજ સાહેબના ત્યારે ઉદગાટ હતા આ પ્રયોગ સમસ્ત જૈન સમાજમાં પહેલીવાર થાય છે.

સાલ ૨૦૧૫ માં શ્રી સંઘ તરફથી આયોજીત સ્તવન હરીફાઈમાં સર્વે ઊમરના લગભગ ૭૦ સ્પર્ધકો હતા આ કાર્યક્રમની પણ એમનીજ દેન હતી.

શ્રી સંઘ આયોજીત એનેક વિધ સ્પર્થા માં અખીલભારત સ્થર ઉપર આયોજીત નિબંધ સ્પર્ધાનાં પારીતોષીકના લાભાર્થી માતુશ્રી દેવયાનીબેન હતા (સ્પર્ધાનું વિષય હતો મારા સંપત્તીની સદ્ઉપયોગ દેરાસર, સ્કુલ, કૉલેજ, હોસ્પીટલ આદી સત્કર્મ માં કરીશ.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના સાથે-સાથે મુંબઈ તથા માદરેવતન કચ્છના અનેક ધાર્મીક સંસ્થાઓમાં પોતાના સુકૃત દાનની ગંગા વેહવાવી છે. શ્રી સંઘ વતી જે જે પણ ધાર્મિક પ્રવૃત્તીઓ થાય એના દાતાઓની લીસ્ટમાં માતુશ્રી દેવયાની બેનનો નામ મોખરે હોય. સંપૂર્ણ ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાનમાં એમના તરફથી હેમેશા સંઘપૂજન હમખાસ હોય.

શ્રી સંઘના એવા પાયાના દાતાને શ્રી સંઘના ભાવિકો વક્તો વક્ત યાદ કરી લાખ-લાખ પ્રણામ કરે છે.

**શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ,** કાચીગુડા, હૈદરાબાદ

સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫
પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

છેલ્લા ૪૨ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- સંતુલિત મંત્રીમંડળને વિકાસલક્ષી કામગીરી માટે અઢળક શુભેચ્છાઓ ........ ૭
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૨

**લેખ વિભાગ**

**કચ્છની રસધાર**

- મહેણું કે માથાનો ઘા? ........ **દુલેરાય કારાણી** ........ ૮

**કચ્છી કથા**

- કેસર મકવાણો ........ **સ્વામી સચ્ચિદાનંદ** ........ ૧૩

**કચ્છ વિશેષ**

- કુદરતના અદ્‌ભુત કરિશ્મા સમાન કચ્છનું શ્વેત રણ ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ........ ૧૪
- ચારણકુળ ગૌરવ "શ્રી હમીરજી રત્નુ" ........ **પુષ્પદાન શંભુદાન ગઢવી** ........ ૧૭
- ઝાંખી – ભુજની ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ........ ૨૨

**ધારાવાહિક નવલકથા**

- છોરાંવછોઈ – (૧૫)
  રતને કાકાને ફરિયાદ કરી ........ **હંસરાજ સાંખલા** ........ ૨૩

**વાર્તા**

- છગન કાળાનો ચંદુ ........ **દિલીપ રાણપુરા** ........ ૨૬
- અરીસો... ખૂણો અને બેટરી ........ **તારિણીબેન દેસાઇ** ........ ૩૪

**ઇતિહાસ**

- ૨૯ જાન્યુઆરી - ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ ........ ૩૭

**ચિંતન**

- કલા અને જીવન ........ **ડૉ. નરોત્તમ વાળંદ** ........ ૩૮
- અપરાધની તીવ્ર લાગણી ........ **ફાધર વર્ગીસ પોલ** ........ ૪૦

**સમાજ ચિંતન**

- સંબંધોના સથવારે : સંસાર સાગર ........ **ઇલા કે. શાહ** ........ ૪૨
- તમે ફોન કરો! ........ **ડૉ. સુધીર ચી. મોદી** ........ ૪૩

**પ્રેરક પત્ર**

- આપણી લડાઈ આપણે જ લડવાની છે ........ **અવંતિકા ગુણવંત** ........ ૪૪

**ધર્મ મર્મ**

- પુનિત કથાઓ ........ **સંત 'પુનિત'** ........ ૪૬
- મહામાનવ – મહાવીર ........ **ગુણવંત શાહ** ........ ૫૨

**યાત્રા**

- સ્વ અને વિશ્વને જોડતો એક સેતુ ........ **દક્ષા બી. સંઘવી** ........ ૫૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપર... *ઉપરાંત*.... www.hellokutchis.com ઉપર વાંચી શકાય છે.**

## જીવનધારા

● આંસુની કિંમત : રોતે રોતે બન જાએ બાત! ..... સંકલિત ..... ૫૫

## નારી વિમર્શ

● આધુનિક સ્ત્રીનો આત્મવિશ્વાસ ..... અનામિકા ..... ૫૭

## નિબંધ

● મનભર કેડીઓ ..... મનસુખ સલ્લા ..... ૫૮

## સ્વપ્ન કથા

● સ્વપ્નવત્ ..... કનુ સુણાવકર ..... ૬૦

## આરોગ્ય

● ભારતમાં વ્યાવસાયિક રોગો : ગુજરાત નંબર વન ..... જગદીશ પટેલ ..... ૬૧

## વ્યક્તિ વિશેષ

● ભાષા સુધારણાનું એક વ્યક્તિ મિશન ..... જ્વલંત છાયા ..... ૬૩

## સ્મરણ

● ગાંધી ચિંતન ..... ભાનુપ્રસાદ પુરાણી ..... ૬૪

## સંશોધન

● કચ્છી ભાષાનું દસ્તાવેજીકરણ ..... ૬૫

## હાસ્ય

● બગલાની પાંખ જેવાં ..... ભાનુબેન એન. સાવલા ..... ૬૬

## નિયમિત વિભાગો

● બાલુડેં જયું ગાલિયું ..... ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૬૮
● અન્ય સંસ્થાના સમાચાર ..... ૬૯
● આંજો કાગર ..... ૭૦
● જાણવા જેવું ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૧
● *Nano Nine* શબ્દ રમત-૧૩૬ ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૫
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૯૩) ..... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૭
● વલોવતન ..... સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ ..... ૭૮
● સમાજ દર્પણ ..... ૮૧
● સંસ્થા સમાચાર ..... ૮૧
● ઊડતી નજરે ..... ૮૮

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# સંતુલિત મંત્રીમંડળને વિકાસલક્ષી કામગીરી માટે અઢળક શુભેચ્છાઓ

ગુજરાત રાજ્યના નવા મંત્રી મંડળની રચના થઈ ચૂકી છે. છઠ્ઠી વાર ભાજપના નેતૃત્વ હેઠળની સરકાર રચાઈ છે તે એની આગવી રીતનો વિક્રમ છે. અલબત્ત આ વિક્રમજનક સફળતાનું શ્રેય વડાપ્રધાન નરેન્દ્રભાઈ અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જેટલું જ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તથા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીને પણ જાય છે. વિપક્ષ મજબૂત જરૂર થયો છે પણ એના વરિષ્ઠ નેતાઓ હારી ગયા છે. જનસંઘના પ્રારંભકાળના સંનિષ્ઠ અગ્રણીઓ વસંતરાવ ગજેન્દ્ર ગડકર, નાથાલાલ ઝઘડા કે ચીમનભાઈ શુક્લ અને અરવિંદ મણિયાર તથા હરિસિંહ ગોહિલ કે મકરંદ દેસાઈના સુદીર્ઘ તપનું આ પરિપક્વ ફળ છે. દીપકના પ્રતીક સાથે ચૂંટણી લડનારા શંભુ મહારાજ જેવા સમર્થ ધાર્મિક નેતાને ડિપોઝિટ બચાવવાનાં ફાંફાં પડતાં હતાં. કેશુભાઈ પટેલને લોકનેતા તરીકે વિકસવા 'દેસાઈ' જેવી પ્રતિષ્ઠાસૂચક અટક બદલી 'પટેલ' થઈ જવું પડ્યું હતું. જનસંઘના પ્રાણપુરુષ દીનદયાળ ઉપાધ્યાયને કદાચ કલ્પના પણ નહીં હોય કે એમના સાંસ્કૃતિક એકાત્મવાદને ગાંધી વિચાર લગોલગ મહત્ત્વ સાંપડશે. જો કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના આદિપુરુષનું 'હિંદુ રાષ્ટ્ર'નું સપનું સાકાર કરવા મથતી રાજકીય પાંખને જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળ તમામ રાજકીય પરિબળોના ધ્રુવીકરણનો જે ફાયદો થયો તેની ફળશ્રુતિ લેખે ભારતીય જનતા પાર્ટી આજે દેશનાં ૧૯ રાજ્યોમાં સત્તાસ્થાને પહોંચી શકી છે તે ન ભૂલવું જોઈએ. અટલબિહારી વાજપેયીની 'મેઇડન સ્પીચ'થી જ ખુશખુશાલ થઈ ગયેલા તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ એમનામાં પ્રાઈમ મિનિસ્ટરિયલ મટીરિયલના અણસાર મેળવી લીધા હતા, પરંતુ તે વખતે કોઈએ સ્વપ્ને પણ નહીં કલ્પ્યું હોય કે ગુજરાતના એક અદના કાર્યકર્તા અને સંઘ પ્રચારક આગામી વર્ષોમાં વાંસના અંકુરની માફક ધરતી ફાડીને પ્રગટશે અને ગુજરાતમાં વિજયની હેટ્રિક લગાવ્યા પછી આખા દેશમાં કેસરિયા ધ્વજની આણ ફેલાવશે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વૈશ્વિક નેતા સ્વરૂપે પ્રસ્થાપિત થયા પછી પણ એમની ગુજરાતી ઓળખ અકબંધ રાખી સતત અશ્વમેઘના ઘોડાની માફક નવાં નિશાન સર કરી રહ્યા છે તેનું દરેક ગુજરાતીને સ્વાભાવિક રીતે જ ગૌરવ થાય. એમણે પૂર્વસૂરિઓએ સ્વપ્ને પણ કલ્પના ન કરી હોય એવા દૂરવર્તી પ્રદેશો સુધી ચક્રવર્તી સામ્રાજ્ય વિસ્તાર્યું છે તે કોઈ નાની સૂની ઘટના નથી. એમણે પોતાના અપ્રતિમ મનોબળ અને વાક્ચાતુર્ય ઉપરાંત ઊજળી અને ઇમાનદાર છબીના જોર પર અઘરી લાગતી કસોટીઓમાં હેમખેમ પાર ઊતરીને એક રાજકીય ક્ષેત્રના મહાનાયક તથા કદીય પરાજિત નહીં થનાર રાષ્ટ્રીય નેતા તરીકે કાઠું કાઢ્યું છે. આ વખતની ગુજરાતની વિધાનસભાની ચૂંટણી મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ માટે પ્રતિષ્ઠાની ચૂંટણી બની રહી હતી. 'વિકાસ' અને રાષ્ટ્રવાદના મુદ્દે મોદીએ બૂંગિયો ફૂંક્યો. સત્તા જતાં જતાં બચી ગઈ. જો કે વિપક્ષ મજબૂત થયો તે સારો સંકેત જ ગણાય. સત્તાધારી પક્ષને હવે વધુ સાવધાનીપૂર્વક લોકસંગ્રહની તક મળશે અને જ્યાં એ નાની સરખી પણ ભૂલ કરશે ત્યાં એના કાન આમળવા સબળ વિરોધ પક્ષ તૈયાર બેઠો હશે. સંસદીય લોકતંત્રમાં એકહથ્થુ સત્તા કરતાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ બેઉ વચ્ચે બેઠકોનું અંતર ઓછું હોય તે બાબત વિશેષ ઉપકારક અને લાભદાયી લેખાય. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતના શાણા મતદારોએ ભાજપને સત્તા માટે તો પસંદ કર્યો છે પણ સાથે જ એના પર વૉચ ડૉગ તરીકે મજબૂત વિપક્ષ પણ આપ્યો છે. વિકાસને સત્તાધારી પાર્ટીનો 'મિજાજ' ગણાવતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની જોડીને પુનઃ સત્તાનું સુકાન સોંપી પાર્ટીના હાઈકમાન્ડે પણ શાણપણ દાખવ્યું છે. વીસ સભ્યોના મંત્રી મંડળમાં જ્યાંથી સત્તાધારી પાર્ટીને સાનુકૂળ પ્રતિસાદ સાંપડ્યો છે તેવા દરેક સમાજનું અને વિસ્તારનું પ્રતિનિધિત્વ જળવાય એવો પ્રયાસ કરાયો છે. સમગ્ર કવાયતમાં અમિત શાહ જેવા મુત્સદ્દી રાષ્ટ્રીય અધ્યક્ષની અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચાણક્ય બુદ્ધિના ચમકારા વરતાય છે. જૂના જોગીઓને મહદાંશે ચાલુ રખાયા છે. તો બીજી તરફ નવા લોહીને સ્થાન આપવાની નેમ પણ રખાઈ છે.

નવા મંત્રી મંડળને અંતઃકરણની વિકાસ-કામનાઓ! ■

કચ્છની રસધાર

# મહેણું કે માથાનો ઘા?

દુલેરાય કારાણી

કચ્છની અસલી ભદ્રાવતી નગરી તે આજનું ભદ્રેસર. આ ભદ્રેસરને કાળરૂપી જાદુગરે અનેક અવનવા સ્વાંગ સજાવ્યા છે. જેની કીર્તિકથા મહાભારતના સમયથી મશહૂર છે એવી આ પ્રાચીન ભદ્રાવતી નગરીમાં એક સમયે પઢિયાર રાજપૂતોની આણ વર્તતી હતી.

જેના બહાદુર સરદારોએ વીરધવળ રાજાના પ્રાણ બચાવ્યા હતા એવા ભીમસિંહ પઢિયારના પૂર્વજોનો એ સમય હતો. એની કુંવરી લીલાબાનું વેવિશાળ સિંધના સમા વંશના ચનેસર દાસડા જોડે થયેલું હતું. ચનેસર જામ મોટી જાન સાથે વાજતેગાજતે સિંધમાંથી ભદ્રેસર તરફ આવતો હતો.

કચ્છની ડોણ ગામ પાસેથી ચનેસર દાસડાની જાન પસાર થતી હતી. આ ડોણના ઠાકોર વીરમ ચાવડાને કોરૂ નામે એક સ્વરૂપવાન અને લાડકી કુંવરી હતી. કોરૂના સગપણ માટે ઠેરઠેરથી માગાં આવતાં હતાં પણ કોરૂના પિતાનું જ્યાં ત્યાં મન માનતું ન હતું. એટલે માગાંને પાછાં વાળતો હતો. તે કોઈ ઉત્તમ મુરતિયાની શોધમાં હતો. ડોણની રાજવાટિકામાં કોરૂ અને તેની ભાભી રેટિયો કાંતતાં હતાં એ વખતે ત્યાંથી નોબતો અને નગારાંના ગગનભેદી ગડગડાટ સાથે ચનેસરની જાનનું સરઘસ પસાર થયું. જાનની લાંબી સવારી જોવા માટે કોરૂકુમારી ઉતાવળી-ઉતાવળી રેંટિયો મૂકીને ઊઠી. એની ભાભી જ્યાં રેંટિયો કાંતી રહી હતી ત્યાંથી ઝડપથી પસાર થતાં કોરૂનું વસ્ત્ર ભાભીના રેંટિયાની ત્રાકમાં આવી જતાં તેના રેંટિયાની ત્રાક મરડાઈ ગઈ.

રેંટિયાની ત્રાક મરડાઈ જતાં કોરૂની ભાભીને ગુસ્સો ચડ્યો. મશ્કરી અને ગુસ્સાના મિશ્રણ સાથે તેણે કોરૂકુમારીને કહ્યું : 'ચનેસરને જોવાને આટલી અધીરાઈ આવી છે તે એને પરણવું તો નથી ને?'

ભાભીનું મહેણું સાંભળીને કોરૂ ત્યાં જ બેસી ગઈ. આ મહેણું એને માથાના ઘા જેવું લાગ્યું. ભાભીના શબ્દો કોરૂના કાળજામાં તીર જેવા પેસી ગયા. તે તરત જ બોલી ઊઠી

*ભાભી મેણાં મ માર, મેણું મથોજો ઘા,*
*ચનેસર મૂંજો રાજિયો, બેઆ મૂંજા ભા.*

*ભાવાર્થ :* ભાભી! તું મહેણાં માર નહિ! મહેણું માથાના ઘા જેવું લાગે છે. હવે ચનેસર એ જ મારો પતિ; બીજા બધા મારા ભાઈ છે!

કોરૂની આકરી પ્રતિજ્ઞા સાંભળીને એની ભાભીને પોતાના શબ્દો માટે પશ્ચાતાપ થયો; પરંતુ વહી ગયેલાં વારિ અને છૂટી ગયેલાં તીર કદી પાછાં વળે છે? કોરૂનો આ નિશ્ચય દિવસે દિવસે દઢતર થતો ગયો. કોરૂના પિતા વીરમ ચાવડાએ જ્યારે આ વાત સાંભળી ત્યારે તે પણ ચિંતાતુર થઈ ગયો. કારણ કે ચનેસર દાસડા જેવો રાજવી તેના જેવા નાના જાગીરદારની કન્યા સ્વીકારે એ વાત સર્વથા અસંભવિત હતી. આથી કોરૂને અનેક રીતે સમજાવી છતાં તે એક ટળી બે ન થઈ. એ પોતાના નિર્ણયમાં હિમાલય જેવી અચળ હતી - મક્કમ હતી. ચનેસર એનું પાણિગ્રહણ ન કરે તો જિંદગી અવિવાહિત વિતાવવી એવી એણે પ્રતિજ્ઞા કરી લીધી હતી.

કોરૂના પિતાને હવે ખાતરી થઈ કે કોરૂનો નિશ્ચય હવે કોઈ કાળે ફરે તેમ નથી. એટલે તેની ચાગલી પુત્રી કોરૂની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા એના મનમાં અનેક વિચારો આવવા લાગ્યા.

કોરૂના પિતાનો કારભારી પરબત વજીર ડહાપણનો ભંડાર ગણાતો. વીરમ ચાવડાએ આખરે એની સલાહ લીધી. બંને જણે નક્કી કર્યું કે આ કાર્ય સીધી રીતે બનવું તો શક્ય નથી. માટે કોઈ બીજો ઉપાય કરવો જોઈએ. કોઈ યુક્તિ પ્રયુક્તિથી જ આ કાર્ય પૂર્ણ થાય તેમ છે.

આખરે એમણે એક ખાસ યોજના ઘડી કાઢી. આ યોજનાનો અમલ કરવા માટે અને આ દુર્ઘટ કાર્યને પાર ઉતારવા માટે કોરૂની માતા, કોરૂકુમારી અને પરબત વજીર પૂરા સરંજામ સાથે સિંધ તરફ રવાના થયાં. થોડા દિવસના એકસરખા પ્રવાસ બાદ તેઓ લિયર પ્રદેશમાં ચનેસરની રાજનગરીમાં આવી પહોંચ્યાં.

અહીં એક માલણનો આશરો લઈને એમણે ચનેસર જામના રાજમહાલયમાં પ્રવેશ કરવાની તક લીધી. કોરૂકુમારીની પુષ્પગૂંથણની કામગીરી અને એની કાંતણકળા જોઈને જામ ચનેસરની રાણી લીલાદેવી પ્રસન્ન થઈ અને તેને જનાનખાનામાં ગોઠવી દીધી. જામના જનાનખાનામાં લીલાદેવી માનવંતી હતી.

કોરૂકુમારી રાજમહેલમાં પ્રવેશ પામી એટલે અવારનવાર ચનેસર જામ પર તેની દૃષ્ટિ પડતી. એ વખતે તેના હૃદયસાગરમાં અનેક ઊર્મિઓનાં મોજાં નીકળતાં. રાતે પણ તેને જામ ચનેસરનાં જ સ્વપ્નાં આવતાં. જામ ચનેસરના નામની ઘટમાળ એના અંતરમાં નિરંતર ભરાતી અને ઠલવાતી. એની લાગણીઓના

પૂરને જેમતેમ કરી તે દબાવી દેતી. તેનું એક જ નિશાન હતું : જામ ચનેસરને હાથ કરવાનું. પણ એ નિશાન પર પહોંચવા માટે કોઈ યોગ્ય ઉપાય સૂઝતો ન હતો.

એક વખત રાજમહેલમાં જામ ચનેસર અને લીલાદેવી ચોપાટનો ખેલ ખેલી રહ્યાં હતાં. રમત રસાકસી પર ચડી હતી. રાતનો સમય હતો. આખા મહાલયમાં દીપકોની રોશની ઝળહળી રહી હતી. ત્યાં પવનનો એક મોટો વંટોળિયો આવી ચડ્યો અને પવનના એક જબ્બર ઝપાટાથી બધા દીવા એકાએક હોલવાઈ ગયા. આખા મહેલમાં અંધકાર છવાઈ ગયો. દાસીઓ દીવા પ્રગટાવવા ફાંફાં મારવા લાગી. એ વખતે કોરૂકુમારીએ પોતાના છૂપા ગજવામાંથી અમૂલ્ય હીરો કાઢ્યો. આ હીરો તે પોતાના પિતા વીરમ ચાવડા પાસેથી લાવેલી હતી અને પોતાની પાસે જ તેને છુપાવી રાખ્યો હતો.

રાજમહેલમાં અંધારું ફેલાઈ જતાં કોરૂકુમારીએ હીરો હાથમાં લઈ તેને એક મેજ પર મૂક્યો. આખા મહેલમાં હીરાનો પ્રકાશ પથરાઈ ગયો. હીરાની રોશની જોઈ લીલાદેવી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. એના મનમાં વિચાર આવ્યો કે આ હીરો એના ગળાના હારમાં ગોઠવી દીધો હોય તો રાત્રિના અંધકારમાં પણ એનું રૂપ કેવું ખીલી ઊઠે! બસ, કોઈ પણ ઉપાયે આ હીરો હાથ કરવાનો તેણે પોતાના મનમાં નિરધાર કરી લીધો.

એક વખત લીલાદેવીએ કોરૂને એકાંતમાં બોલાવીને આ હીરાની માગણી કરી.

કોરૂ બોલી : 'બા સાહેબ, આ અમૂલ્ય હીરો મારા પિતાનો છે. અમે તો અમારે ઘેર દીવો બાળવાને બદલે આ હીરાથી જ કામ લઈએ છીએ.'

'પણ એના બદલામાં તું જે કંઈ કિંમત માગીશ તે તને આપીશ.'

'એની કિંમત થાય તેમ નથી. એ તો અમૂલ્ય છે.'

'આજે તારું મોં વેરી છે. તને જે જોઈએ તે માગી લે!'

'પણ બા સાહેબ, એની કિંમત તમારાથી આપી શકાય તેમ નથી.' કોરૂકુમારી હવે પોતાના મૂળ મુદ્દા પર આવવા લાગી.

'મારાથી નહિ અપાય? લિયર પ્રદેશના અધિપતિનો અખૂટ ખજાનો મારી પાસે મોજૂદ છે.'

'રાણીસાહેબ! એની કિંમત લિયર રાજના ખજાનામાં પણ નથી.'

'ત્યારે એની કિંમત શું છે, ઝટ કહી દે!'

કોરૂએ વિચાર્યું કે આ તક જવા દેવા જેવી નથી.

'બા સાહેબ, એ વાત હું તમને એકાંતમાં કહીશ.' કોરૂ હવે આગળ વધવા લાગી.

'અહીં એકાંત જ છે.' એમ કહી લીલાદેવીએ કમરાનો દરવાજો બંધ કરી દીધો.

'હવે તો કંઈ હરકત નથી ને? કહી દે એની કેટલી કિંમત આપવાની છે?'

'ખરેખર કહી દઉં?'

'હા, ઝટ કહી દે!'

'પણ તમને માઠું તો નહિ લાગે ને?'

'એમાં માઠું લાગવાનું શું હતું? તું કહે તો ખરી!'

'તો સાંભળો બા, મારા મનની એક જ ઉમેદ છે. એક રાત મને જામ ચનેસરની સેવામાં રહેવા દો તો આ હીરો તમારો!'

એક દાસીની આટલી હિંમત જોઈ લીલાદેવીને કાળઝાળ ક્રોધ વ્યાપી ગયો. એક વાર તો કોરૂનું ગળું દાબી દેવાનું પણ એને મન થયું. પણ હીરાનો પ્રકાશ યાદ આવતાં એનો ક્રોધ ઓગળી ગયો અને એક નવી યોજના એને યાદ આવી ગઈ.

થોડી વાર વિચાર કરી લીલાદેવી બોલી : 'વારુ, તારી શરત મને મંજૂર છે.'

'તો બા સાહેબ, મને આ હીરો પણ ન્યોછાવર કરી દેતાં કંઈ હરકત નથી.'

અને બધી વાત ચોક્કસ રીતે નક્કી થઈ ગઈ. એ જ રાતે જામ ચનેસરના શયનગૃહમાં કોરૂ જામની સેવામાં રહે એવો નિર્ણય થઈ ગયો. લીલાદેવીએ એના મનમાં રમી રહેલો હીરો હાથ કરી લીધો અને કોરૂકુમારીએ એના મનમાં રમી રહેલો હીરો હાથ હવે કરી લેવાનો હતો.

એ જ રાતે લીલાદેવીએ જામ ચનેસરને ખૂબ મદિરાપાન કરાવીને દારૂના નશામાં લેલૂટ કરી દીધો. અને ત્યાર પછી કોરૂને જામના શયમગૃહમાં દાખલ થવાની પરવાનગી આપી દીધી.

ચાવડા કુમારી કોરૂ ચતુર હતી, ચાલાક હતી. રાજમહેલની હિલચાલ ઉપરથી આજની પરિસ્થિતિ તે પામી ગઈ હતી. એટલું જ નહિ પણ એ પરિસ્થિતિને પહોંચી વળવાનો ઇલાજ પણ એણે પોતાની સાથે જ રાખી લીધો હતો.

જામના શયનગૃહમાં કોરૂકુમારી પ્રફુલ્લ વદને દાખલ થઈ. ઘણા વખતથી અંતરપટ પર છવાઈ રહેલાં નિરાશાનાં કાળાં વાદળામાં આશાની વીજળી ચમકી ઊઠી.

આગળ વધીને જુએ છે તો જામ ચનેસર નિશ્ચેતન અવસ્થામાં પલંગ પર પડેલા હતા. લીલાદેવીની લીલા આટલી હદ સુધી જશે તેની કોરૂને કલ્પના પણ ન હતી.

માત્ર શ્વાસોચ્છ્વાસની ક્રિયા ઉપરાંત જામના શરીરનું એકે અવયવ ગતિમાન ન હતું.

ચાવડાકુમારી ઘડીભર તો ગૂંચવાઈ ગઈ. તરત જ એને સાચવી રાખેલાં લીંબુની વાત યાદ આવી. લીંબુનો રસ કાઢી તેણે એક નાની પ્યાલીમાં ભર્યો અને રૂનાં પૂમડાં વતી ધીરેધીરે

તે જામના ગળામાં રેડવા લાગી. આ રીતે લીંબુનો તમામ રસ તેણે કુશળતાપૂર્વક જામના પેટમાં ઉતારી દીધો. મૂર્છાનો ઉતાર જામના પેટમાં પહોંચતાં જ તેના શરીરમાં જાગૃતિનો જરાજરા સંચાર થવા લાગ્યો.

આ જોઈને કોરૂનું હૃદય આનંદાવેશથી નાચી ઊઠ્યું. કરમાઈ ગયેલી તેની હૃદયપાંદડી પાછી સજીવન થવા લાગી.

થોડી જ વારમાં જામ ચનેસરને વમનની શરૂઆત થઈ અને એના પેટમાંનું બધું બહાર આવી પડ્યું. કોરૂકુમારી કુશળતાપૂર્વક દરેક વસ્તુનો તાત્કાલિક ઈલાજ કરી રહી હતી.

વમનથી ઉત્પન્ન થયેલી અશક્તિની અસરથી જામ ચનેસરે થોડો વખત તો એક્ય શબ્દનો ઉચ્ચાર કર્યો નહિ. લીલાદેવીની ગેરહાજરીથી અને આ નવી સ્વરૂપવાન કિશોરીની હાજરીથી તેને નવાઈ લાગી. આખરે તેની ધીરજ ખૂટી જતાં તેણે કોરૂને પ્રશ્નો પૂછવા માંડ્યાં : 'ક્યાં છે લીલાદેવી? તમે કોણ છો? અત્યારે અહીં કેમ આવ્યાં છો?''

જામની પ્રશ્નપરંપરાથી તેમ જ તેના ચહેરાની અને ધ્વનિની ગંભીરતાથી ક્ષણભર તો કોરૂ ગભરાઈ ગઈ - મૂંઝાઈ પડી. આખરે સઘળી હિંમત એકત્ર કરીને તે બોલી

'મહારાજ! હું આપના અંતઃપુરની સેવિકા છું અને અહીં એટલા માટે છું કે મેં આજની રાત માટે આપને ખરીદી લીધા છે. ધૃષ્ટતા માફ કરશો.'

'ખરીદી લીધા છે!' શબ્દો સાંભળીને ચનેસર તો સ્તબ્ધ થઈ ગયો. એનું મસ્તક ફરી મોટા ચક્કરમાં પડી ગયું. આખી પૃથ્વી જાણે ફરવા લાગી હોય એવું એને લાગ્યું. શરાબના નશાની તીવ્રતા કરતાં શબ્દોનો આ ધક્કો વધારે તીવ્ર હતો. એને થયું આ છોકરી શું બોલી રહી છે? શું એણે પણ દારૂ પીધો છે કે હું ખરેખર ખરીદાઈ ગયો છું? આખા લિયર પ્રદેશનો રાજવી શું આજે વેચાઈ ગયો છે? શું મારી હરરાજી કરી નાખવામાં આવી છે? પણ મને વેચી નાખનાર એ કોણ છે? કોને ફાંસીને માંચડે ચડવાની ઈચ્છા થઈ છે?

આવા વિચારોએ થોડી વાર તો ચનેસર જામને ઘેરી લીધો, પછી જરા સ્વસ્થ થઈને એ બોલ્યો, 'શું તમે જ મને ખરીદી લીધો છે? પણ મને વેચી નાખનાર એવો બે માથાનો કોણ છે?'

'મહારાજ! માલના માલિક સિવાય બીજું કોણ તેને વેચી શકે?'

'એટલે?''

'એટલે આપને એજ વેચી શકે જેને આપના પર હક્ક હોય!'

'પણ એવો હક્કદાર કોણ છે?'

'બીજું કોઈ નહિ, પરંતુ આપનાં માનીતાં મહારાણી લીલાદેવી!'

'લીલાદેવી? મને વેચી નાખનાર લીલાદેવી? તમે આ શું બોલો છો?'

'જી હા, મહારાજ, આપનાં દેવીશ્રીએ જ આપનું વેચાણ કર્યું છે.'

'લીલાદેવીએ મને વેચી નાખ્યો અને તમને વેચ્યો? હું તો તમારી વાત કંઈ જ સમજી શકતો નથી. શું હું કોઈ સ્થાવર વસ્તુ કે જાનવર છું કે મને આમ વેચી નાખવામાં આવ્યો?'

'મહારાજ! તમે જરા શાંત થાઓ તો હું મારી તમામ હકીકતથી તમને વાકેફ કરું.'

'વારુ, કહો જોઈએ, શું કહો છો?'

અને કોરૂકુમારીએ પોતાના જીવનનો તમામ ઈતિહાસ જામ ચનેસર સમક્ષ રજૂ કરી દીધો.

અને કોરૂકુમારીની પ્રતિજ્ઞા, એની કાર્યકુશળતા, આત્મબળ અને સાહસિક વૃત્તિએ જામના હૃદય પર ધારી અસર કરવા માંડી. એના અંતર પર લાગેલો આઘાત પણ ધીમે ધીમે હળવો થતો ગયો.

ત્યાર પછી તો કોરૂની મોહકતા અને તેની મધુર વાણીએ જામ પર જાણે જાદુ કરવા માંડ્યું. કોરૂની વાત પૂરી થતાં જામનું મન નવી તાજગી અને નવી સ્ફૂર્તિથી નાચી ઊઠ્યું. પોતાને મૃત્યુમુખમાંથી ઉગારી લેનાર આ અજબ જેવી છોકરીનો આભાર માનવા તેની પાસે શબ્દો ન હતા.

કોરૂકુમારીની જીવનકથા પૂરી તો થઈ પણ હવે એની અંતરવ્યથા અશ્રુધારામાં રૂપાંતર પામીને વહેવા લાગી. અંતરના સાગરમાં ઉત્પન્ન થયેલ સાચાં મોતી જેવાં આંસુડાં, નીચે ઢળેલી એની નમણી અને લજ્જાશીલ આંખોમાંથી અવિરત ટપકવા લાગ્યાં.

પ્રભાતની ઝાકળથી ભીંજાયેલી મોગરાની કળી જેવી કોરૂકુમારીનું રુદન અને રુદનથી એના ચહેરા પર આવી ગયેલી લાલીનું માધુર્ય, જામને માટે એક આકર્ષણરૂપ બની ગયાં. એમના મનમાં કોઈ નવા જ વિચારોની ઘટમાળ ચડવા ઊતરવા લાગી.

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

ચાલાક ચાવડાકુમારી થોડી જ વારમાં પાછી સ્વસ્થ બની ગઈ. હાથમાં ફૂલની માળા લઈને એ આગળ આવી અને જામના ગળામાં એ માળા આરોપવા જાય છે ત્યાં તો બહારથી લીલાદેવી શયનગૃહના દ્વારને જોરથી ખખડાવવા લાગી.

જામ ચનેસરને તેની મૂર્છાવસ્થામાંથી જાગ્રત કરવાની સામગ્રી સાથે વહેલી સવારમાં લીલાદેવી અહીં આવી પહોંચી હતી. પોતાની કપટકળાનો કેવો વિજય થયો છે તે નજરે જોવા રમઝમ કરતી અહીં દોડી આવી હતી.

પણ આ શું? અહીં તો કોઈ નવું જ દૃશ્ય એની નજરે ચડ્યું. જામને મૂર્છિત અવસ્થામાં જોવાને બદલે આખી ઊલટી પરિસ્થિતિ તેની આંખે ચડી. ચનેસર જામ ઉત્સાહભર્યા ચહેરે એના પલંગ પર બેઠો હતો. અને પેલી બે બદામની બાનડી એના કંઠમાં પુષ્પમાળાનું આરોપણ કરવા તૈયાર હતી. આ આખું દૃશ્ય અકલ્પ્ય હતું - અસહ્ય હતું. આ નવો જ દેખાવ નિહાળીને લીલાદેવીનો ચહેરો એક વાર લાલ - સૂર્ય અને પછી કાળો ધબ પડી ગયો. એના રોમેરોમમાં હવે આગ સળગી ઊઠી. પોતાની બાજી સફળ બનાવવાને તેણે જે સોગઠી ગોઠવી હતી એ તો સવળી પડવાને બદલે અવળી જ આવી પડી હતી. પરિણામે આખી બાજી ઊંધી વળી ગઈ હતી. હવે એને સમજાયું કે એની યોજના એક બેવકૂફી જ હતી. એની એ બેવકૂફી માટે હવે એને પારાવાર પસ્તાવો થવા લાગ્યો. પણ હવે કંઈ વળે તેમ ન હતું. હવે તો તીર કમાનમાંથી છૂટી ગયું હતું અને છૂટેલા તીરને પાછું ફેરવવાનું હવે અશક્ય હતું.

જામના શયનગૃહમાં લીલાદેવીનો પગ પડતાં જ વાદળમાંથી જેમ વીજળી સરકી જાય તેમ કોરૂકુમારી સરકી ગઈ.

આ વખતે જામ ચનેસરની સ્થિતિ પણ વમળમાં સપડાયેલા વહાણ જેવી બની ગઈ હતી. એને રાતની વાત યાદ આવવા લાગી. એને જાગૃતિમાં લાવવા માટે કોરૂએ કરેલી શુશ્રુષાથી એનું હૃદય અનાયાસે જ તેના તરફ ઢળી પડ્યું હતું અને કોરૂના જીવનનો ઇતિહાસ સાંભળીને જામ ચચનેસર આ ઊગતી ઉષા જેવી કુમારિકા પર મુગ્ધ બની ગયો હતો.

જામની નજર સામે હવે તેજભરી વીજળી જેવી કોરૂકુમારીને બદલે જળભરી વાદળી જેવી લીલાદેવી હાજર હતી.

લીલાદેવી પર દૃષ્ટિ પડતાં જ ચનેસર જામ સમજી ગયો કે એને બનાવી દેનાર કાવતરાનું સર્જન કરનાર લીલીદેવી પોતે જ હતી. એટલે એને જોતાં જ જામના મુખ પર રોષની છાયા ફરી વળી. એના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી પડ્યા : 'તું કોણ?'

'એ તો હું આપના ચરણની દાસી!' ગભરાટમાં ઘેરાઈ ગયેલી લીલાદેવી ગભરાટમાં જ બોલી.

'દાસી? ચરણકમળની દાસી? ના, ના, કોઈ દાસીની મગદૂર નથી કે તે તેના સ્વામીની હરરાજી બોલાવી શકે - લીલામ પોકારી શકે!'

જામના આ તીખા તમતમતા શબ્દોએ ગભરાઈ રહેલી લીલાદેવીના હૃદય પર જાણે વજનો પ્રહાર કર્યો. એની જીભ સિવાઈ ગઈ હતી - હોઠ બિડાઈ ગયા હતા. જામના સખત શબ્દોનો શો જવાબ દેવો તે તેને સૂઝતું ન હતું. નછૂટકે એક ગુનેગારીના અવાજ સાથે તે બોલી : 'મહારાજ ! આ શું બોલો છો? લીલામ થાય આપના દુશ્મનોનું!'

'દુશ્મનોનું લીલામ તો ક્યારનુંયે થઈ ચૂક્યું છે. હવે તો સ્નેહનો દાવો ધરાવીને મારું લીલામ કરનારનું લીલામ થવાનો વારો આવ્યો છે!'

જામના આવા ઉગ્ર શબ્દો સાંભળીને લીલાદેવીને તેના પગ નીચેની ધરતી સરી જતી હોય એવું લાગ્યું. સરી જતી સ્વસ્થતાને કાબૂમાં લઈને તે બોલી : 'મહારાજ! આ જાદુગરણીએ આપના માનસને ભમાવી દીધું લાગે છે.'

'ભૂલો છો, લીલાદેવી! એ બિચારી તો એક એવી જાદુગરણીના જાદુનો ભોગ બની છે જેના જાદુના એક જ પ્રયોગમાં બે વ્યક્તિઓ ઝડપાઈ જવાની હતી. એક જ કાંકરે બે પક્ષી પાડવાની એ જાદુઈ વિદ્યા હતી.'

જામનો એક એક શબ્દ લીલાદેવીના અંતર પર ઝેરી તીરની માફક કારી જખમ કરતો હતો. મૂંઝાઈ પડેલી લીલાદેવીના મનમાં એક વાર તો એવો વિચાર આવ્યો કે જામનાં ચરણોમાં મસ્તક ઢાળી, આંસુનો ધોધ વહાવી, થયેલ ભૂલ માટે ક્ષમાયાચના કરી લઉં. પણ એ જ વખતે મહારાણીની ખુમારી વચ્ચે આવીને ઊભી રહી. એના અંતરમાં એક શક્તિમાન રાજકુમારી અને લિયર પ્રદેશની મહારાણીનું દ્વિમુખી અભિમાન ઊભરાઈ આવ્યું. આ અભિમાને એની ભૂલનો સ્વીકાર કરતાં એને રોકી લીધી.

માનવી ભૂલ તો કરે છે. કોઈ વાર ભગવાન પણ ભૂલ કરી બેસે છે. આજની દુનિયાને ઉત્પન્ન કરવામાં ભગવાને ભૂલ જ કરી હોય એમ લાગતું નથી? ભૂલ કરવી એ મોટી વાત નથી, પણ ભૂલ કરીને તેનો સ્વીકાર કરવો એ મોટી વાત છે. એક વ્યક્તિ જેટલા દરજ્જે પોતાને મોટી માને છે તેટલે દરજ્જે ભૂલનો સ્વીકાર કરવાની વૃત્તિ તેનામાં ઓછી થતી જાય છે. એનું કારણ છે અભિમાન. આ અભિમાન જ ભૂલનો સ્વીકાર કરવામાં આડું આવે છે. લીલાદેવી પણ એક મહારાણી હતી. જામના તીખાં વચનો સહન કરવા એ ટેવાયેલી ન હતી. એટલે એનું ખમીર ઊછળી આવતાં તે બોલી : 'રાજન્! તમે બે બદામની એક લોંડી ઉપર આવા લટ્ટુ બની જશો એમ મેં ધાર્યું ન હતું.'

'ત્યારે તમે શું ધાર્યું હતું, દેવી?' જામે કટાક્ષ કરતાં કહ્યું.

'શું ધાર્યું હતું તે જણાવવાની હવે શી જરૂર છે?'

'પણ બે બદામની કિંમત કોની છે તે તમારી છાતી પર હાથ મૂકીને તમારા અંતરાત્માને પૂછી જોશો તો ત્યાંથી તમને સાચો જવાબ મળી જશે.'

'મેં તો તમને જિંદગીભર મારા જ કરી રાખવાનું ધાર્યું

હતું. મને ખબર ન હતી કે તમારો પ્રેમ આવો ફટકિયા મોતી જેવો જ હશે. આજે જ એ ખબર પડી.'

'આજે તો ખબર પડી ને? એટલું પણ સારું થયું. અને ફટકિયું મોતી તો ઝટ ફૂટી જાય ખરું ને? તો હવે સમજી લેજો કે મોતી ફટકિયું હતું અને ફૂટી ગયું.'

જ્યારે કુદરતનો આશય કંઈ જુદો જ હોય છે ત્યારે દૂધમાં સાકર નાખવા જતાં તેમાં મીઠું પડી જાય છે અને આખી બાજી ઊંધી વળી જાય છે. લીલાદેવીના સંબંધમાં પણ એવું જ બન્યું હતું. 'લેને ગઈ પૂત ઔર ખો આઈ ખસમ' એવો તાલ થઈ ગયો હતો.

જામ ચનેસર પ્રત્યેના એના પ્રેમમાં કંઈ કમી ન હતી; પરંતુ એ પ્રેમને વધુ ઉત્કટ બનાવવા તેણે આખી દુનિયામાં અજોડ એવો સોદો કોરૂકુમારી સાથે કરી નાખ્યો હતો. કમનસીબે આ સોદો એક સટ્ટાના વેપાર જેવો બની ગયો અને એ સટ્ટાએ એની જીવનભરની કમાણી પર પાણી ફેરવી દીધું હતું. કોરૂકુમારી માટે રચેલી પ્રપંચજાળમાં લીલાદેવી પોતે જ ફસાઈ પડી.

ચાવડાકુમારી કોરૂનો આત્મત્યાગ અને તેનાં કળા-કૌશલ્યથી જામ ચનેસરનું હૃદય તેના તરફ આકર્ષાવા લાગ્યું હતું. જામને જ વરવાનો કોરૂનો દૃઢ નિશ્ચય આખરે પાર પડ્યો. ચાવડાકુમારી હવે લિયર પ્રદેશની રાણી બની ગઈ. જામના જનાનખાનામાં ચાવડી રાણી કોરૂનું માન હવે દિનપ્રતિદિન ચંદ્રની કળા પેઠે વધતું ચાલ્યું.

હવે એક જ વાત ચાવડી રાણીના ચિત્તમાં કાંટાની પેઠે ખટકતી હતી અને તે જામ ચનેસરે લીલાદેવીને આપેલો દોહાગ.

એક વખત જામ ચનેસરને ખુશમિજાજમાં જોઈને ચાવડી રાણીએ તેની પાસે એક વચનની માગણી કરી. એની આ વાત સાંભળીને જામને નવાઈ લાગી. તેણે કહ્યું : 'રાણીજી! તમારી કોઈ પણ ઇચ્છા મેં નામંજૂર કરી છે ખરી? તમારે જે કંઈ માગવું હોય તે ખુશીથી માગી લો!'

'મારી માગણી માત્ર એટલી જ છે કે લીલાદેવી જે આજે દોહાગના દુઃખપૂર્ણ દિવસો ગુજારી રહી છે તેને તેમાંથી મુક્તિ મળવી જોઈએ. તેની ભૂલની હવે તેને સંપૂર્ણ શિક્ષા થઈ ચૂકી છે. તેના પર હવે તમારી કૃપાદૃષ્ટિ થાય, એ જ મારી હૃદયેચ્છા છે.'

ચાવડી રાણીની આવી અનુપમ ઉદારતા જોઈને જામનું હૃદય ખીલી ઊઠ્યું. તેણે ભૂતકાળની બધી વાતો ભૂલી જઈને ચાવડી રાણીની ઇચ્છા પરિપૂર્ણ કરી. ઉદાર દિલે પોતાના વચનનું પરિપાલન કર્યું.

લિયરાધિપતિ જામ ચનેસર, ચાવડી રાણી કોરૂ અને લીલાદેવીની ત્રિપુટીએ પોતાના જીવનનો અવશેષ ભાગ સુખચેનમાં વ્યતીત કર્યો. જામના જનાનખાનામાં ફરી એક વાર આનંદ-ઉલ્લાસની છોળો ઊછળી રહી. ■

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શનિવાર, તા. ૨૦-૧-૨૦૧૮ રાત્રે ૮.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ખોજ, તું મોજને ખોજ (હાસ્ય કલાકાર શ્રી સીરાજભાઈ રંગવાલાનો કાર્યક્રમ) |
| ● ૨૦ અને ૨૧-૧-૨૦૧૮ બપોરે ૧૨.૦૦થી સાંજના ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ધોરણ-૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ માટે 'એપ્ટીટ્યૂડ ટેસ્ટ' |
| ● શુક્રવાર, તા. ૨૬-૧-૨૦૧૮ સવારે ૯.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ. |
| ● શુક્રવાર, તા. ૨૬-૧-૨૦૧૮ ધ્વજવંદનના કાર્યક્રમ બાદ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | અદ્‌ભુત કાર્યક્રમ. |
| ● રવિવાર, તા. ૨૮-૧-૨૦૧૮ બપોરે ૩.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | સરસ્વતી સન્માન સમિતિ | ધોરણ બાળવર્ગ અને તેનાથી ઉપરના વર્ગના બધા વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન |
| ● મે-૨૦૧૮ એન્ડ અથવા જૂન-૨૦૧૮ની શરૂઆતમાં | બાલી | વયસ્ક સમિતિ | બાલી ખાતેનો વિદેશ પ્રવાસ. |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

કચ્છી કથા

# કેસર મકવાણો

સ્વામી સચ્ચિદાનંદ

જે વ્યક્તિ અને જાતિ ડંખવાળી હોય છે તે વેરને ભૂલતી નથી. જે વ્યક્તિ અને જાતિ ડંખ વિનાની હોય છે તે સમાધાનકારી હોય છે. જે સમાધાનકારી હોય છે તેનો કશો ઇતિહાસ હોતો નથી, પણ તે વિકાસ સારો કરી શકે છે અને શાંતિથી જીવી શકે છે. વેર અને શાંતિ સાથે ન રહી શકે. શાંતિવાદી પ્રજા નમતું જોખીને પણ શાંતિ પામવા પ્રયત્નો કરતી હોય છે. તેમની શાંતિ ગુલામોની કે પછી અર્ધગુલામોની શાંતિ હોય છે. પરાક્રમથી મેળવેલી શાંતિ પોતાની હોય છે, પણ સમાધાનથી મેળવેલી શાંતિ પોતાની નથી હોતી, તે કોઈની આપેલી હોય છે, જે કાયમ ટકતી નથી અને જ્યાં સુધી ટકે ત્યાં સુધી દબાયેલી શાંતિ થઈને ટકતી હોય છે.

સિંધનો પૂર્વપ્રદેશ એટલે થરપારકર અને તે કચ્છનો ઉત્તર-પશ્ચિમ પ્રદેશ પણ કહેવાય. થરપારકરમાં ત્યારે મહારાણા વિકાસ મકવાણાનું રાજ્ય ચાલે અને સિંધમાં હમીર સુમરાનું રાજ્ય ચાલે. પશુધનવાળા આ પ્રદેશોમાં બધાને પોતપોતાની પશુઓની મોટીમોટી ઑથો. અને જે બળવાન હોય તે દુર્બળની ઑથોનું હરણ કરી જાય. આ પ્રક્રિયા સતત ચાલતી રહેતી, તેથી નાનાં-મોટાં ધિંગાણાં થયા કરતાં.

એક વાર સિંધના હમીર સુમરાએ થરપારકરના રાણા વિહાસની ઑથો હરી લીધી. આથી વિહાસને ભારે આઘાત લાગ્યો. તે મરવા પડ્યો પણ જીવ જાય નહીં. તેથી તેના દીકરા કેસરે કારણ પૂછ્યું. વિહાસે કહ્યું : ''બેટા! જ્યાં સુધી તું આપણી ઑથો અને હમીરની ઑથો પાછી વાળી નહીં લાવે ત્યાં સુધી મારો જીવ જવાનો નથી.''

પિતાની ઇચ્છા પૂરી કરવા કેસર સિંધ ઉપર ચઢી ગયો. વ્યક્તિ માત્ર પોતાની ઇચ્છા જ પૂરી કરવા જીવતો નથી હોતો, સ્વજનોની ઇચ્છા પૂરી કરવા માટે પણ તે જીવતો હોય છે. જે માણસ ઘણા માણસોની ઇચ્છાઓ પૂરી કરતો રહે છે તે મહાન હોય છે. જે પોતાની તથા બીજા કોઈની પણ ઇચ્છા પૂરી કરી શકતો નથી તે પામર હોય છે.

કેસર જ્યારે સિંધ ઉપર હમીર સુમરાની વાંઢમાં પહોંચ્યો ત્યારે ત્યાં સાંઢણીઓની સાથે હમીરની રાણીઓ અને પુત્રીઓ પણ હતી. કેસરે તે બધાનું હરણ કરી લીધું. કેટલીક વાર આવેશ અને આક્રોશમાં સારો માણસ પણ મર્યાદા ચૂકી જતો હોય છે.

સાંઢણીઓ હરી લાવીને જ્યારે પિતા વિહાસ મકવાણાને બતાવી ત્યારે તેના પ્રાણ છૂટ્યા. પિતાની ઇચ્છા પૂરી કરીને કેસરે ધન્યતા અનુભવી. કેસરે બધી સાંઢણીઓને ચારણોને દાનમાં આપી દીધી.

હમીર સુમરાને જ્યારે ખબર પડી ત્યારે તે મોટી સેના લઈને કીર્તિગઢ ઉપર ચઢી ગયો. ભયંકર યુદ્ધ થયું. હમીરે તોપના ગોળા છોડાવીને કીર્તિગઢનો નાશ કરી નાખ્યો. કીર્તિગઢના બધા રાજપૂતો યુદ્ધમાં ખપી ગયા. ચારે તરફ વિનાશ અને વીરાનતા છવાઈ ગઈ. રાજપૂતોની ભયંકર લડાઈમાં શૂરવીરતાનો પાર નહીં પણ ડહાપણનો મોટો અભાવ કહેવાય. શા માટે આ યુદ્ધ થયું? અને કોને શું મળ્યું? ■

## અનોખો પરીક્ષાવીર!

આ વર્ષે મે મહિનામાં મધ્યપ્રદેશમાં બોર્ડ પરીક્ષાઓના પરિણામ જાહેર થતાં જ કલાકોમાં બાર વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યું હતું. એ જાણીને જબલપુર (મ.પ્ર.) ના પરીક્ષાવીર શ્રી રાજકરણ બરૂઆ કહે છે કે જો પરીક્ષામાં નિષ્ફળતા એ જિંદગીનો અંત લાવવાનું કારણ હોય તો તેણે ૧૯ વખત આપઘાત કર્યો હોત. શ્રી રાજકરણ બરૂઆ ૧૯૯૩ ની સાલથી એમ.એસ.સી. મેથેમેટિક્સની પરીક્ષા આપી રહ્યો છે અને નાપાસ થવામાં આજ સુધી તેણે સાતત્ય જાળવી રાખ્યું છે. આ વર્ષે તે ૧૯મી વખત ફેઈલ થયો હતો. પણ મક્કમ મનોબળવાળા બરૂઆ આવતે વર્ષે વિષય બદલ્યા વિના ૨૦મી વખત પરીક્ષા આપવાનો છે.

રાજકરણ બરૂઆને પોતાનું ઘર કે ભાડાનું ઘર પણ નથી. તે બાળપણથી ઘર નોકર તરીકે કામ કરી રહ્યો છે. માલિકના છોકરાઓને ભણતા જોઈ તેને પણ શિક્ષણ પ્રાપ્ત કરવાની લગની લાગી હતી. ૧૯૯૩માં તે ગ્રેજ્યુએટ થયો હતો. પુરાતત્ત્વ વિદ્યામાં તેણે માસ્ટરની ડિગ્રી હાંસલ કરી છે અને છેલ્લાં ૧૯ વર્ષથી ગણિતમાં માસ્ટરની ડિગ્રી મેળવવા કૃતનિશ્ચય થયો છે. આત્મહત્યા કરતાં વિદ્યાર્થીઓની વાત જાણી તે કહે છે કે જુઓ મારી પાસે મારું પોતાનું કે ભાડાનું ઘર પણ નથી પણ તેનો અર્થ એ નથી કે હું સુખી નથી. ઘર નોકર તરીકે બધાં મને ચાહે છે અને મારો વિશ્વાસ કરે છે. દરેક વખત નાપાસ થાઉં ત્યારે હું વધુ મક્કમ બનું છું. ભલે ગમે તેટલાં વર્ષ થાય પરંતુ મેથેમેટિક્સમાં હું માસ્ટરની ડિગ્રી મેળવીને જ ઝંપીશ. પોઝિટિવ વિચાર તે આનું નામ! ■

કચ્છ વિશેષ

કચ્છના ૨૪મા 'રણ મહોત્સવ' પ્રસંગે વિશેષ લેખ

# કુદરતના અદ્‌ભુત કરિશ્મા સમાન કચ્છનું શ્વેત રણ!

ભરત'કુમાર' પ્રા. ઠાકર

*દર વર્ષે ડિસેમ્બરની ગુલાબી ઠંડી વચ્ચે ઘોરડો મુકામે યોજાતા 'રણોત્સવ' પ્રસંગે કચ્છ આવતા પર્યટકો આ રેતાળ મુલકનાં હેતાળ હૈયાનું પ્રેમાળ આતિથ્ય માણે છે. પ્રસ્તુત છે મહોત્સવના શીર્ષકમાં સ્થાન પામેલા અને વિશિષ્ટ અનુભૂતિ કરાવતા કચ્છના રણપ્રદેશની કેટલીક રોચક હકીકતો...!*

રણ, દરિયો અને ડુંગર જેવી ત્રણેય પ્રાકૃતિક વિશિષ્ટતાઓથી વીંટળાયેલો કચ્છ જિલ્લો તેના ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિથી ગુજરાતમાં અલગ તરી આવે છે. કચ્છ પ્રદેશની ભાતીગળ કળા, સંસ્કૃતિ, લોકજીવનના પરિવેશને વૈશ્વિક ફલક આપવા અને કચ્છ સાથે રાજ્યમાં પ્રવાસીઓને આકર્ષવા આજથી અઢી દાયકા પહેલાં ૧૯૯૨ થી કચ્છમાં પ્રતિ વર્ષ પ્રવાસ નિગમ દ્વારા 'રણ મહોત્સવ' (કચ્છ ઉત્સવ) યોજાતા રહ્યા છે. વચ્ચે ભૂકંપના કારણે ૨૦૦૧ અને ૨૦૦૨ એમ બે વર્ષ તે મોકૂફ રહ્યો હતો. ૨૦૧૬ સુધી ૨૩ રણ મહોત્સવો યોજાઈ ચૂક્યા છે. આ વખતનો ૨૪મો રણોત્સવ ૧લી નબેમ્બર, ૨૦૧૭ થી ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૮ એમ કુલ ૧૦૨ દિવસો સુધી યોજાશે, જેની મુખ્ય તારીખો ૨૯-૩૧ ડિસેમ્બર (શુક્ર - રવિ) રહેશે.

### ● વિશેષતા અને વિસ્મય :

આ રંગારંગ વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમના શીર્ષકમાં 'રણ' ને સ્થાન મળ્યું છે. બીજી અનેક વિશેષતાઓ સાથે કચ્છ ખાસ તો તેના વિશિષ્ટ રણપ્રદેશ માટે પણ જાણીતું છે. કચ્છ માટે બહુધા સામાન્ય સમજ એવી રહી છે કે કચ્છ એટલે રણપ્રદેશ. વસ્તુતઃ રણમાં કચ્છ આવેલું નથી, પણ કચ્છમાં રણ આવેલું છે! આમ, કચ્છ માત્ર રણ નથી, કચ્છનો તે એક ભૌગોલિક હિસ્સો છે.

કચ્છનું રણ તો જાણે 'વિસ્મયનું મહાકાવ્ય' છે. જાણે કોઈ અલખ જોગીડો પડખે લાંબો થઈ સૂતો છે. નિર્જન, વનસ્પતિહીન, બંજર, આંખ આંજતી ક્ષારયુક્ત ભૂમિ, બરફીલો વિસ્તીર્ણ પટ, નંગધડંગ અને તેમાં દિગ્ભ્રમિત કરતાં મૃગજળ...આ બધું રણની અચરજ ગાથા સમાન છે!

કચ્છની વાત કરતી વખતે 'કચ્છના રણ' નો ઉલ્લેખ અવશ્ય જોવા મળે. એનું સાદું કારણ કદાચ એ હોઈ શકે કે કચ્છમાં વસવાટી જમીન (૨૨,૩૪૨ ચો. કિ.મી.) કરતાં રણનો વિસ્તાર (૨૩,૩૧૦ ચો.કિ.મી.) વધારે છે! બીજા શબ્દોમાં કહીએ તો કચ્છના કુલ ક્ષેત્રફળ (૪૫,૬૫૨ ચો.કિ.મી.) માં અડધાથી પણ વધુ જમીન પર રણ ફેલાયેલું છે. વળી, વિશ્વના અજાયબ પ્રદેશોમાંનો તે એક પ્રદેશ હોવાથી પણ એનું અનેરું મહત્ત્વ રહ્યું છે.

### ● તાજથી પણ સુંદર રણ!

પ્રવાસનની દૃષ્ટિએ એક વિશિષ્ટ અનુભૂતિ જગાવતા રણની વિગતોમાં આપણે ખોવાઈએ તે પહેલાં કચ્છના રણથી માત્ર તજજ્ઞો નહિ, આપણા અભ્યાસુ રાજનેતાઓ પણ કેટલા અભિભૂત છે તેના તાજેતરનાં ઉદાહરણોથી પ્રારંભ કરીએ. અમદાવાદમાં નવરાત્રિ મહોત્સવ (૨૦૦૪) ના ઉદ્‌ઘાટન પ્રસંગે ત્યારના રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામે (૧૯૩૧ - ૨૦૧૫) ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસની જે ઉજળી તકો રહેલી છે તેમાં કચ્છમાં 'ડેઝર્ટ ટુરિઝમ' પર ભાર મૂકી સરકારને તે દિશામાં આગળ વધવા સૂચન કરેલું.

તો, ગુજરાતના તત્કાલીન મુખ્યપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને કચ્છના રણપ્રદેશની સુંદરતાએ રીતસર મોહી લીધા છે! ૧૫મી નવેમ્બર, ૨૦૦૮ ના 'ગિફ્ટ સિટી પ્રૉજેક્ટ' અંગે અમદાવાદમાં તંત્રીઓ સાથે યોજાયેલી બેઠકનો પ્રારંભ કચ્છના રણોત્સવની વાતથી કરતાં એમણે કહેલું કે કચ્છનું સફેદ રણ તો અદ્‌ભુત છે. તાજમહાલ કરતાંય આ કુદરતી નમક સરોવર જોવાલાયક છે અને તેમાં પ્રવાસન વિકાસની ભરપૂર શક્યતાઓ સમાયેલી છે.

આમ, પ્રવાસ-પર્યટનની દૃષ્ટિએ કચ્છના રણે છેલ્લાં કેટલાંક વર્ષોથી અનેક ક્ષેત્રોને ઘેલું લગાડ્યું છે, જેમાં સિનેસૃષ્ટિનો પણ સમાવેશ થઈ જાય છે. કચ્છના રણમાં ઠંડા પીણાની એક વિજ્ઞાપન તૈયાર થયા પછી ગણનાપાત્ર એડ્ અને ફીચર ફિલ્મોનું ચિત્રાંકન અહીં કરાયું છે. તેમાં બોલીવુડની કેટલીક નામાંકિત ફિલ્મોનો પણ સમાવેશ થાય છે.

### ● ખારાશ અને મીઠાશનું સંમિશ્રણ :

દક્ષિણ-પશ્ચિમે અગાધ અરબી સમુદ્ર અને ઉત્તર - પૂર્વે

અફાટ રણપ્રદેશ...આ બે પ્રાકૃતિક અને પર્યાવરણીય આવરણોની વચ્ચે કચ્છનું ભાતીગળ ભૂપૃષ્ઠ રક્ષાયેલું છે. પશ્ચિમ ભારતને કુદરતી સરહદી રક્ષણ અર્પતું કચ્છનું રણ એક આલ્હાદક અનુભૂતિ છે! આ રણ સિંધુ ખીણની સંસ્કૃતિનું સાક્ષી છે. તેમાં સમુદ્રની ખારાશ અને મહાનદી સિંધુના જળની મીઠાશ આજે પણ જાણે મૃગજળ બનીને તરવરે છે!

જગતનાં રણપ્રદેશોમાં કચ્છનો રણપ્રદેશ તદ્દન નિરાળું સ્થાન ધરાવે છે. કેમકે પરંપરાગત અર્થમાં દુનિયાનાં અન્ય રણોની જેમ તે 'રેતચીનું રણ' (રેગિસ્તાન) નથી, પરંતુ અલગ જ પ્રકારનું રણ છે. અફાટ ખારાપાટનો સપાટ ભૂમિપ્રદેશ તથા અગાધ લવણ જળભર્યા સરાણો ધરાવતું તે એક વિશિષ્ટ રણ બની રહે છે. (રણનો મીઠાંથી છવાયેલો પ્રદેશ 'ખારોપાટ' કહેવાય છે અને અહીં કાયમી તેનાં થર જામેલાં રહેતાં હોય છે.)

કુલ ૨૩,૩૧૦ ચો.કિ.મી. માં વિસ્તરેલું અને સભરસે રસ્યું કુદરતના કરિશ્મા સમાન કચ્છનું આ ભૌગોલિક અંગ 'નાનું રણ' અને 'મોટું રણ' એમ બે ભાગોમાં વહેંચાયેલું છે. કચ્છ જિલ્લાની ઉત્તર, વાયવ્ય અને ઈશાને મોટું રણ (૧૮,૧૩૦ ચો.કિ.મી.) તથા અગ્નિએ નાનું રણ (૫,૧૮૦ ચો.કિ.મી.) વીંટળાઈને પડ્યું છે. મોટા રણમાં સુરખાબનગરે, નાના રણમાં ઘુડખર અભયારણ્યે તથા રણની ઉત્તર કાંધીએથી શરૂ થતા ભાતીગળ બન્ની પ્રદેશે રણને અને કચ્છને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી છે.

## ● રૂપેરી ચાદરનું લાવણ્ય :

સમતળ, વેરાન અને વિસ્તીર્ણ એવા આ રણમાં દૂરસુદૂર દેખાતા મૃગજળ અને સૂસવાટા મારતી રેતીની આંધીઓ વચ્ચે રણના ઉગ્ર સૌંદર્ય અને ઘેરા નીરવ સૂનકારનો અનુભવ થાય છે. અહીંના નિસ્તબ્ધ વાતાવરણ વચ્ચે તમને ક્યાંક ચિંકારા, શિયાળ, ઘુડખર, મોટા કાચિંડા પણ જોવા મળી જાય. રણકંઠારે વસતા લોકોને સાહસિક અને ખડતલ બનાવવામાં ભયાનક પણ ભવ્ય દીસતા રણનો હિસ્સો પણ અવગણ્ય નથી.

કચ્છના અખાતમાં કોરી ક્રીકના મુખ વાટે દરિયાઈ ભરતીનાં પાણી રણમાં ઠલવાય છે અને વરસાદી પાણી સાથે ભળે છે. તેનું બાષ્પીભવન થતાં મીઠાંનાં થર બાઝતાં જાય છે. તેનાં પડોમાં ભળેલું મીઠું વાતાવરણમાંના ભેજને આકર્ષી સપાટીને ભેજવાળી બનાવે છે. એટલે લવણાચ્છાદિત એ ભૂમિ પ્રખર ઉનાળામાં પણ એટલી જ સખત રહેતી હોય છે. આ પ્રકિયા સદીઓથી ચાલુ છે. તેથી જ તો ખાવડા પાસેના કાળા ડુંગરની ટોચ પર ઊભીને નજર કરીએ તો પશ્ચિમથી પૂર્વ સુધીના મોટા રણમાં નમકની રૂપેરી ચાદર પથરાયેલી હોય એવું અદ્‌ભુત દશ્ય જોવા મળે છે!

સુરખાબને તેના પ્રજનન માટે આ ભૂમિ પર વિશેષ લગાવ છે. વરસાદ પછી આ રણનો ભૂખર પટ અવનવાં પક્ષીઓના કલશોર અને રંગોના ઉત્સવથી મુખર થઈ ઉઠે છે. ઋતુએ ઋતુએ રંગછટા બદલતા પ્રકૃતિના આ કાવ્યને નિરવ અને નિરભ્ર રાત્રિએ માણતાં ધરવ જ ન થાય. કુદરતની આ પરમ શાંતિનો અનુભવ તો માણે તે જ જાણે!

## ● ભૂકંપથી ભૂગોળ બદલાઈ :

સેંકડો વર્ષ પૂર્વે કચ્છનું રણ અરબી સમુદ્રની નીચે ગરક થયેલું હતું. તેથી એક સમયે અહીં જલપ્રદેશનું અસ્તિત્વ હતું. સિકંદર આવ્યો ત્યારે પણ ત્યાં વિશાળ જળરાશિ ઘૂઘવતી હતી. ત્યાર પછી આવેલા 'પેરિપ્લસ' ના લેખકે તેને 'છીછરા અખાત' તરીકે નોંધેલ છે. જલધિના સ્થાને રણની ઉત્પત્તિ અંગે બર્ન્સ માને છે કે સમુદ્ર ખસી જવાથી, જ્યારે કેપ્ટન જેમ્સ મેકમર્ડો (૧૭૮૭-૧૮૨૦) ના મતે સમુદ્રનું તળિયું ઊંચું આવવાથી રણ બનેલ છે.

એબટ નોંધે છે કે પૂર્વે રણ હકરા અને સિંધુ નદીઓનો 'દોઆબ' ગણાતો. પરંતુ મોટા ધરતીકંપ જેવા ભૌગોલિક ફેરફારોથી આ નદીઓનાં વહેણ પલટાતાં અહીં જળનું સ્થળ થયું અને આ ફળદ્રુપ વિસ્તાર ઉજ્જડ બની રણમાં પરિણમ્યો. કચ્છનું રણ એ કચ્છની ભૂમિનું 'અલ્લાહ બંધ' ને બાદ કરતાં છેલ્લું પ્રાકૃતિક સર્જન જણાય છે.

લગભગ બે સદી અગાઉના વિનાશક ભૂકંપ (૧૮૧૯) ના કારણે લખપત બંદર પાસેની રણની જમીન દબાઈ જતાં સમુદ્રનાં પાણી રણમાં ઘૂસ્યાં હતાં. કદાચ તેના લીધે રણ વિસ્તાર 'ખારોપાટ' બન્યો હોય. અગાઉ સિંધુ નદીનો એક ફાંટો કચ્છના રણમાં થઈને લખપત પાસે સમુદ્રને મળતો હતો. પણ ધરતીકંપ પછી તેનું વહેણ બદલાઈ ગયું અને રણ વચાળે ૨૫ કિ.મી. લાંબો અને ૩ મીટર ઊંચો જમીનનો પટ્ટો ઉપસી આવ્યો, જે 'અલ્લાહ બંધ' તરીકે ઓળખાયો.

## ● પ્રકૃતિની અવનવી રંગછટા :

રહસ્યભર્યા રણનું એક વધુ મનોહર આકર્ષણ તેના ઝાંઝવાનાં પ્રકૃતિચિત્રો છે. બરફ જેવા ઉજળા મીઠાના પડ પર સૂર્યબિંબની જે પ્રક્રિયા થાય છે તેથી ઝાંઝવાનાં અપૂર્વ અને અદ્‌ભુત દશ્યો ખડાં થાય છે! ક્ષણેક્ષણે વિવિધ અને નવીન રૂપ ધારણ કરતા એ દશ્યો 'રણની રમણીયતા' નું સારું રૂપદર્શન કરાવે છે અને અવનવી ઊર્મિઓ ઉત્પન્ન કરે છે.

મોટા રણમાં ખાવડા (કાઢવાંઢ) અને ખડીર (ત્રગડીબેટ) વચ્ચે ઉપરથી સૂકો જણાતો, પરંતુ નીચે ભીના કાદવવાળો ભૂભાગ આવે છે. તેથી વાહન ફસાવાની અને માર્ગ ભૂલાવાની શક્યતા રહે છે. વળી, દિવસે મીઠાના ઝળહળાટ અને સીર્યતાપથી પણ બચવું પડે છે. આ બધાના કારણે રણની મુસાફરી બહુધા ઢળતી સાંજે, રાત્રે અને સવારે કરવામાં આવે છે. ૨૦૦૫ ના અહેવાલ પ્રમાણે આ રૂટ પર કેન્દ્ર સરકાર રૂા. ૪૦ કરોડના ખર્ચે પાકો રસ્તો બાંધવાની હોવાથી ભવિષ્યમાં ખાવડા-ખડીર

નજીક આવી જશે.

દિવસે રણની મુસાફરી જેટલી કંટાળાભરી લાગે છે તેટલી જ રાત્રે આકાશના તારાજડિત ચંદરવા નીચેથી ભેદી અગમ્યતામાં ગમગીન સૌંદર્ય નિહાળતા અને સંગેમરમરનો ભાસ આપતા તેના નમકાચ્છાદિત પટ પરથી માર્ગ કાપતા રસજ્ઞ પ્રવાસીને એ જ રણ ચાંદનીના ઝલઝલામાં મુલાયમ ભાસે છે! રણનું આકાશદર્શન અવિસ્મરણીય લહાવો બની રહે છે.

● **કચ્છી સર્જકોની કલમે :**

કચ્છના અનેક સાહિત્યકારોએ દરિયાની જેમ રણને પણ પોતાની કૃતિઓમાં સારી પેઠે વણી લીધું છે. ડૉ. જયંત ખત્રી (૧૯૦૯ - ૬૮), ડો. મનુભાઈ પાંધી (૧૯૧૪-૮૪), રામસિંહજી રાઠોડ (૧૯૧૭-૯૭), નાનાલાલ વસા (૧૯૨૧-૯૭), વનુભાઈ પાંધી (૧૯૨૮-૯૪), ગૌતમ શર્મા (૧૯૨૯-૨૦૦૨), વિનુ કેશવાણી (૧૯૩૧-૨૦૦૮), મૂળરાજ રૂપારેલ (૧૯૩૫-૯૭), ડૉ. ધીરેન્દ્ર મહેતા (જ. ૧૯૪૪), વીનેશ અંતાણી (જ. ૧૯૪૬), પ્રવીણચંદ્ર શાહ વગેરે જેવા કચ્છના નામી લેખકોએ કચ્છના રણની અપરંપાર વિશિષ્ટતાઓ અને ખાસિયતોને એમનાં સર્જનોમાં ઉજાગર કરી છે.

ક્ષાર, ઝીણી રેતી, નમક, ઘાસ, ઘુડખર, સુરખાબ, રણદ્વીપ, દરિયાઈ ભરતી અને વરસાદી પાણી, ચીકણો કાદવ, ભેજવાળા વિસ્તારમાં પાંગરતી જીવસૃષ્ટિ, ઝાંઝવાના જળ, ક્યાંક જોરથી ફૂંકાતા શેતાની વાયરા અને ક્યારેક વળી ધૂળની ડમરી, ક્ષિતિજમાં ડોકું કાઢતાં જ સીધો મધ્યાકાશે પહોંચતો સૂર્ય અને નીચે હાંફતી જમીન...આ બધું એકઠું થાય એટલે કચ્છના રણનું સાહિત્યિક કલ્પનાચિત્ર સામે આવે!

આ સઘળી વિશેષતાઓ થકી જ લેફ. જેમ્સ બર્જેસે (૧૮૩૨-૧૯૧૬) લખ્યું છે : 'જગતમાં આ વિશાળ રણપ્રદેશની બીજી કોઈ જોડ નથી.' એટલે જ કચ્છ વિશે સમગ્રતયા કહેવાયું છે : અહીં જળ છે અને મૃગજળ પણ; અહીં મહેરામણ છે અને રણ પણ...!

● **થોડી મહત્ત્વની બાબતો :**

કચ્છની રણ કાંધી પરના ખડીર બેટમાં આવેલ 'ધોળાવીરા' હજારો વર્ષ જૂની સિંધુ સંસ્કૃતિના વારસાના કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે. ત્યારે ૧૯૯૯ માં પ્રકાશમાં આવેલી બે બાબતોએ આ વિસ્તારનું મહત્ત્વ અનેકગણું વધારી દીધું છે. ખાવડા વિસ્તારની રણ કાંધીએ કુંવરબેટ પાસેથી ડાયનાસોરનાં અશ્મિઓ મળી આવતાં કચ્છ હવે કરોડો વર્ષ પ્રાચીન જુરાસિક યુગમાં પ્રવેશ્યું છે.

પશ્ચિમ કચ્છમાંથી 'કાળા સોના' જેવાં કિંમતી ખનિજો શોધી કઢાયાં છે તેમ કચ્છના રણપ્રદેશમાં 'સફેદ સોના' જેવું ટનબંધ મીઠું પણ ધરબાયેલું હોવાનાં વૈજ્ઞાનિક સર્વેક્ષણો બહાર આવતાં રણના કરિશ્મામાં એક નવું પરિમાણ ઉમેરાયું છે. દક્ષિણ ગુજરાતનો દરિયાકાંઠો ચિંતાજનક ઝડપે આગળ વધી રહ્યો છે તેમ કચ્છમાં પણ રણના આક્રમણને ખાળવા થોડા વખત પહેલાં વનવિભાગે નાના અને મોટા રણની કાંધી પરનાં ગામો પાસે વૃક્ષોનું વાવેતર કર્યું છે. ખારાપાટમાં હજારો રોપાઓની હરિયાળી જોઈને 'રણ તો લીલાંછમ' ની અનુભૂતિ થાય!

● **'ડેઝર્ટ ટુરિઝમ' નો વિકાસ :**

આધુનિક સમયમાં પર્યટન ક્ષેત્રે પણ હવે અનેક અવનવા પેટાપ્રકારો વિકસી રહ્યા છે. તેમાં બીચ ટૂરિઝમ, યુથ ટૂરિઝમ, સ્પોર્ટસ ટૂરિઝમ, એડવેન્ચરસ ટૂરિઝમ, વાઈલ્ડલાઈફ ટૂરિઝમ, રૂરલ ટૂરિઝમ, હેરિટેજ ટૂરિઝમ, મેડિકલ ટૂરિઝમ, સાયન્સ ટૂરિઝમ, ઈન્ડસ્ટ્રિયલ ટૂરિઝમ, એગ્રો ટૂરિઝમ, ઈકો ટૂરિઝમ, ડેરી ટૂરિઝમ, ક્રૂઝ ટૂરિઝમ સાથે 'ડેઝર્ટ ટુરિઝમ' નો ખ્યાલ પણ આપણે ત્યાં ઠીક-ઠીક વિકસ્યો છે. રાજસ્થાનની જેમ કચ્છમાં પણ 'રણ પ્રવાસન' ની ઉજળી સંભાવનાઓ રહેલી છે.

નોંધનીય છે કે ૨૦૦૫ માં કચ્છના મોટા રણને 'જૈવ સંયોજન આરક્ષિત ક્ષેત્ર' (બાયોસ્ફિયર રિઝર્વ) તરીકે જાહેર કરાયું છે, જે ગુજરાતનું પ્રથમ અને દેશનું ૧૫મું આવું વિશિષ્ટ અભયારણ્ય બને છે! કચ્છનું મોટું રણ હવેથી પંચમઢી, સુંદરવન, નીલગિરિ, નંદાદેવી, ગુલમર્ગ, ફ્લાવર ઑફ વેલી જેવાં દેશનાં અન્ય પ્રાકૃતિક જીવસૃષ્ટિ અભયારણ્યોની હરોળમાં મૂકાયું છે.

સમગ્ર વિશ્વમાં 'ઘુડખર અભયારણ્ય' (૧૯૭૨) માત્ર કચ્છના નાના રણમાં આવેલું છે. ૨૦૦૪ ની ગણતરી પ્રમાણે ૩,૮૬૩ ઘુડખરોની સંખ્યા નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે ૨૦૦૬ માં યુનેસ્કો દ્વારા જાહેર થયેલ 'બાયોસ્ફિયર રિઝર્વ લોકેશન્સ' ની યાદીમાં ભારતનાં તેર અભયારણ્યોમાં ગુજરાતમાંથી એકમાત્ર કચ્છનું ઘુડખર અભયારણ્ય પણ સ્થાન પામ્યું હતું!

● **રણમાં પ્રવેશી 'કારરેલી'!**

કેન્દ્ર સરકાર દ્વારા 'ગ્રામ્ય પ્રવાસન'ને ઉત્તેજન આપવાની યોજના હેઠળ રણ વિસ્તારના હોડકો ગામે 'શામ-એ-સરહદ' નામે કાયમી ધોરણે પ્રવાસન કેન્દ્ર સ્થપાયું છે. તો, કચ્છના જાણીતા પર્યાવરણવિદ્ જુગલકિશોર તિવારી મોટી વિરાણી (તા. નખત્રાણા) ખાતે 'સેન્ટર ફોર ડેઝર્ટ એન્ડ ઑસન' (રણ અને સમુદ્ર માટેનું કેન્દ્ર) ચલાવી રહ્યા છે.

૨૦૦૮ના રણોત્સવથી વિવિધ કાર્યક્રમો વચ્ચે એક નવતર પ્રયોગ રૂપે કાર શોખીનો માટે 'રણમાં કારરેલી' યોજવાનું પણ અનોખું આયોજન થયું હતું. તેની સાથે કચ્છમાં 'એડવેન્ચરસ ટુરિઝમ' (સાહસિક પ્રવાસન) નું પાસું પણ ઉમેરાયું હતું. આ પહેલ તે પછી દર વર્ષે રણોત્સવના એક ઓર આકર્ષણ રૂપ પરંપરા બની રહી છે.

*'શિવમ્,' ૪૦, વૃંદાવન નગર, વૈશાલી સિનેમા રોડ*
*અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯ ● મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

કચ્છ વિશેષ

# ચારણકુળ ગૌરવ "શ્રી હમીરજી રત્નુ"

પુષ્પદાન શંભુદાન ગઢવી

મારવાડના બાડમેર જિલ્લામાં આવેલ ધડોઈ ગામના ભારમલજી રત્નું સંવત ૧૭૧૦ ની સાલમાં સંઘ સાથે માતા હિંગલાજની યાત્રાએ ગયા હતા અને વળતા કચ્છમાં આવેલ નારાયણ સરોવર તથા માતાના મઢની યાત્રાએ સંઘ સાથે આવતા ભારમલજીને સખ્ત બીમારી થતાં તેમને સંઘથી છૂટા પડી કચ્છમાં ફરજિયાત રોકાવાનું થયું. પોતે માતાજીના અનન્ય ભક્ત હતા. રાત દિવસ માતાજીની સ્તુતિ કાવ્યો રચી માતાજીનો સ્મરણજાપ અને સ્તવનોમાં પોતાનો સમય વ્યતીત કરતા ત્યારે માતાજીના મંદિરમાંથી અવાજ આવતો સાંભળ્યો કે, "તું તમાચીજી પાસે જા, તું તમાચીજી પાસે જા." તેવું સાંભળી પોતે દંડવત પ્રણામ કરી માતાજીના ચરણોમાં ઢળી પડ્યા. પછી ઊંચી નજર કરીને જુવે છે તો માતાજીના તેમને સાક્ષાત દર્શન થયાં. આ વાત તેઓએ પરોઢમાં માતાજીની આરતી કરવા આવતા માતાજીના ભૂવા-પૂજારીને (કે જેઓ ચહુઆણ જ્ઞાતિના હતા અને આજે પણ તેમના વંશનાં માં આશાપુરાની સેવા પૂજા કરે છે) કરી અને જે પરથી આ ભૂવા-પૂજારીએ જણાવ્યું કે તમાચીજી તો અંજાર પરગણામાં આવેલ ખંભરાના જાગીરદાર છે. અને જણાવ્યું કે "બારોટજી આ પરદેશમાં માતાજીએ પોતે સાક્ષાત દર્શન આપી આપના પર પ્રસન્ન થઈ આપને આંગળી ચીંધી છે. તો હું પણ માતાજીનો સેવક છું અને આપને તમાચીજી પાસે પહોંચવા માટે મારો ઘોડો આપને બક્ષીસ કરું છું. આપ તે પર સવાર થઈ તમાચીજી પાસે ખંભરા જઈ આપની સારવાર કરાવો."

જેથી ભારમલજી ઘોડા પર સવાર થઈ ખંભરા તમાચીજી પાસે જાય છે, જ્યાં તમાચીજીની સારવારથી તેમને સારું થઈ જાય છે. ભારમલજી જે માતાજીના પરમ ઉપાસક હતા ત્યાં તેઓએ માતાજીની સાચી ભાવનાથી અને તપથી ઉપાસના કરતા. માતાજીએ ત્યાં પણ તેમના પર પ્રસન્ન થઈ કંઈ માગણી કરવાનું જણાવ્યું. ત્યારે ભારમલજીએ માતાજી પાસે બે હાથ જોડી નમ્ર પ્રાર્થના કરી કે હે માં મને મારા માટે કંઈ જોઈતું નથી, પરંતુ અહીં પરદેશમાં એક ક્ષત્રિય રાજપૂત શ્રી તમાચીજીએ વગર સ્વાર્થે મારી સેવા કરી મારો જીવ બચાવ્યો છે. તેમને આપની ઈચ્છા મુજબ કંઈક આપો. આ માગણી થતા માતાજીના સાક્ષાત રૂપના મુખેથી ઉચ્ચાર થયો કે, "કચ્છનું રાજ્ય તેને આપું છું." આથી ભારમલ બારોટ તો નિશ્ચિત અને દ્રઢ થઈ ગયા, છતાં તેમણે માતાજીના સાક્ષાત સ્વરૂપ પાસે વિશેષ માંગણી કરતા પ્રાર્થના કરી કે માં આપના આ વચન પર મને વિશ્વાસ છે. પરંતુ હું જેને આ જણાવું તો તેઓ પણ આ સાચું માને તેવી કંઈક સંજ્ઞા આપો. આ પ્રાર્થના સાંભળી માના સ્વરૂપ મુખેથી ઉચ્ચાર થયો કે "જા, તું જેને કહે તેને સાથે એટલું કહેજે કે આજથી છ માસની અંદર નળિયાવારા હોથીજી એને ઘેર બોલાવવા આવે તો તેની સાથે વિના સંકોચે જાય." આમ કહી માતાજીનું આ સ્વરૂપ અંતર્ધાન થઈ ગયું.

બીજા દિવસે ભારમલજીએ માતાજીના સ્વરૂપના દર્શનની અને માતાજીએ આપેલ આર્શીવચનની વાત તમાચીજીને કરી અને જણાવ્યું કે...

*હરિ આગળ ઈક હાથ, કાં તું આગળ માંડીશ તમા,*
*હવે, રાખે જો રઘુનાથ, તો નર દૂજો જાચીશ નહીં.*

આ દુહાનો અર્થ તમાચીજી સમજી ગયા કે આ બારોટજી મારી પાસેથી કંઈક ટેક લેવડાવવા માંગે છે. પરંતુ તમાચીજીએ મનોમન કહ્યું કે બારોટજીને ખબર નથી કે હું સામાન્ય ઘરધણી છું અને બારોટજીની ટેક પૂરી કરવી મારા માટે અઘરી છે. પરંતુ તમાચીજીના મનની મૂંઝવણ સમજી અને ત્યાં હાજર રહેલા અન્ય સરદારોમાંથી કોઈકે જણાવ્યું કે બારોટજી રાજી થઈ તમાચીજીને કચ્છનું રાજ્ય આપવાનું જણાવે છે, તો પછી લોભ શું કામ કરે છે? તમાચીજીને દિલ્હીનું રાજ્ય આપો ને! તે પરથી ભારમલજીએ જણાવ્યું કે મને આવી શંકાનો અંદેશો હતો જ અને તેથી માતાજી પાસેથી મેં વિશેષ સંજ્ઞા આપવાની માંગણી કરી હતી અને તે એ કે આજથી છ મહિનાની અંદર નળિયાવારા હોથીજી બોલાવવા આવે તો તમાચીજીએ વિના સંકોચે અને વગર શંકાએ તેમની સાથે જવું. ત્યારબાદ ભારમલજીએ તમાચીજી પાસેથી તેમના વતન મારવાડ ધડોઈ જવાની રજા લઈ વિદાય લીધી.

પછી કચ્છના ઈતિહાસમાં એવો બનાવ બને છે કે રા'ઓશ્રી ખેંગારજી બીજાને (સંવત ૧૭૦૨ થી ૧૭૧૧. ઈ.સ. ૧૬૪૫-૧૬૫૪) ચાર રાણીઓ હોવા છતાં તેમને ત્યાં કોઈ રાણીજાયો પુત્ર ન હતો. પરંતુ એક સુમરી (મુસ્લિમ) રખાતનો પુત્ર નામે હમીરજી હતા તેઓ ગાદીનશીન થયા. જેનાથી કચ્છના ભાયાતો રાજી ન હોઈ તેમની જગ્યાએ રાજવંશના કોઈ અન્ય હકદાર ને ગાદીનશીન કરવા માટેનું આયોજન કર્યું અને જેની આગેવાની નળિયાના

જાગીરદાર શ્રી હોથીજીને આપવામાં આવી. તમાચીજીને ગાદી પર બેસાડ્યા. જે વિગતનું વર્ણન વિગતવાર રીતે રાજકવિ શ્રી શંભુદાનજીએ પોતાના પુસ્તક "કચ્છ દર્શન" માં જણાવેલ છે.

રાઓશ્રી ખેંગારજી (બીજા) ની મુસ્લિમ રખાતના પુત્ર શ્રી હમીરજીને કચ્છ રાજ્યની રાજગાદી પરથી હટાવી શ્રી તમાચીજીને (સંવત ૧૭૧૧ થી ૧૭૨૨. ઇ.સ. ૧૬૫૫ - ૧૬૬૬) કચ્છની રાજગાદી પર બેસાડવામાં આવ્યા તે પ્રસંગને અનુરૂપ નીચે જણાવ્યા મુજબનો એક દુહો એક ચારણ કવિ તરફથી કહેવામાં આવ્યો હતો.

***"હોથી હથ જલે, (જડે) તમુ તખત વેઆરેએં;***
***તડે સિજ્જ વ્યો ઉગી ઉલે, ઈ સુમરેં જો સવારમેં"***

*અર્થ :* હોથીજીએ હાથ ઝાલીને જ્યારે શ્રી તમાચીજીને ગાદીએ બેસાડ્યા ત્યારે આ સુમરાઓનો ઉદય પામતો સૂરજ સવારમાં જ અસ્ત થઈ ગયો.

તમાચીજી કચ્છના રાજવી બનતા ભારમલજીએ તેમને માતાજીના આશીર્વાદ આપ્યા હતા તેને યાદ કરી, ભારમલજીને અને તેમના કુટુંબને માનસન્માનથી મારવાડથી કચ્છ પરત બોલાવ્યા. તેમને ગામ ગરાસ આપી કચ્છમાં રોકી લીધા. ભારમલજીએ પણ તમાચીજીના પ્રસન્નતાર્થે ઘણા કાવ્યોની રચના કરી તેઓને સંભળાવ્યા અને તમાચીજીએ પણ વળતા સ્વમુખે ભારમલજી અજાચી ચારણ માટેનો એક દુહો કહેલ છે.

***બેઆ ચારણ બપડા, (પણ) ભારમલ મુંજો ભા,***
***મું અજાચી થપેઆ, જે કે મઝેં રાણા રા.***

આ રીતે રા'વશ્રી તમાચીજીએ અજાચી ચારણ ભારમલજીને ખૂબ માનપાનથી ભુજમાં રોકી લીધા અને તેમના આખા કુટુંબને મારવાડથી માનપાન સાથે બોલાવી જગ્યા જાગીરો આપી તેમને રહેવા કરવાનો તમામ ખર્ચ રાજ્યમાંથી આપવાનું નક્કી કર્યું. અને ત્યારબાદ મહારાઓશ્રી પ્રાગમલજી (પહેલા) એ (સંવત ૧૭૫૪ થી ૧૭૭૨. ઇ.સ. ૧૬૯૮-૧૭૧૫) અજાચી ચારણ ભારમલજીના ત્રણ પુત્રોને રાયધણપર ગામ બક્ષિસમાં આપ્યું જેનો લેખ-છાપો કચ્છ દર્શનમાં આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

***શ્રી - શુભમ્ - શ્રી રાઓ પ્રાગમલજી રાઓશ્રી રાયધણજી સુત***

આ રીતની મહોર છાપ છે.

*મહારાજ રાઓ શ્રી પ્રાગમલજી વચનાત ચારણ-ગીરધરજી તથા ચારણ ગોકુળ તથા ચારણ હરિરામ ભારમલાણી અજાચી જોગ જત તમને મોજે રાયધણપર ગામ મધ્યે રાઓની ધરતી ભોગેતી છે તે તમને દીધી છે અને રબારીની ધરતી તથા રબારી રહ્યા છે તે રાઓશ્રીના છે. રબારીની ધરતી હોય તે સર્વે રબારીની છે સબબ જે ધરતી ખેડે છે તે તેની છે. અને જે ધરતીનો ભોગ રાઓને આવે છે તેટલી દીધી છે. પુરાસરની ઉત્તરાદી કોરે થોરોની કડી છે. તે મોજે ગડા હેઠે છે અને મોજે રાયધણપરની ધરતી લોહે છુતેલ તે દીધી છે. પ્રથમ આસો સુદ ૧૪ રવિ સંવત ૧૭૫૭ હાં. શ્રી મુખ હજૂર.*

ભારમલજી ના ત્રણ પુત્રો ગોકુળ-ગીરધર અને હરિરામને ઉપર જણાવ્યા છાપા મુજબ રાયધણપર ગામ આપવામાં આવ્યો. તે ત્રણ ભાઈઓનું જે વિસ્તાર તેમાં ગીરધરજીના ત્રણ પુત્રો થયા (૧) હમીરજી રત્નું અને (૨) લખમીદાસ જેઓ બન્ને નિર્વંશ ગયા (૩) ગોરખદાસ કે જેઓને બે દીકરા હતા તેમના નામ (૧) વિરદાન (૨) અજાજી. તેઓ પણ નાની ઉંમરે ગુજરી ગયેલા એટલે તેમનો વંશ પણ આગળ ચાલ્યો નહીં.

ભારમલજીના દીકરા ગોકુળના બે દીકરા કરણીદાન અને આઈદાન થયા. અને તેમાં કરણીદાનના માનાજી અને આઈદાનના પબાજી થયા. જે માનાજી તથા પબાજીને સંવત ૧૮૨૮માં ધમડકાના તે વખતના જાગીરદાર શ્રી અભેસંગ જાડેજાએ લખણી કરી આપી મોડવદર ગામ આપ્યું જે નીચે મુજબ છે.

***લેખ-છાપો***

*સંવત ૧૮૨૮ વરસે પોષ વદિ સાતમ લખીતંગ હાજાણી અભેસંગ, અજાચી, પબાજી તથા માનાજીને ગામ મોજે મોડવદર દીધું છે. તે લખણી કીધી છે. જાડેજા શ્રી રામસંગજી તથા જાડેજા સબલાજી તથા જાડેજા અમરાજી તથા ભાઈ સતાજી સમસ્ત બેસીને ગામ મોડવદર દીધું છે તેની લખણી કીધી છે. (આ પછી એ લખણીમાં ફાળો આપનાર બધા ગામના ભાયાતોના નામો છે)*

આ રીતે ગોકુળ ચારણના વંશજો એ સમયથી ધમડકા અને મોડવદર રહેવા ચાલ્યા ગયા અને રાયધણપરમાં ગીરધરજીનું વંશ આગળ ન ચાલતા ફક્ત હરિરામના વંશજો રાયધણપર રહ્યા.

ઉપર જણાવ્યા મુજબ ગીરધરજીના હમીરજી રત્નું એ મોટા ગજાના અતિ વિદ્વાન કવિ થયા. જેઓ કચ્છના મહારાઓશ્રી દેશળજી પહેલાના અતિ માનીતા રાજકવિ હતા અને કાવ્ય શાસ્ત્ર, સંગીતશાસ્ત્રના તથા અન્ય શાસ્ત્રો વગેરેના મોટા જ્ઞાતા હતા. કચ્છના મહારાઓશ્રી લખપતજીના તેઓ વિદ્યાગુરુ હતા અને સમસ્ત કચ્છના રાજવી ભાયાતો અને અન્ય પ્રજાજનોમાં તેઓ મોભાનું અને સન્માનપૂર્વકનું સ્થાન ધરાવતા હતા.

કચ્છના મહારાઓશ્રી દેશળજી પહેલા (સંવત ૧૭૭૫-૧૮૦૮ : ઇ.સ. ૧૭૧૯ - ૧૭૫૨) કચ્છમાં અતિ બાહોશ પ્રજાવત્સલ અને ધર્મપ્રેમી રાજા તરીકે પ્રખ્યાત હતા. અને તેઓને લોકો તરફથી "દેશરા કે પરમેસરા" નું બિરૂદ આપવામાં આવેલ.

રા-દેશળજીના રાજ્ય કવિ વિદ્વાન અમારા પૂર્વજ વડીલ હમીરજી રત્નુ તેઓના રાજકવિ હતા. જેઓ સંસ્કૃત ભાષા, પિંગળ શાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, રાજનીતિ શાસ્ત્ર આદિમાં એ વખતના કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, રાજસ્થાન આદિના કવિઓમાં મોખરાનું સ્થાન ધરાવતા હતા. તે માટે એક દોહરો કહેવાયો છે...

***બેઆ કવેસર બપડા, નદીઆ હંદા નીર***
***(પુનઃ) ગુણ સાગર ગિરધર તણો, હય દરિયાવ હમીર...***

કચ્છના તમામ જાગીરદારો અને કચ્છના મહારાઓશ્રીના હમીરજી રત્નુ ઘણા પ્રીતિપાત્ર હતા. રાજ્ય અને ભાયાતો વચ્ચેની કડવાશ દૂર કરવામાં તેઓનો મુખ્ય ફાળો હતો. આ સમયે રાઓ શ્રી દેશળજીને એક અણધારી મોટી કૌટુંબિક ચિંતા આવી પડી, તે એ કે તેઓશ્રી ના એકના એક દીકરી ખાંડા સાથે મેવાડના રાણા શ્રી પચાણસિંહજી જગતસિંહજી વેરે પરણાવેલ હતા.

લગ્ન પછી રાઓશ્રી દેશળજીને જાણ થઈ કે તેમની દીકરી દુઃખી અવસ્થામાં એક ત્યકતા જેવી સ્થિતિમાં દિવસો પસાર કરી રહેલ છે. આના કારણમાં એવું જાણવા મળ્યું કે આ લગ્ન બાદ પાછળથી મેવાડના રાણાશ્રીના મનમાં કોઈકે એવું ઠસાવી દીધું કે કચ્છના જાડેજા રાજવીઓ તો મુસલમાન ધર્મ પાળે છે અને સુવરનું માંસ પણ ખાતા નથી. તેમના વંશજોની વંશાવળીનું કશું ઠેકાણું નથી. આવા રાજ્યની દીકરી સાથે ઉદયપુરના રાણા કેમ સંબંધ નિભાવી શકે? આવી કેટલીક અગડંબગડં ભંભેરણીમાં રાણા આવી ગયા અને ત્યારથી જાડેજા રાણીના મહેલ સાથેનો વ્યવહાર બંધ કરી દીધો. આના માટે રાણાને કોણ સમજાવી શકે? કારણકે આમાં બળજબરી તો ક્યાંય કામ ન આવે અને દૂર દૂરના સંબંધો રહ્યા એટલે આમાં દીકરીના માટે શું થાય? એવી ચિંતામાં રાઓશ્રી દેશળજી ડૂબી ગયા અને આનો ઉપાય શું થઈ શકે તે માટેની વાત દેશળજી બાવાએ પોતાના રાજકવિશ્રી હમીરજી રત્નુને કરી અને આમાંથી કંઈક રસ્તો કાઢવા જણાવ્યું. તે પરથી હમીરજીએ દેશળજીબાવાને જણાવ્યું કે આમાથી રસ્તો જો માતાજીની કૃપા હોય તો જ નીકળી શકે. પરંતુ આપ જો રજા આપો તો મારે મારવાડમાં કુટુંબ યાત્રાએ જવું છે અને ત્યાંથી વળતા મેવાડના રાણા સાહેબ પાસે હું જતો આવીશ અને જો આમાં કંઈ થઈ શકે તેમ હશે તો હું આનો ઉકેલ લાવવા પ્રયત્ન કરીશ. આમ કહી હમીરજી રત્નુએ દેશળજી બાવાની રજા લઈ મારવાડ જવાની તૈયારી કરવા લાગ્યા. અને તેઓએ ઉદયપુર જતા પહેલા જાડેજા વંશની વંશાવળીનું બૃહત કાવ્ય તૈયાર કરી પોતે મેવાડનાં મહારાણા પાસે ઉદયપુર જઈ જાડેજા કુળ વંશનો ઈતિહાસ રૂબરૂમાં જણાવ્યો અને જણાવ્યું કે જેમ આપ રઘુવંશમાં આજ સુધી નિષ્કલંક છો એમ યદુવંશમાં આ જાડેજા કુળ પણ નિષ્કલંક છે.

ઉદયપુર ખાતે કેટલાક લાંબા દિવસોના રોકાણથી હમીરજીએ મેવાડનાં મહારાણાને પૂરેપૂરી ખાતરી કરાવી આપી કે કચ્છમાં જાડેજા વંશ પણ મેવાડના સૂર્યવંશી મહારાણાઓની બરોબરીનો છે. જે પરથી કચ્છના જાડેજા કુંવરીબાને અપમાનિત અવસ્થામાં રહેવું પડતું હતું તે દૂર થયું.

હમીરજીને ઉદયપુર ખાતે ઘણા જ માન સન્માનથી રોકવામાં આવ્યા અને તેઓને વિદાય આપતી વખતે મહારાણાશ્રી તરફથી તેઓને લાખ પશાવનો પોષાક, રોકડ, સોના - ચાંદીના સાજ સાથેનો ઘોડો તૈયાર કરી, દરબાર ભરી, આ વિદ્વાન ચારણને આપવા મેવાડનાં મહારાણાએ હાથ સામો કર્યો ત્યારે હમીરજી પોતે ખૂબ જ વિમાસણમા મુકાયા. કારણ કે પોતે કચ્છ રાજ્યના અયાચી હોઈ બીજા કોઈ પાસેથી કોઈ ભેટ બક્ષીસ સ્વીકારી શકે તેમ ન હોઈ તેઓએ મહારાણા સાહેબ સમક્ષ બે હાથ જોડી અતિ વિનમ્રભાવે વિનંતી કરી.

**દોહો**

***પાંચા જગા ઉતરા, તું સહ વાતાં સમરાથ***
***(પણ) અમે અજાચી રાવરા (એ) દૂજે ન માંડા હાથ.***

મહારાણા સાહેબે પોતે આપવા ધારેલ ભેટ - બક્ષીસનો અસ્વીકાર થતો હોવાનું જાણી અતિ ગુસ્સે થઈ અને જણાવ્યું કે કવિરાજ મારો હાથ તમારા રાવ સાહેબ પણ ન ઠેલે તો તમે શા હિસાબમાં? હવે જ્યાં સુધી તમે આ પોષાક નહિં સ્વીકારો ત્યાં સુધી તમને અહીંથી જવા દેવામાં નહિં આવે. તમારા રાવ અમારા પર ચડાઈ લઈ આવી અમને હરાવે ત્યારબાદ ભલે તમને લઈ જાય, બાકી તમોને અહીંથી ઠાલે હાથે નહિં જવા દેવાય.

આમ કહી દરબાર બરખાસ્ત કરી રાણા સાહેબ ઊઠી ગયા અને હમીરજીને તેમના હુકમથી નજર કેદમાં મહેમાન ગૃહમાં માનપાન સાથે રાખવામાં આવ્યા.

આવી મુંઝવણભરી સ્થિતિમાં હમીરજીએ ચોકી પહેરા વચ્ચેના રાણા સાહેબના મહેમાન ગૃહમાં માતાજી કરણીજીને પ્રાર્થના કરવા લાગ્યા કે હવે આ સંકટમાંથી તારા સિવાય મને બીજો કોઈ ઉગારી શકે તેમ નથી. અને મનોમન માતાજીની એવી માનતા માની કે હે માં જો તું મને આ સંકટમાંથી છોડાવીશ તો મારા ગામે (રાયધણપર) તારી સ્થાપના કરી પછી જ એ ગામનું પાણી પીશ. કહેવાય છે કે માતાજી કરણીજી, હમીરજી પર પ્રસન્ન થઈ તેઓને બીજે દિવસે જામનગર જિલ્લામાં આવેલ જોડિયા બંદરે પહોંચાડી દીધા અને જ્યાંથી એક વહાણમાં બેસી હમીરજી કચ્છ આવી રાયધણપર ખાતે પોતાના ગામમાં એક નાના ગોખલામાં માતાજીનું સ્થાપન કર્યું. જે ગોખલો આજે પણ રાયધણપર મધ્યે મોજુદ છે. ત્યારબાદ ભુજ જઈ મહારાઓશ્રી દેશળજી પાસે આવી તેઓશ્રીને બધા કુશળ સમાચારો વિગતવાર આપ્યા.

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

હમીરજી રત્નુ વિષે લખવા જઈએ તો મહાનિબંધ કરતા પણ ઘણી વિગતો લખી શકાય. પરંતુ તેઓનાં ગુણ ચાતુર્યની એક વિગત અત્રે દર્શાવવી અતિ જરૂરી હોઈ જે નીચે મુજબ છે.

મહારાઓશ્રી દેશળજી બાવાના વખતમાં દિલ્હીના શહેનશાહી તખ્ત પર મોહમદ શાહ નામનો બાદશાહ હતો. દિલ્હીની સત્તા બાદશાહ ઓરંગઝેબના વખતમાં સમગ્ર ભારત પર પ્રવર્તતી, તે છિન્ન ભિન્ન થવા લાગી હતી અને કેટલાક પ્રાંતોના સૂબાઓ પોતાની રીતે સ્વતંત્રતા જાહેર કરી, પોત પોતાના પ્રાંતોનો કબજો કરવા લાગ્યા હતા અને આજુબાજુના પ્રદેશોને પોતપોતાના પ્રાંતોમાં ભેળવી દેવાની હોડમાં એક બીજા રત હતા. એ વખતે એક એવા ખબર દિલ્હી પહોંચ્યા હતા કે કચ્છની બાજુમાં આવેલ સિંધ પ્રદેશને કચ્છના જાડેજા રાજવી પોતાની હસ્તક કરવાની કોશિશમાં છે અને સિંધ પ્રાંત જો દિલ્હીની સત્તા નીચેથી નીકળી જાય તો દિલ્હીની સત્તા ટકાવવી મુશ્કેલ બને. આ પરથી દિલ્હીના બાદશાહ મોહમ્મદ શાહે કચ્છ પર ચડાઈ કરી કચ્છને જીતી સિંધને બચાવી લેવા માટે લશ્કરી તૈયારી કરી અને તે માટે શેર બુલંદ ખાન પઠાણને ગુજરાતનો સુબો બનાવી કચ્છ પર ચડાઈ કરવાની પ્રક્રિયા આરંભી. આ ચડાઈના ખબર કચ્છ રાજ્યનાં મહારાઓશ્રી દેસળજી બાવાને મળતા તેઓએ કચ્છના ભાયાતો, પ્રજાના લડાયક વર્ગો વગેરેને તાબડતોડ ભુજ બોલાવી લડાઈનો સામનો કરવાની તૈયારી કરી. આ વખતે ભુજનો આલમપનાહ કિલ્લો તથા ભુજિયા ડુંગર પરનો કિલ્લો પણ તૈયાર થઈ ગયા હતા. અને ત્યારે કચ્છની રાજ્ય સભામાં મહારાઓશ્રી દેશળજી બાવાના અનેક સલાહકારો પૈકીના મુખ્ય સલાહકાર તરીકે અમારા વડીલ હમીરજી રત્નુ હતા.

આવનાર યુદ્ધની તૈયારી ચાલતી હતી તે દરમ્યાન એક એવો પ્રસંગ ઉપસ્થિત થયેલ કે મહારાઓશ્રી દેશળજી બાવા પોતાના નિર્ધારિત નિયમ મુજબ સવાર સાંજની પૂજા વિધિમાં ઘણો સમય લેતા હતા અને તેઓની આ પૂજા વિધિ દરમિયાન કોઈ પણ તેમને ખલેલ પહોંચાડી શકે નહી, કે તેમના ધ્યાનમાં કોઈ ભંગ પાડી શકે નહી કે તેમની પાસે કોઈ પણ જઈ ન શકે તેવો તેમનો હુકમ હતો.

લડાઈની તૈયારીના કટોકટીના સમયમાં રાજ્યનાં અમાત્ય વર્ગ, સેનાપતિ અને અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓને રાજવી સાથે ઓચિંતાની ચર્ચા વિચારણા કરવાની સ્વાભાવિક રીતે જરૂરિયાત ઉભી થાય, પણ બાવાશ્રીના પૂજા સમય દરમિયાન તેમની પાસે કોઈ જઈ શકે નહીં તે કારણે લડાઈની તૈયારીમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થવા લાગી. આ મુશ્કેલીઓના નિવારણ માટે મહારાઓશ્રીના અમાત્ય-અધિકારીઓએ આપસમાં મળી આ મુશ્કેલીની વાત-રજૂઆત મહારાઓશ્રીને કોણ કરી શકે તે માટેની ચર્ચા વિચારણાના અંતે એવું નક્કી કરવામાં આવ્યું કે મહારાઓશ્રી ના સહુથી નજીકના એવા તેમના રાજકવિ હમીરજી આ રજૂઆત મહારાઓશ્રીને કરે તો આ મુશ્કેલીમાંથી કંઈક માર્ગ નીકળે. જે પરથી શ્રી હમીરજીએ મહારાઓ સાહેબને અરજ કરી કે હજુર, આ અવસર બહુ બારીક છે, સમયની ખરી કિંમતના સમયમાં આપ પૂજા વિધિમાં એટલો બધો વખત લ્યો છો તેથી રાજ્યના તાકીદના અને આપાતકાળના કામકાજોમાં આપને તત્કાળ મળવાની જરૂરત હોય ત્યારે આપ ન મળી શકવાથી ઘણી મુશ્કેલીઓ સર્જાય છે તેથી પૂજા-વિધિનો સમય કંઈક ટૂંકાવો તો સારું.

આને જવાબ આપતા મહારાઓશ્રીએ કહ્યું કે "કવિરાજ તમારી વાત સાચી છે પણ મારે તમામ દેવસ્થાનને સંભારવાનો મારો નિયમ છે અને તેમને યાદ કરવામાં ઘણો સમય જાય છે."

એટલે હમીરજીએ કહ્યું કે "આપ કહેતા હો તો આ બધા દેવોની યાદી આવી જાય એવું એક ગીત હું આપને બનાવી આપું, જે બોલવાથી બધા દેવોનું સ્મરણ થઈ જાય.

આનો જવાબ આપતા મહારાવ સાહેબે જણાવ્યું કે "એવું ગીત બનાવી આપો તો બહુ સારું, તે હું પૂજામાં બોલી જઈશ, એ રીતે મારો નિયમ પણ સચવાઈ રહેશે અને સમય પણ બચી જશે" એ પરથી હમીરજીએ નીચેનું ગીત બનાવી આપ્યું.

## ગીતજાતિ - સપાખરો

*દેવાં દાતારાં ઝુઝારાં, ચારા વેદાં અવતારાં દસાં*
*ધુરાં હરાં ગ્યારા રવિ, બારાં ચારાં ધામ,*
*સતિયાં, જતિયાં સારાં, શૂરા પૂરા રિષેસરા*
*પીરાં પેગંબરાં સિદ્ધાં, સાધકં પ્રણામ... (૧)*

*નવા નાથાં નવા ગ્રહાં નવસો નવાણું નદી*
*નખત્રાં નવેહી લાખાં, ભાખાં નવે નિદ્ર.*
*પરબત્ત આઠ કુળાં, વસુ આઠ વંદા પાવ.*
*સાઠ આઠ તીરથાં, સમેતા આઠ સિદ્ધ... (૨)*

*સાત વારાં, સાત વીસાં નખત્રાં, સરગાં સાત*
*સપતા સમુંદા સાત પ્યાળાં તતસાર*
*પુરાણાં અઢારાં, ભારાં અઢારાં વનસપતિ*
*ઉચરાં આદેશાં, આદિનાથ ઓમકાર... (૩)*

With Best Compliments From
43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE
We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India
M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises
Admn. Office : 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station,
Mulund (West), Mumbai-400 080. Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in

*પારસં કલપતરુ, ચંદ્ર સુર દિગ્ગપાળ*
*પૃથ્વી આકાશ પાણી, પાવક પવન્ન*
*કેવલાસ વાસી ઈસ કુબેર નમસ્કાર*
*બ્રહ્મા ગણેશ શેષ, ખગેસ વિસન્ન... (૪)*

*અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, અવંતિકા*
*પુરી, દ્વારાવતી, સરસ્વતી, ગંગાપાર*
*ગોદાવરી જમી રેવા, ગોમતી ગયા પ્રયાગ,*
*કાવેરી સરજુ, મહી બદરી કેદાર... (૫)*

*સોમવલીં ચિંતામણિ, રોહણી સુભદ્રા સોય*
*સાવિત્રી, ગાયત્રી, ગીતા, અરુન્ધતી સીત*
*કામધેનુ શ્રી અદિતિ, રાંદલં દ્રૌપદી કુંતી*
*પાર્વતી સતી તારાલોચની પ્રવિત... (૬)*

*ચોરાસી ચારણાં દેવી, છપન્ન કોટિ ચામુંડા*
*માતા હિંગળાજ આશાપૂરા, મહમાય*
*અંબિકા કાલિકા નાગણેચી ડુંગરેચી આઈ*
*રવેચી ચાણકનેચી, નમો સુરાંરાય... (૭)*

*વાલમિકી સુકદેવ, વસિષ્ઠાદિ વેદ વ્યાસ*
*ગૌતમ સન્નકાદિક, ઈન્દ્ર સાલિગ્રામ*
*જમદગ્નિ ધર્મપ્રથુ માનધાતા જાુજીઠલ*
*રણછોડરાય રિષ્યાંવંત, રાજા રામ... (૮)*

*મછંદરં જાલંધરં, ગોરખં ધુંધલીમલ્લ*
*ચક્વર્તી અજેપાળ ગોગ ચહુવાણ*
*મલ્લીનાથ જસરાજ, માંગણાસુ તુષમાન*
*રામદે સોમદે પાબુ, રાયમલ રાણ. (૯)*

*જંગમાં થાવરાં ગણાં, ગંધ્રવાં કિન્નરાં જખાં*
*વિધન્ન બુરાઈ વાદ, વારીજે વિયાધ*
*કમાઈરાં પુરાં નરાં, અમરાં હમીર કહે*
*અમાં રિદ્ધિ સિદ્ધિ, દેજો વડાંરે આરાધ... (૧૦)*

ઉપરોક્ત ગીત સિવાય શ્રી હમીરજી રત્નુના અનેક ગીતો પૈકી કેટલાક ગીતો "કચ્છ દર્શન"માં લેવામાં આવ્યા છે. જેમાં મુન્નત્વે શેર બિલંદખાને સંવત ૧૭૮૫માં કચ્છ પર ચડાઈ કરી યુદ્ધ કર્યું હતું. જેને ઈતિહાસમાં ભુજિયા પરના યુદ્ધ તરીકે ઓળખવામાં આવે છે. તે યુદ્ધને લગતા અનેક પ્રસંગોનું આબેહૂબ વર્ણન શ્રી હમીરજી રત્નુએ પોતાના કાવ્યો દ્વારા વર્ણવેલ છે. જેનું વર્ણન પણ રાજકવિશ્રી શંભુદાન ગઢવીએ પોતાનાં પુસ્તક "કચ્છ દર્શન"માં વિગતવાર આપેલ છે.

આ યુદ્ધમાં કચ્છ રાજયનો વિજય થતા શ્રી હમીરજી રત્નુએ તેમના આ કાવ્યોનાં અંતે નીચે જણાવ્યા પ્રમાણેનો દોહો લખ્યો હતો.

*દોહા*

***સંવત સત્તર પંચાસીએ, પ્રગટ્યો સુયશ પ્રસિદ્ધ,***
***શ્રાવણ શુક્લા-પંચમી, કા છે અનમી કિધ્ધ,***
***ઈણ યુધ્ધમેં અખિયત કર, લશ્કર લુંટ સુ લિધ્ધ,***
***શેર બિલંદ સુબાહુનાં, દેશળ દંડ સુ દિધ્ધ***

આ રીતે આ લડાઈમાં સંવત ૧૭૮૫ ના શ્રાવણ સુદ ૫ (નાગ પંચમી) ના રોજ કચ્છ રાજયનો સંપૂર્ણ વિજય થયો જેની યાદમાં તે વખતે સમગ્ર કચ્છમાં અને પાટનગરમાં વિજયોત્સવ મનાવવામાં આવ્યો. તેની યાદમાં આજે પણ દર વર્ષે નાગ પંચમીનાં દિવસે ભુજિયાનો મોટો મેળો ભરાય છે. જેમાં ભુજના નગરજનો હર્ષોલ્લાસથી ભાગ લઈ ઉત્સવ મનાવે છે.

આ સિવાય શ્રી હમીરજી રત્નુના હસ્ત લિખિત ગ્રંથો - કાવ્યો વગેરેનો સંગ્રહ શ્રી શંભુદાનજી ગઢવી, કચ્છના રાજ્ય કવિના નિજી સંગ્રહમાં છે, તદ્ ઉપરાંત ભુજ ખાતેના મહારાઓશ્રી લખપતજીના તેઓના સાહિત્ય અને સંગીતને લગતા હસ્તલિખિત ગ્રંથો વગેરે જે આઈના મેહેલમાં કચ્છ રાજયના ખાનગી મ્યુઝિયમમાં સચવાયા છે ત્યાં પણ હમીરજીના હસ્તલિખિત ગ્રંથો હોવાની શક્યતા છે.

શ્રી હમીરજી રત્નુની કૃત્તિઓનું લિસ્ટ "લઘુ સંગ્રહ" પુસ્તકની ત્રીજી આવૃત્તિમાં જણાવવામાં આવેલ છે. તેમજ શ્રી શંભુદાનજી ગઢવીના નિજી સંગ્રહમાં પણ આવી કેટલીક કૃતિઓ સચવાયેલ છે જેની કેટલીક યાદી નીચે જણાવ્યા પ્રમાણે છે.

(૧) દેવ-દેવી સ્તુતિ (૨) જોગમાયારો છંદ, (૩) આઈ રવેચીજીરો છંદ, (૪) પિંગલ પ્રકાશ, (૫) દેશળ વચનિકા, (૬) હરિજસ નામ માળા, (૭) યદુવંશ વંશાવળી, (૮) બ્રહ્માંડ વર્ણન, (૯) ગીત ચોવીસ જાતરા, (૧૦) ગુણ પિંગલ પ્રકાશ, (૧૧) જ્યોતિસ જડાવ (૧૨) જામ લાખાજીની નિશાની, (૧૩) ભાગવત દર્પણ, (૧૪) લખપતિ ગુણ પિંગલ

શ્રી હમીરજી રત્નુની વિદ્વતાથી પ્રેરાઈને અનેક સાહિત્ય મર્મીઓએ તેમના લેખો વિષે સંશોધન કાર્ય કર્યા છે, અને હજુ કરી રહ્યા છે. ■

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

કચ્છ વિશેષ

# ઝાંખી – ભુજની

પ્રા. સૂર્યકાંત ભટ્ટ

તાજેતરમાં માગશર સુદ-૫ના રોજ ભુજ શહેરનો ૪૭૦મો સ્થાપના દિન ઉજવાયો. ભુજ શહેરની સ્થાપના સંવત ૧૬૦૫, માગશર સુદ-૫ ના શુભ દિને થયેલી. ભુજના દરબારગઢ મધ્યે ભુજ શહેરની ખીલી ખોડાઈ છે. આજથી ૩૪ વર્ષ પહેલાં અર્થાત્ ઈ.સ. ૧૯૮૩માં તા. ૯-૧૨-૧૯૮૩ના રોજ મ.શ્રી પ્રાગમલજી ત્રીજાના વરદ્ હસ્તે ખીલી પૂજન કરવામાં આવેલું. જ્યાં સર્વ ધર્મ પ્રાર્થનાનું આયોજન થયેલું. ૨૨ નવેમ્બર, ૨૦૧૭, ગુરુવારે માગશર સુદ-૫ ના રોજ ૪૭૦મો સ્થાપના દિન ભુજવાસીઓએ શાનદાર રીતે ઊજવ્યો.

ભુજ શહેર ઉત્તર અક્ષાંશ ૨૩.૧૫ અને પૂર્વ રેખાંશ ૬૯.૪૯ ૫૨ છે. ૧૭૨૩માં રાવશ્રી ગોડજીએ ભુજ ફરતે ગઢરાંગનું નિર્માણ કર્યું. જે ૩૫ ફૂટ ઊંચી, ૪ ફૂટ પહોળી હતી. શહેર ફરતે ગઢરાંગમાં પાંચ નાકા તથા એક બારી જે છઠ્ઠી બારી તરીકે ઓળખાતી. આજે એ બારી જળવાઈ નથી. પાટવાડી ગેઈટ, મહાદેવ ગેઈટ, સરપટ ગેઈટ દૃશ્યમાન છે. ઈ.સ. ૧૮૧૮માં ભુજની વસતિ વીસેક હજારની હતી, આજે બે લાખ થવા પામી છે.

સૂકો દુષ્કાળ, વાવાઝોડું અને ભૂકંપ કચ્છ માટે સહજ છે. કચ્છની ખમીરવંતી પ્રજા નિજ આત્મશ્રદ્ધા તથા વિશ્વાસથી કુદરતી આફતો પચાવી ગઈ છે. તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ પહેલાં તા. ૧૬-૬-૧૮૨૯માં ભૂકંપે કચ્છમાં તારાજી સર્જેલી. ઈ.સ. ૧૯૫૬માં પણ ભૂકંપે તારાજી સર્જી. બાદ કંડલામાં વાવાઝોડાની દુર્ઘટનાએ અનેક જાનમાલનો ભોગ લીધો.

ઈ.સ. ૧૭૨૮માં સર બુલંદખાને તથા ૧૭૬૫માં સિંધના ગુલામશાહે કરેલા હુમલા કચ્છીવીરોએ નાકામિયાબ બનાવ્યા. શહીદોના પાળિયા તેમની શહાદત - શૌર્યની યાદમાં આજે પણ મોજૂદ છે. આજે તો ભુજ શહેર ભીષણ ભૂકંપ બાદ લગભગ ૫૪ કિ.મી. વિસ્તરી ગયું છે.

ઈ.સ. ૧૮૬૦થી ૧૮૭૫ – એ મહારાવશ્રી પ્રાગમલજી બીજાનો કચ્છમાં શાસનકાળ હતો. કચ્છ બન્ની તરફ ઐધ્ધના પીળાશ પડતા મજબુત પથ્થરો દ્વારા ભુજમાં દરબારગઢમાં ''પ્રાગ મહેલ''નું નિર્માણ થયું છે. જેમાં ઈટાલિયન કારીગરોએ યશસ્વી કાર્ય સિદ્ધ કરીને બનાવ્યું. ત્રણ માળમાં ઊંચો ટાવર આજે યથાવત્ છે. નીચેના ખંડમાં લોલક, વચ્ચે ટાવર તથા ઉપરના વિભાગે રમણીય ડંકા – જે ટાવર આજે બંધ હાલતમાં છે. આ ટાવર ૪૫ મીટર ઊંચો છે. જ્યાં મહારાવ દરબાર ભરતા, તે પ્રવાસીઓના દર્શનાર્થે ખુલ્લો છે. પ્રાગમહેલના નીચેના આવાસોમાં એક સમયે શેઠશ્રી રામજી રવજી લાલન કૉલેજ ૨૦મી જૂન, ૧૯૫૩થી ૭ નવેમ્બર, ૧૯૫૯ સુધી હતી. ત્યાં બેંક ઓફ ઈન્ડિયા તથા જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી હતી. દરબારી કચેરી ઉપરાંત પ્રાગમહેલના અમુક ખંડો શાસકના અંગત ઉપયોગ માટે રહેતા. આ મહેલમાં વિશાળ લાઈબ્રેરી પણ હતી. પ્રાગ મહેલના ટાવરના ચારે દિશામાં આંકડા રોમન ફિગરથી અંકિત છે.

સંગીત, સાહિત્ય અને કલાત્મકતાના પ્રેમીની યાદ આજે પણ દરબારગઢ સ્થિત ભુજનો અતિ મનોહર ''આઈના મહેલ'' આપે છે. જેમાં મહેલની છતો તથા દીવાલોમાં મઢેલા આકર્ષક રંગબેરંગી આરીસા તથા વચ્ચે ફુવારા, હાંડીઓ, ઝુમ્મરો પ્રવાસીઓના મનને ખૂબ જ આકર્ષે છે. આ આઈના મહેલ કચ્છ રાજવીઓના ભવ્ય વારસાને સાચવતો નજરે પડે છે. રાવશ્રી લખપતજી નિર્મિત ભુજની વ્રજભાષા પાઠશાળા કેમ ભૂલાય? કવિશ્રી લાડુદાનજી (બ્રહ્માનંદ સ્વામી) કવિશ્રી દલપતરામની મધુર યાદ અપાવે છે.

૨૦૦૧ના રોજ થયેલ ભીષણ ભૂકંપ બાદ કચ્છ પુનઃ ધબકતું થયું છે. દેશ વિદેશના પ્રવાસીઓ માટે કચ્છનું રણ તોરણ બન્યું છે. કચ્છ કાર્નિવલ, રણોત્સવો પ્રવાસીઓને આકર્ષે છે.

પ્રતિવર્ષ લાખથી વધુ લોકો વિમાન પ્રવાસ કરે છે. ત્રણ ફ્લાઈટ છે, જે મુંબઈ માટેની છે. ભુજ તથા કંડલાથી અન્ય સ્થળો માટે પ્રયાસો જારી રહ્યા છે. રેલવે માર્ગે અંદાજે નવ લાખ મુસાફરોનું આવાગમન થઈ રહ્યું છે. જ્યારે ભુજના એસ.ટી. મથકેથી ઊપડતી - આવતી બસોનો લાભ લગભગ બાવન લાખ લોકો વર્ષમાં મેળવે છે. બીજી તરફ માંડવીથી ફેરી સર્વિસના શ્રીગણેશ થયા. ભુજમાં આંતરરાષ્ટ્રીય હવાઈમથક માટેની તજવીજ ચાલુ છે. વાસ્તવમાં કચ્છ વિકાસ માર્ગે આગળ ધપી રહ્યું છે.

*લીમડા લાઈન, સંસ્કાર નગર, ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*કોઈપણ સદ્‌પ્રવૃત્તિ પ્રત્યે લાગેલી લગની એ જ મોટામાં મોટો પુરુષાર્થ છે.*

*– ગાંધીજી*

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૧૫)

હંસરાજ સાંખલા

## રતને કાકાને ફરિયાદ કરી

જન્માષ્ટમી નજીક આવી.

એ હાતમ માથે આવશે એવી આશા લઈ બેઠી હતી રતન.

ત્યાં એનો કાગળ આવ્યો.

'હું હાતમમાથે આવી શકીશ નહીં. વધારે કામને લીધે મને રજા મળતી નથી.' એવું જણાવ્યું હતું અને સાતમી તારીખે પૈસા મોકલી દઉર્યો.' એવું પણ લખ્યું હતું; પરંતુ શરૂઆત કરતાં એનાં મનીઓર્ડર હમણાં બહુ નાનાં થઈ ગયાં હતાં.

કલકત્તેથી આવતા રૂપિયા અને પોતાની દાનકીના રૂપિયા હવે ઘર ખર્ચમાં પૂરા થતા ન હતા. રતનને તો એમ હતું. 'એ હાતમ માથે આવશે તૈયે થોડા ટોલ ઘડાવી નાખીશ. બારેથી આવેલા રૂપિયામાંથી બચાવીને નારણકાકાને સાચવવા આપ્યા હે ઈ અને વધઘટના કાકા કનેથી લઈ પેલાના જેવા જ ટોલ કરાવી લઈશ. ઈ વળી છોરીયુંના (દીકરીયુંના) લગ્ન વખતે કામ લાગે.' એવું એનું ગણિત હતું.

'હવે હાતમમાથે ઈ આવનારા નથી તો?' વળી પૈસાય આવતા ઘટી ગયા. દીકરીઓ પણ મોટી થઈ તેમ ઘર ખર્ચ પણ વધતો ચાલ્યો. ઉનાળે ચોમાસે થોડી હાજમાંદાઈમાં પણ થોડાઘણા પૈસા જતા. નણંદુ, ફૈયું ને સમાજના વહેવાર એ બધું કરવું તો એટલામાંથી જ ને?

કોઈ મહિને ઓછી દાનકી ભરાતી ત્યારે પૈસાની બહુ ખેંચ પડતી. ત્યાંથી આવતા રૂપિયાનું પ્રમાણ પણ દિનપ્રતિદિન ઘટતું જતું હતું. આવા સંજોગોમાં નારણકાકા પાસેની પોતાની બચતમાંથી પણ ક્યારેક રૂપિયા લેવા પડતા.

એક વખત રતને કાકાને ફરિયાદ કરી, 'હમણાં તમારા જમાઈના પેલાં કરતાં ચોથા ભાગના જ પૈસા આવેર્યા. કલકત્તા બાજુ કોય જતું આવતું હોય તો જાણજો તો ખરા કે ત્યાં ક્યાંય બચત કરેર્યા કે શું હે? કદાચ બચત કરીને ક્યાંક ઠેવરો કરનારા હોય!''

નારણકાકાએ એના ગામવાળા દ્વારા તપાસ કરાવી. તો 'એની બેઠક ઉઠક આપણા ભાઈઓ ભેગી (હાથે) છેજ નીં. પણ એના બંગાળી શેઠ શાહા શેઠ સારા ને મોટો માણસ હે' એવું જાણવા મલ્યું.

શેઠ મોટો ને હખ્ખર ગમે તેવો હોય પણ શેઠને ઈ વાલા નીં લાગતા હોય એનું કામ વાલું લાગતું હશે. ઈ કામ હખ્ખર કરતા હશે તૈયે તાં ટિકિટ ને ઘરખર્ચ બધો દેવા તૈયાર હતા. નૈં તો એને શું? ઈ થોડા આપડા હગા હૈ?' હવે રતનને ક્યારેક થતું 'ઈ તેડાવતાતા તૈયે હાચાહાચ (ખરેખર) અમને જતું રેવું'તું. ના કૈને મેં ભૂલતાં કરી જ હે. પણ હવે ઈ વિચાર્યે કાંય નીં વળે. હમણા કામ હોય ને હાતમ માથે ભલે ન આવે. દિવાળી માથે કે નોરતામાં જૈયે આવશે તૈયેં એના ભેગું કલકત્તે જવાનું નવેસર વિચારશું બીજું શું?'

રતન વારંવાર આવું વિચારતી રહેતી. આ બધા વિચારો અને પોતાની સ્થિતિની નાનબાઈ પાસે ચર્ચા કરી સલાહ પણ લેતી. રતનની બધી વાતો પરથી નાનબાઈ અને મનસુખને થોડું એમ તો થયું જ કે મણિલાલે જરૂર કંઈક ગરબડ કરી જ હશે. નૈ તો પેલાં કેટલા બધા રૂપિયા આવતા હતા. હવે તો પહેલાંના પગારમાંથી નારણકાકા પાસે રતને કરેલી બચત પણ વપરાવા લાગી હે. એણે રતનના મોં ઉપર 'આવું કાંય નીં હોય. ત્યાં બચત કરતો હશે.' એમ કહેતાં પરંતુ એને પણ એમ ચોક્કસ થઈ ગયું કે દાળમાં કંઈક કાળું છે.

જેઠ માસના પાછલા દિવસોમાં શરૂ થયેલો સારો વરસાદ પછી પણ સમય સાચવતો રહ્યો. ખેડૂતો માટે વીસ આની વરસ થશે એવી સૌએ ધારણા બાંધી.

અષાઢના પાછલા દિવસો અને શ્રાવણની શરૂઆતમાં સળંગ વીસેક દિવસ વરસાદ રહ્યો અને પાછળ સાતમના તહેવારના દિવસો આવતાં મજૂરીની આવક પર મદાર રાખનાર રતન માટે ખરેખર તકલીફ થઈ.

પૂનમના દિવસે નાના ભાઈઓને રાખડી બાંધવા અને નારણકાકા પાસેથી થોડા પૈસા લેવા અને પોતાનો હિસાબ જોઈ આવવા રતન તેના પિયર ગઈ. ભાઈઓને રાખડી બાંધી. કાકીઓ અને મા વગેરે પાસે બેસી સુખદુઃખના હાલહવાલ લીધા દીધા. ત્યાં કાકા આવતાં, કાકો-ભત્રીજી બેઠકમાં (ઘર આગળ આંગણામાં વડીલો અને મહેમાનો માટેની રોડ ઉપર અને આંગણામાં એમ બે દરવાજા ધરાવતો રૂમ) બેઠાં. થોડી વાતો કર્યા પછી રતને કાકા પાસે પૈસા માગતાં કહ્યું,

''કાકા, જો જો તો ખરા હવે મારા કેટલા જમા હે? ઇયે

હવે પૈસા ઓછા મૂકેર્યા. શીયાણું (કોણ જાણે) શું કરેર્યા ત્યાં? આ હાતમ માથે નીં અવાય એમ લખ્યું તું. મને એમ હતું, ઇ આવે તૈંયે થોડાક પૈસા લઈ આવે તો થોડા ટોલ કરાવ્યા હોત. પણ હવે મને લાગેર્યું, આ બચત પણ વપરાઈ જશે.' એ નર્વસ (ઢીલી) થઈને બોલી.

'તને ખપે ઇ લઈ જા. બચતની ચિંતા કાં કરોરી? એવું હશે તો આ શિયાળે કમળાના ટોલ ઉથલાવવા (જૂના ભંગાવી નવા બનાવવા) હે તૈંયે ભેગાભેગ તારાય નવા કરી નાખશું. તું જીવ ન બાળજે.'

રતન કંઈ ન બોલી. એણે ભીની થયેલી આંખ કાકા ન દેખે એમ લૂછી નાખી. એ કાકા પાસેથી પોતાની બચતમાંથી જરૂરી રૂપિયા લઈ આવી.

કાકાએ રાખડી બાંધવાના પેલાં વર્ષોના કરતાં વધારે પૈસા દીધા. રતનને એના પછી દર પાળાનું (સીઝનનું) શીયાતર (ખેતીમાં પાકતાં અનાજના ઢગલામાંથી ખળવાડમાં જ દીકરીઓ માટે સ્વૈચ્છિક કાઢવામાં આવતો પ્રથમ ભાગ તે શીયાતર) પણ વધારે દેવા મંડ્યા. ઉપરાંત મોકલામણી પણ પેલાં કરતાં ધજ દેતા. એ રતનના ધ્યાન બહાર ન'તું.

એમ કરતાં નવરાત્રી અને દિવાળીયે ગઈ. દિવસો ઉપર દિવસો અને મહિનાઓ પણ જવા માંડ્યા. એના આવવાની ટપાલ તો ન આવી પણ હવે પૈસા બહુ ઓછા, નૈં જેવા આવતા હતા. દિવાળી પછી શિયાળે રતનને થયું. 'ટોલ તો હવે નથી કરવા પણ હવે વહેવાર હચવાય તેટલા પૈસા આવે તોય ઘણું. ઇ આવે તો તાં બધે પોચી વળશું. પણ શું કરે કાગળ નથી આવતા પૈસાય નથી આવતા. ને પેન્ઢેય નીં.''

રતન હોળી પહેલાં કાકા પાસે પૈસા લેવાના બહાને હિસાબ કરવા ગઈ. એના આશરા પ્રમાણે હવે તો કાકા પાસે ઉપાડ થઈ હશે. ભલે કાકા હિસાબ નથી કરતા. ઉપાડ થૈ હશે તૈંયે જ હિસાબ કરવાનું ટાળેર્યા. રતને કાકાને કહ્યું, "કાકા મારો ઉપાડ કેટલો થ્યો હે જરા જુઓ તો."

કાકા ચમક્યા "આવું કાં પૂછેરી? મેં તો કીધું તું હજી જમા હે!"

"શેનો ઉપાડ? તારા તાં લગભગ હજી થોડા થકા જમા હશે."

"કાકા તમે જોયું નથી કે ખોટું બોલોર્યા? મેં એક દી આશરો કર્યો તો, તો લાગ્યું મારા તમારા કને જમા નીં જ હોય. તમે જુઓ તો ખરા?"

"તને હમણાં જ જોવાની જરૂર શું હે? હમણાં તને ખપે તે લઈ જા. હિસાબ પછી કરશું."

"કાકા કોને મારા પૈસા કૈયેં પૂરા થૈ ગ્યા હે! તમે મારા કને ખોટું બોલોર્યા...!"

"ના...ના...એવું નથી દીકરા."

"મને એવું જ લાગેર્યું. કાકા તમને મારી માથે દયા આવેરી એટલે દોર્યા નેં? આમ કોર્યા." કહેતાં રતનની આંખમાં આંસુ આવી ગયા.

"ના બેટા ના. મારા હમ (સોગન) હું તારા માથે દયા ખાઈને નથી દેતો. બેટા, બાપ ને દીકરી વચ્ચે લાગણીભાવ હોય દયાભાવ નૈં અને લાગણીનાં ત્રાજવામાં બેટા, રૂપિયા, પૈસા ને આંકડા તો હાંધણમાં મુકાય. માત્ર સમય અને જરૂરિયાત જોવાય. ઇયે એક હાથ કરે ઇ બીજો હાથ ન જાણે એમ. તું દીકરો થૈને આવી હોત તો આ વાડી વજીફામાંથી તારો ભાગ ન થ્યો હોત? તારા ઇ ભાગના વિસાતમાં આ તો ફૂલની પાંખડી કે'વાય." કહી વિચાર્યું. કદાચ રતનને એમ હશે કાકો આમ દેર્યા ઇ બધાંને ખબર હશે તો કેવું લાગશે? વિચારી કહ્યું, "બેટા હું તને જે દઉર્યો ઇ તારી કાકી કે તારા મા-બાપને પણ ખબર નીં હોય. ઇતાં હું તું ને ભગવાન જ જાણેર્યો. તું યે કેને કે જે મા!"

રતનની બંને આંખમાં ફરી આંસુ આવી ગયાં. નારણકાકાએ એના આંસુ લૂછતાં કહ્યું, "બેટા આમાં રોવાનું ન હોય, હિંમત રાખવાની હોય, માહણના બધા દી હરખા થોડા હોયર્યા. કેનેય ખબર નથી આપડી કાલ કેવી આવશે. તકલીફું તાં રામ-સીતાને, હરીચંદ તારામતીને ને પાંચ પાંડવોની મા કુંતાને ને દ્રોપદીને ય પડીયું જ હેને! જરાય જીવ બાળજે નીં. રાત માથે કેદી રાત આવેરી? મોડો વેલોય સૂરજ ઊગશે.

નાનજીકાકા ઊભા થયા. ધરીમાંથી સો સોની પાંચ નોટું લૈ આવ્યા. ને રતનના હાથમાં દીધાને માથે હાથ ફેરવ્યો.

રતને આંસુ લૂછતાં પૈસા લઈ લીધા. એને ઇચ્છા થઈ આજે કાકાને ફરી કહ્યું કે તમારા જમાઈની તપાસ તો કરાવો તો ખબર પડે. ઇ દીયા દી (દિવસે દિવસે) રેઢિયાળ થઈ જતા હોય એવું લાગેર્યું.

એ સૂનમૂન બેઠી રહી. એ એવું કંઈ ન કહી શકી.

કાકાએ એના મનની મૂંઝવણ જાણી લીધી. તેણે કહ્યું,

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.

Tel. : 2242 7461 Telefax : 2242 6636

E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

"થોડા દી પછી શાંયરાવાળા બાપાને ત્યાં કલકત્તે લગન હે તૈંયે કોક જતું આવતું હશે એના કને તપાસ કરાવશું ને જમાઈને તેડાવી લેશું. પછી કલકત્તે જવા નીં દઈએ. ગુજરાતમાં કે ભુજ ગાંધીધામ કે માંડવીમાં કામ ગોતી લેશું. નજીક હોય તો આવરો જાવરો તો ચાલુ રે."

રતનને થયું આગળની દારૂવાળી વિગત કહી દઉં. પણ એ કહેતાંય એની જીભ ન ઊપડી. કાકાએ કહ્યું, "બપોર પછી ગાડું ચરો નાખવા હાલશે. એના ભેળી હાલી જજે. છોરીયુંને દુઃખી ન કરજે. ગજવામાંથી પૈસા કાઢતાં કહ્યું, "લે તારી હાહુને હોપારી દેજે." કહી પચીસ પૈસા રતનને આપ્યાં. "ને લે આ તારી મોકલામણી" કહેતાં પાંચ રૂપિયા દીધા.

"કાકા આવડા ન હોય. આ ચરોચાર દોર્યા ઈ કાંય ઓછું હે? ને હું કાંય એકલી દીકરી થોડી હૌં?"

"તને દેનારો તો એક રૂપિયા જ હતો પણ તારા નસીબે મારા કને એકની કે બેની નોટ જ નથી." કહી નારણકાકાએ વાત ટૂંકાવી.

"પછાડના (બપોર પછી) તને મૂકવા હું નીં હાલુ. માનણબાપો હાલશે મને ગામમાં થોડું કામ હે."

બપોરે કાકો-ભત્રીજી ભેળાં જમ્યાં. કાકા બહાર ગયા.

વાડીએથી બારોબાર ચરાનું ગાડું ભરીને માનણ બાપો આવી ગયા.

રતન ચરાના ગાડાં સાથે એને ગામ જવા રવાના થઈ.

માનણબાપા નારણકાકાને ત્યાં લાગાબંધી કામ કરતા વરોંદીયા બાપા હતા. ખાલી થવા આવેલું એકલઢાળિયું પાંચ છ ભારી પન્ની આવતાં ધજ ભરાઈ ગયું. એ પન્નીને હાંકડી ને હરખી કરતાં રતનને સાંજ પડી ગઈ.

મરઘામાં મંદિરેથી આવી જતાં રતન અને ચારે દીકરીયું માને મળી આવી (જમ્યા પહેલાં પરિવારમાં વડીલને અને મોટા ઉંમરનાને નાની ઉંમરનાએ ચરણ સ્પર્શ કરીને મલવાનો એક અફર રિવાજ હતો) જમવા બેઠીયું.

જમી પરવારી જ્યોતિ અને પ્રેમુ (પ્રેમીલા) લેસન કરવા બેઠી અને રતન બાજુમાં આડી પડી. આડે પડખે થતાં રતનને મનમાં કાકાના શબ્દો "બેટા હું તને જે દઉર્યો ઈતાં હું તું ને ભગવાન જ જાણેર્યો. તારી કાકીનેય ખબર નથીને તું યે કેને કે જે મા!" યાદ આવ્યા. એની આંખોના ખૂણા ભીના થયા. સાથે એને મનમાં અજંપો ઉત્પન્ન થયો. ને એક અપરાધભાવ ઊભરી આવ્યો. રતન તું ખરેખર સ્વાર્થી હો. તને નારણકાકા ચરોચાર દે. ઈ તો ઠીક પણ આવડા પૈસા દેર્યા ઈ તારા નથી. તૈયેંતાં બધાંથી લકાડીને દેર્યા. ખરેખર તને આમ લીધા ન ખપે.

કાલ ઊઠીને પાનુકાકી અને પ્રેમજીકાકાને ખબર પડે તો? તો તાં કાકો ને કાકી ઘર માથે લે. પાનુકાકીનો સ્વભાવ મોરે કેવો હે? હાવ કૂતરાં જેવો. ભગવાને ભલે એને ચાર દીકરા દીધા પણ દીકરી એકેય નીં, એટલે એવાજ જીવ થૈ જાય ને? કોઈને કાંય દેતાં હાથ જ ન વળે. ને કોક દે તોય જીવ બળે. હૈયામાં લાગણીયે નૈ નેં કોયના માથે જીવે બળે નઈ!

આ તો નારણકાકા જે દેર્યા ઈતાં એની વરવડાઈ કહેવાય. ઈ ઓંને (પાનુકાકીને) ખબર પડે તો નારણકાકાને ભરાભરના અંટાવે, તારેં લીધે.

એની ઘાસણીની દવા વખતે ભેળા રઈને એનો જીવ બચાવ્યો ઈ શું ઓછું હે? તારા બાપ ભલે બધાથી મોટા હોય પણ એને નેનકડેથી કાંય બાંધછોડ નથી કરી. ઈ ભલા ને એનું કામ ભલું. પછી પ્રેમજીકાકાને કાકી મારા બાબતે કાંય કે તો એના એકલા માથે જ આવી પડે ને? હૈયારું હોય તૈયે તને લેતાં વિચાર્યું ખપે.

વાત ખરેખર વિચાર્યા જેવી જ હે. હવે ગમે તેમ થાય. મારા હારું જીવ બાળતા મારા બાપ જેવા કાકાને મારે લીધે ક્યાંય તકલીફ ઊભી થાય. ઈ મને નથી કરવું. મને ભલે તકલીફ પડે. હમણાં છઠ છ મહિના ઉધારઉછી કરી લઈશ. રસકસ ખાતે લઈ આવીશ. ત્યાં હોદીતાં ઈ આવી જશે.

આવા વિચાર કરતાં કરતાં એને મોડેથી ઊંઘ આવી ગઈ.

*(ક્રમશઃ)*

## લોકોને સાહિત્યમાં રસ લેતા કરવા એ જ લક્ષ્ય

***– સિતાંશુ યશશ્ચંદ્ર***

ગુજરાતી સાહિત્ય પરિષદના નવનિર્મિત પ્રમુખ સિતાંશુ યશચંદ્ર જણાવે છે, લોકોને સાહિત્યાભિમુખ કરવાના છે. ઉત્તમ સાહિત્ય હોય તો લોકો સમક્ષ ઉત્તમ રીતે રજૂ થવું જોઈએ. સંગીત, અભિનય સહિતની વિવિધ કળાઓને સાહિત્ય સાથે સાંકળવી પડશે. મંચો ઊભા કરીને હુલાવી ફુલાવીને રજૂ કરાતી મનોરંજક ચીજો કાવ્યોમાં ખપાવવાનું બંધ કરી મંડળીઓ રચાય જે ક્રિટીકલી એપ્રિસીએશન કરે, અનુવાદ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરવામાં આવશે. ■

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

વાર્તા

# છગન કાળાનો ચંદુ

દિલીપ રાણપુરા

બંધ દુકાનના પાટિયે બેઠાં બેઠાં બીડી ચૂસી રહેલા ચંદુને મનસુખ મારફતિયાએ સમાચાર આપ્યા : 'ચંદુ, ઝટ ઘેર જા.'

'કેમ શું છે? ચંદુએ બેફિકરાઈથી પૂછ્યું.

'છગનકાકાને છાતીમાં દુખાવો ઉપડ્યો છે. તે તને ઝંખે છે.'

'ઝંખવા દો.' બીડીનો છેલ્લો સટ લેતાં ચંદુએ કહ્યું.

'એલા, તારા બાપની આ છેલ્લી ઘડીઓ હશે હોં...પછી પસ્તાવાનો પાર નહિ રહે.' મનસુખ મારફતિયાએ જરા ચીડમાં કહ્યું.

'છેલ્લી ઘડીએ મારે નહિ, એને પસ્તાવાનું રહેશે.' કહી ચંદુએ મનસુખ મારફતિયા સામે જોઈને કહ્યું : 'લો બીડી હોય તો આપતા જાવ એકાદી.'

મનસુખ મારફતિયાએ ઝભ્ભાના ખિસ્સામાંથી બે-ત્રણ બીડીઓ કાઢી. ચંદુના મોં પર મારતો હોય એ રીતે ઘા કરી રોષમાં બોલ્યો : 'આ તે દીકરો છે કે ગયા ભવનો વેરી?'

'વેરી...' ચંદુએ લાઈટરથી બીડી સળગાવતા જવાબ આપ્યો ને પછી એકસામટા બે-ત્રણ ઊંડા સટ લઈ ધુમાડા સામે જોતો બેસી રહ્યો.

થોડીવારે દુકાન બંધ કરી ઉતાવળે હાંફતો હાંફતો જગજીવન તેની પાસે આવીને બોલ્યો : 'ચંદુભૈ, કાકાને સુંવાણ નથી.'

'ખબર છે.'

'તઈ હાલોને ઘેર...મનસુખભાઈ ડૉક્ટર બોલાવવા ગયા છે.'

બોલતાં બોલતાં જગજીવન રડી પડ્યો.

'જગા,' તું ઝટ ઘેર જા. મને નહિ તને ઝંખતા હશે. તું ભાઈનો દીકરો, તેં જ એના વટ-વહેવાર સાચવ્યા છે, દુકાન ચલાવી છે, જાત તોડી નાખી છે.' અને પછી સળગતી બીડી સાથે બીજી બીડી અડાડીને ફક ફક સટ લઈ સળગાવી.

'પણ કાકાને જરાય સુંવાણ નથી હોં...'

'મને તો સુંવાણ છે ને! મારે એની સુંવાણ સાથે શો સંબંધ, લે કે?'

'ઘણો સંબંધ છે ચંદુભે, તમે એના દીકરા ને એ તમારા બાપ...લો હાલ, પછી છેટું પડી જશે.'

'એ છેટું પડવાની જ હું રાહ જોઉં છું. તું જા, તને કંઈક આપવું હશે...ભરભલામણ કરવી હશે...ને તને...'

પણ જગજીવન હવે ઊભો રહી શકે એમ નહોતો. એ તો ઉતાવળો, આટલી વાર ચંદુ પાસે રોકાયો, એટલા સમયને કાપીને આગળ નીકળી જવું હોય એમ લગભગ દોડતો ઘર તરફ ઉપડ્યો.

ચંદુ તો નિરાંતે બેસી બીડી ચૂસી રહ્યો હતો. જાણે રાહ જોઈ રહ્યો હોય, ડોસાની મરણપોક ક્યારે સંભળાય છે!

મનસુખ મારફતિયો ડૉક્ટરની પેટી લઈને આવતો દેખાયો. ઉતાવળો, એ પણ લગભગ દોડતો હતો. ડૉક્ટર દેખાયા નહિ. ચંદુને મનમાં હસવું આવી ગયું. ડોસો આ પેટીને ડૉક્ટર માનીને બચી જવાનો...હા, ડોસો બચી જવો જોઈએ. છેવટે એનું મોત તો લંબાવું જોઈએ. તે મને ઝંખ્યા કરે, ડૉક્ટરોના ઈંજેક્શનની સોયો ખાધા કરે, તરફડ્યા કરે...ને હું ન જાઉં...અહીં બેઠો બેઠો બીડી ચૂસ્યા કરું. હા, ડોસો તરફડવો જોઈએ....ચીસો પાડતો રહેવો જોઈએ. એને ક્યાંય જંપ ન વળે, ન ખાઈ શકે, પી શકે, ન ઊંઘી શકે, સુઈ શકે કે બેસી શકે. ચંદુની નજર સામે છગન કાળાનું શરીર તરી ગયું...કેટલું મજબૂત શરીર...છેલ્લાં વીસ વર્ષમાં એ કથળી ગયું. કોથળા જેવું થઈ ગયું. તોય એનું હૈયું મજબૂત રહ્યું...કઠણ. ક્યારેય પીગળ્યું જ નહિ. રોજ સવારે દેરાસર જવું, કલાક સુધી પૂજા કર્યા કરવી, ઘેર આવી છાપું વાંચવું, જમવું ને પછી દુકાનના થડે સાંજ સુધી બેસી રહેવું, ફાંગી આંખ કરી ગ્રાહકો સાથે વાતો કરવી, ત્રાજવાં કાટલાં ઊંચાંનીચાં કર્યા કરવા, પડીકાં બાંધવા ને પોતાના માલના વખાણ કરવા...મીઠાઈ બનાવવાની એક ફોર્મ્યુલા હતી છગન કાળા પાસે ગામ ટોચ મીઠાઈ બનાવી જાણતો. ભાવ પણ એવો જ ટોચનો. તુમાખી અને તોછડાઈ પણ એવી જ ટોચની, પણ મીઠાઈના શોખીનો એને જ ભાળે. એની જ દુકાને ટોળે વળે. ક્યારેક એ ટોળાની પાછળ ચંદુ ઊભો ઊભો હસતો હોય, બીડી ચૂસતો હોય, ગ્રાહકોને કહેતો હોય, 'એલા, છગન કાળાને તમે ઓળખો છો? એ તો રાક્ષસ છે...કસાઈ છે. એના એકના એક દીકરાને રહેંસી નાખ્યો છે.'

ત્યારે છગન કાળા ટોળાને વીંધીને તેની સામે જોતાં બરાડતો : 'ચંદુડા, હાલવા માંડ, ભિખારી...ક્યાં સુધી લોહી પીશ?'

'લોહી નહિ, હાડકાંય પી જઈશ. તારા લોહીની ચાસણી બનાવીને એમાં તારાં હાડકાંને ઓગાળીશ ને પછી નિરાંતે ઘટક

ઘટક ચોકમાં બેઠો બેઠો પીશ.'

ગ્રાહકો હસી પડતા. કેટલાંક બંનેને સમજાવતા. કેટલાંક આ બાપ-બેટાના વેરનું મૂળ શોધવા મથતા, કેટલાંક લેણદેણની વાતો કરવા લાગી જતા. બાપ બેટાના આ અણબનાવની, વેરની ચર્ચા ગામમાં ક્યાંક ને ક્યાંક રોજ ચર્ચાયા કરતી. આવી ચર્ચા સાંભળવામાં ચંદુને મજા આવતી. એની વેરની લાગણી જાણે સંતોષાતી, પણ છગન કાળાની તો પીડા વધી જતી.

આજ, અત્યારે એ પીડા કેટલી વધી ગઈ હશે એનો અંદાજ લગાવતો ચંદુ હજુય સ્વસ્થતાથી બંધ દુકાનના પાટિયે બેઠો હતો. પાટિયે બેઠાં બેઠાં સામે દેખાતી શેરીમાં થતી માણસોની હરફર તે જોઈ શકતો હતો. ચહેરા પરનું નહિ, પણ હલનચલનમાં દેખાતું ધાંધાંપણું જોઈ તેને આનંદ આવતો હતો. કોઈક તો ઊભા રહીને તેની સામે તાકી રહેતું હોય એવુંય લાગતું હતું.

ચંદુને થયું : લોકો આજ મારી ટીકા કરતાં ધરાતા નહિ હોય! આજ એમને ચંદુનો કોઈ ડર નહોતો લાગતો. આજ ચંદુ એમના માટે પથ્થર હતો, નિર્દય હતો. બાપની મરણ વેળાએ દીકરાએ કૂણા પડવું જોઈએ, જન્મ આપનારનું એટલું ઋણ ચૂકવવું જોઈએ. હવે આ બધું કોનું છે? એક ચંદુ જ તો છે, એનો વારસદાર...છગન કાળાએ પાઈ પાઈ સિંચીને એના જ માટે ભેગું કર્યું છે ને! હોય, અંતરાય કરમ હોય ત્યાં સુધી મનમેળ ન થાય, પણ હવે તો અંતકાળ...છગનકાકો કેટલું ઝંખે છે.

ચંદુય ઝંખતો હતો...છગન ઝંખતો રહે...પીડાતો રહે, ઝંખનાના ઝાંઝવામાં દોડતો રહે, કંઠે શોષ પડી જાય, જીભ સુકાયેલા તાળવે ચોંટી જાય, આંખોમાં આગના ભડકા ઊઠે. હા, એનો દેહ અગ્નિને સોંપાય એ પહેલાં એનું કાળજું બળીને ખાખ થઈ જાય. હું એનો એકનો એક છોકરો...એકના એક છોકરાંને એ સાચવી ન શક્યા.

ચંદુને બીડીની તલપ લાગી. ખમીસના ખિસ્સામાં હાથ ફરી ગયો. ખાલી ખિસ્સામાંથી કશું ન નીકળ્યું. લાઈટરને રમાડતો તે ઊભો થયો અને પુનાના પાનના ગલ્લે આવી બોલ્યો : 'એક બે બીડી લાવ તો...'

બે બીડી આપતાં પુનાએ પૂછ્યું : 'છગનકાકાને સુંવાણ નથી?'

'ના.'

'તો ઘેર જાને ભાઈ...'

'આ એક બીડી પી લઉં...' ચંદુ આટલું બોલી લાઈટરને ઝાટકો મારી બીડી સળગાવતો પાછો બંધ દુકાનના પાટિયે બેસી ગયો. તેને વિચાર આવ્યો. : એક બીડી અહીં પીં લઉં તે પછી જાઉં ઘેર...એની સામે બીજી બીડી સળગાવીને પીઉં ને કહું : 'જો તારી સામે પીઉં છું...ઊઠ ઊભો થા, લગાવ તમાચો...છગન કાળા, તારી તાકાત અજમાવ...આજ જોઉં છું, તારો તમાચો ખાવાથી કોનું માથું ભીંત સાથે અફળાઈને લોહી દદડે છે?'

એકાએક ચંદુનો હાથ માથા પર ફરી વળ્યો. હા, આ જ જગ્યાએ લોહી નીકળ્યું હતું. લમણાથી થોડે આઘે, પણ લોહીની ધારથી લમણો ભીનો થઈ ગયો હતો.

★

ચંદુને એ પ્રસંગ યાદ આવી ગયો. ચૌદેક વર્ષની કાચી ઉંમર, સંગદોષ થઈ ગયેલો. ઊંડી શેરીવાળી ગલીમાં બેચાર દોસ્તો ભેગા મળીને બીડીનો ટેસ્ટ માણતા. પહેલાં તો રોજ રાતે જ એ ટેસ્ટ કરતા, પણ પછી તો એનો ક્રમ વધતો ગયો હતો. નિશાળે ભણવા જતા ત્યાંથી ચોરીછૂપીથી પી લેતા. રજાને દિવસે બપોરે મોઈદાંડિયે રમવાના બહાને ઊંડી શેરીમાં મોઈદાંડિયાની રમત કરતા બીડી પીવાની ગમ્મત વધુ જામતી. છગન કાળાને મોઢે આ વાત આવેલી, પણ એ માનતા નહોતા. એક દિવસ ચંદુનું મોં ગંધાયું. છગન કાળા ગમ ખાઈ ગયા. બીજે દિવસે ઓચિંતા ઊંડી શેરીમાં આવી ચડ્યા એ વખતે ચંદુ બીડીના ઊંડા સટ લઈને ધુમાડા કાઢતો હતો. છગન કાળા દોડ્યા ને કશું પૂછ્યા વગર એક તમાચો લગાવી દીધો. છગન કાળાના મજબૂત હાથના તમાચાએ ચંદુને ભીંત સાથે ભટકાડ્યો. લોહી નીકળ્યું, પણ નીકળેલા લોહીની પરવા કર્યા વગર છગનકાળાએ એને ઢસડ્યો. મિત્રો તો ક્યારનાય નાસી ગયા હતા. મારતા મારતા ઘેર લાવ્યા. ખાવા ન આપ્યું. નિશાળેથી ઉઠાડી લીધો. દુકાને બેસાડી દીધો.

ચંદુને તમાચો પડ્યાનું, લોહી નીકળ્યાનું કે મિત્રો વચ્ચે અપમાનિત થયાનું જેટલું દુઃખ નહોતું, એથી વિશેષ દુઃખ એને નિશાળેથી ઉઠાડી દીધો અને દુકાને પડીકાં બાંધવા બેસાડી દીધો એનું હતું. એને ભણવું હતું. એને એક સ્વપ્ન હતું. પોતે અંગ્રેજી ભણે, અમદાવાદ કોલેજમાં ભણવા જાય, મોટો ઓફિસર બનીને સિગારેટ પીતો પીતો ગામમાં નીકળે...વટ પડી જાય. લોકો છગન કાળા સુખડિયાના એકના એક છોકરાને ઊજળા ઈસ્ત્રીટાઈટ કપડામાં રુઆબ મારતો જુએ ને મોંમાં આંગળા નાખી બોલે : 'કંદોઈના છોકરા કંદોઈ ન થાય એ જોયું, છગન કાળાએ છોકરાનો ભવ સુધારી દીધો. નહિ તો આખી જિંદગી તાવડા ઘસ્યા કરત...'

બસ, આ દુઃખ એના મનમાં ઘૂંટાતું રહ્યું, સતત ઘૂંટાતું રહ્યું ને બાપ પ્રત્યે છૂપો તિરસ્કાર વધતો ગયો. એને એમ હતું કે બે-ચાર મહિનામાં બાપાનો ગુસ્સો ઊતરી જશે ને ફરી નિશાળે બેસાડી દેશે, પણ એવું ન બન્યું ત્યારે ચંદુએ સામેથી જ કહ્યું : 'બાપા, હું નિશાળે જાઉં?'

'શું બોલ્યો તું?' બાપનો અવાજ તરડાયેલો હતો.

'નિશાળે જવાનું...' ચંદુ વાક્ય પૂરું કરે એ પહેલાં જ છગન બોલી ઊઠ્યો :

'માંડી વાળ...'

ચંદુ સમસમીને બેસી રહ્યો.

'માલ બનાવતા શીખી જા...ભણ્યો ઘણું...કાગળ-પત્ર લખતા આવડે, હિસાબ માડતા ફાવે એટલે પત્યું...મારે તને નોકરી નથી કરાવવી.'

ચંદુ કશું ન બોલ્યો, પણ છગન કાળા તો બોલતા જ રહ્યા : 'નિશાળે જઈને તો બીડિયું જ પીવી છે ને! ઓટીવાળ જ થવું છે ને!'

ચંદુને પડખે પડેલો તાવેથો જોરથી બાપાના માથામાં ઝીંકવાનો ને એમાંથી નીકળતા લોહીને જોવાનો વિચાર આવી ગયો, પણ છગન કાળાની વાણી ઉગ્ર બનતી જતી હતી ને ચંદુનો રોષ દબાતો જતો હતો.

ચંદુ માલ બનાવતા શીખવા લાગ્યો.

છગન કાળાને સંતોષ થયો. ચાલો, ઠેકાણે આવી ગયો. આટલો દાબ ન રહ્યો હોત તો બગડીને બેહાલ થઈ જાત. એકનો એક દીકરો એટલે શું થઈ ગયું? સોનાનો કોળિયો ખવરાવીએ, પણ આંખ તો લોઢાની બરછી જેવી જ રાખવાની. આ એક છોકરો વંઠી જાય તો પાછળ ત્રણ દીકરિયું છે એનું શું થાય?

પણ ચંદુ સુધરી ગયાનો ભ્રમ હતો. એ છાની છાની બીડી પીતો હતો, વળી એક વખત તાવેથાનો માર પડ્યો. ચંદુ વિફરી બેઠો. બોલી ઊઠ્યો : 'હું બીડી પીવાનો જ. થાય તે કરી લો...'

છગન કાળાનો મિજાજ ફાટી ગયો. બાવડું ઝાલીને દુકાનના પાટિયેથી નીચે ફેંક્યો. થોડીવાર તો ચંદુને કળ ચડી ગઈ. છગન કાળાનેય થયું હાથ-પગ ભાંગી ગયા હશે તો! તે દુકાનેથી નીચે ઊતર્યો, પણ ચંદુ તો ઊભો થઈને ભાગ્યો. છગન કાળા પાછા બબડતા બબડતા થડે બેસી ગયા. થયું નક્કર હાડકાં છે...ચોખ્ખા ઘી-દૂધ ખવરાવ્યા છે ને!

પણ થોડી જ વારમાં ચંદુ પાછો આવ્યો. એની આંખમાં વિદ્રોહ સળગતો હતો. બાપ સાથે એક તિરસ્કારભરી નજર નાખીએ પુનાના પાનના થડે જઈને ઊભો રહ્યો. છગન કાળાને થયું : એને વહાલથી બોલાવું, સમજાવું, દુકાને બેસાડું...પણ એ કાંઈ બોલવા જાય તે પહેલાં જ સિગારેટ લઈ સળગાવીને બાપ સામે હસતો હસતો પીવા લાગ્યો. છગન કાળા કશું ન બોલી શક્યા. બજારના દુકાનદારોને મન આ તમાશો થઈ ગયો. કોઈએ છગન કાળાને ઠપકો આપ્યો, કોઈએ ચંદુની બાલીશતાની ટીકા કરી, પણ એ રાતે ચંદુને ઘરમાં પ્રવેશ ન મળ્યો. ચંદુ બહાર ઓટે પડ્યો રહ્યો. એકલો...છગન કાળાની બીકે મિત્રો પણ ન આવ્યા. ચંદુ ત્રણ દિવસ ઘેર ન આવ્યો. છગન કાળા અકળાયા. ભાઈને મોકલ્યો. સમજાવીને લાવ્યા ને કહ્યું : 'તું તારે બીડી પીજે...કારીગરને વ્યસન વગર ન ચાલે.'

ચંદુ માની ગયો. રોફથી ઘરમાં આવ્યો. બીડી સળગાવીને બાપ સામે પીધી ત્યારે જ એને સંતોષ થયો.

છગન કાળા મનોમન સમસમી રહ્યા. પત્ની પાસે બળાપો કાઢ્યો. એકના એક દીકરાના મા-બાપની લાચારીની ને વેદનાની વાતો કહી. પત્નીએ પણ સૂર પુરાવ્યો : 'પાણો પાક્યો હોત તો આ દિવસો જોવા ન મળત...આબરૂ ઉપર પાણી ફેરવી દીધું. કસાઈને ત્યાં જન્મ લેવાને બદલે ભૂલથી મારી કુખે જન્મી ગયો.'

ચંદુ પાછો દુકાને બેસી ગયો. બીડી પીતો રહ્યો, માલ બનાવતો રહ્યો. હવે એ થોડો છૂટો પણ થઈ ગયો. બાપની લાચારીનો પૂરેપૂરો લાભ લેવા લાગ્યો. માલ બનાવે, થડે બેસે, પણ રાત પડે એટલે મિત્રો સાથે રખડે, મોડી રાતે ઘેર આવે. પૈસા ઉડાડે...છગન કાળાને આ ખૂંચે, કાળજું કકળે, પણ બોલી શકે નહિ. ચંદુ જુવાન થતો જતો હતો. તાવડા ઘસી ઘસીને કાયા ઘસાઈ ગઈ હતી. ચહેરા પર જુવાની ફૂટી નીકળી હતી. આંખમાં યુવાનીનો ખુમાર છવાઈ ગયો હતો. આવા જુવાન છોકરાને કઈ રીતે સમજાવવો તેની ગડમથલમાં તેઓ પડ્યા હતા.

એક રાતે એકાએક જાગી ગયા. ઊઠીને બહાર આવ્યા. ચંદુની પથારી ખાલી હતી. ફાનસની વાટ ઊંચી કરીને ભીંત-ઘડિયાળમાં જોયું...એક થઈ ગયો હતો. હમણાં ચંદુ આવવો જોઈએ. તેઓ રવેશમાં આવીને ચંદુની રાહ જોતા ઊભા રહ્યા. આવે એટલે ખડકી ઉઘાડવા હું જ જઈશ. એને ઠપકો નહીં આપું. એને સમજાવીશ...વહાલથી બોલાવીશ...નિરાંતે બેસીશ. એની જવાબદારીનો ખ્યાલ આપીશ, પણ ચંદુ તો આવ્યો જ નહિ. અઢી થયા. તેઓ થાકી ગયા. છેલ્લી વખત શેરીના નાકા સુધી નજર નાખી. કોઈ આવતું જણાયું. નજર લંબાવી. એ ચંદુ નહોતો. અસમાલ પગી હતો. આવીને નીચે ઊભો રહ્યો. બોલ્યો, 'કાકા હેઠા આવોતો...'

'કામ છે?'

'હા...'

'તાળું બંધ નથી કે મેડાની બારી ઊઘાડી રહી ગઈ છે?' છગન કાળાએ ઉપરથી જ પૂછ્યું.

'પણ તમે હેઠા આવોને!'

'આ છોકરો રખડવામાં ક્યાંક મને રખડાવી દેશે.' બબડતા તેઓ નીચે આવ્યા. ખડકી ઊઘાડી પૂછ્યું : 'શું છે?'

'ચંદુ પોલીસ થાણામાં છે!' અસમાલ પગીએ કહ્યું.

છગન કાળા ધ્રૂજી ગયા. થોડીવારે પૂછ્યું : 'મારામારી કરી કોઈની સાથે?'

'તો તો સારું હતું.'

'તો શું થયું છે, ભસી મરને.' છગન કાળાનો રોષ ટોચે પહોંચવા લાગ્યો.

'છોટુ જોનને ત્યાંથી પકડાયો છે.' અસમાલે કહ્યું.

'છગન કાળા પરિસ્થિતિ સમજી ગયા. છોટુ જોનનું નામ ગામના મોટા જુગારી અને જુગારનો અડ્ડો ચલાવનાર તરીકે નામચીન હતું. તેમણે માથું ધુણાવ્યું. બબડ્યા : ખલાસ...આ છોકરાએ એકોતેર પેઢીનું નામ બોળ્યું...જુગાર રમતા શીખી

ગયો...કપાતર...છોટુ જોનને ત્યાં જતા શીખી ગયો. હે ભગવાન, મારા પ્રભુ, અરહિંતદેવ...આ પાપિયાને જન્મ દેવાની સજા મને મળી ગઈ.'

'કાકા, એ બધું પછી..'

'તો હવે શું છે?'

'એને છોડાવો.'

'કઈ રીતે?'

'મારી હારે હાલો પોલીસ થાણે.'

'પણ એને છોડશે?'

'એમને એમ નહિ છોડે. છોટુ જોનને ત્યાંથી આ વખતે લગડી માલ પકડાયો છે. એકેક મુદ્દા દીઠ હજાર રૂપિયા માગે છે ફોજદાર.'

'એટલા બધા!' છગન કાળાનો સાદ ફાટી ગયો.

'કાકા, બે-અઢી કલાકનો જ મામલો છે. પરોઢિયા પહેલા પતાવી દો. નહિ તો પછી વાત છટકી જશે મને "પેશલ" મોકલ્યો છે. બધા આબરૂદાર છે. આબરૂ સાચવવાની કિંમત માગે છે.'

'અને ન આપું તો?'

'તો સવારમાં લોકઅપમાં હશે, ચંદુભાઈને ઊઘડતી કોરટે બેડિયું પેરાવીને માજિસ્ટ્રેટ પાસે લઈ જશે.'

છગન કાળાની આંખે અંધારાં આવી ગયાં. તેમનાં પત્ની પણ રવેશમાં આવી ગયાં હતાં. એમણે છગન કાળાને ઉપર બોલાવી પૂછ્યું : 'શું છે?'

છગન કાળાએ બધી વાત કરી. પત્નીની આંખો ચૂઈ પડી. કહ્યું : 'બાળી દો હજાર રૂપિયા..નહિ તો ચંદુડો ચેરાઈ જશે. જિંદગી આખી બળાપો રહેશે. લોકલાજેય આટલું કરો.'

'નહીં...' છગન કાળા ધૂણી ઊઠ્યા. 'એ છોકરાને એક વખત ભાન કરાવી દઉં. એક રાત જેલમાં રહેશે એટલે ખબર પડશે. બૂરા કામનો બદલો મળવો જ જોઈએ....કપાતર...!' બોલતા બોલતા નીચે ઊતર્યા ને પગીને કહ્યું : 'પોલીસને જે કરવું હોય તે કરે, હું એક પાઈ આપવાનો નથી કે છોડાવવાનો નથી.'

અસમાલ પગીને ય આ જવાબ સાંભળી આંચકો લાગી ગયો, પણ એથી ય વિશેષ આંચકો તો ચંદુને લાગ્યો. તેની સાથે પકડાયેલા તેના મિત્રોના બાપ આવીને પોલીસ સાથે તોડ કરી છોડાવી ગયા હતા. બાકી રહ્યા હતા છોટુ જોન ને બીજા પાંચ જણ, જે રીઢા હતા. કહેતા હતા કે પૈસા બગાડશો નહિ જુગાર કેસમાં કોઈને સજા પડી સાંભળી છે! આબરૂમાં મૂકો ટાંડી...પણ કોઈ માન્યું નહોતું.

ચંદુનો રોષ આંસુમાં ઢળી ગયો. એને થયું, મારો તે કોઈ બાપ છે કે રાક્ષસ? બસ, આ વિચારની સાથે જ એના અંતરમાંથી બાપ સાથેનો સબંધ છૂટી ગયો.

બીજે દિવસે કોર્ટમાં હાથકડી સાથે જવું પડ્યું. ચંદુનું રૂંવેરૂંવું અવળું થઈ ગયું. સારું થયું કે કોર્ટમાં એના કાકા જામીન થયા ને એ છૂટ્યો. કેસ પણ જીત્યો, પણ ત્યાં સુધી ઘેર ન ગયો. કાકાને ત્યાં રહ્યો. કાકાએ સાચવ્યો પણ સારી રીતે. કહ્યું : 'મારા ત્રણ દીકરા ભેગો તું ચોથો...પણ ચંદુ તો કહેતો : 'મારો હક્ક છગન કાળાના ઘરમાં છે. એને ત્યાં હું દીકરો થઈને જન્મ્યો છું, પણ જમ થઈને રહીશ. મને છોડાવ્યો નહીં એની બળતરા મને ઓછી નથી.'

એ ઘેર ગયો. મા આવકાર આપવા તૈયાર હતી, પણ બાપના રોષે તે કશું ન બોલી. બહેનોએ એની સામે જોયું નહિ. એ ઉપેક્ષિત રહ્યો. દુકાને નવો નોકર આવી ગયો હતો. એને થડે બેસવાની મનાઈ હતી. એ પૈસા આંચકી લેતો. રખડ્યા કરતો. આખરે છગન કાળાને સંબંધીઓએ સમજાવ્યો, આમને આમ તમે છોકરાને હાથથી ખોઈ નાખશો.

છગન કાળા સમજ્યા. ચંદુય રઝળપાટ, ઉપેક્ષા, અપમાનથી થાક્યો હતો. દુકાને બેસી ગયો. ફરી પાછી એ જ જમાવટ. કામ કરવું, થડે બેસવું, ચા-પાણી-સિગારેટ પીવા. પણ છગન કાળા હવે આંખ આડા કાન કરતા થયા હતા. એમને હતું ચંદુને પરણાવી દઉં. બસ, વીસ નોહરી વળગાડી દઉં એટલે આપોઆપ ઠેકાણે આવી જશે. પણ મન ઠરે એવી કન્યા મળતી નહોતી ને ચંદુના તન મન ફરતે જુવાની આંટો લઈ રહી હતી.

ચંદુ ચૂલ પાસે બેઠો બેઠો કામ કરતો હોય કે થડે બેઠો બેઠો મીઠાઈ કે ફરસાણ જોખતો હોય, એની આંખો આવતી જતી સ્ત્રીઓના શરીર પર ફરી વળતી. એના શરીરમાં ગરમ ગરમ સળવળાટ થયા કરતો. ચંદુને થતું, બાપે મારી ઉપેક્ષા ન કરી હોત તો અત્યારે પરણી ગયો હોત. આમ ડોક લંબાવીને ડાફળિયા મારવાના દી' ન આવત ને એને બધે જ બાપનો વાંક દેખાતો. પણ ચંદુની જુવાનીને હવે સ્ત્રીઓનો જ વાંક દેખાતો હતો, નવરાત્રિ આવી. ચંદુની નજરમાં વસી ગયેલી શેરીમાં રહેતા ભગવાન સોનીની છોડી મંગુએ હમચી ખૂંદવા માંડી....ગરબે ઘૂમતી મંગુ એના હૈયામાં ઘૂમતી થઈ ગઈ. તાલી પાડતા મંગુના હાથ જાણે એના હૈયાને થપથપાવતા લાગ્યા. ચકળવકળ ફરતી આંખ શેરીનો ખૂણો બતાવવા લાગી. મંગુ બહેનપણીઓને હમણાં જ આવી, કહેતી એકલી પાછી ફરતી હતી. ત્યાં ચંદુ એની પાછળ ગયો. ખડકીમાં પેસે ત્યાં તો ચંદુ આંબી ગયો ને બાવડું ઝાલી છાતીસરસી ચાંપતા બોલી ઊઠ્યો : 'મંગુ, આજ નહિ જવા દઉં.'

મંગુ હેબતાઈ ગઈ. ચીસ ગળામાં અટવાઈ ગઈ. બળ કરીને કાંડું છોડાવી દીધું. કોઈનો પગરવ સાંભળી ચંદુ ઊંડી શેરીના અંધારામાં ઝડપથી ઓગળી ગયો.

ચંદુ પાછો ન આવ્યો, પણ મંગુ પાછી ફરી. એની સાથે એની બા હતાં. મિત્રોએ ચંદુને શોધ્યો, પણ એ જડ્યો નહિ ત્યારે માન્યું કે આજ ચંદુ પાછો છટકી ગયો. નક્કી ક્યાંક રમવા

ઉપડી ગયો.

બીજે દી' ચંદુ બીતાં બીતાં બહાર નીકળ્યો. કાંઈ ગુસપુસ ન સાંભળી. હિંમત આવી, પણ બપોરે કારખાને ચૂલ ઉપર મૂકેલા તાવડામાં દશેરાના ફાફડા તળતો હતો ત્યાં જ છગન કાળા આવ્યા. કશું બોલ્યા વગર ચંદુને પીઠમાં પાટુ મારી. અભાન ચંદુ તાવડા તરફ ઉછળ્યો. હાથ તાવડામાં ઝબોળાઈ ગયો. ફોલ્લા ઊપડી આવ્યા. બળતરા થતી હતી, છતાં તે ઊંહકારો કર્યા વગર બાપ સામે તીખી, ક્રોધી નજરે જોઈ રહ્યો.

'મરી કેમ ન ગયો કુલાંગાર?' છગન કાળા ત્રાડ્યા.

'શું કામ મરું?' બળતરાને ભૂલવા ચંદુ સામો તાડૂક્યો. 'બાપ થયો છે, પણ બાપપણું આવડતું નથી.'

ચંદુની જીભ પર પહેલવહેલો તુંકારો સાંભળી છગન કાળા થીજી ગયા. બોલ્યા : 'તુંકારો કરે છે?'

'હા, તુંકારો...હું શું કામ મરું? તારો જીવ લીધા પછી જ હું મરીશ. આ હાથ નથી બળ્યો, મારું કાળજું બળ્યું છે, મારી આશાઓ બળી છે.' અને તેનો અવાજ રૂંધાઈ ગયો.

તેનાં બા આવી ગયાં. માણસો ભેગા થઈ ગયાં. છગન કાળા ભાનમાં આવી ગયા. બોલ્યા : 'અકસ્માત થઈ ગયો. સારું થયું, બચી ગયો.'

દવાખાને લઈ ગયા. બે મહિને રૂઝ આવી, પણ હૈયાનો ઘા તો હજુય દૂઝતો હતો. શો વાંક હતો મારો?

'હા, શો વાંક હતો ચંદુનો?' તેની બા પણ છગન કાળાને પૂછતી.

'ઓલી મંગુડીની રાતે છેડતી કરી...'

'મેં તો સાંભળ્યું નથી.'

'ખાનદાન માણસો દેકારો ન કરે એટલે આપણે નથી સાંભળ્યું માનીને છોકરાને બહેકવા દેવાનો!'

'પણ તમને કોણે કહ્યું?'

'ભગવાને પોતે. બપોરે ઘેર આવતો હતો ત્યારે એક કોર બોલાવીને બધી વાત કરી... છોકરાને સમજાવો. એક શેરીમાં રહેવું, જેવી મારી છોકરી એવો તમારો છોકરો...બંનેની આબરૂ બંધ મુઠ્ઠીમાં... ને મને ક્રોધ ચડ્યો... સાલો કુલાંગાર... કર્મચંડાળ...'

'બીજું કોઈ જાણે છે?'

'ના...ભગવાન, મંગુડી હું, ચંદુ ને પાંચમી તું.'

'તો બસ, બહુ ફંકેરો ન કરો. ઝટ આછું પાતળું ગોતી લાવો.'

'હા, ગોતવું જ પડશે.'

પણ ચંદુ હવે બેકાબૂ બની ગયો હતો. હવે એ કામ નહોતો કરતો, દુકાને બેસતો તો પૈસા લઈ લેતો. છગન કાળા આબરૂના ભયે કાંઈ બોલી શકતા નહિ. બે દીકરીઓ પરણાવી. ચંદુ માટે કન્યા ય શોધી, પણ ચંદુ હવે પરણવાની ના પાડતો હતો.

છગન કાળાએ એક દિવસ નરમાશથી કહ્યું : 'ચંદુ, ભલો થઈને માની જા. પરણી જા.'

'કોના માટે પરણું?'

'તારા સુખ માટે'

'મારે શું દુઃખ છે?'

'ચંદુ, ઘડપણમાં ખબર પડશે.'

'હું તારા જેવું ઘડપણ નહિ આવવા દઉં.' ચંદુ હવે તુંકારા સિવાય વાત નહોતો કરતો.

'પણ તું અમારો એકનો એક છોકરો, તું ન પરણે તો અમારો વંશ કેમ ચાલે? આ બધું કોણ ભોગવશે?'

'હું છું ને ભોગવવાવાળો.'

'પણ તારું ભેગું કરેલું કોણ ભોગવશે?'

'હું શું કામ ભેગું કરું?'

'તે તું આમ ને આમ રહેશે?'

'હા.'

છગન કાળાના હૈયે શેરડો પડ્યો. ભાઈને મળ્યા. કહ્યું : 'તું સમજાવ.'

'ચંદુ...' કાકાએ કહ્યું.

'બોલો કાકા.'

'તારે વેર તારા બાપ સાથે છે. મારી સાથે નહિ ને?'

'ના.'

'તો મારી વાત માન. તું લગ્ન કરી લે. એમના આત્માને શાંતિ થાય. એમણે જે કાંઈ નિર્દયતા આચરી છે એ તને દુઃખી કરવા નહિ તને સુખી કરવા. એમની રીત જરા અવળી છે.'

'ભલે. એમને મૂડી કરતા વ્યાજ વહાલું છે ને.'

'એ તો એમ જ હોય ને!'

'પણ શરત એક રહેશે.'

'શી?'

'લગ્ન કર્યા પછી હું એમના ભેગો નહિ રહું. સામેનું મકાન મને લખી દેવું પડશે. મિલકતમાં અર્ધો ભાગ આપી દેવો પડશે.'

'તું કહે એમ. બધી મિલકત તારી જ છે ને. અર્ધો ભાગ શું કામ માંગે છે?'

'હા, મિલકત તો મારી જ છે, પણ એ ડોસાના ગળેથી નહિ છૂટે.'

'બધું છૂટી જશે. તું જરા નરમ પડ...એ ઢીલા ઘેંસ જેવા થઈ જશે. હવે તું નાનો નથી. અઠ્ઠાવીસનો થયો.'

'તોય હું કુંવારો છું એ ડોસાના પ્રતાપે!'

'હું બધુંય સમજું છું, પણ એની આંતરડી ઠારવા આટલું કર.'

'જાવ કાકા, તમારું વેણ નહિ ઉથાપું.'

છગન કાળા રાજી થઈ ગયા.

ચંદુના લગ્ન કરી નાખ્યા. જુદો રહેવાય જતો રહ્યો. ધંધો કાંઈ કરે નહિ. જુગાર રમે, રાત આખી ભટક્યા કરે, દિવસ આખો ઘોર્યા કરે. છગન કાળાએ ભાઈના દીકરાને પોતાની ભેગો રાખ્યો.

ચંદુએ પાંચ વર્ષમાં બધું સાફ કરી નાખ્યું. રોકડ, ઘરેણું, થોડાં થોડાં વાસણો પણ ઘરમાંથી ગયાં.

એક દિવસ છગન કાળા પાસે ગયો. કહ્યું : 'પાંચ હજાર રૂપિયા આપો.'

'કેમ? તારો ભાગ તો આપી દીધો છે.'

'બીજો ભાગિયો છે?'

'ના.'

'તો લાવો. આ મિલકતનો હું વારસદાર છું.'

'વારસદાર ખરો.' છગન કાળાએ કહ્યું. 'પણ બધું ફનાફતિયા કરવાનો તને હક્ક નથી.'

'હું છગન કાળાનો છોકરો ખરો કે નહિ?'

'હા.'

'તો મારો હક્ક છે.' ચંદુએ લાલ આંખ કરી કહ્યું.

છગન કાળા ધ્રુજી ઊઠ્યા. પાંચ હજાર કાઢી આપ્યા. એ આશાએ કે હવે સુધરી જશે. નહિ સુધરે તો એકાદ સંતાન થાય ત્યાં સુધી સાચવી લઉં. જોઈ લઉં એના દીકરાને.

માવતરની ઝંખના વધતી જતી હતી. ચંદુની વહુને સારા દિવસો આવે એ માટે એ બાધાઓ રાખતા થઈ ગયા હતા. વહુને પણ ચંદુથી છાનામાના મળીને દવાખાના, માનતા માનવા, લેડી ડોક્ટરને બતાવવા સમજાવતા હતા, પણ વહુ મૌન રહેતી. એના ચહેરા પર દુઃખની રેખા આવી જતી, પણ તે બોલતી નહીં.

એક દિવસ કાકાએ ચંદુને કહ્યું, 'ચંદુ, તું ગમે તે કરે વાંધો નહિ. ક્યાં કોઈ ભાગિયો છે? પણ એક કામ કર.'

'શું?'

'સારા ડૉક્ટરને બતાવ.'

'પણ શું?'

'તારું શરીર.'

'હું તંદુરસ્ત છું.'

'જાણું છું...પણ કોઈ ખામી હોય તો નીકળી જાય.'

'કોઈ ખામી નથી.'

'છે.'

'શાની?'

'એક દીકરાની...તારી બા અને બાપા કેટલું ઝંખે છે...ચંદુને એક દીકરો હોય...બસ, એ એક સુખ જોવું છે એમને.'

'જુઓ કાકા, પેટ છૂટી વાત કહી દઉં...મનેય દીકરાની ઝંખના છે. મેં ડૉક્ટરોને બતાવી પણ જોયું, પણ એવી કોઈ આશા નથી. દવાય કરી જોઈ....બધું નકામું છે. તમારી વહુમાં કોઈ ખામી નથી. છગન કાળાના જ નહિ, મારાય નસીબ ફટણા છે. છગન કાળાને જેટલી હોંશ છે એટલી મનેય છે. મનેય જંપ નથી વળતો, પણ થાય શું? હું આવો ફાટલ જુવાનીનો ને મારે જ છોકરો નહિ? એટલે તો ભટક્યા કરું છું. જુગાર રમું છું. ધંધો એટલે જ નથી સૂઝતો. એટલે જ થાય છે કાકા, આ મિલકત ભોગવવાવાળું પાછળ કોઈ નથી તો આપણાં હાથે જ શા માટે ન ભોગવતા જઈએ?'

ચંદુની વાત સાંભળી કાકાય ભાંગી પડ્યા. થઈ રહ્યું. છગન કાળાના નામનું બારણું બંધ થઈ જશે.

પણ છગન કાળાએ આશા મૂકી નહોતી. જતીઓને મળતા, ભુવાઓને ધુણાવતા. ચંદુ આ બધું સાંભળીને હસ્યા કરતો. મનમાં બોલતો : દસ વરસમાં જે છોકરો સંતાન ન મેળવી શક્યો એ હવે શું મેળવશે? છગન કાળા આ હવાતિયાં છોડી દે...સાધુ થઈ જા, ભિખારી થઈને ભીખ માગ...સોંપી દે બધું ચંદુને.

પણ છગન કાળા એમ સોંપે એવો માણસ નહોતો.

ચંદુ કટકે કટકે પૈસા લઈ આવતો. છગન કાળા અણમણતા આપતો. ક્યારેક એની બા છાનામાના આપતી, પણ હવે ચંદુની જરૂરિયાત વધી હતી ને છગન કાળા આનાકાની કર્યા કરતો હતો. એક રાતે ચંદુ ખડકીમાં પ્રવેશ્યો. છગન કાળા ખાટલામાં બેઠો બેઠો માળા ફેરવતો હતો. ચંદુ બોલ્યો : 'છગન કાળા...'

'કોણ ચંદુ?'

'હા, ચંદુ, પૈસા લાવ.'

'હવે નહિ મળે.'

'હવે જ મળશે.' કહી ચંદુએ છરી કાઢી.

છગન કાળાની આંખ ફાટી રહી. અંદરથી તેની બા દોડી આવ્યાં. 'ચંદુ આ શું કરે છે?'

'બા, રસ્તામાંથી હટી જા. હું આ છગન કાળા પાસેથી કાં પૈસા લઈશ અને કાં જીવ લઈશ.'

'કેટલા પૈસા જોઈએ છે?' તેની બાએ ધ્રૂજતા સાદે પૂછ્યું.

'દસ હજાર...'

'એટલા બધા?' છગન કાળાથી ચીસ જેવા સ્વરે બોલાઈ

ગયું.

'એ તો હજુ ઓછા છે. વેપાર ધમધોકાર ચાલે છે ગામને લૂંટો છો ને છોકરાને દેતા જોર પડે છે!'

'પણ અત્યારે હું ક્યાંથી કાઢું?'

'પટારામાંથી, લાવ ચાવી, હું કાઢી લઈશ વિશ્વાસ રાખજે, દસ હજારથી એક પૈસો વધારે નહિ લઉં.'

'તું છરી આઘી રાખ.' તેની બા બોલ્યા. 'તને પૈસા સવારે આપશે.'

'ચોક્કસ?'

'હા.' છગન કાળા બોલ્યા.

ચંદુ સવારે આવીને ઊભો રહ્યો.

દસ હજારની નોટો લઈને ચાલ્યો ગયો.

છગન કાળા ભાઈને મળ્યો. કહ્યું : 'હવે ચંદુ હદ વટાવતો જાય છે. આમ ને આમ તો એ મને બાવો બનાવી દેશે કે કોઈક દિવસ મારું ખૂન કરી નાખશે.'

આ સાંભળી ભાઈને પણ રંજ થયો. થયું ય ખરું હવે ચંદુને સમજાવવાનો કોઈ અર્થ નથી. તેણે કહ્યું : 'ભાઈ, એક રસ્તો છે, પણ તમને એમાં મારા સ્વાર્થથી ગંધ ન આવવી જોઈએ.'

'શો રસ્તો છે?'

'ચંદુને વારસામાંથી રદબાતલ કરો.'

'પછી?'

'પછી એ ઠેકાણે આવી જશે. એને વારસામાંથી રદબાતલ કરવાના ઘણાં સબળ કારણો છે. પોલીસનેય જાણ કરી દેવી કે છોકરો ખુન્નસે ભરાઈને હુમલો કરે તેવી શક્યતા છે.'

છગન કાળાનું હૈયું ચીરાઈ ગયું. એ રડી પડ્યા.

'ભાઈ, મારે કે મારા છોકરાને તમારી એક પાઈ ન ખપે, દીકરીઓને નામે કરી દો બધું.'

'ચંદુ રહે છે એ ઘર?'

'એ ઘર ભલે એનું રહ્યું. પડ્યો રહેશે. આપણાથી કમાવતર થોડું થવાશે?'

છગન કાળાને હૈયે વાત બેસી ગઈ. દુઃખી દિલે પણ એમણે એક અઠવાડિયામાં આ વિધિ કરી નાંખ્યો.

ચંદુ પહેલાં ધૂંધવાયો, બરાડ્યો, ગાળો બોલ્યો, ધોકો લઈને ફર્યો. ધમકીઓ આપી, પણ પછી એ ય શાંત પડી ગયો. બોલવા લાગ્યો : 'સાલો કાયર. બાપ થતાં ય ન આવડ્યું. છગન કાળાએ પોતાના વંશને સાફ કરી નાખ્યો.'

છતાંય છગન કાળાએ ચંદુની આશા છોડી નહોતી. ઉંમર વધતા, પ્રૌઢાવસ્થા આવતા ચંદુ સુધરશે, કોઈ ચમત્કાર થશે ને એને ત્યાં દીકરો જન્મશે.

પણ ચંદુ સુધર્યો નહિ. હા, એટલું ખરું કે હવે એ પૈસા લેવા આવતો નહિ, પણ કતરાયા કરતો. ઘર વેચવા કાઢ્યું ત્યારે છગન કાળાને થયું હતું એને રોકું, પણ એ ન ગયા. ઘર વેચાઈ ગયું. છગન કાળાને થયું જાણે પોતાનું અરધું અંગ કપાઈ ગયું. એ રાતે એ મોકળા મને રડી પડ્યા.

ચંદુ ભાડાના ઘરમાં રહેવા લાગ્યો. ક્યારેક તો ટંકના ય વાંખા પડવા લાગ્યા, પણ એ હવે છગન કાળા પાસે હાથ લંબાવતો નહિ. ક્યારેક કાકા મદદ કરતા. ક્યારેક મિત્રોમાંથી ઊછી ઉધારા કરી લેતો. હવે તો બીડીનાય પૈસા નહોતા. ટંક ભેગા થવા માટે એ કોઈ કંદોઈની દુકાને માલ પાડી આવતો, પણ છગન કાળાની કે કાકાની દુકાન સામે જોતો નહોતો. એ કુટુંબ સાથેનો વહેવાર જ બંધ થઈ ગયો હતો. છગન કાળા કોથળા જેવા થઈ ગયા હતા તો ચંદુય ઘસાઈ ગયો હતો. પિસ્તાલીસનો ચંદુ પંચાવનનો લાગતો હતો, પણ હૈયું તો હજુ ય જુવાનીના તોરમાં હતું ને છગન કાળા પ્રત્યેની વેરની આગથી ધગધગતું હતું.

★

ચંદુની નજર શેરીમાં પડી. ડૉક્ટર પાછા ફરી રહ્યા હતા. મનસુખ મારફતિયો ઢીલા પગલે ચાલતો હતો. નજીક આવતા જ બોલ્યો : 'ચંદુ, કાકા ગયા. તને મળવા, જોવા ઝંખતા'તા. બારણા સામે જોતા જોતા જ એમની આંખ ફાટી ગઈ.'

ચંદુ દોડ્યો.

બધાને નવાઈ લાગી. ચંદુ મોડો પડ્યો. બદલાયો, પસ્તાયો, પણ ખૂબ મોડો. આખર તો એક લોહીને!

ચંદુ રડી પડ્યો.

નનામીને ખભો ચંદુએ આપ્યો. અગ્નિદાહ ચંદુએ દીધો.

બધાને થયું છેલ્લે છેલ્લે ય છોકરાને ભાન થયું. એક થોડીવાર પહેલા એ આવ્યો હોત...છગન કાળાના આત્માને સંતોષ થાત. પીડા વગર એ જાત. એની પીડામાં ને પીડામાં એ ગયો.

ચંદુ શાંત થઈ ગયો હતો.

॥ क्षमा वीरस्य भूषणम् ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

'ચંદુ, હવે તું બધું સંભાળી લે.' કાકાએ કહ્યું.

'મારે કશું સંભાળવાનું નથી.'

'ના, હું રદબાતલ છું.'

'એ તો ગયું....ભૂલી જા.'

'નહિ ભૂલું...કદી નહિ ભૂલું.'

'તું રડ્યો, ભાઈને ખાંધે લીધા. અગ્નિદાહ દીધો ને હવે શું થયું તને? એવા ગાંડા ન કાઢ.'

'એ બધું નાટક હતું, કાકા.'

'લોકલાજે કર્યું હતું ને! ભલે, પણ તું છગન કાળાનો દીકરો થોડો જ મટી જવાનો છે?'

'લોકલાજે નહિ, વેરની લાજે. મારું વેર પૂરું થઈ ગયું કાકા. એ તરફડે, મને ઝંખે, મારા સંતાનને જોવા તલસે એને આનંદ થાય, સંતોષ થાય એવું હું ઇચ્છતો નહોતો. એ હજુ વધુ પીડાયો હોત તો મને આનંદ થાત. એ ઝટ ચાલ્યો ગયો. મને થયું ચાલો, હવે એને વળાવી આવું. એના શબને સળગાવીને મારો વેરાગ્નિ શાંત કરું.'

કાકા, કાકી, તેની મા, બહેનો બધાં આ સાંભળીને દંગ થઈ ગયાં. એના પ્રત્યે ફિટકાર વરસાવ્યો.

ચંદુ બહાર નીકળી ગયો.

બીજા દિવસથી એ એક કંદોઈને ત્યાં કામે લાગી ગયો. છ મહિનામાં એણે થોડા પૈસા ભેગા કરી દુકાન કરી. બે જ વસ્તુ એ બનાવતો. પેંડા અને હલવો...જામી ગયો. ચંદુ...એક વરસમાં તો ચંદુ પાછો ઊભો થઈ ગયો. એટલું જ નહિ, એના કાકાએ સવાલ કરવો પડ્યો : 'ચંદુ, કોની દવા કરી તેં?'

ચંદુ સમજી ગયો. મરક મરક હસવા લાગ્યો.

'કહે તો ખરો.'

'કોઈની નહિ.'

'તો તારી કાકી કહે છે એ સાચું?'

'સાવ સાચું.'

'આટલાં વર્ષે?' કાકાનું આશ્ચર્ય બેવડાતું હતું.

'હા, છગન કાળા જીવતા હોત તો આટલાં વર્ષેય ન થાત ને ચંદુ ધંધેય ન ચડત. ચંદુને વેર લેવું હતું. કાકા, હેતની અવળ ગાંઠ તે આનું નામ. છગન કાળાને એના દીકરા તરફથી કોઈ જાતનો સંતોષ ન મળે, પીડા જ મળે એ મારો નિર્ણય હતો, પછી ભલે હું ફના થઈ જાઉં.' કહીને ચંદુએ બીડી સળગાવી ચૂસવા માંડી.

***(પ્રશિષ્ટ વાર્તાકારની વિશિષ્ટ વાર્તા – કેવી લાગી? પ્રતિભાવો આવકાર્ય.)***


# JETHABHAI DOONGARSHI TRANSPORT Co.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O. :** 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

વાર્તા

# અરીસો... ખૂણો અને બેટરી

તારિણીબેન દેસાઇ

સેલાસ પહેલેથી જ ધમાલિયો. જન્મતાંની સાથે જે રડવા બેઠેલો...જે રડવા બેઠેલો-જાણે કે જીવન આખું રડ્યા જ કરશે. પછી તો બધાં સાથે એવી રીતે આંખો મેળવે જાણે કે ગયા જનમની કોઈ ઓળખાણ લઈને ના આવ્યો હોય! હોસ્પિટલમાંથી અગિયારમે દિવસે ઘેર આણેલો ત્યારે એવું કરવા માંડેલો...પછી માંડ વીસ-પચ્ચીસ દિવસ થયા અને હાથ-પગ હલાવવા માંડેલો-જાણે કે સાઈકલ ઉપર બેસી સાઈકલ ચલાવતો ના હોય! તેમ પગ અને હાથ હલાવ્યા જ કરે, હલાવ્યા જ કરે. તેથી જ આમ તો રહી ગયેલો સૂકલકડી, કારણ કે દૂધ પીધા પછી ચરબીને જરાય શરીર ઉપર ટકવા જ ના દે, તેથી જ રહી ગયેલો આમ ટેંટી. એ એક્ટિવ ભારે. જ્યારે બાજુમાં એના જેટલો જ રોહિણીનો દીકરો-એવો તગડો એવો તગડો કે ના પૂછો વાત. ઘણો જ તંદુરસ્ત લાગે. સેલારના નામ ઉપરથી રોહિણીએ પોતાના દીકરાનું નામ પાડેલું દીનાર. આમ જુઓ તો સેલાર નામની સાથે પ્રાસ પણ મળે અને દીનાર એ તો આરબ દેશનું ચલણ. દીનારનાં તો ઘણાં બધાં રૂપિયા થાય. કદાચ દોઢસો-બસો રૂપિયા. એટલે એ રીતે દીનારભાઈ પૈસાદાર થશે એવી ભવિષ્યવાણીની ઇચ્છા સાથે એ નામ રાખ્યું હશે! અને સેલારભાઈને સેલ્લારા મારતો જોઈને જ એનું નામ રાખ્યું સેલાર. નામ પાડ્યા પછી એ સેલારા મારવા નહોતો માંડેલો...પણ...પહેલેથી...

આમ સેલાર અને દીનાર સાથે ઊછરવા માંડ્યા. બાજુબાજુનાં ઘરમાં. સેલારભાઈ સ્કૂલમાં દાખલ થયા ત્યાં પણ ધમાલ જ ધમાલ કરે. ક્લાસમાં દોડધામ કરવી, બેંચ ઉપર ચડવું-ઊતરવું, ખુરશી અને ટેબલ ઉપરથી લપસણી ખાવી, કમ્પાઉન્ડમાં પણ હીંચકા એટલા બધા મોટા ખાવા - જાણે કે આકાશની સીડી ચડવા માંગતો ના હો! અને પછી પડવાઆખડવાનું તો ચાલુ જ. પણ...સળપટ્ટી બાંધો એટલે ખાસ ખબર ના પડે.

પછી કોલેજમાં ગયો તો ત્યાં પણ ધમાલ જ ધમાલ. માસ્તરોને સતાવવા, છોકરીઓની મશ્કરી કરવી, કૂદી કૂદીને કોલેજ ગેધરિંગ વખતે રાસ રમવા, પિકનિકમાં જઈ સરોવરમાં મગરથી તણાઈ જવા જેટલી હદે પહોંચવું. ઘરમાં જ્યારે પણ હોય ત્યારે ભાઈ-બહેનોને પજવવાં, મમ્મી પાસે ખાવાનું ખૂબ બનાવડાવી ખાઈ જઈ ખાલી કરી નાખવાનું, પપ્પા સાથે ચર્ચા કરી વાતાવરણને ઉગ્ર બનાવવું - આ જ બધી એની પ્રવૃત્તિઓ.

નાટકના રિહર્સલ વખતે આખી રાત પ્રેક્ટિસ કર્યા કરવી. આવું કરતાં ભલભલા હટ્ટાકટ્ટા થાકી જાય પણ સેલાર થાકે એ બીજો. જાણે કે ઇશ્વરે આખેઆખી શક્તિ ભરેલી પૃથ્વી જ એના શરીરમાં મૂકી દીધી ના હોય!

મમ્મી, પપ્પા, બહેન-ભાઈ અને દીનાર, એના માસ્તરસાહેબ તેમજ ક્લાસની છોકરીઓ-બધાં જ એના આવાં તોફાનથી ત્રાહી ત્રાહી પોકારી જતાં, પણ શું થાય..એનો સ્વભાવ જ એવો હતો ત્યાં...જાણે કે મંગળ ગ્રહ જાતે જ પૃથ્વી ઉપર ટહેલવા આવ્યો હોય તો આમ જ કરેને?

પણ પચ્ચીસ વર્ષ પહેલાં જ એ ધમાલની દુનિયામાંથી દૂર થઈ ગયો. એનાં સ્વભાવમાં આખેઆખું પરિવર્તન આવી ગયું. કદાચ એ સેલારમાંથી દીનાર બનવા તરફ જઈ રહ્યો હોય તેમ લાગે, પણ દીનાર જેટલો સુસ્ત નહીં ને વાસ્તવિક સેલાર જેટલો ધમાલિયો પણ નહીં.

હવે એના રસે વળાંક લીધો હતો અને એ યોગ વિષય ઉપરનાં ભાષણો સાંભળવા જવા માંડ્યો અને ધીમે ધીમે આધ્યાત્મિક વાતાવરણ તરફ વળવા માંડ્યો. બધા સંતો તો કહે જ છે ને કે, 'હું કોણ છું' એની જ શોધ કરો. તેમ સેલાર પણ એ તરફની શોધમાં પડી ગયો હોય તેમ લાગે.

ઘરનાં બધાં એના આવા સ્વભાવના વળાંકથી ચીડાયા અને પછી ગભરાયા પણ ખરા. કારણ બધાંની વચ્ચે રહેનાર સેલાર હવે બધાંથી અલગ થવા માંડ્યો હતો. હવે એ સવારના પહોરમાં ઊઠી મૌન રાખવા માંડ્યો. વળી ખોરાકમાં પણ પરેજી પાળવા માંડ્યો. અમુક જ ખાવાનું અને અમુક જ તો નહીં જ...

ઘરનાં બધાંને જ થયું કે આ વળી ક્યાંથી શીખ્યો છે? આ યોગના લેક્ચરમાં જવાથી આ નવું ભૂત એને વળગ્યું લાગે છે! પણ એ બધાં તો સંસારથી વિમુક્ત થયેલા માણસો છે. એમને વળી સંસારી લોકોની શું ખબર હોય! આટલી નાની ઉંમરે જેણે સંસાર જોયો નથી તેણે વળી સાધુ જેવું જીવન શેનું જીવવાનું! બધા લોકો તો સંસાર પૂરેપૂરો ભોગવાઈ ગયા પછી જ મરણ આવવા ટાણે સંસાર છોડે તો જાણે ઠીક, બાકી ઇશ્વરે તો આને આખો સંસાર ભોગવવાનો મોકો આપ્યો છે તો પછી યોગમાં શું ઘૂસવાનું?

પણ ખરા અર્થમાં તો સંસાર છોડવા જ માટે એ યોગમાં જવા લાગ્યો એવું પણ નહોતું. એને તો યોગની જાણકારી

મેળવવી હતી અને એ દ્વારા જીવનને કે સંસારને સમૃદ્ધ કરવો હતો. જોકે આમ જુઓ તો એ ઘરનાં માણસોથી જુદો થઈ રહ્યો હતો.

એક દિવસ સવારના નવેક વાગે એ કોઈ શોધાશોધ કરી રહ્યો હતો. બધાં લોકો તેને એમ કરતાં જોઈ નવાઈ પામ્યાં ને પૂછ્યું, 'તું...શું શોધી રહ્યો છે...સેલાર?'

તો તે જવાબ જ ના આપે અને ચિડાઈને સામે વળતો ઝોસો કરે. બધાંની ઈચ્છા એવી કે એને શોધવામાં મદદ કરે, પણ એ તો કોઈને કાંઈ કહે જ નહીં.

બે-ચાર દિવસ કંઈક શોધવામાં થોડો અસ્વસ્થ રહ્યો. પછી થોડો ઘણો સ્વસ્થ થવા લાગ્યો હતો.

પહેલાં તો સવારે ઘણો મોડો ઊઠતો પણ હવે તો સવારે પ્હો ફાટતાંની સાથે જ ઊઠી જતો. દાતણ કરતો, ચા-બા પીતો એટલામાં તો સૂર્યોદય થવાની તૈયારી થઈ જતી ત્યારે એ દરેક ઓરડાના ખૂણા બાજુ જતો અને ખૂણામાંથી કંઈક શોધવા લાગતો. પછી તો એક દિવસ સવારે બધાંએ એના હાથમાં બેટરી જોઈ અને તે પણ સવારના પહોરમાં. રાત્રિનો અંધકાર ગાયબ થઈ ગયેલો હોય અને સૂર્યનાં ગોળગોળ ચંદરવા આછાં દેખાવા માંડ્યા હોય ત્યારે આ માણસ સવારને માણવાને બદલે બેટરી લઈ આખાયે ઘરને ખૂણે ખૂણે ફરવા માંડતો.

એનું મગજ ચસકી ગયું છે કે શું? કેમ આમ સવારના પહોરમાં ખૂણેખાંચરે બેટરી માર્યા કરે છે? અને તેમાંય સૂર્યપ્રકાશમાં? જોકે બેટરીનાં અજવાળાનું તો કંઈ ગજું જ નથી પ્રકાશ પાથરવાનું? અને આ તો પાછો ઓરડાના દરેક ખૂણામાં - અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન - એમ ચારેય ખૂણા પાસે જઈ, દરેક ખૂણામાં પેસતો હોય તેમ કરે અને જે તે ખૂણામાં બેટરીનો પ્રકાશ નાખે.

ઘરનાં બધાંને જ એમાં ગાંડો થઈ ગયો હોય એવાં લક્ષણ અનુભવાયાં. દિવસના ભાગમાં ને એમાંય જ્યાં સૂર્યપ્રકાશ પડતો હોય ત્યાં વળી બેટરીનાં પ્રકાશની જરૂર ખરી? મગજમાં જ જ્યાં અંધારું થઈ ગયું હોય ત્યાં વળી સૂર્યપ્રકાશ ગમે તેટલો પડતો હોય છે તોય એવા અંધકારને કેવી રીતે દૂર કરી શકાય? સોફા ઉપર બધાં સાથે જ બેઠા હોય ત્યાંથી તરત જ કંઈપણ થયા વગર ઊઠવા માંડે. ઊઠીને તરત જ એ પોતાના હાથમાં બેટરી લઈ લે અને બેટરીનો પ્રકાશ નાખતો નાખતો સીધો પહોંચી જાય કોઈ પણ એક ખૂણામાં. ધારો કે એ નૈઋત્ય ખૂણા બાજુ ગયો હોય તો પછી એ જ વર્તુળાકારે - વાયવ્ય, ઈશાન અને અગ્નિ ખૂણામાં પહોંચી જાય અને બેટરીપ્રકાશ ત્યાં નાખે. ધારો કે પહેલા એ ઈશાન ખૂણા બાજુ પહોંચ્યો હોય તો પછી ત્યાંથી જ પ્રકાશનું વર્તુળ બનાવી - અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય ખૂણામાં. પ્રકાશ ફેરવતાં ફેરવતાં ચારેય દિશાઓ વારાફરતી અડફેટમાં આવી જાય.

સૌથી વધારે એને વહાલ કરે એની મમ્મી. એમનાં મનમાં જીવ એ બાળતાં. એમને એને જોઈને થતું કે 'આ...આટલો બધો પ્રવૃત્ત છોકરો યોગમાં જઈને ખૂણેખાંચરે ભરાઈ ગયો લાગે છે!'

જોકે કોઈ એને કોઈ કંઈ કહેતુ નહીં. બધાંને થતું કે ધીરે ધીરે બધું ઠેકાણે પડી જશે. આ તો બધું એને માટે નવું છે ને એટલે આમ કરે છે. જો આ પરિસ્થિતિને અટકાવવામાં આવશે તો તેનું મગજ સાવ જ ચસકી જશે...

એ પણ હજીયે ઓછું હોય તેમ...હવે તો તે...બબ્બે બેટરીથી રોજ જ ખૂણામાં પ્રકાશ પાડવા માંડ્યો. પછી ખબર પડી કે તે બીજી બેટરી પણ બજારમાંથી ખરીદીને લાવ્યો છે અને તેનો વપરાશ પણ દિવસના ભાગમાં જ અને તે પણ સૂર્યપ્રકાશના સમયે જ કરે છે.

આમ તો તે આખી રાત પોતાના માથા નીચે જ બંને બેટરીઓ રાખતો. બધાં રાત્રે વારાફરતી ઊઠ્યા હોય ત્યારે વચ્ચે વચ્ચે એને જોઈ લેતા. ત્યારે તો એ શાંત ચિત્તે સૂતો હોય. રાતમાં બાથરૂમ જવા ઊઠે ખરો ત્યારે કોઈ જ વખત બેટરીનો પ્રકાશ નાંખે નહીં. જ્યારે આમ તો બેટરીના પ્રકાશની તે જ વખતે જરૂર હોય છે અને પ્રકાશની જરૂર પડે ત્યારે લાઈટની સ્વીચ જ ચાલુ કરી દેતો-બેટરીની જગ્યાએ.

બેટરીની તો જરૂર પડે - ગામડામાં કે જંગલમાં, વનમાં કે પછી પહાડ પર, કોતરમાં કે ખાઈમાં, ગટરમાં કે પછી માળિયામાં...

પણ...આ સેલારને તો બેટરીની જરૂર પડે છે દિવસે અને એ પણ સૂર્યના પ્રકાશમાં અને મોટા શહેરમાં. આ ન સમજાય તેવી વાત થઈને!

બધાંને થયું કે એને હવે છંછેડવામાં માલ નથી. એ એની મેળે જ ઠીક થઈ જશે. કંઈ પણ પૂછપરછ કરવામાં એની કમાન સાવ છટકી જાય તો ભારે થઈ પડશે. ઘરનાં બધાં જ એની નજર ન પડે તેમ એને observe કર્યા કરતા, એ કેટલે સુધી આગળ વધે છે તે જોવા માટે. બાકી જવાનજોધ દીકરાનું બીજું કરે પણ શું?

છેવટે એક દિવસ તો એ બેટરી ચાલુ કરીને મોઢાની અંદર લાઈટ ફેંકવા માંડ્યો. પણ એને પોતાને તો અંદરનું કાંઈ જ દેખાય નહીં ને એટલે પછી અરીસો લેવા દોડ્યો. ત્યારે મમ્મીએ એને વહાલ અને કરુણાથી પૂછ્યું, 'બેટા...સેલ્લુ! કેમ તારે અરીસો જોઈએ છે? શું જોવું છે એમાંથી તારે?'

એના જવાબમાં એણે કહ્યું - 'કાંઈ નહીં...કાંઈ નહીં...કાંઈ નહીં...મા!'

એમ બોલ્યા છતાં અરીસો મોઢા પાસે ધરવા માંડ્યો અને પછી તે ધીરે ધીરે મોઢાની અંદરનું દેખાય એવી રીતે અરીસાને ધરવા માંડ્યો. બે હાથમાં બે બેટરીઓ અને પાછો અરીસો પકડવો

- બધું એક સાથે પકડવું ઘણું અઘરું હતું અને ક્યારેક એ ત્રણેય પડી જાય તેવી ઘણી જ શક્યતા ઊભી થતી. કાં તો ત્રણમાંથી કંઈક તો પડી જ જશે એમ સતત લાગતું.

ઘરના બધાં જ હવે તો...પોતાનું બીજું મહત્ત્વનું કામ કરવાને બદલે આને જ જોયા કરતા હતા. ને વિચારતા : 'એને આજે ફરવા ક્યાં લઈ જવો?'

જીવનની અધવચ્ચે એવી કઈ લત પડી ગઈ અને કેવી રીતે પડી છે તેની જ ચિંતામાં બધાં હતાં.

છેવટે મમ્મીએ પોતાની બહેનપણીના બાપુજીને બોલાવવાનો વિચાર કર્યો. તેઓ ઘણા અભ્યાસુ, વિદ્વાન, ત્રિકાળજ્ઞાની અને ગૂઢવિદ્યાના જાણકાર હતા. વળી તેમની ઘણી નામના હતી. બધાંને હતું કે ડૉક્ટર પાસે કે કો જાતની દવા કરાવવા તો સેલાર કોઈ જગ્યાએ નહીં જાય પણ આવા જ્ઞાનીને જો ઘરમાં લાવીએ અને સ્વાભાવિક રીતે જ તેઓ સેલાર સાથે વાત કરે તો જ એમને સમજ પડે કે સેલારને શું થયું છે અને આવું થવાનું કારણ શું?

આમ તો સેલાર આખો દિવસ ઘરમાં હોય જ. ખાસ કોઈ જગ્યાએ બહાર જતો નહીં. આવું જ કર્યા કરતો હોય. તેથી પેલા બાપુજીને જ્યારે પણ સમય હોય ત્યારે આવવાનું કહ્યું. જેથી એની સ્વાભાવિક વર્તણૂક તેઓ જોઈ શકે. તેઓ આવ્યા પણ ખરા. આવીને સેલારની સામે જોવા માંડ્યા. પછી સ્વાભાવિક રીતે જ પૂછ્યું

'સેલાર બેટા, કેમ કે...મજામાં છે ને? મને ઓળખે છે? તું શું કરે છે હમણાં?'

'આ...આ...આ...આ...' એણે એમ જ કર્યા કર્યું. કંઈ જ બોલ્યો નહીં, કારણ મોઢાની અંદર લાઈટ અને હાથમાં પાછો અરીસો. વળી બેટરીની લાઈટ પાછી એવી નાખે કે અંદર પેટ સુધી અને આંતરડા સુધીનું બધું જ દેખાય.

બાપુજીએ એનું બરાબર નિરીક્ષણ કર્યું અને પછી મમ્મીને પૂછ્યું, 'એને કોઇ શારીરિક તકલીફ છે? અને તમે એને ડૉક્ટર પાસે ક્યારેય લઈ ગયા હતા કે લઈ જવાનાં હતા કે?'

'ના...રે ના બાપુજી! ઊલટો એ તો ઘરમાં બધા જ કરતાં બહુ જ તંદુરસ્ત છે.'

'તો પછી એને ડૉક્ટર બનવાની પ્રબળ ઇચ્છા હતી કે?'

'ના...રે ના બાપુજી! એને તો ઊલટું ડૉક્ટર બનવાનું જરાયે નહોતું ગમતું.'

'અચ્છા...તો એમ વાત છે.' કહી બાપુજી તો કાંઈ પણ બોલ્યા વગર જતા રહ્યા, પાછા આવવાનું કહીને. ઘરમાં બધાં પાછા વિચારમાં પડ્યા. બાપુજી કેમ કાંઈ કહ્યા વગર ગયા અને પાછા શું કહેવા આવશે? ઘરનાં બધાં વિચારમાં તો ખરા પણ સેલારને તો જાણે કાંઈ જ લેવાદેવા નહીં - બાપુજી સાથે, ઘરનાં સાથે કે...પછી...એને તો ફક્ત નિસ્બત હતી-બેટરી સાથે, અરીસા સાથે, ખૂણાઓ સાથે સૂર્યપ્રકાશ વખતે પણ બેટરીના પ્રકાશ સાથે.

બધાં તો બાપુજીનાં કંઈપણ ના બોલવાથી વધારે ગૂંચવાયેલા હતા. તેથી તેમણે જુદા જુદા ફિલ્ડનાં એક્સપર્ટ ડૉક્ટરોને પૂછવા માંડ્યું. પણ કોઈ જ ડૉક્ટર વ્યવસ્થિત જવાબ આપી શક્યા નહીં. છેવટે ડૉક્ટર શ્રી નિવાસન કે જે મેડિકલ કોન્ફરન્સ કરવાના હતા, તેમણે કહ્યું કે હમણાં થોડા દિવસમાં જ કોન્ફરન્સ છે, તેમાં પરદેશથી પણ ઘણાં બધાં સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો આવવાના છે તે વખતે આપણે સેલારને સ્ટેજ ઉપર ઊભો કરીશું.

જવાબમાં સેલારના પિતાજી બોલ્યા : 'પણ...એ એમ કોન્ફરન્સમાં આવે શેનો? અને તે પણ પાછો સ્ટેજ ઉપર પ્રોગ્રામ આપવા? અને એને મેડિકલ કોન્ફરન્સ સાથે શું નિસ્બત?'

'હા...એ તમારી વાત સાચી છે પણ આપણે એની સાથે કેટલાક મેડિકલ સ્ટુડન્ટ પાસે પણ સ્ટેજ ઉપર પરફોર્મ કરાવીશું અને સેલારને પણ કંઈ કરવાનું કહીશું. એને સમજાવીશું કે તું હોંશિયાર, હિંમતવાન તેમજ મેડિકલ સાયન્સમાં રસ લેવાવાળો છે. તેથી તું પણ એમાં ભાગ લે અને ઈન્ડિવિઝ્યુઅલ આઈટમ આપજે.'

'હા...એ તમે કહ્યું તે યોગ્ય છે.'

અને પછી કોન્ફરન્સ શરૂ પણ થઈ ગઈ. બધા પરદેશના ડૉક્ટરો સૂટબૂટમાં હાજર હતા. તેઓનાં ભાષણો પૂરા થયા પછી બે ત્રણ વિદ્યાર્થીઓએ પોતાનું પરફોર્મ કર્યું. પછી સેલારનો વારો આવ્યો. એ તો એ જ પ્રમાણે બધું કરવા માંડ્યો હતો - એક બેટરીનો ઉપયોગ પછી બીજી બેટરીનો ઉપયોગ તેમજ અરીસો પકડીને જે બધું કરતો એ બધું જ કરવા માંડ્યો. આમ તો એ હોંશિયાર અને હિંમતવાન હતો તેથી એને કોઈ વાતે સંકોચ નહોતો.

ત્યાં જ મમ્મીની બહેનપણીનાં બાપુજી - જે પહેલાં ઘેર આવી ગયા હતા - તેઓ એકદમ આવી પહોંચ્યા. કૉન્ફરન્સમાં તેઓ આવીને સ્ટેજની પાસે જ ઊભા રહ્યા. એમના હાથમાં એક બંધ પેકેટ હતું. આમ તો આ બાપુજીને બધા લોકો - અભ્યાસુ વિદ્વાન, ત્રિકાળજ્ઞાની અને ગૂઢવિદ્યાના ઉપાસક તરીકે ઓળખતા હતા અને તેમાંય ગામના આગળ પડતા માણસો તો ખાસ.

તેઓ સ્ટેજ ઉપર ચડવા માગતા હતા. જોકે વ્યવસ્થાપકોએ તેમને અટકાવ્યા. પણ...પછી મોટા માણસ હોવાથી એમને સ્ટેજ ઉપર ચડવાની રજા અપાઈ. એમના હાથમાં એક બંધ પેકેટ હતું, જે એમણે સેલારને આપ્યું.

બધા વિચાર કરવા માંડ્યા કે પેકેટમાં શું હશે...દવાઓ હશે...કોઈ પૌષ્ટિક ખોરાક હશે કે પછી કોઈ અલૌકિક વસ્તુ હશે?

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૧ ઉપર)**

ઇતિહાસ

# ૨૯ જાન્યુઆરી - ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮

૧૯૪૮ની ૨૯ અને ૩૦મી જાન્યુઆરી એ ભારતના ઈતિહાસે કાયાપલટ કરી. એ દિવસના મહાત્મા ગાંધીજીના મનોમંથનોનો ચિતાર મનુબહેન ગાંધીની નોંધમાંથી મળે છે. ૧૯૪૮ની ૨૯ મી જાન્યુઆરીએ મહાત્મા ગાંધીજી પાસે સત્તાધારી કોંગ્રેસ પક્ષના અનેક લોકોની અનેક કૂટનીતિ વૈભવ માટે લાંચ લેવાની અને દેવાની પ્રથા તેમજ સ્તુત્ય કર્તવ્યથી સેવકો વિમુખ થવાના બનાવોની સત્યહકીકતો પુરાવા સહિત રજૂ થઈ. ભલભલા આગળની કક્ષાના ગણાતા લોકોનાં અંગત સગાંઓ અને માણસોએ શામ, દામ, દંડ અને ભેદની નીતિમાં ઉત્તરોત્તર પ્રગતિ કર્યાના સમાચાર મળતાં બાપુ એટલા બધા બેચેન થયા કે એ બેચેનીની સાક્ષી પણ હું હતી.

અને જ્યારે સામે તદ્દન કપડાં વગરની ખુલ્લી છાતી પર ફક્ત છાતીથી એક જ ફૂટના અંતરેથી એક નહીં, પણ ત્રણ ત્રણ ગોળીઓથી એ શરીર વીંધાયું તે જોવાનું પણ મારા કરમમાં સર્જ્યું હશે.

આ બંને પ્રસંગોની સાક્ષીથી કહી શકું છું કે, બાપુને રિવોલ્વરની ત્રણ ત્રણ ગોળીથી જરા પણ દુઃખ, ત્રાસ નથી થયા, બલ્કે 'હે રામ, રામ' સાથે અત્યંતગાઢ નિદ્રામાં જાણે પોઢ્યા ત્યારે જેને કાજે સ્વરાજ જે સંસ્થાઓ લીધું, તે માર્ગચલિત થતાં એમને અપાર ત્રાસ થયો.

૧૯૪૮ની ૨૯મી જાન્યુઆરીની અર્ધી રાત હતી અને ૩૦મીની પરોઢ.

'મનુ, જરા ઊઠ, બત્તી કર તો!'

મારી ઊંઘ જાગ્રત રહેતી અને હું પૂ. બાપુના ચરણ પાસે જ મારી પથારી કરતી. એટલે એમણે મને ઉઠાડવી હોય તો દિલ્હીના જાન્યુઆરી માસની કડકડતી ઠંડીમાં હાથ બહાર ન કાઢવો પડે, પણ પેલા લાંબા પગથી જ મારા માથાને જરાક અડકે એટલે જાગી જાઉં.

તે પ્રમાણે બાપુએ મને પગ જરાક અડાડ્યો. બાપુના ચરણ મારા માથે પડતાં એ મારી અપાર ધન્યતા હતી.

હું ઊભી થઈ, કેમ બાપુ! ઠીક નથી? એમ કહી બત્તી કરી. તે દિવસોમાં બાપુએ આપણાં સુખ કાજે પોતાના શરીરને હોડમાં મૂકેલું. કાં તો ભારતવાસીઓને ઈશ્વર સન્મતિ આપે કે સ્વરાજ ભોગવી શકે. બાપુને અસાધારણ નબળાઈ હતી. ફ્લૂ થતા ખૂબ ઉધરસ આવતી હતી.

'બાપુ, પેનેસિલિન લેશો?'

'તને એટલા માટે નથી ઉઠાડી. હું મને મહાત્મા નથી માનતો. લોકોએ કરી દીધો છે એટલે શું થાય? હું જો નાનકડી ફોડકી થકી રોગથી મરું તો દુનિયાને પોકારી પોકારીને કહેજે કે આ દંભી મહાત્મા હતો. પણ દસ દિવસ પહેલાં બોંબનો ધડાકો થયો તેમ કોઈ સામી છાતીએ મારે છતાં મારા મોઢામાં હાય-હાય કે સિસકારો ન હોય અને રામનું નામસ્મરણ હોય તો જ કહેજે કે રડ્યો મહાત્મા.'

હું સાંભળી રહી.

'પણ તું કાગળ અને પેન લાવ, કંઈક લખવું છે.'

બાપુ, અત્યારે શું લખશો? હું લખતી જાઉં. આપ બોલતા જાઓ.

તું મારા જેવડી થાય ત્યારે વાત....અને બિરલા ભવન જેવા વિશાળ મહેલમાં પૂ. બાપુ એક નાનો ઓરડો અને વરંડો વાપરતા હતા. એ વરંડો લગભગ ૨૫ ફૂટ લાંબો, ૮ ફૂટ પહોળો અને તેમાંથી દિલ્હીની રાજદ્વારી કાતિલ ઠંડીના સૂસવાટાથી બે મિનિટમાં હાથ બરફ જેવા થઈ જતા. દાઢી ડગ ડગ થવા લાગી.

'પણ બાપુ! આજે બહું ઠંડી છે. આપને એવું તે શું લખવું છે,' એમ બબડતી બબડતી હું ઊઠી અને ૭૯ વર્ષના બાપુ જેનાં હાડકે-હાડકાં ગણી શકાતાં હતાં, તે ખુલ્લી છાતીએ પથારીમાં બેઠાં. હાથ નબળા પડી ગયા હતા. હું પેન, કાગળ લઈને આવી. તે દરમિયાન બાપુના હાથ બરફ જેવા ઠંડા થઈ ગયા હતા.

બાપુનો હાથ પકડી પોંચો દબાવી કહ્યું, બાપુ, કેવા ઠંડા થઈ ગયા છો! અત્યારે ના લખો તો?

'હું ભર્યો છું, અત્યારે ન લખું તો ન ચાલે. કાલની કોને ખબર?'

મને થયું કે, બહુ દલીલ કરીશ તો નાહક કોઈ ફિલોસોફીએ બાપુ ચઢી જશે, માટે કાગળ પેન આપ્યા.

મને કહે, 'મનુ, તું સૂઈ જા.' પણ થોડુંક શરૂ કર્યું ત્યાં સુધી હું સૂતી નહીં.

બાપુ શું લખવું શરૂ કરે છે તે જાણવા ઉત્સુકતા હતી.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૯ ઉપર)**

ચિંતન

# કલા અને જીવન

ડૉ. નરોત્તમ વાળંદ

જીવનની જરૂરિયાતો પૂરી પાડ્યા બાદ જે સૌંદર્યમય અને કલ્યાણકારી સત્કાર્ય થાય તે કલા. સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ એ ત્રણેયનો સુભગ સમન્વય થાય ત્યારે કલા જન્મે છે. એ ત્રણેયનો ઝંકાર માનવીની હૃદયવીણાને હરહંમેશ સ્પંદિત કરી રહ્યો છે. કલામાં જીવનનો સંસ્પર્શ ભલે રહેતો હોય, પરંતુ તે જીવનની સપાટીથી એક વેંત અધ્ધર ચાલે છે અને જીવનનું ઊર્ધ્વગમન કરાવે છે. કલા એ કોઈ કારીગરે બનાવેલું સ્થૂળ સાધન નથી, પરંતુ કુદરતે કલાકારને બક્ષેલી પ્રતિભાનું સ્વરૂપ છે. કલા જીવનના જંગલમાં મંગલ સર્જે છે. એમાં 'મંગલ' શબ્દ જુઓ. મન + ગલ = મંગલ. જેનાથી માણસનું મન ગળી જાય, ઓગળી જાય તે મંગલ. જીવનના અનેક વ્યવહારો, ચિંતાઓ અને ઉપાધિઓના જંગલમાં માણસ અટવાયેલો રહે છે. તેમાંથી કલા તેને મુક્ત કરે છે. કલા માનવીને પ્રાણવંતી પ્રેરણા પાય છે. પ્રેરણાથી અદ્ભુત સર્જન થાય છે અને અંતે અમૃતની વાદળી વરસે છે.

કલાના સર્જનમાં Head, Hand અને Heart અર્થાત્ બુદ્ધિ, શ્રમ અને લાગણી એ ત્રણેયનો સમન્વય થતો હોય છે. એમાંથી એકાદ ખૂટે તો કલા અપૂર્ણ રહે છે. સમાજ અને કુટુંબમાં રહેતા માનવીને શ્રમ દ્વારા દ્રવ્ય ઉપાર્જન તો કરવું પડે છે, પરંતુ એ જ માત્ર એનું લક્ષ્ય નથી. સમાજને ઉપયોગી થવાની એને તમન્ના છે, પરંતુ એનો હરગીઝ એ અર્થ નથી કે તે ફક્ત સ્થૂળ ઉપયોગ માટે સર્જન કરે છે.

એક સમયે આપણે ત્યાં 'કલા ખાતર કલા' કે 'જીવન ખાતર કલા' એ બાબતે ઉગ્ર ચર્ચા થતી હતી. 'કલા ખાતર કલા' માં માનનારા ઉપાસકો એમ કહે છે કે અમારું કામ જીવનના રસને કલાત્મક રીતે રજૂ કરવાનું છે, એટલે અમે નીતિના વળગણ વિના જ કામ કરવાના. કલા કંઈ નીતિની કે જીવનની દાસી નથી. સમાજમાં જે કાંઈ સારું નરસું દેખાય છે એનું સમર્થ ચિત્રણ કરી, એ તરફ લોકોનું ધ્યાન ખેંચવું અને તેમની લાગણીઓ ઉત્તેજિત કરવી એ કલાનું કામ છે. એમની વાત એક રીતે સાચી છે. દરેક કાર્યનો અમુક ઉદ્દેશ હોય છે. કેટલીક વાર ખોટા ઉદ્દેશથી થયેલું કાર્ય માઠાં પરિણામ લાવે છે. દા.ત. ડોક્ટર સમક્ષ દર્દીઓ નગ્ન થાય છે અને કેવળ વાસના સંતોષવા પણ માણસો નગ્ન થાય છે. સંદર્ભમાં જોઈએ તો એક ઠેકાણે નગ્ન થવામાં સારો હેતુ છે, તો બીજે ઠેકાણે બૂરો હેતું છે. ક્રિયા એકની એક છે, પરંતુ સંદર્ભો જુદા જુદા છે. એનાં પરિણામો પણ જુદાં જુદાં છે. કલાકારોએ કલાની રજૂઆત કર્યા બાદ તેમાંથી નીપજતાં પરિણામોનો પણ ખ્યાલ રાખવાની જરૂર છે. જે કલા જીવનના નીતિનિયમોનો દ્રોહ કરતી હોય, તે કલા નથી, બલા છે. કલાનો સંબંધ facts of life પૂરતો નથી, પરંતુ તેની સાથે laws of life રહેલા છે તે પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

કલાકારોના સમૂહમાંથી કેટલીક વાર એવા પોકાર ઊઠે છે કે અમે વાસ્તવિક જીવનમાં જેવું જોઈએ છીએ તેનું પ્રતિબિંબ રજૂ કરીએ છીએ. લોક જેવું માગે છે તેવું અમે આપીએ છીએ. જનસમાજની વિરુદ્ધ અમે કેમ જઈ શકીએ? એનો જવાબ એ છે કે કલા જીવનનું પ્રતિબિંબ માત્ર રજૂ કરતું દર્પણ નથી, પરંતુ જીવનમાં રહેલી ક્ષતિઓ દૂર કરવાનો એક જળસ્રોત છે. તે જીવનને છે તે કરતાં એક વેંત ઊંચે લઈ જવા ઇચ્છે છે. લોકોની રૂચિ અનુસાર કલાનું સર્જન કરવા જતાં લોકોને બહેકાવવા જેવું અનિષ્ટ ઊભું થાય છે. એટલે કલાકારે લોકરૂચિ નહિ, પરંતુ લોકોન્નતિ તરફ જોવાની જરૂર છે. કલાકાર લોકરૂચિને ઘડે છે, તેને અનુસરતો નથી. Masses follow the classes એમ કહેવાય છે. મહાપુરુષો જે આદર્શો રજૂ કરતા હોય છે, તેનું અનુકરણ લોકસમૂહ કરે છે. અંગ્રેજીમાં એક સૂત્ર છે :

"I slept and dreamt that life is beauty,
I woke and found that life is duty.'

મહાપુરુષોના જીવનમાં beauty અને duty વચ્ચે સંઘર્ષ હોતો જ નથી. એમના મતે duty જ એવી હોય છે કે તેમાં beauty સમાઈ જાય છે. એમનું ફરજપાલન એ જ એમનું સૌંદર્યદર્શન બની રહેતું હોય છે. એમનું જીવન જ સામાન્યજનો માટે અનુકરણરૂપ બની જાય છે.

અંગ્રેજ કવિ રૉબર્ટ ફ્રોસ્ટના જીવનનો એક પ્રસંગ જોઈએ. એક વાર કવિ અશ્વારૂઢ થઈને જંગલમાં જઈ પહોંચ્યા. શિયાળાની સાંજે કપરી ઠંડી છે. ચારે તરફ બરફ છવાયો છે. એવા વાતાવરણમાં તેઓ નીકળ્યા. આગળ જતાં એક સરોવર આવ્યું. આજુબાજુનાં વૃક્ષો સરોવરને વીંટળાઈને ઊભાં હતાં. વાતાવરણ તદ્દન શાંત હતું. આખું દૃશ્ય અનુપમ હતું. કવિ એ જોઈને કુદરતમાં ખોવાઈ ગયા. અચાનક એમના ઘોડાએ પોતાની ડોક હલાવી અને ડોકે બાંધેલી ઘંટડીઓનો રણકાર થયો તેથી કવિ આનંદ સમાધિમાંથી જાગી ગયા. તેમણે તરત ઘોડાની લગામ ખેંચી અને પોતાના નિવાસ તરફ દોડાવી મૂક્યો. ઘોડા પરથી

ઊતરીને તેઓ ટેબલ પાસે ગયા અને કલમ લઈને કાગળ પર કેટલીક કાવ્યપંક્તિઓ રચી :

*The woods are lovely, dark and deep,*
*But I have promises to keep,*
*And miles to go before I sleep,*
*And miles to go before I sleep.*

છેલ્લી પંક્તિ તેમણે બેવાર લખી એમ બતાવવા કે પોતાનાં જીવનકર્તવ્યો અવસાન પહેલાં જ પૂરાં કરવાનાં છે, એમ ભારપૂર્વક બતાવવું હતું. કવિનું આ કાવ્ય છેક ૧૯૨૨ થી આજ લગી મોતીની જેમ પ્રકાશી રહ્યું છે. પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના ટેબલ પર આ કાવ્યની પંક્તિઓ સ્થાન પામી હતી. કલાકારે કલાને જીવનકર્તવ્ય સાથે જોડી દેવી જોઈએ.

કલાકારની કલાની સાચી કદર થાય તો જ તેનો ઉત્સાહ જળવાઈ રહે. તેની કલાની પરીક્ષા કરી શકે એવા સમજુ ભાવકો જ એની કદર કરે. કવિ દલપતરામે 'શરણાઈવાળો' નામે કાવ્ય લખ્યું છે. તેમાં એક શરણાઈવાળો શહેરના એક શ્રીમંતને ત્યાં પોતાની સંગીતકલાનું રસપાન કરાવવા ગયો. તેણે અનેક રાગરાગિણીઓ રજૂ કરી. છેવટે તેણે શેઠને નમસ્કાર કરીને કલાની કદરરૂપે કંઈ આપવા વિનંતી કરી. શેઠ કંજૂસ હતા. કલા સાથે કલહ માંડે તેવા હતા. તેમણે શરણાઈવાળાને કહ્યું : 'પોલું છે તે વાગ્યું, તેમાં કરી તેં શી કારીગરી? સાંબેલું બજાવે ત્યારે જાણું કે તું શાણો છે!'

છેલ્લે કવિ કલાપીના કાવ્યની પંક્તિઓ જોઈએ :

***'કલા છે ભોજ્ય મીઠી તે ભોક્તા વિણ કલા નહીં!***
***કલાવાન કલા સાથે ભોક્તા વિણ મળે નહીં!'***

## મોહનદાસે 'હરિશ્ચંદ્ર' નાટક ના જોયું હોત તો ભારતને બાપુ કે રાષ્ટ્રપિતા ન મળ્યા હોત

૨૯મી અખિલ ગુજરાત આંતર કોલેજ એકાંકી સ્પર્ધાનું મંગળદીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરતાં પારસી રંગભૂમિના પ્રખર અભિનેતા, લેખક અને દિગ્દર્શક શ્રી યઝદી કરંજીયાએ પારસી હ્યુમર અને જીવનની અદ્‌ભુત ફિલોસોફીના સંમિશ્રણ સાથે પોતાની આગવી શૈલીમાં જણાવ્યું કે, હંમેશાં હસતાં રહેવાથી બીજા વિકાર ઓછા થાય છે અને ભગવાનની નજીક જવાય છે અને બીજાને હસાવીએ તો ભગવાન ખુદ આપણી નજીક આવે છે. આ કારણે હું કોમેડી નાટકો વધુ કરું છું. આ દુનિયામાં છેલ્લો પારસી જીવતો હશે ત્યાં સુધી પારસી રંગભૂમિ જીવતી રહેશે. નાટક એ સમાજ પરિવર્તનનું જબરજસ્ત માધ્યમ છે અને જો મોહનદાસ ગાંધીએ 'રાજા હરિશ્ચંદ્ર' નાટક ના જોયું હોત તો ભારતને બાપુ અને રાષ્ટ્રપિતા ન મળ્યા હોત. નાટક સારા વિચારકોને ભેગા કરે છે. અમદાવાદમાં ફરવા જેવાં સ્થળો ભલે ઓછાં હોય, મળવા જેવા માણસો બહુ છે.

## ૨૯ જાન્યુઆરી, ૩૦ જાન્યુઆરી – ૧૯૪૮

**(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

જ્યાં જાઉં ત્યાં બાપુએ ધડાકો કર્યો અને છેલ્લા છ દાયકાથી જામેલી કોંગ્રેસને વિખેરી નાખવાનું લખ્યું. મને થયું બાપુને આ શું સૂઝ્યું હશે?

એક તો ચોક્કસ વર્ગ જેને સત્તા દ્વારા સૂત્રોના ઉપયોગ કરવો છે તે આ જાણશે તો એક તો બાપુ માટે નારાજ છે તે વધુ નારાજ થશે. પણ હું તદ્દન ૧૪-૧૫ વર્ષની છોકરી. એટલે એ છોકરીને કારણે જ કદાચ બાપુએ કાતિલ ઠંડીમાં જાતે નિવેદન લખવું શરૂ કર્યું. અને મને સૂઈ જવાનો ગંભીરતાપૂર્વક હુકમ થતાં હું સૂતી અને ત્રણ વાગે બાપુ પણ સૂતા.

***હવે ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮.***

સવારના ઠીક પાંચ વાગે. અર્ધી રાત્રે જે નિવેદન લખ્યું હતું તેને પૂરું કર્યું. ત્રણ દિવસ પહેલાં એટલે કે ૨૭મી જાન્યુઆરી પછીના આ લખાણમાં કોંગ્રેસને વિખેરી નાખવાનો ધડાકો બાપુએ આ જ દિવસમાં કર્યો.

સત્યાવીસમીએ બાપુએ લખ્યું કે, કોંગ્રેસને મરવા નહીં દેવાય. તેમને સુઝી આવ્યું હશે કે પોતાના જીવતાં તો કોંગ્રેસને મરવા નહીં જ દેવાય એટલે ત્રીસમી જાન્યુઆરી ૧૯૪૮ ના રોજ આ પ્રમાણે આદેશ આપ્યો જે આદેશ અક્ષરશઃ આ પ્રમાણે છે.

ભાગલા પડ્યાં છતાં હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસે યોજેલા સાધનો દ્વાર હિંદે રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરી હોવાથી આજના સ્વરૂપની કોંગ્રેસનો એટલે કે પ્રચારના વાહન અને ધારાસભાની પ્રવૃત્તિ ચલાવવાના તંત્ર તરીકે તેનો ઉપયોગ હવે પૂરો થયો છે. શહેરો અને કસબાઓથી ભિન્ન એવાં તેના સાતેક લાખ ગામડાઓની દૃષ્ટિથી હિંદની સામાજિક, નૈતિક અને આર્થિક પ્રગતિ સિદ્ધ કરવાની હજી બાકી છે. એને રાજકીય પક્ષ અને કોમી સંસ્થાઓ સાથેની અઘટિત સ્પર્ધાથી અળગી રાખવી જોઈએ. આ અને એવાં બીજા કારણોને લઈને નિયમો અનુસાર મહાસમિતિ વર્તમાન કોંગ્રેસ સંસ્થાને વિખેરી નાખવાનું અને લોકસેવક સંઘ સ્વરૂપે પ્રગટ થવાનું ઠરાવે. એ સમયે આ લોકસેવક સંઘના નિયમો પણ બાપુએ લખ્યા. ■

## કશ

*– ચિંતન પટેલ*

આખરે હાઈકોર્ટે ઘણાં વર્ષો બાદ હુકમ ફરમાવ્યો કે - રાજ્યમાં ચાલતા હુક્કાબારને ક્લીનચિટ આપવામાં આવે છે.

થોડા દિવસો પછી એકવાર પ્રોફેસર પાંડેને પોતાનું અગાઉનું વ્યસન સાંભર્યું. ઈચ્છા કાબૂમાં ના રહી એટલે પગ હુક્કાબાર સુધી પહોંચી ગયા. આછા અંધારામાં ટેબલ પર બેઠા. હુક્કાની નેસ પકડી, કશ લેવા માંડ્યો ત્યાં...બાજુના ટેબલથી જાણીતા અવાજ એકસાથે સંભળાયા 'સર...તમે પણ...!' ■

ચિંતન

# અપરાધની તીવ્ર લાગણી

ફાધર વર્ગીસ પોલ

થોડા વખત પહેલાં મારા પર એક બહેનનો ફોન હતો. એમણે મને પૂછ્યું, ''ફાધર, હું આપની પાસે 'કન્ફેશન' કરી શકું?'' એમણે 'કન્ફેશન' વિશે ક્યાંક વાંચ્યું કે સાંભળ્યું હતું. 'કન્ફેશન' એટલે કૅથલિક ખ્રિસ્તી ધર્મનો પ્રાયશ્ચિત સંસ્કાર. પ્રાયશ્ચિત સંસ્કાર ખ્રિસ્તી ધર્મના સાત સંસ્કારોમાંનો એક છે. પ્રાયશ્ચિત સંસ્કાર 'સમાધાન સંસ્કાર' તરીકે પણ ઓળખાય છે.

ફોન કરનાર બહેને મને કહ્યું, ''ફાધર, હું આપની પાસે મારા 'કન્ફેશન' માટે આવી શકું?''

એ બહેનના પ્રશ્ન પરથી મને લાગ્યું કે, પ્રશ્ન પૂછનાર બહેન કેથલિક ખ્રિસ્તી તો નથી. કૅથલિક ખ્રિસ્તી હોત તો તેઓ મને પૂછ્યા વિના મારી પાસે સમાધાન સંસ્કાર માટે આવી શકે છે. એટલે જ મેં માન્યું કે, એ બહેન કોઈ ઈતર ધર્મની વ્યક્તિ છે.

પ્રાયશ્ચિત સંસ્કાર વિશે અગાઉ મેં એકથી વધારે લેખો લખ્યા છે. એટલે અહીં ફરી એ વિશે લખવા ઈચ્છતો નથી, પણ એ સંસ્કાર વિશે ટૂંકમાં ખ્યાલ આપીને પાપ અને પશ્ચાત્તાપ અંગે થોડી વાત કરીશ. 'મોઢામોઢ સમાધાન સંસ્કાર' નામે 'કન્ફેશન' વિશેનો મારો પ્રથમ લેખ 'જીવન પટોળામાં ધર્મની ભાત' નામના પુસ્તકમાં છે. (ગુજરાત સાહિત્ય પ્રકાશન, આણંદ ૧૯૮૯, પૃ. ૫૨-૬૦)

બધા માણસો નાનાંમોટાં પાપ કરે છે. પાપ એક બાબત છે તો પાપનું પરિણામ કે પાપ પ્રત્યેનો પ્રતિભાવ બીજી બાબત છે. પાપ અંગે દરેકનો પ્રતિભાવ ભિન્ન ભિન્ન હોય છે. અમુક લોકો કરેલાં પાપનો દિલથી પસ્તાવો કરી જીવન આગળ ધપાવે છે; તો અમુક લોકો પોતે કરેલાં પાપના અપરાધની લાગણીથી ખૂબ પીડાય છે. આમ, પાપનો પશ્ચાત્તાપ અને પાપના અપરાધની લાગણી બે ભિન્ન બાબત છે.

મને ફોન કરનાર બહેનની વાતથી મને ખ્યાલ આવ્યો કે, એ બહેન પાપના અપરાધભાવથી ખૂબ પીડાય છે. આવી પરિસ્થિતિમાં ખ્રિસ્તી લોકો સામાન્ય રીતે પ્રાયશ્ચિત સંસ્કારનો આશ્રય લઈને પ્રાયશ્ચિત સાંભળનાર પુરોહિત પાસે જઈને પોતાનાં પાપનો એકરાર કરવા સાથે યોગ્ય સલાહસૂચન કે કાઉન્સેલિંગ મેળવે છે. સમાધાન સંસ્કાર અંગે આવા સ્પષ્ટ ખ્યાલ વિના એ બહેને મને કન્ફેશન વિશે પૂછ્યું હશે એવું હું માનું છું.

પાપ અંગેના સ્પષ્ટ ખ્યાલ અને પશ્ચાત્તાપ સાથે પ્રાયશ્ચિત કરનાર વ્યક્તિ પ્રાયશ્ચિત સંસ્કાર માટે પ્રભુ ઈસુના પ્રતિનિધિ ધર્મગુરુ પાસે જાય છે અને પાપનો એકરાર કરે છે. પોતે કરેલાં પાપ માટે માણસ મનમાં દુઃખ અનુભવીને પાપને ધિક્કારવા અને સુધારવાના નિર્ણય લે છે. આમ, પશ્ચાત્તાપ કરનાર વ્યક્તિ પુરોહિત આગળ પોતાના પાપનો એકરાર કરે છે.

ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં પશ્ચાત્તાપ, અપરાધની લાગણી અને પ્રાયશ્ચિતનો સુંદર દાખલો આપણને વાંચવા મળે છે. ગાંધીજીએ બાળપણમાં બીડી પીવા, માંસ ખાવા અને ચોરી કરવા જેવાં પાપો કર્યાં હતાં. અને એને કારણે કિશોર ગાંધીએ અપરાધની ઊંડી લાગણી અનુભવી હતી. અને એટલી હદ સુધી ગાંધીજી અપરાધની ઊંડી લાગણી અનુભવતા હતા કે, ગાંધીજી મૌખિક રીતે પોતાનાં પાપનો એકરાર કરી શકતા નહોતા. એટલે તેમણે પાપના અપરાધના ભારથી પીડાઈને પોતાની આત્મકથામાં લખ્યું છે, ''અમે તો આપઘાત કરવાનો નિશ્ચય કર્યો!'' (નવજીવન ટ્રસ્ટ ૨૦૦૬, પૃ-૨૨)

ગાંધીજીનું સદ્‌ભાગ્ય કે એમના અંતરાત્માની પ્રેરણાથી એમણે બધાં પાપો એક કાગળ ઉપર લખીને એકરાર કરી લીધો અને બીમાર બાપુજીના હાથમાં લખેલી એ ચિઠ્ઠી આપીને પોતાનાં પાપોની કબૂલાત કરી. બાપુજીના પગે પડીને તેઓ રડી પડ્યા અને પાકો નિર્ણય કર્યો કે, ભવિષ્યમાં આવું પાપ ન કરવું. સમાધાન સંસ્કારમાં ફરી પાપ ન કરવાનો દૃઢ નિર્ણય હોય છે.

મને ફોન કરનાર બહેનનાં પાપ કે 'કન્ફેશન' ના ખ્યાલ અંગે મને કંઈ ખબર નથી. પ્રાયશ્ચિત સંસ્કાર તો એ સંસ્કારને બરાબર સમજનાર ખ્રિસ્તી લોકો સુધી જ સીમિત છે. પણ હું માનું છું કે, એ બહેન પણ પોતાનાં પાપોથી કે પોતાના અપરાધની ઊંડી લાગણીથી મુક્તિ મેળવવા અંગે યોગ્ય સલાહસૂચન મેળવી શકે છે. જરૂર લાગે તો માર્ગદર્શન કરનાર કોઈ પુરોહિત કે સલાહસૂચન આપનાર કોઈ કાઉન્સેલરના માર્ગદર્શનથી પાપમાંથી મુક્તિ મેળવીને સુધારાના રસ્તે પોતાનું જીવન આગળ ધપાવી શકે છે.

ઈશ્વર પર શ્રદ્ધા રાખનાર વ્યક્તિ માટે શ્રદ્ધા જ યોગ્ય પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડી શકે છે. ખ્રિસ્તી લોકો ઈશ્વરને બાપ કે પિતા કહીને સંબોધે છે અને પોતાને ઈશ્વરપિતાનાં જ સંતાનો

સમજે છે. જોકે, મારા મુસ્લિમ બંધુઓને ઈશ્વરને 'પિતા' કહેવામાં વાંધો છે. થોડા વખત પહેલાં મેં અંગ્રેજીમાં વાંચેલા એક પુસ્તકની વાત યાદ આવે છે. એ પુસ્તકમાં એક મુસ્લિમ બહેન બિલ્કીસ શેખની ધર્મપલટો કરીને ખ્રિસ્તી ધર્મ સ્વીકાર કરવાના સાહસની વાત છે. એનું શીર્ષક છે : 'I Dared To Call Him Father' મેં એને (ઈશ્વરને) પિતા કહેવાની હિંમત કરી.

બિલ્કીસ શેખના આત્મકથાના પુસ્તકમાં ભગવાનને ઈશ્વરપિતા તરીકે સ્વીકારવામાં એમણે સામનો કરેલા પડકારો અને જોખમોની વાત સાથે ઈશ્વરને પિતા તરીકે સ્વીકારવામાં પોતે અનુભવેલી હિંમતની તથા આધ્યાત્મિક શાંતિની વાત છે. ઈશ્વરપિતા અને ખ્રિસ્તી ધર્મ સાથેના સંબંધની વાત છે.

બાઈબલમાં કહ્યું છે તેમ, ખ્રિસ્તી લોકો ઈશ્વરપિતાને પ્રેમસ્વરૂપ માને છે, પ્રેમની પ્રતિમૂર્તિ માને છે. ઈસુ ખ્રિસ્તના સમગ્ર જીવનનો સંદેશ હતો કે, ઈશ્વર આપણા પિતા છે અને આપણે બધાં એનાં સંતાનો છીએ. આપણે પાપ કરીએ ત્યારે આપણને ખોટું કર્યાનું ભાન થાય છે. આપણને અંતરાત્માના અવાજથી દુઃખ થાય છે, પીડા થાય છે. એ રીતે આપણી ઉપર અઢળક પ્રેમ રાખનાર ઈશ્વરપિતાને પણ દુઃખ અને અપરાધની તીવ્ર લાગણી અનુભવનાર વ્યક્તિના દયાળુ પિતા તરીકે સમજી શકીએ.

ભારે ગુનો કે અત્યાચાર કર્યાની ઊંડી લાગણી માણસને હચમચાવી શકે છે. અપરાધ અને હતાશાની લાગણીથી પીડાતો માણસ જીવનમાં જ આશા ખોઈ શકે છે અને આત્મહત્યા જેવાં પગલાં ભરી શકે છે. આવા લોકો, બધા માણસો, વિશેષ તો પાપી લોકો ઈશ્વરનો અનહદ પ્રેમ પામી શકતા નથી. એટલે ઈશ્વર પર ભરોસો રાખી શકતા નથી.

ભારે અપરાધની લાગણીથી નિરાશાની ગર્તામાં સપડાયેલા માણસે પોતાના માટે પ્રેમસ્વરૂપ ઈશ્વરના અચલ પ્રેમને પારખવા અને સ્વીકારવાની તાતી જરૂર છે. કોઈપણ પાપી માણસ પાપ અને હતાશાનો રસ્તો છોડીને પ્રેમસ્વરૂપ ઈશ્વરપિતા તરફ વળી શકે છે. તેઓ બાઈબલમાં આપેલા ઉડાઉ દીકરાની જેમ પોતાના ગુનાનો પશ્ચાત્તાપ કરીને પૂરા ભરોસાથી પોતાના ઈશ્વર પિતા તરફ વળી શકે છે. ઈશ્વર પિતા તો ઉડાઉ દીકરાના પિતાની જેમ ફેલાયેલા હાથે પાપી માણસને આવકારવા હંમેશાં તત્પર રહે છે.

સમાધાન સંસ્કાર દ્વારા ખ્રિસ્તી ધર્મગુરુ પાપી માણસ માટેની ઈશ્વરની કરુણા અને બિનશરતી પ્રેમનો અને માફીનો સંદેશ આપે છે. ઈશ્વરનાં પ્રેમ, કુટુંબ અને માફીમાં અટલ શ્રદ્ધા રાખીને પાપી માણસ પશ્ચતાપી દિલે પોતાનાં પાપોમાંથી મુક્તિનો અનુભવ કરે છે. સમાધાન સંસ્કારનું એ હાર્દ છે.

પાપી માણસ ઈશ્વર પરની પોતાની શ્રદ્ધાથી જાણે છે કે, એના પરનો ઈશ્વરનો પ્રેમ એનાં પાપ કે પુણ્ય પર આધારિત નથી. ઈશ્વરનો માણસ પરના પ્રેમનો આધાર ખુદ ઈશ્વર પોતે છે. કારણ, ઈશ્વરે બિનશરતી પ્રેમથી એને સર્જ્યો છે. તે સ્વીકારે કે ના સ્વીકારે પણ ઈશ્વરનો એના માટેનો પ્રેમ હરહંમેશાં એની સાથે છે જ. એક માનવપિતા ખૂબ પ્રેમ અને સમજૂતીથી પોતાના બાળકની સંભાળ રાખે છે. એથીય વિશેષ પ્રેમ અને દયાથી ઈશ્વર પિતા પાપી માણસની સારસંભાળ રાખે છે, એને માફી આપે છે.

આ શ્રદ્ધાને પોષવા માટે અને ગમે તે પરિસ્થિતિનો સામનો કરવા માટે બાઈબલની કેટલીક ઉક્તિઓ કોઈ પણ માણસ માટે મદદરૂપ થઈ શકે છે. "બીશો નહિ", "ડરીશ નહિ", "ગભરાશો નહિ" બાઈબલની એવી ઘણી ઉક્તિઓમાંથી માણસ પ્રેરણા અને હિંમત મેળવી શકે છે. અહીં મારે માટે પ્રેરણારૂપ ચારેક ઉક્તિઓ ઉતારું છું. "જો, મેં તારા નામનું છૂંદણું મારી હથેળી ઉપર છૂંદાવ્યું છે. તારા કોટકાંગરાને હું સતત સંભાર્યા કરું છું" (યશાયા ૪૯, ૧૬). "ખાતરી રાખજો કે યુગના અંત સુધી સદા તમારી સાથે છું" (માથ્થી ૨૮, ૨૦.) "તમે મારા મિત્ર જ છો" (યોહાન ૧૫, ૧૪) "હિંમત રાખો, એ તો હું છું, બીશો નહિ" (માથ્થી ૧૪, ૨૭) ■

## અરીસો... ખૂણો અને બેટરી

**(અનુસંધાન : પાના નં.-૩૬ ઉપરથી ચાલુ)**

એમણે કોન્ફરન્સમાં બધા પાસે આંખો બંધ કરાવી અને સેલાર પાસે પણ. પછી એમણે પેકેટ ખોલી જે વસ્તુ હતી તે એના ગળામાં પહેરાવી દીધી અને પછી બધાંને આંખો ખોલવા કહ્યું. બધાંએ જોયું કે એના ગળામાં કંઈક પહેરાવ્યું હતું. બધા ડોક્ટરોને થયું કે શું બજરબટ્ટ મંત્રાવીને લાવ્યા હશે કે? દૂરથી બધાં એને જોવા માંડ્યા પણ...કોઈને બજરબટ્ટ ક્યાંય દેખાયું નહીં. ધ્યાનથી જોયું તો પણ...

પણ...આશ્ચર્ય વચ્ચે એ વસ્તુએ તો જાદુઈ અસર કરી. સેલાર તો એને છાતી ઉપર મૂકી, છાતીને દરેક જગ્યાએ દબાવવા માંડ્યો. પછી તો...પગ ઉપર, હાથ ઉપર, સાથળ ઉપર તેમજ ગળા ઉપર અને માથા ઉપર પણ...

એ તો ખુશ ખુશ થઈ ગયો. એ પછી એ બધા જ સાથે સ્વાભાવિક રીતે જ બોલવા માંડ્યો. બધાને ઘણી જ નવાઈ લાગી. એના હાસ્યની નિર્દોષતા જોઈને બધા જ આનંદિત થઈ ગયા.

બધાએ બાપુજીનો આભાર માન્યો. કામ પાર પડ્યું હોવાથી બાપુજી જવા માંડ્યા ત્યારે તરત જ : 'Thank you બાપુજી...Thank you very much...દાદાજી...પધારજો...'

સેલારના આભારના આવા બધા શબ્દો સાંભળી ઘરનાં બધાં જ આભા થઈ ગયા સાથે બાપુજી પણ...અને પરદેશથી આવેલા ડોક્ટરો પણ...

અને સેલાર તો શું ખબર...કેવી રીતે પણ...સ્વસ્થતા અનુભવવા માંડ્યો. ■

સમાજ ચિંતન

# સંબંધોના સથવારે
# સંસાર સાગર

ઇલા. કે. શાહ

હું શાક લેવા જતી હતી, ત્યાં સામેથી મંગુબા આવતાં દેખાયાં. તેમનું શરીર ખૂબ કૃશ થઈ ગયેલું જણાતું હતું. ધીમે - ધીમે લાકડીને ટેકે તે ચાલતા આવતાં હતા. નજીક આવ્યા એટલે મેં પૂછ્યું : "કેમ છો, બા? તબિયત સારી રહે છે ને?"

"હા દીકરી! પરભુની (ઇશ્વરની) મે'રબાનીથી હમણાં તો સારું છે. જો ને આ મંદિર જઈ આવી. પંદર દા'ડાથી મારા નાના દીકરા નિનાદને ત્યાં આવી છું." મંગુબાએ જવાબ આપ્યો.

"તો હેં બા, તમે કાયમ માટે તમારા મોટા દીકરા વિનોદભાઈને ત્યાં રહેતા હો તો? આટલી અવસ્થાએ આવ-જા કરવી ન પડે ને?" મેં કહ્યું.

"દીકરી, તને શું કહું? ચારેય દીકરાઓને સુખ-દુઃખ વેઠીને મોટા કર્યા, વહુઓય આવી. બધાંજ સુખી છે. પણ એક આ ઘરડી 'મા' ને રાખવા કોઈ તૈયાર નથી." કહેતાં મંગુબાની આંખો ભીની બની.

મેં કહ્યું : "તો શું થોડા દિવસે ઘર-બદલો કરવાનો?"

"હા, વારા બાંધ્યા છે. શું કહું તને? ત્રણ ત્રણ મહિને મારે ચારેયને ઘેર જવાનું ને રહેવાનું. ફાવે કે ન ફાવે. તબિયત બરોબર હોય કે ન હોય, કશું જ વિચારવાનું નહિ. મોંઘવારી તેઓને બેફામ ખર્ચ કરવામાં નથી નડતી. માત્ર આ મા ને રાખવા માટે તેઓને ખર્ચ પૂરો થતો નથી. કોઈને ય પોષાતું નથી. તારા કાકા હોત ને તો જુદું ઘર રાખી બંને જણ ભગવાનનું નામ લેતાં સુખેથી રહેત. પણ મારાં ભાગ્ય જ ફૂટેલાં છે તો શું કરવાનું?" મંગુબાએ ખુલાસો કર્યો.

"વાહ! આ તે કઈ કોર્ટનો ન્યાય! એક વૃદ્ધ માએ પેટે પાટા બાંધી આટલે પહોંચાડ્યા. તે શું આ દિવસો જ જોવા માટે?" હું મનોમન બબડી. ચાર દીકરાને મા-બાપ રાખી શકે, પરંતુ એક ઘરડી મા ને ચાર દીકરા રાખી શકતા નથી. કેવી વાત કહેવાય... મેં મંગુબાને સાંત્વન આપ્યું ને કહ્યું : "કોઈવાર મારે ઘેર જરૂર આવજો હોં." આટલું કહેતાં મારી આંખો ભીની બની.

હું આ પરિસ્થિતિનો વિચાર કરતી આગળ આવી ત્યાં તો ક્યાંકથી જડબાતોડ સંવાદો કાને પડ્યા.

"તમારે હવે કેટલા દિવસની મુદત બાકી છે? જેમ બને તેમ જલ્દી તમે આ ઘરમાંથી બહાર નીકળો. મારે હવે વધુ દલીલ ન જોઈએ."

આ સંવાદ કોઈ ઘરધણી કે ભાડુઆત વચ્ચેનો નહોતો. આ તો સ્વચ્છંદી બનેલ એક દીકરો તેના મા-બાપને કહી રહ્યો હતો. એ સમજુબેનનું ઘર હતું. સમજુબેન તેમના બે દીકરા અને બે દીકરી સાથે રહેતાં હતાં. તેમનો આ મોટો દીકરો સુધીર પ્રેમલગ્ન કરી ઘરમાં આવ્યો હતો. માતા-પિતાએ ઉદાર દિલ રાખીને તેને આવકાર્યો હતો. પણ બન્યું એવું કે તેના પિતા નાદુરસ્ત તબિયતને કારણે નોકરી કરી શકે તેમ નહોતા. બધી જવાબદારી સુધીરને માથે આવી હતી. સમજુબેને એક દીકરીને પરણાવી હતી. સુધીર આ કાળઝાળ મોંઘવારીમાં બધા ખર્ચા કરતો હતો. માત્ર માતા-પિતા જ તૂટેલા ફર્નિચર જેવાં લાગતાં હતાં. તે ફરજનું ભાન ભૂલ્યો. તે આ પરિસ્થિતિથી કંટાળ્યો. ને મા-બાપને ઘરમાંથી બહાર કાઢવા તત્પર બન્યો.

દીકરાનું આવું વર્તન જોઈ સમજુબેનનું હૈયું વલોવાઈ ગયું. તેમની પાસે બીજી કોઈ મૂડી પણ નહોતી. બીજે ઘર મળવું મુશ્કેલ હતું. ને મળે તો ભાડું ક્યાંથી લાવે? હજી એક દીકરો-દીકરી સાથે હતાં. બીમાર પિતા હતા તો શું કરી શકે? દીકરાની લાગણીના તંતુ તૂટવા માંડ્યા હતા. તે તો વધુ જોરથી ઘૂરકતો હતો, હવે વધુ દિવસ રાહ નહિ જોવાય. જલ્દીથી અમુક દીકરાની મુદત રાખી અહીંથી જાઓ."

બિચારાં સમજુબેન શું કરશે? મનમાં દુઃખી થતાં કહેશે કે આના કરતાં દીકરા જ ન થયા હોત તો સારું! આવા દિવસો જોવા જ ન પડત.

ગંગાબાની વાત હજી તાજી હતી, ને ત્યાં આવા ક્રૂર સંવાદો કાને અથડાયા. મારા હૃદયમાં ઘેરો ઊહાપોહ મચી ગયો. આ શું? જો માતા-પિતાને દીકરા તરફથી આ જ લાભ મળવાના હોય તેમના દિલમાં કેવા પ્રત્યાઘાત પડતા હશે? આવા દીકરા કદી સુખી ન થાય. મા-બાપના ચરણોમાં તો સ્વર્ગ છે. માતાનો ખોળો તો પ્રેમની યુનિવર્સિટી કહેવાય. મા-બાપના નિઃસ્વાર્થ સ્નેહની શું તેને ખબર નહીં પડતી હોય?

જમાનો બદલાયો છે કેટલાંય એવાં કુટુંબ છે કે જ્યાં મા-બાપને ખૂબ પ્રેમથી સાચવતાં હોય છે. જ્યારે એવા પરિવાર પણ છે કે જેમાં સંસાર સાગરમાં માતા-પિતા દુઃખરૂપી મોજાંમાં ઊછળતાં હોય છે. દીકરાઓ તરફથી આવતો પીડાઓનો, દર્દનો વંટોળ તેઓને દર્દભરી ચીસો સાથે ઝોલાં ખવડાવે છે. સંબંધોની માયાજાળ તે આનું જ નામ કહેવાય. ■

સમાજ ચિંતન

# તમે ફોન કરો!

ડૉ. સુધીર ચી. મોદી

મારા દવાખાનામાં વારો આવતાં શંકરભાઈ મારી કેબિનમાં આવીને બેઠા. મેં પૂછ્યું, 'બોલો શંકરભાઈ, શું તકલીફ છે?'

'સાહેબ, મારા દીકરાને ફોન કરો.'

'શંકરભાઈ, તમારા શરીરને શું તકલીફ છે?'

'ના સાહેબ, તમે મારા દીકરાને ફોન કરો.'

'અરે શંકરભાઈ! પહેલાં તમારી તબિયતની વાત કરોને.'

'સાહેબ, તમે મારા દીકરાને ફોન કરોને!'

છતાં મેં ધીરજ રાખીને કહ્યું : 'તમારા દીકરાને ફોન કરીશું. તે પહેલાં તમારી તકલીફની વાત કરો.'

'સાહેબ, ચાર દિવસની તમારી દવાને કારણે મારો તાવ તો ગયો. ખાંસી ઓછી થઈ ગઈ છે. હવે સારું છે. પરંતુ તમે મારા દીકરાને ફોન કરી, તેને લડો. તેનો નંબર આપું.'

વારંવાર તેમની ફોન કરવાની માંગણીને કારણે મેં થોડો રસ લીધો.

'એવું તો શું છે કે મારે તેને લડવું પડે?'

'સાહેબ, તમારી સામે જ તમારી સારવાર લેતો મોટો થયો છે. માટે તમારું સાંભળશે.'

'તે વાત સાચી. પરંતુ મારે તેને શા માટે ફોન કરવાનો? અને પાછું તેને લડવાનું?'

'સાહેબ, તેનો નંબર આપું. કહી નંબર બોલવા લાગ્યા.'

તેમના સંતોષ ખાતર મેં કાગળ પર તેમના દીકરાનો નંબર લખ્યો.

તેઓ આગળ બોલ્યા : 'જુઓ સાહેબ, તે ઘણું સારું કમાય છે. તેની પાસે બે ટેમ્પા અને એક રીક્ષા છે. રોજના બે-એક હજાર તો કમાતો હશે. પરંતુ તેને મારા માટે હું બીમાર હતો ત્યારે બે ફ્રુટ લાવવાનું પણ મન થતું નથી. "લો બાપુજી, તમારી તબિયત સારી નથી તો આ ફ્રુટ લો." તે ઉપરાંત મારી પાસે આવીને પાંચ મિનિટ પણ શાંતિથી બેસતો નથી.'

'જુઓ શંકરભાઈ, આજના સમયમાં બધા દોડતા થઈ ગયા છે. દોડાદોડ જિંદગીનો ભાગ બની ગઈ છે. પાછા તમે તો ભગત માણસ છો. જેટલી અપેક્ષા રાખો, તેટલા વધારે દુઃખી થવાના.'

'સાહેબ, તમારી વાત સાચી છે. ભજનમાં હું સરસ મંજીરા વગાડું છું અને ભક્તિમાં ડૂબી જાઉં છું. બધુંય સમજું છું. પણ માનવ મન તો તમે જાણો છો ને! તેને અસર તો થાય જ છે. મારા ઘરવાળાના ઉપર ગયા બાદ ખૂબ લાડકોડથી મેં તેને મોટો કર્યો. તેને જરા પણ કંઈક થાય તો દોડતો તમારી પાસે લઈ આવતો હતો. આ ઉંમરે તેની પાસે એટલી તો આશા રાખું ને! મારી પાસે પાંચ મિનિટ બેસીને વાત કરે. હું તેની પાસે હજુ સુધી પૈસા માંગતો નથી. મારી જાતે રળી લઉં છું.'

'હા, તમારી બધી વાત સાચી છે પરંતુ આ કળિયુગમાં આવું જ બને છે. માટે મન મોટું રાખવું અને આનંદથી જીવવાનું.'

'હા સાહેબ, આ બધ વાતો સારી અને સાચી છે પરંતુ તેનો અમલ કરવો ઘણો અઘરો છે.'

'તો પછી બીજો શું ઉપાય? કાયમ દુઃખી રહ્યા કરવું?'

'હા સાહેબ, તે વાત પણ સાચી. દુઃખી રહીને જીવવા કરતાં જે મળે તેમાં આનંદ સાથે પ્રભુમાં રહેવું સારું.'

આમ તેમના મનનું સમાધાન થયું. તેમના ગયા બાદ આ કુટુંબ મારી નજર સમક્ષ આવી ઊભું.

શંકરભાઈનું કુટુંબ છેલ્લા ૨૪ વર્ષથી મારે ત્યાં આવે. સર્વપ્રથમ તો તેમના સાસુને લઈને આવેલા, જે નવરંગપુરા ગામમાં રહેતા હતા. તેમને સારું થયા બાદ કુટુંબના બધા સભ્યો પૂરા વિશ્વાસ સાથે સારવાર માટે આવતા થઈ ગયા. શંકરભાઈ નાનો ધંધો ચલાવીને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે. ભગત માણસ એટલે મહિનામાં છ-સાત દિવસ તો ભજન મંડળીમાં પહોંચી જાય. સરસ મંજીરા વગાડતાં ભજનમાં રંગત લાવી દે. તેમના પત્ની સંતોકબેન થોડા વહેલા દેવ થઈ ગયા. શંકરભાઈએ પૂરા લાડથી દીકરાને મોટો કર્યો. ભગત માણસ, એટલે કાયમ વિવેક માન મર્યાદાથી વાત કરે. પંરતુ આજે તો શંકરભાઈનું જુદુ રૂપ જોવા મળ્યું. એટલા બધા અકળાયેલા અને વ્યથિત હતા કે જાણે પોતાનના મનનો ઉભરો બહાર કાઢવા જ મારી પાસે આવ્યા હતા.

મારું મન પણ ફરી વિચારે ચઢી ગયું. મોટી ઉંમરે મા-બાપને સંતાનો તરફથી થોડી લાગણી અને હૂંફની ખૂબ જરૂર હોય છે. સંતાન સાંજ પડે પાંચેક મિનિટ અથવા અઠવાડિયામાં બે-ત્રણ વાર પણ તેમની પાસે બેસીને વાત કરે તો પણ તેમને ઘણો સંતોષ

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૩ ઉપર)

પ્રેરક પત્ર

# આપણી લડાઈ આપણે જ લડવાની છે

અવંતિકા ગુણવંત

*આદરણીય સ્નેહી વાચક મિત્રો,*

સતત લખાતાં મારાં લખાણોમાં હું માણસ અને જીવન વિશે લખું છું. માણસ અને માણસનું જીવન મારા પ્રિય વિષયો છે. આ પુસ્તકમાં મેં જીવનના ત્રીજા અને ચોથા તબક્કા વિશે લખ્યું છે.

મિત્રો, તમે બોલી ઊઠશો કે જીવનનો ત્રીજો અને ચોથો તબક્કો એટલે નિવૃત્તિકાળ, વૃદ્ધત્વ. આ તબક્કે વ્યક્તિ પરવશ અને લાચાર હોય છે. તમારી વાત સાચી છે, થોડા દસકાઓ પહેલાં આ તબક્કો લાચારીનો હતો પણ અત્યારે એવું નથી. દાક્તરી વિજ્ઞાને પ્રગતિ કરી છે તેથી વૃદ્ધાવસ્થાની પરવશતા ખાસ રહી નથી. દાંત નથી તો ચોકઠું વાપરો, ચલાતું નથી તો વોકર અને વ્હીલચેર વાપરો, કાને ઓછું સંભળાતું હોય, માથે વાળ આછા થઈ ગયા હોય આંખે ઓછું દેખાતું હોય તો ય આધુનિક વિજ્ઞાન પાસે આ બધી તકલીફોના ઉપાયો છે. માટે વૃદ્ધત્વ-નિવૃત્તિકાળ એ તો જીવનનો અંત નહીં પણ નવજીવનનો આરંભ છે.

આપણે જાણીએ છીએ કે વૃદ્ધાવસ્થા કુદરતનો અફર નિયમ છે, વૃદ્ધાવસ્થા એક શારીરિક પરિવર્તન છે. ઉંમર થાય એટલે વૃદ્ધાવસ્થાનાં લક્ષણો દેખાય જ દેખાય. માણસે વૃદ્ધ થવું કે યુવાન રહેવું એ એણે પોતે નક્કી કરવાનું છે.

મનુષ્યની કર્મેન્દ્રિયો છેક સુધી એટલે કે સો વર્ષ સુધી બરાબર કામ આપે એવી સક્ષમ હોય છે. આપણને મળેલી કુદરતની એ અદ્‌ભુત ભેટ છે. માણસ જો આપણા પ્રાચીન ઋષિમુનિઓએ પ્રબોધેલી જીવનશૈલી સ્વીકારે તો સો વર્ષ સુધી સક્રિય રહી શકે છે અને નિવૃત્તિકાળ એટલે કે વૃદ્ધાવસ્થા સૌંદર્ય, માધુર્ય અને ગૌરવથી છલકાતી ઓજસ્વી, સમૃદ્ધ અને દેદીપ્યમાન રહેશે, તો પછી નિવૃત્તિકાળ એટલે કે વૃદ્ધાવસ્થાથી ડરવાનું શું કામ? આપણા શરીરમાં જે પરિવર્તન આવે એને સહર્ષ સ્વીકારીને હળવા શું કામ ન રહીએ? હા, દરેક અવસ્થાની જેમ વૃદ્ધાવસ્થાના ઘણા પ્રોબ્લેમ્સ હોય છે પણ આપણે આપણી ક્ષમતા અને સમય મુજબ જિંદગીનું આયોજન કરતા રહીએ તો પ્રોબ્લેમ્સ ઓછા ઉદ્‌ભવે.

આપણે ધારીએ તો વૃદ્ધત્વને એટલે કે નિવૃત્તિકાળને અમૃતમય બનાવી શકીએ. સવાલ જીવન દૃષ્ટિનો છે, જીવન દર્શનનો છે. જીવન જીવવાની એક કળા છે. પૈસાના અભાવમાંય આનંદ શોધો તો આનંદ મળશે. પથારીવશ વ્યક્તિ પણ સુમધુર કંઠે ગાઈને પોતે પ્રસન્ન થાય છે અને ચોપાસનું વાતાવરણ પ્રસન્નતાથી છલકાવી શકે છે. જીવનને આનંદમય સફળ બનાવવા ખાસ ચિંતનભરી જીવનદૃષ્ટિ જોઈએ. નવું નવું શીખવા માટે સદા પ્રવૃત્ત રહેવું જોઈએ. યાદ રાખો કે નિવૃત્તિ એટલે નિષ્ક્રિયતા નહીં. વૃદ્ધાવસ્થા અભિશાપ નથી.

ઉત્તરાવસ્થામાં ઘણા સંબંધો છૂટી ગયા હોય છે. જવાબદારી લગભગ પૂરી થઈ ગઈ હોય છે, ત્યારે આપણે આપણા પોતાના આગવા સત્ત્વ, અભિગમ, અભિરૂચિ, માન્યતા, વિચારો અને પૂર્વગ્રહોનું વિવેકપૂર્ણ આયોજન કરીએ તો, વાર્ધક્ય જિંદગીનું સ્વર્ણિમ શિખર બની શકે છે.

અહીં મેં જે લખ્યું એ બધું મારા સ્વાનુભવની વાત છે. મારી જિંદગીના સાડાસાત દાયકા પૂરા થયા છે, સંતાનો દૂર પરદેશમાં વસ્યાં છે, ભારતમાં અમે બેઉ પતિ-પત્ની જ છીએ પણ અમારાં મન ઉદાસ નથી, નિરાશ નથી, અમે પ્રસન્ન રહીએ છીએ.

કેવી રીતે કેમ અમે પ્રસન્ન રહી શકીએ છીએ? કારણ કે નિષ્ઠાપૂર્વક મનગમતી પ્રવૃત્તિ કરીએ છીએ. સંજોગો તો બદલાતા રહે છે, ક્યારેક અણગમતું ય બને પણ મન નારાજ નથી થતું. મન મક્કમ છે અને એ શંકા, કુશંકા, વહેમ અને નકારાત્મક વિચારોથી દૂર રહે છે.

અહીં એક વાત યાદ આવે છે કે સ્વભાવ વારસાગત હોય છે. મારાં બા-બાપુજી સ્વભાવે આશાવાદી અને ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવતાં હતાં. સંકટ સમયે, મોટા નુકસાનની વેળાએ ય તેઓ ઉદાસ કે નિરાશ થતાં નહિ. બા-બાપુજીનો જીવનસંઘર્ષ અને સત્ત્વશીલ જિંદગી મેં નજરે જોયાં છે. કટોકટીની પળોમાંય એમણે બીજાને સહાય કરી છે. તેઓ મારાં પ્રેરણાસ્રોત છે. એમણે મનની પ્રસન્નતા કદી ગુમાવી ન હતી, નકારાત્મકતાથી કાયમ તેઓ દૂર રહ્યાં હતાં.

મિત્રો, આપણે ય આપણી નવી પેઢી માટે પ્રેરણાસ્રોત બનવાનું છે એ કદી ભૂલશો નહીં.

આ પુસ્તક ભલે મેં વૃદ્ધાવસ્થા વિશે લખ્યું પણ પુસ્તકનાં લખાણો બધી જ ઉંમરની વ્યક્તિઓને રસ પડે તેવાં છે. આજે

સિનિયર સિટીઝન્સની સંખ્યા વધતી જાય છે, જીવનકાળ લાંબો થતો જાય છે, ત્યારે દરેક વ્યક્તિએ વૃદ્ધાવસ્થાને વધાવવાની તૈયારી અત્યારથી કરવી જોઈએ.

તમને અને મને વાર્તા ગમે છે તેથી વૃદ્ધાવસ્થા વિશે મારે જે કંઈ કહેવું છે એ મેં વાર્તામાં ગૂંથી લીધું છે. આ વાર્તાઓ તદ્દન સાચી છે, માત્ર નામઠામ બદલ્યાં છે. માત્ર હકીકત ક્યારેક શુષ્ક અને કંટાળાજનક લાગે છે, વિચારોનું અમૂર્ત આલેખન ક્યારેક નીરસ લાગે તેથી મેં વાર્તાઓનો - દૃષ્ટાંતોનો સહારો લીધો છે અને મારે જે કહેવું છે એ કહ્યું છે.

યુવાન વાચકોને ખાસ એક વિનંતી કે તમે ધારો તો તમારા નિવૃત્તિકાળને વસંતમાં ફેરવી શકો છો. એ માટે પુસ્તકનાં લખાણો ધ્યાનથી વાંચો. દીવો જૂનો થાય પણ એનો પ્રકાશ કદી જૂનો નથી થતો. આપણાં મન, બુદ્ધિ, આત્મા કદી વૃદ્ધ નથી થતાં. તેઓ તો ચીર યૌવનનું વરદાન પામ્યાં છે. તેઓ કદી પાનખરમાં ફસાતાં નથી.

વૃદ્ધત્વ વિશેની વાતો લખ્યા પછી પણ કેટલુંક લખવાનું બાકી રહી ગયેલું લાગ્યું તેથી થોડાંક પ્રકરણ વાર્તાત્મક અંશવિહોણા લખાયાં છે. જન્મ અને મૃત્યુ આપણા હાથમાં નથી પણ જન્મ અને મૃત્યુ વચ્ચેનો ગાળો જેને આપણે જીવન કહીએ છીએ એ જીવન આપણા હાથમાં છે. એને ધાર્યા રૂપરંગ આપીને સમૃદ્ધ બનાવવું આપણા હાથમાં છે આપણે સભાનપણે મહેનત કરીએ તો જીવન એક પ્રેરણાદાયક વિકાસયાત્રા બની શકે. આપણે પૂર્ણરૂપે વિકસી શકીએ છીએ. આપણી ચેતનાનો સર્વાંગી વિકાસ થઈ શકે.

વૃદ્ધાવસ્થામાં ય અફસોસ કરતાં કરતાં લમણે હાથ દઈને 'ઘડપણ કોણે મોકલ્યું?' એવાં રોદણાં રડવાનો વારો ન આવે માટે જાગો, મિત્રો જાગો. વૃદ્ધાવસ્થાનું વસંતમાં પરિવર્તન કરવા તત્પર બનો. ■

## લઘુકથા : ધુમાડો

*– રેખા બી. સરવૈયા*

બદલાતી ઋતુઓની અસર વાતાવરણ ઉપર તો થાય જ છે પણ શું મનની પણ કોઈ ચોક્કસ મોસમ હોતી હશે? ઉંમરના વિભિન્ન પડાવ પર મનની પ્રક્રિયામાં કોઈ ચોક્કસ અસર થતી હશે ખરી?

પાછલી રાતના ઠારથી થીજી ગયેલી રાત હજી તો સૂરજની સાક્ષીએ ઊંઘમાંથી જાગે, ન જાગે ત્યાં પરોઢના આછા અજવાસમાં આદત મુજબ જ વહેલી-વહેલી જાગીને પોતાના રોજિંદા કામે વળગી ગયેલી ગાયત્રીના મનમાં વિચારો ચાલુ થઈ ગયા.

ગોળો વીછળતાં-વીછળતાં એની કોમળ આંગળીઓ અને હથેળી ટાઢાબોળ પાણી અને માટીનાં ઠરેલા ઠીકરાની ટાઢકને લીધે સાવ ઠીંગરાઈ ગયાં હોય એવું એણે અનુભવ્યું. એકલા હાથ જ કામ! હારે-હારે મનની અંદર પણ કંઈક ટીંગરાઈ ગયું હોય એવું પણ લાગ્યું. એ પોતે થીજી ગઈ હતી એક ટાઢી-બોળ ક્ષણમાં.

આ કામ તો એ હરરોજ કરતી જ ને! પણ રામ જાણે આજે શું થયું?

એનું મન કંઈક જુદા જ વિચારોની કેડી પર ડગ માંડી રહ્યું હોય એવું લાગતું હતું.

ગઈ રાતે વાળુ-પાણી કરીને ફળિયામાં તાપણું કરીને ફરતી કોરે બેસીને અલક મલકની વાતો કરતાં-કરતાં બાપુજીના શબ્દો, એના કાન સુધી પહોંચ્યા હતા...

'અરે...રામલા! ...તું હું નાખી દેવા જેવી વાત કરે છે!'

ક્યાં મારી દીકરી અને ક્યાં ઈવડો ઈ સારો! મારી દીકરીની ઈની હારે કોઈ હરખામણી જ ન હોય હું હમજ્યો તું? આઈવો મોટો હગપણની વાત કરવાવાળો! અરે, બોલતા મોર્ય પોતાની ઔકાત તો ઝોવી ઝોઈ કે નંઈ...મારી દીકરી તો રતન સે રતન...ઈ કંઈ કોઈ એરા-ગેરાની તાકાત સે તી ઈને હોંપી દઈ, હાસવવા!

રસોડામાં ઢાંકોઢબો કરી રહેલી ગાયત્રીના હાથ થંભી ગયા. એની અંદર કંઈક ગોટાઈ રહ્યું હોય, એવી મૂંઝવણ એની છાતીમાં થઈ રહી હતી. શરૂશરૂમાં તો એ બાપુજીની આવી વાતથી મનોમન ખૂબ પોરસાતી...પણ વરસો વીતતાં ગયાં, સમયનાં પોપડાં ખરતાં રહ્યાં...

લગ્નની ઉંમર આવી-આવીને વહી જવા લાગી અને તો પણ બાપુજીને ગાયત્રી માટે કોઈ જ મુરતિયો પસંદ નહોતો આવતો.

ગાયત્રીને ઘણી વાર મરતી માનાં વેણ સાંભરી આવતાં.. 'દીકરી! તારા બાપને હું જાણું એટલું કોઈ ના જાણે...મહા સુવારથી માણાહ સે...એકના એક જુવાન દીકરાની મિલકતમાંથી ફારેગ કરીને જે હંચોડું ગામ મુકાવી દ્યે...ઈ બીજું હું ન કરે! તું જોઈજે...પોતાની ઘડપણની લાકડી કરવાની લાલચે ઈ તને પૈણાઈવા વનાની અહીં એની સેવામાં ઘેર બેહારી ન રાખે, તો મને ફટ્ કે' જે...'

ભાઈ તો સાત સમુંદર પાર જતો રહ્યો હતો. જાતી જિંદગીએ કોઈ પણ ઠેકાણેથી દીકરી માટે આવી રહેલા માગાં કે મુરતિયામાં બાપુજીને કોઈને કોઈ દોષ દેખાતો અને વાત ભાંગી પડતી. બાપુજીના મિત્રના દીકરાની વાતથી એ રાજી થતી હતી, પણ એ વાત પણ ફસકી પડી હતી.

ચૂલામાં અર્ધુ સળગતું પડેલું લાકડું ધુમાડો કરીને આખાય રસોડાને તો ઠીક પણ પોતાની જાતનેય ગૂંગળાવી રહ્યું હતું. ગળામાં ગોટાતી ઉધરસને દબાવીને ગાયત્રીએ પાણિયારેથી લોટો લઈને અજબની ત્વરાથી અર્ધા સળગતાં લાકડાની ઉપર પાણી ભરેલો લોટો રેડી દીધો. કદાચ ધુમાડો અદશ્ય થાય પણ ખરો...

# પુનિત કથાઓ

ધર્મ મર્મ

સંત 'પુનિત'

## જીવદયાની જબરી ઉપાસના

મેવાડના મહારાણાની આંખો દુખે. એવી દુઃખે કે આંખનાં પોપચાં ઊંચાં ન થાય. આંખમાં કાળી બળતરા બળે. રાજવૈદ્ય ખડે પગે ઊભા રહેલા. કંઈ ને કંઈ ઓસડિયાં વાટ્યાં, આંખે બાંધ્યાં; પણ બળતરામાં કંઈ કહેતાં કંઈ જ ફેર ન પડ્યો.

પછી તો મહારાજાએ ઇનામ જાહેર કરાવ્યું કે જે કોઈ દુઃખતી આંખો મટાડશે એને સારું ઇનામ આપવામાં આવશે.

ઇનામની લાલચે કંઈ કંઈ વૈદ્યોએ પોતાનો કસબ અજમાવી જોયો; પણ હઠીલા દર્દે કોઈ કહેતાં કોઈને સહેજ પણ મચક ન આપી.

આખરે એક અનુભવી હકીમ આવ્યા. એમણે કહ્યું : 'રાણાજી, આપની દુઃખતી આંખ મટાડી આપવાનો કીમિયો હું જાણું છું.'

'હકીમજી, અનેક વૈદ્યો આવ્યા ને વીલે મોઢે પાછા ગયા. આપને વિશ્વાસ હોય અને દર્દ મટી શકે તેમ હોય તો આપ પણ ઉપાય અજમાવી જુઓ. આ દર્દથી તો હું તોબા તોબા પોકારી ગયો છું. ઘડીભર ચિત્તને ચેન નથી પડતું. ઉજાગરાથી તો આ આંખ પાકા ટેટા જેવી થઈ ગઈ છે. મહારાણાએ નિરાશ વદને કહ્યું.

'મહારાણાજી, મને એક વાર તક આપો. ઘણી વાર કિંમતી ઓસડિયાં નાકામયાબ નીવડે છે અને રસ્તાની ધૂળ પણ કામ કરી જાય છે.'

'ભલે. તમેય તમારું ઔષધ અજમાવી જુઓ.'

બીજે દિવસે હકીમજીએ ઔષધ તૈયાર કરીને મહારાણાની આંખમાં આંજ્યું. આંખમાં આંજતાંવેંત ઠંડક વ્યાપી ગઈ. દર્દ ઘટતું ગયું. સાંજ સુધીમાં તો આંખ હળવીફૂલ જેવી થઈ ગઈ. મહિનાઓના ઉજાગરા પછી આજે મહારાણા ઘસઘસાટ ઊંઘ્યા.

બીજે દિવસે, કહ્યા પ્રમાણે, મનમાન્યું ઇનામ આપીને હકીમજીને વિદાય કર્યા. હકીમજીને વિદાય લીધે એક - બે કલાક થયા અને મહારાણાને એક વાત સાંભરી આવી. અનુચરને આજ્ઞા કરી : પેલા હકીમને પાછા બોલાવી લાવો.'

અનુચર હકીમજીને પાછો બોલાવી લાવ્યો.

'રાણાજી, આ સેવકને કેમ પાછો બોલાવ્યો? વળી પાછું દર્દ ઊપડ્યું કે શું?'

'ના હકીમજી, આંખમાં તો ઠંડક ઠંડક થઈ ગઈ છે. પણ ભવિષ્યમાં કદાચ ઊપડે તો એ વખતે તમને ક્યાં ખોળવા જવા? માટે આ ઔષધ તમે કેવી રીતે તૈયાર કર્યું ને અમારે કેવી રીતે તૈયાર કરવું એ જરા સમજાવતા જાવ!'

'મહારાણાજી! આંખનું ઓસડ તૈયાર કરવામાં એક કબૂતર લેવાનું. એને મારી નાખી એનું લોહી એક વાટકામાં ભેગું કરવાનું. પછી...'

ત્યાં તો મહારાણાના મુખમાંથી કાળી ચીસ નીકળી ગઈ : 'હાં...હાં...હાં...હકીમજી! આ શું કહો છો? મારી આંખના દર્દ માટે તમે એક કબૂતરને માર્યું! તમે તો ગજબ ગુજાર્યો! આવું હતું તો મને પહેલાં કહેવું હતું ને! ઓસડ આંજવા કરતાં તો હું સોય ભોંકીને આંધળા થવાનું વધુ પસંદ કરત. તમે તો મારા દયાધર્મની હાંસી ઉડાવી!'

આ વાત સાંભળ્યા પછી મહારાણાનું દિલ-દર્દ વધી ગયું : 'મારાથી આ શો ગજબ થઈ ગયો!'

મહારાણાએ આ વેદના રાજ્યના ધૂરંધર પંડિતો પાસે ઠાલવી અને પૂછ્યું : 'કહો પંડિતો, જીવહત્યાનું પ્રાયશ્ચિત શું હોઈ શકે?'

પંડિતોએ રાજાના મનનું સમાધાન કરતાં કહ્યું : 'અજાણતા થઈ ગયેલા પાપનું પ્રાયશ્ચિત કરવાની જરૂર હોતી નથી.'

મહારાણાએ કહ્યું : 'નહિ, હવે તો મેં જાણ્યું ને! બતાવો, એનું પ્રાયશ્ચિત બતાવો. પ્રાયશ્ચિત્તમાં ભલે આ દેહ પડી જાય. જો તમે ગલ્લાંતલ્લાં કરશો તો આ વેદના જ મારા મોતનું કારણ બનશે.'

મહારાણાને મક્કમ જોઈ પંડિતોએ કહ્યું : 'રાણાજી, જીવહત્યાનું પ્રાયશ્ચિત કઠિન છે. કાં તો જીવતે જીવ ગંગામૈયાની ગોદમાં પોઢી જાઓ, કાં આપની જાત અગ્નિને સોંપી દો. નહિતર ધગધગતું સીસું પી દેહ પાડી દો. પ્રાયશ્ચિતના આ ત્રણ માર્ગ છે.'

મહારાણાએ સીસું પીને આત્મવિસર્જન કરવાનો માર્ગ પસંદ કર્યો. બીજે દિવસે પાપનું પ્રાયશ્ચિત કરવા મહારાણા ઊકળતું સીસું ગટગટાવી ગયા. એ સીસાએ એમની આખી હોજરી બાળી નાખી.

એક મામૂલી પ્રાણીના જીવ ખાતર શિશ દેનારા એ મહારાણાના વંશજો ત્યારથી 'સિસોદિયા'ના નામથી પંકાયા.

★

## મિતભાષિતા

મોઉ ત્સુ ચીનના એક અગ્રગણ્ય ફિલસૂફ હતા.

લોકોને સમજાવવાની તેમની રીત જ એવી કે તેમનું કહેવું લોકોને ગળે ઊતરી જ જાય!

શાસ્ત્રોની ગંભીર વાતો પણ તેઓ એવાં દૃષ્ટાંતો અને ઉપમાઓથી લોકોને સમજાવે કે લોકોને એ બધું શીરાની પેઠે સરળતાથી ગળે ઊતરી જાય.

એકવાર ત્સુ ચી નામનો એક માણસ તેમની પાસે આવ્યો અને બોલ્યો : 'મોઉ ત્સુ! મારે આપને એક પ્રશ્ન પૂછવો છે. મને વિચાર કરતાં લાગ્યું કે આપ સિવાય બીજું કોઈ એ પ્રશ્નનો જવાબ આપી શકે તેમ નથી. રજા આપો તો પ્રશ્ન પૂછું.'

મેઉ ત્સુ બોલ્યા : 'ભાઈ, અમારા લોકોનો તો એ ધર્મ છે કે લોકોના પ્રશ્નોનું સમાધાન કરવું. બોલ, તારો કયો પ્રશ્ન છે?'

પોતાનો પ્રશ્ન રજૂ કરતાં ત્સુ ચી બોલ્યો : 'મહાશય! બહુ વાતોડિયા થવામાં કશો માલ નથી, એવું લોકો કહે છે. તો આપ મને કોઈ ઉપમા દ્વારા એ વાત સાચી છે કે કેમ તે સમજાવો.'

મોઉ ત્સુ બોલ્યા : 'ભાઈ, સાંભળ! આપણે જોઈએ છીએ કે તળાવમાં દેડકાઓ આખો દિવસ ડ્રાઉ ડ્રાઉ બોલ્યા કરે છે, મચ્છરો પણ રાતદિન ગણગણ્યા કરે છે અને માખીઓનો પણ ગણગણાટ સતત ચાલુ રહે છે. ગળું સુકાઈ જાય ત્યાં સુધી તેઓનો ડ્રાઉ ડ્રાઉ કે ગણગણાટ ચાલુ રહે છે, છતાં કોઈ એમની પરવા કરતું નથી. એમના અવાજને કોઈ ગણનામાં લેતું નથી. હવે કુકડાનો દાખલો લઈએ. કૂકડો સવારે જ કૂકડે કૂક બોલે છે અને આખી દુનિયાને એના અવાજ પરથી ખબર પડી છે કે પરોઢ પ્રગટ્યું. આ એના એક જ વારના અને નિયમિત અવાજથી લોકો એના અવાજને મહત્ત્વ આપે છે અને એના અવાજનું મૂલ્ય અંકાતું રહે છે. એ જ રીતે બહુ બોલવામાં નહિ, પણ યોગ્ય સમયે અને ખપ પૂરતું જ બોલવામાં માણસની કિંમત થાય છે.'

★

*મહાન માણસ એ છે જે કોઈના પર સવાર થતો નથી અને જેના પર કોઈ સવાર થઈ શકતું નથી.*

*– ખલિલ જિબ્રાન*

## સંતની સુવાસ

*'છપ્પન ભેગાં ચાર ગયાં, દાન, માન ને દીવો;*
*સગામાંથી સગપણ ગયું, જીવવું હોય તેમ જીવો.'*

ગામ હજી છેટું હતું. ગાડા-રસ્તાની બેય બાજુ ખેતરો અને વાડીઓ નિસાસા નાખતી ઊભી હતી. ધરતી છપ્પનિયા દુકાળનો ભોગ બનીને આંસુ સારતી ઊભી હતી. ખેતર અને વાડીઓમાં વાવવા જેવું તો કંઈ હતું જ નહિ, છતાં જગતના તાત ખેડૂતોને ધરતી માતાની ગોદ વિના, ઘરમાં નવરા બેસી રહેવાનું ગોઠતું નહોતું.

કેડી ઉપરથી ત્રીસી વટાવી ગયેલી એક બાઈ ચાલી જતી હતી ને પડખેના ખેતરમાં કોઈ ખેડૂત સમય વિતાવવા માટે જ કામ કરતો હતો ને દોહરા લલકાર્યે જતો હતો.

છપ્પનિયા દુકાળની બધી જ વરવાઈ જાણે આ એક જ દોહામાં આવીને સમાઈ આભ જેવા ઉજ્જડ કપાળવાળી એ બાઈ નસીબની મારી દુખિયારી જણાતી હતી.

સડકને કિનારે જ આવેલા ખેતરમાંથી એ આધેડ ખેડૂતે અજાણી બાઈને ગામને રસ્તે જતી જોતાં, ઉત્સુકતાથી પૂછ્યું : 'બેન, અજાણ્યાં લાગો છો. કયે ગામ રેવું?'

બાઈના ગોરા મુખ ઉપર ઉદાસી પથરાયેલી હતી; એની ભાવહીન આંખો જાણે સામો સવાલ પૂછતી હોય એવું લાગતું હતું : 'ભાઈ, આ કયું ગામ છે?'

'કળસાર.' ખેડૂતે સહજભાવે કહ્યું.

પણ એને મૂંગી જોઈને ખેડૂતે ઉત્સુકતાથી પૂછ્યું : 'કળસાર ગામમાં કોને ત્યાં જવું છે, બેન?'

આ સાંભળીને બાઈની આંખોમાં ઝળઝળિયાં ધસી આવ્યાં. ગળામાંથી એક ડૂસકું નીકળી ગયું. ખેડૂત પણ કામ પતી જવાથી ઘર તરફ જવાની તૈયારીમાં જ હતો.

ખભે કોદાળી નાખીને વાડના છીંડામાંથી એ બાઈ પાસે આવ્યો. પોતાના સવાલના જવાબની ફરીવાર ઉઘરાણી કરી : 'બેન, કેમ કંઈ જવાબ દીધો નહિ? જેને ત્યાં જવું હોય તેને ઘેર તમને પહોંચાડી દઈશ, એટલે પૂછું છું.'

બાઈ હવે રડી પડી. એને રડતી જોઈને ખેડૂત હેબતાઈ ગયો. પ્રશ્નાર્થ નજરે રડતી બાઈને તાકી રહ્યો. બાઈ રડતી રડતી બોલી : 'ભાઈ, આ દુનિયામાં મારું કોઈ નથી. સગાં ઘણાં છે, પણ સગપણ રહ્યું નથી.'

**Corporate Office :**
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

**HD FIRE PROTECT PVT. LTD.**
Protecting What Matters Most to You

પછી ખેડૂત સામે જોઈ બોલી : 'હવે તો નસીબ લઈ જાય ત્યાં જવું છે ને જીવવું છે.'

'અરેરે....બેન, આ શું બોલ્યાં! જેનું કોઈ નથી એનો હજાર હાથવાળો ધણી બેઠો છે. એનું સગપણ સાચું. જરાય ચિંતા કર્યા વિના મારી સાથે ચાલો. આ કેડી ઉપર આઘેરા જતાં જ ઠાકર મંદિરની જગ્યા આવે છે. જેનું કોઈ નથી એના ઠાકર મંદિરના મહંત મોજીરામ બાપુ છે.' ખેડૂતે દિલાસો દીધો.

ત્યાં થોડે દૂર જ વૃક્ષોની ઘટામાંથી ઝાલરનો રણકાર સંભળાયો. શંખનાદ થયો ને ઠાકોરજીની આરતી ઊતરતી હોય એવું લાગ્યું. જગ્યા હવે નજીકમાં જ આવી ગઈ હતી.

ખેડૂતે રસ્તાની બાજુની એ જગ્યા દેખાડીને મોજીરામ બાપુને મળવાની સલાહ આપી, પોતાને પંથે ગામ ભણી ઊપડ્યો.

મોજીરામ બાપુ કલસાર ગામની ઠાકર મંદિર જગ્યાના માનીતા મહંત હતા.

છસો વીઘાં જમીન અને બે વાડી ભાવનગર દરબારે ઠાકોરજીના મંદિરના ખર્ચ-નિભાવ માટે આપી હતી.

આ જમીનની ઊપજમાંથી સાધુઓના સદાવ્રત, સામૈયા, ઉત્સવ ને થાળ તથા દીવાબત્તીનો ખર્ચ ચાલતો હતો. આ જગ્યામાં સાધુ, સંત ને યાત્રાળુ ઉપરાંત ગામના ભૂખે મરતાં ગરીબ માણસો પણ આવતાં. રોજ સાંજે કઢીનું તપેલું ને રોટલાનો ખડકલો કરાવીને બાપુ જગ્યામાં બેસતા. જે કોઈ ભૂખ્યું આવે તેને રામરોટી ને કઢી આપતા.

એ વરસે છપ્પનિયો દુકાળ ચાલતો હતો. છસ્સો વીઘાં જમીનમાંથી કશું પાક્યું નહોતું. ગામના સમૃદ્ધ ખેડૂતોની કોઠીઓ પણ ખાલી થઈ ગઈ હતી. પણ સદાવ્રતની તો હવે જ જરૂર હતી. ભલભલા ચમરબંધીની ખીચડી ખૂટી ગઈ હતી ત્યારે મધ્યમવર્ગના ગરીબ ગુરબાંની તો વાત જ ક્યાં કરવી? એમને કંઈ ભૂખ્યા થોડા જ રહેવા દેવાય?

ગામલોકોએ એકવાર આવીને કહ્યું : "બાપુ, ઓણસાલ તો જગ્યાની જમીનમાંય કંઈ પાક્યું નથી. અમારાં ખેતરોય ખાલી જ રહ્યાં છે. સદાવ્રત માટે આપવાની ઘણી ઇચ્છા છે, પણ નરી લાચારી છે.'

'ભાઈઓ, તમે જરાય ચિંતા કરશો નહિ. મારા ઠાકોરજીને ગરીબોની વધુ ચિંતા છે. એ જ આપી રહેશે. સદાવ્રત એક દિવસ પણ બંધ નહિ રહે. અઠવાડિયું ચાલે એટલું અન્ન તો કઠોરમાં પડ્યું જ છે. ત્યાં લગીમાં ઠાકોરજી જ કંઈક કરશે.' મોજીરામ બાપુએ ટાઢે કોઠે, ઈશ્વરમાં અપાર આસ્થા રાખીને કહ્યું ત્યારે ગામલોકોનેય નવાઈ લાગી. આખો પંથક અન્નના દાણા માટે વલખાં મારે છે ત્યાં બાપુના ઠાકોરજી શું અન્નનો વરસાદ જગ્યા ઉપર વરસાવશે?

પણ બીજે જ દિવસે ગામલોકોએ જોયું તો બાપુ જગ્યામાં નહોતા. બધાને પૂછ્યું, પણ બાપુ ક્યાં ચાલ્યા ગયા છે એની કોઈને ખબર નહોતી. કોઈને કશું કહ્યું નહોતું.

ગામના સૌને હૈયે ફાળ પડી. બાપુ ક્યાં ગયા હશે? સદાવ્રત બંધ થશે એની ચિંતામાં ક્યાંક....કલ્પના કરતાંય લોકો ધ્રુજી ઊઠ્યા.

ગળાની આજુબાજુ દૂર દૂર સુધીના કૂવામાં લોકોએ તપાસ કરી. પણ ક્યાંય બાપુનો પત્તો ખાધો નહિ. બાપુ વિનાની ઠાકોરજીના મંદિરની જગ્યાની કલ્પના જ કોઈ કરી શકે એમ નહોતું. સૌ ચિંતામાં ડૂબી ગયા. ગામમાં શોકઘેરું વાતાવરણ સર્જાઈ ગયું.

પણ ચોથે દહાડે રોંઢા ટાણે ગામલોકોએ જોયું તો ઓતરાદી દિશાએ દૂર દૂર ધૂળની ડમરી ઊડતી દેખાઈ. ધૂળના ગોટા વચ્ચેથી મોજીરામ બાપુની ઘોડી આવતી સૌએ જોઈ ત્યારે ગામલોકોના હરખનો પાર ન રહ્યો. પણ હર્ષ શમે એ પહેલાં એમાં વિસ્મય ભળી ગયું. ઘોડીની પછવાડે ગાડાંઓની વણઝાર ચાલી આવતી હતી.

શું હશે એ ગાડામાં? સૌ વિસ્મયથી વિચારવા લાગ્યા.

ત્યાં તો જગ્યાના પ્રાંગણમાં બાપુની ઘોડી આવી પહોંચી. બાપુ ઠેકડો મારીને નીચે ઊતર્યા ને જગ્યાના સેવકોને કહ્યું : 'આ બધાં ગાડાંઓમાં ભરેલી અનાજની ગુણો કોઠારમાં ઊતરાવી લ્યો.'

ત્યારે હાજર ગામલોકોની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. છપ્પનિયા દુકાળમાં આટલું બધું અનાજ! સપનું જોતાં હોય એવું એમને લાગતું હતું.

બધા મનમાં ગડમથલ કરવા લાગ્યા કે આ બાવો આટલું બધું અનાજ ક્યાંથી ઉપાડી લાવ્યો હશે? એકે પૂછ્યું : 'બાપુ, આટલું બધું અનાજ...'

'મહુવાથી લઈ આવ્યો છું, ભાઈ! સદાવ્રત કંઈ થોડું બંધ પડવા દેવાય? મારો પંડ્ય હોય ત્યાં સુધી જગ્યામાંથી કઢી-રોટલા ખાધા વિના ભૂખ્યું જઈ શકે નહિ.'

'પણ બાપુ, મહુવામાંય છપ્પનિયા દુકાળની અસર હોય. આખા મલકમાં દુકાળની મોકાણ છે. પછી ત્યાંથી...' સૌ વિસ્મય અનુભવતા હતા.

'ભાઈ, મહુવાના મહાજન પાસે જઈને ટહેલ નાખી. એમને વાત કરી એટલે તરત ઉઘરાણું કરી સદાવ્રતનો તાવડો તપતો રાખવા અનાજનાં ગાડાં ભરી દીધાં.'

બીજે દિવસે બાપુ સાંજે આરતી કરીને ધર્મશાળાની પરસાળમાં આવ્યાં ત્યાં એક થાંભલીને અઢેલીને ત્રીસેક વર્ષની એક વિધવા ઓશિયાળી થઈને બેઠી હતી.

એના મોં ઉપર ઉદાસી પથરાયેલી હતી. એ શૂન્યમાં તાકતી બેસી રહી હતી.

એણે પાસે આવીને પૂછ્યું : 'બેન, તું કોણ છે? ક્યાંથી

આવી છે? ગામમાં તો તને ક્યારેય જોઈ નથી.'

'બાપુ! મારું ગામ છે ઝાલાવાડનું હળવદ. નાતે બ્રાહ્મણ છું. વખાની મારી ભટકતી ભટકતી અહીં લગી આવી છું. આશરો મળશે એ આશાએ બેઠી છું.' બોલતાં બોલતાં બાઈ રડી પડી.

'બેન, તું જરાય ચિંતા કરીશ નહિ ને ઓછું આણીશ નહિ. આશરોય મળશે ને રોટલાય મળશે. જા બેન, 'હરિહર' નો સાદ પડી ગયો છે. બધા પ્રસાદ લેવા બેસી ગયા છે. તું પણ પંગતમાં બેસી જા.' ને પછી જગ્યામાં પ્રવેશી રહેલા ખોડા ભગતને કહ્યું : 'ખોડા ભગત, આ બેનને જરા પંગતમાં બેસાડતા આવો.'

ખોડા ભગત તો ખભે તંબૂરો નાખીને, એ બેનને લઈને જગ્યાને છેડે આવેલા રસોડા પાસે લઈ ગયા. ત્યાં સાધુ, સંતો, ગરીબ, વટેમાર્ગુ સૌ એક જ પંગતમાં ગોઠવાઈને ખીચડી, કઢીને રોટલા આરોગી રહ્યાં હતાં. એ બેનને પંગતમાં બેસાડીને ભગત પાછા આવ્યા ત્યારે ઓશરીમાં ઢોલિયા પર બાપુએ બેઠક જમાવી હતી.

સામે બેસીને ખોડા ભગતે ભજનો લલકારવા માંડ્યા.

ખોડો ગામનો વાળંદ હતો. બાપુની સેવા કરે, મીઠી હલકે રોજ ભજનો લલકારે ને ખાઈ પીને જગ્યામાં જ પડ્યો રહે.

થોડીવાર થઈ હશે ત્યાં પેલી બાઈ જમીને બાપુ પાસે આવી. ભજનરસમાં તરબોળ બની, આંખો બંધ કરી, બાપુ માથું ડોલાવી રહ્યા હતા. બાઈ ચૂપચાપ ઓસરીની કોરે બેસી ગઈને ભજન પૂરું થવાની રાહ જોવા લાગી.

નિત્યનિયમ મુજબ પાંચ ભજનો પૂરાં થયાં. ખોડા ભગતે તંબૂરો બાજુએ મૂક્યો ને બાપુને પ્રણામ કરીને અદબ વાળીને બેસી ગયો. બાપુએ થોડી આડીતેડી વાતો કરી, એ મહુવા ગયા પછી જગ્યામાં કશું બન્યું નથીને એ પૂછ્યું. બધાને નિયમિત ભોજન મળતું રહ્યું છે એ જાણ્યું. ત્યાં એમની નજર પેલી બાઈ ઉપર પડી.

'આવ બેન, જરા ઓરી આવીને બેસ.' બાપુએ એને આદરથી પોતાની સામેના પાથરણા પર બેસવાની સૂચના આપી એટલે બાઈ ઊઠીને ત્યાં બેઠી.

'બેટા! તારું નામ તો મેં પૂછ્યું જ નહિ!' બાપુએ ધીરે ધીરે બાઈ સાથે વાતચીત ચાલુ કરવાની ભૂમિકા બાંધતાં રહ્યું.

બાઈ આસ્તેથી બોલી : 'મારું નામ પ્રેમકુંવર...'

'કુંવરબેટા! તું બ્રાહ્મણની દીકરી, આમ એકલી શીદ ભટકે છે? શું દુખ છે?'

'બાપુ, મારા કર્મે ભટકું છું, બીજું શું! બધો દોષ મારા નસીબનો છે, કોઈને દોષ દેવાની શી જરૂર?' કુંવર બોલીને ક્ષણવાર ચૂપ થઈ ગઈ.

બાપુએ એને કંઈ પૂછ્યું નહિ. કુંવર ધીરે ધીરે હૈયું ખોલતી ગઈ : 'મારા દિયરના પાપને કારણે મારે મારું વતન છોડવું પડ્યું. ગામ અને ઘરબાર બધું છોડવું પડ્યું. એ તો એનું કાળું મોં કરીને પરદેશ ચાલ્યો ગયો ને તેનું પાપ મારા પેટમાં મૂકતો ગયો. મેં એને સાથે લઈ જવાનું કહ્યું ત્યારે જવાબ મળ્યો કે, 'કૂવામાં પડ.'

મને તો એણે કૂવો-અવાડો કરવો પડે એવી દશામાં નોંધારી મૂકી દીધી હતી. એમ કરવા સિવાય મારે બીજો કોઈ માર્ગ જ નહોતો. પણ એમ કરું તો મારી પછવાડે મારા પેટમાં આકાર લઈ રહેલા જીવની પણ હત્યા થાય, એટલે કુળની ફજેતી ઢાંકવા ભટકું છું. આવું દુઃખ તો, બાપુ, બધાને થોડું જ કહેતા ફરાય છે?'

વાત પૂરી કરીને એ ચૂપ થઈ ગઈ. નીચું જોઈને બેઠી બેઠી જમીન ખોતરી રહી.

'હં..' વાત પૂરી સાંભળીને બાપુના મુખ પર દુઃખની રેખાઓ અંકાઈ ગઈ.

એ ઊંડા વિચારમાં પડી ગયા. શું કરવું? બ્રાહ્મણની દીકરી છે. અહીં તહીં ભરજુવાનીમાં ભટકતી ફરે એ તો સારું ન કહેવાય. સમાજમાં એની સલામતી શું? આખો જન્મારો કંઈ જગ્યામાં થોડો જ કાઢવાની હતી? ને વળી આ જગ્યામાં બાઈ માણસને વધુ રહેવાની છૂટ જ અપાતી નહોતી.

અચાનક જ બાપુને કશુંક યાદ આવ્યું. ખોડો ગામનો વાળંદ, આખા ગામની વાત જાણે ને બાપુને રોજ સાંજે આવીને ભજનો સંભળાવીને પછી કહે.

થોડા દિવસ પહેલાં ખોડો સમાચાર લાવ્યો હતો એ બાપુને યાદ આવતાં કહ્યું : 'ખોડા, તેં થોડા દિવસ પહેલાં મને કહ્યું હતું કે વનો ગોર દીકરાની આશાએ બીજું ઘર કરવાનું વિચારે છે, એનું શું થયું?'

'પછી કંઈ સમાચાર જાણવા મળ્યા નથી, બાપુ!' ખોડાએ યાદ કરતાં કહ્યું : 'એની જોગી કોઈ વિધવા કે ત્યકતા નાતમાં શોધે છે એવું જાણવા મળ્યું છે.'

'તું અત્યારે જ જઈને એને મારી પાસે બોલાવી લાવ. મને લાગે છે કે એ આ અનાથ જીવને સંઘરે તો બ્રાહ્મણની દીકરીનો દેહ-વટાળ ન થાય ને બે જીવ બચી જશે.'

ખોડો તરત ખડો થયો ને ગામમાં જઈ વના ગોરને બોલાવી લાવી ખોટા રૂપિયાની જેમ પાછો આવ્યો.

'આવો, આવો, વના ગોર. બેસો!' બાપુએ વના ગોરને આવકાર આપ્યો. વનો ગોર બાપુના ચરણસ્પર્શ કરીને સામે જ બેસી ગયો. હાથ જોડી બોલ્યો : 'બાપુ, કેમ યાદ કર્યો? મારા લાયક કંઈ કામસેવા?'

આમ તો વના ગોરને નવાઈ ન લાગત. અવારનવાર બાપુ હવનહોમ કરવા વનાગોરને જ બોલાવતા. વના ગોરને બાપુનું તેડું આવે એટલે સમજી જતો કે બાપુ હવન કરાવવાનું મૂરત જોવડાવવા કે દિવસ પાકો કરવા બોલાવતા હશે. પણ આવા

કાળઝાળ દુકાળમાં એવા ખર્ચા કરવા પોષાય નહિ. એટલે બીજું શું કારણ હશે એ વના ગોરને સમજાયું નહિ.

'વના, મેં એવું સાંભળ્યું છે કે તું બીજું ઘર કરવાનો છે. એ વાત ખરી છે?' બાપુએ સીધું જ પૂછી નાખ્યું.

લગનની વાત આવતા સાઠ વર્ષનો વનો ગોર પણ શરમાઈ ગયો. એના મુખ પર રતાશ દોડી આવી. ઘડીક તો એ નીચું જોઈ ગયો. આ ઉંમરે પોતે લગ્ન કરવાનો વિચાર કરે છે એ બદલ બાપુએ ઠપકો આપવા તો નહિ બોલાવ્યો હોય ને? એ વિચારમાત્રથી એ ક્ષોભ અનુભવવા લાગ્યો. પણ સાચી વાતને ગમે એટલી નકારવાથી કંઈ ખોટી થઈ જતી નથી. આજ નહીં તો કાલે, પણ વાત જાહેર થયા વિના રહેવાની નથી. એટલે એણે સાચું કહ્યું : 'હા, બાપુ! આપ તો જાણો છો કે મારી ગોરાણીને સંતાન જ નથી. હવે આ ઉંમરે એવી આશાય રાખવી વ્યર્થ છે. પણ સંતાન વિના મરી જઈશ તો મારા આત્માને શાંતિ નહિ વળે. મારો વંશવેલો અટકી જશે.'

બોલતાં બોલતાં વના ગોરનો કંઠ ભીનો થઈ ગયો. એનાથી આગળ બોલી શકાયું નહિ. થોડીવાર એ ચૂપચાપ બેસી રહ્યો. પછી આગળ બોલ્યો : 'આમ તો આ ઉંમરે ફરી લગ્ન કરવાનું વિચારાય પણ નહિ. સમાજમાં હાંસી થાય. પણ શાસ્ત્રના વિધાન પ્રમાણે પાછળ કોઈ તર્પણ કરનાર જોઈએ. નહિતર જીવ ગતે ન જાય. એટલે નાતમાંથી એવી કોઈ નિરાધાર વિધવા કે ત્યકતા મળે તો વિચાર ખરો.'

'વના ગોર, નાતમાં જ વિચાર છે કે પરનાતમાં ચાલે?' બાપુએ પૂછ્યું એટલે વનો ગોર તો ભડકી જ ગયો. એને તો એવો ડર હતો કે પોતાની આવી વાત પર બાપુ નારાજ થશે, ઠપકો આપશે. નાનકડું બોધપાઠ સભર પ્રવચન આપશે પણ એ તો સામે ચાલીને જાણે કન્યા તૈયાર હોય એવું પૂછી રહ્યા છે. એ ક્ષણવાર ગૂંચવાયો. પછી મનની વાત કરી : 'એવું નથી, બાપુ! નાતમાંથી મેળ ન પડે તો પરનાતની કન્યા પણ ચાલે. પણ બ્રાહ્મણ બાઈ હોય તો જ.'

'તો કન્યા બતાવું, કરો કંકુના!' બાપુ બોલ્યા એટલે વનો ગોર આજુબાજુ ડાફોળિયાં મારવા લાગ્યો. પોતાનાથી સહેજ છેટે બેઠેલી કુંવરને જોઈ. ફાનસના આછા અજવાળામાંય કુંવરનું રૂપ, અમાસની અંધારી રાતમાં ચન્દ્ર સરીખડું ચમકી રહ્યું હતું. એ તો કુંવરના રૂપની મોહિનીમાં એવો અંજાઈ ગયો કે ફાટી આંખે જોઈ જ રહ્યો. એણે પાકું અનુમાન કરી લીધું હતું કે આ જ કન્યા હોવી જોઈએ. એ બાપુને કશું પૂછે કે 'ક્યાં છે કન્યા? આ જ કે બીજી?' ત્યાં બાપુએ જ એના મનની વાત જાણે વાંચી લીધી હોય એમ કહ્યું : 'હા, વના ગોર, આ જ કન્યા છે. હળવદના બ્રાહ્મણ પરિવારની દુખિયારી વિધવા છે. પણ થોડી...'

બાપુ કુંવરની હાજરીમાં, એની એબ વર્ણવતા સંકોચ પામ્યા ને અટકી ગયા. પણ આવી વાતની પહેલેથી જ ચોખવટ કરી લેવી સારી. પાછળથી વનો ગોર, ઘા નાખતો આવે, ફરિયાદ કરે કે પછી કુંવરને રંજાડે, ફરી પાછી રસ્તે રઝળતી કરી મૂકે તો નવી ઉપાધિ ઊભી થાય. એક ગભરુ, લાચાર નારીનો ભવ બગાડવા બદલ રૌરવ નરકના અધિકારી બને.

પણ કેમેય એમની જીભ ઊપડતી નહોતી. ત્યાં જ વના ગોરની ચકોર નજરે અંધારામાંય કુંવરની ગર્ભાવસ્થા પારખી લીધી. બાપુ કંઈ બોલે એ પહેલાં જ એ બોલી ઊઠ્યો : 'બસ, બસ બાપુ! આગળ કંઈ બોલવાની જરૂર નથી. આપના આદેશ અને આશીર્વાદ હોય પછી મારે બીજું કંઈ જ જાણવું કે સાંભળવું નથી. મારી પૂરેપૂરી ઇચ્છા છે ને આપની આશા છે એટલે મારી ભાવિ પત્નીનું ગૌરવ-ખંડન થાય એવું કંઈ મારે સાંભળવું નથી. બોલો, હવે શી આજ્ઞા છે?'

'વના ગોર, તમારે કોઈને પૂછવું હોય, ઘરમાં વાત કરવી હોય તો અત્યારે જ જઈ આવો. એટલો સમય આપીશ.' બાપુએ સ્પષ્ટતા કરી.

'બાપુ, મારે તો કુટુંબમાં કોઈ નથી. આગળ ધરાળ નહિ ને પાછળ ઉલાળ નહિ એવી સ્થિતિ છે. એટલે પૂછવાનું રહે છે માત્ર મારા આત્માને. એ કબૂલ એટલે બધા કબૂલ.' વનો ગોર ઉત્સાહમાં આવી ગયો.

'ઠીક ત્યારે, કાઢો તમારું ટીપ્પણું. નજીકનું સારું મૂરત જોઈને કહો.' વનો ગોર ટીપણું તો સાથે જ રાખતો હતો. એણે કાઢ્યું ને જોયું. પછી બોલ્યો : 'બાપુ, મૂરત, ચોઘડિયું ને દિવસ પણ કાલનાં સારાં છે.' વના ગોરે ફાનસની નજીક ટીપણું ધરીને મૂરત જોયું ને પછી આંગળીના વેઢા ઉપર કશીક ગણતરી ગણવા માંડ્યો.

'તો પછી શુભ કામમાં વળી ઢીલ શાની? કાલે જ મંગળફેરા ફરી લ્યો.'

બીજે દિવસે શુભ ચોઘડિયામાં બાપુએ કુંવરના પિતાસ્થાને રહીને વના ગોર સાથે પુનર્લગ્ન કરાવી દીધું.

કન્યાદાન પછી બાપુએ બંનેને આશીર્વાદ પણ આપ્યા ને કુંવરને વળાવી દીધી.

વના ગોરે ઉત્સાહમાં ને ઉત્સાહમાં, દીકરાની આશાએ લગ્ન કરી લીધા, પણ એ કુંવરને લઈને જેવા ઘરમાં દાખલ થયા ત્યાં જ વિસ્ફોટ થયો. બધી લડાઈઓ કરતાં શોક્યોની લડાઈ બહુ વસમી હોય છે. રોજેરોજ લડાઈ થવા માંડી.

વના ગોરને ત્યાં તો ભૂંગળ વિનાની ભવાઈ જોવા લોકો ભેગા થવા માંડ્યા.

રોજિંદી લડાઈથી બાપડી કુંવર તો ત્રાસી જ ગઈ. એને તો ઉલમાંથી ચૂલમાં પડ્યા જેવું થયું. મનમાં પસ્તાવો પણ થયો કે તલથી ન ઠરી એ તલસરાથી શાની ઠરે? એના નસીબમાં દાંપત્ય-સુખ લખાયું હોત તો પછી ભરજુવાનીમા એને વિધવા

જ ન થવું પડ્યું હોત.

પણ હવે શું થાય? એક ભવમાં બે ભવ તો કર્યા હતા.

હવે બ્રાહ્મણની દીકરીથી કંઈ જ આડુઅવળું પગલું ભરાય નહિ. વના ગોરને ત્યાં આવ્યા પછી ચોથે મહિને તો એને દીકરો આવ્યો, એટલે જવાબદારી વધી ગઈ હતી.

એક દિવસ ઘરમાં ખૂબ ઝઘડો જાગ્યો. ગોરાણીનો શોક્યખાર હવે તો ચરમ સીમાએ પહોંચી ગયો હતો. એ નછોરવી હતી ને નવીને દીકરો આવ્યો એટલે ધણીની માનીતી થઈ પડશે એ વિચારમાત્રથી ગોરાણીને રુંવે રુંવે ઝાળ લાગતી.

માથાફાડ ઝઘડાથી ત્રાસીને કુંવર રિસાઈને પિયર ચાલી ગઈ. બાપનું ઘર ઠાકોરજીની જગ્યા અને બાપ એના મોજીરામ બાપુ. એણે રડતાં રડતાં બાપુને બધી વાત કરી ત્યારે એને શાંત પાડી, દિલાસો દીધો.

'બેટા, આ તો ઘરસંસાર છે. ચાલ્યા કરે. આમ પતિનું ઘર છોડીને તારે પિયરમાં આવતા રહેવાય નહિ. થોડીક વધુ સહનશીલ બનીશ તો સુખી થઈશ.'

આમ એક બે દિવસ બાપુ આશરો, આશ્વાસન આપે ને પછી સમજાવીને પાછી એને ઘેર મોકલે. વારતહેવારે સાડલા કાપડું વગેરેય બાપુ તરફથી એને આપવામાં આવતું, જેથી સમાજમાં દીકરીને મેણાંટોણાના માર ખમવા ન પડે.

વનો ગોર પણ રોજેરોજના ઝઘડાથી, ઘરડે ઘડપણ કંટાળી ગયો હતો. જે ઉંમરે માણસને શાંતિ અને પરિવારની હૂંફની જરૂર પડે ત્યારે ઘરમાં દાવાનળ ભડકે એ તો કેમ જીરવાય? એણે કંઈક માર્ગ કાઢવાનું વિચારવા માંડ્યું. એને એક ઉપાય સ્ફૂર્યો. સાપ મરે ને લાકડી પણ ભાગે નહિ એવો વિચાર તરત અમલમાં મૂક્યો.

પડખેના ગામમાં વના ગોરની જજમાનવૃત્તિ પરંપરાગત ચાલી આવતી હતી. જૂની પત્નીને ત્યાં વળાવી દીધી એટલે ઘરમાં શાંતિ થઈ.

એ પછી કુંવરને બે દીકરીઓ પણ થઈ. ઘરસંસાર સુખેથી ચાલવા માંડ્યો હતો. દસેક વર્ષ તો બધું બરાબર ચાલ્યું. પણ મોટી ઉંમરે પરણેલા એ સિત્તેર વર્ષની ઉંમરે ગુજરી જતાં, કુંવરના ભાગ્યમાં વળી પાછો રંડાપો જ રહ્યો. ઘરની દાઝી વનમાં ગઈ તો ત્યાંય દવ લાગ્યા જેવું થયું. પણ...રંડાપો અનેક વિટંબણાઓ અને ઉપાધિઓ લઈને આવ્યો હતો. વના ગોરની પણેતરે આવી ઘરનો કબજો મેળવી લેવા ધમપછાડા કરવા લાગ્યા. કુંવરને ઘરની બહાર કાઢી મૂકવાના પેંતરા થવા માંડ્યા. કુંવરની નજર સામે પોતાનું ભાવિ અંધકારમય ભાસવા લાગ્યું. ત્રણ ત્રણ બાળકોને લઈને એ ક્યાં જશે? શું કરશે? પણ મોજીરામ બાપુએ વચ્ચે પડીને સૌ સારા વાનાં કરી દીધાં. એમણે તરફદારી કરીને ગામના ઘરમાં અને વના ગોરના ગરાસમાં કુંવરને ભાગ અપાવીને ધર્મપિતા તરીકેની પૂરેપૂરી ફરજ બજાવી.

આવા મોજીરામ બાપુ વૃદ્ધાવસ્થા છતાં જીવ્યા ત્યાં સુધી ઠાકોરજીની સેવા ને આરતી જાતે જ કરતા. ભંડારી બાવો રાધવાનું કામ કરતો. ઠાકોરજી સામે પ્રાર્થના કરતાં હાથ જોડીને ઊભા રહે ત્યારે આંખોમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગતાં.

મોજીરામ બાપુની જગ્યામાં કોઈ સંન્યાસી બ્રહ્મચારી આવતો ત્યારે બાપુ પોતે એના પગ દાબવા બેસી જતા. એની ભિક્ષાનો બંદોબસ્ત કરી દેતા ને દર ચોમાસે ભાગવત સપ્તાહ બેસાડતા. આવા મોજીરામ બાપુ પાસે ગામમાંથી અને દૂર દૂરથી દીન-દુખિયાઓ આવતા. બાપુને કહેતા ને બાપુ એમને આશીર્વાદ આપીને વિદાય કરતા. આશીર્વાદ મેળવનારના બધાં દુઃખો મટી જતા એવી શ્રદ્ધા લોકમાં ફેલાયેલી હતી.

રવિવારનો દિવસ હતો. બાપુએ હજામત કરાવવા માટે ખોડાને બોલાવ્યો. ખોડાને ભારે આશ્ચર્ય થયું. શનિ-રવિ બાપુ ક્યારેય હજામત કરાવતા નહોતા. એ સમજણો થયો ત્યારથી બાપુની સેવા-ચાકરી કરતો આવ્યો હતો. પણ બાપુએ ક્યારેય આ નિયમનો ભંગ કર્યો નહોતો. એને સમજાયું નહિ કે આજે બાપુએ એને હજામત કરવા કેમ બોલાવ્યો હશે? એ આવ્યો ત્યારે બાપુ રામાયણ વાંચી રહ્યા હતા.

એને કહ્યું : 'આવ ખોડા, આજે તો હજામત કરાવવી છે.'

ખોડો તો બાપુની સામે પલાંઠી લગાવીને બેસી ગયો. થેલીમાંથી અસ્ત્રો વગેરે ઓજારો કાઢ્યા ને બાપુની હજામત કરીને ઓજારો થેલીમાં મૂકવા માંડ્યો.

એટલે બાપુએ એને આદેશ આપ્યો : 'ખોડા, દર્ભ અને તુલસીપત્ર લઈ આવ! અહીં ગાયના છાણથી લીંપીને મને સુવરાવ. મારે સમાધિ લેવી છે.'

ખોડો તો ચોંકી જ ઊઠ્યો. એના પગ તળેથી જાણે જમીન સરકવા માંડી. એની આંખોમાં કરુણતા તરવરી આવી. એનો કંઠ સૂકાઈ ગયો. એ માંડ માંડ બોલ્યો : 'પણ બાપુ, આમ...!'

'બસ, ઠાકોરજીના ઘરનું તેડું આવ્યું છે. મારે હવે જાવું જોઈએ.' બાપુએ એટલું કહ્યું ને પછી હાથમાં માળા લેતાં બોલ્યા : 'ઝટ કર.'

ખોડો હાંફળો ફાંફળો થઈ ગયો. એણે દર્ભ, તુલસીપત્ર, છાણ વગેરે એકઠાં કરવા દોડાદોડી કરી મૂકી. દોડાદોડી કરતો જોઈને જગ્યામાં બધાએ પૂછ્યું.

એણે બધાને સાચી વાત કરી દીધી. લીંપણ વગેરે થયું.

એટલી વારમાં તો વાત પવનની પાખે ચડીને ગામમાં પહોંચી ગઈ હતી.

બાપુ ચોકા ઉપર સૂતા. ખોડાએ રામધૂન કરવા માંડી.

ગામલોકો આવે એ પહેલાં તો મોજીરામ બાપુ સંવત ૧૯૬૪ ના ચૈત્ર માસની રામનવમીના રોજ એંસી વરસની વયે રામશરણ થયા ને રામચરણ પામ્યા. ■

ધર્મ

# મહામાનવ – મહાવીર

## મૈત્રીભાવનું પવિત્ર ઝરણું

ગુણવંત શાહ

અહિંસા અંગેની મારી સમજણ થોડીક વિચિત્ર છે. વિરાટ મહાશૂન્યમાં ભમતી રહેતી આપણી લાડકી પૃથ્વી ભલે ચણીબોર જેવડી હોય તોય એ ચણીબોર અનોખું છે, કારણ કે એના પર જીવનનો આવિર્ભાવ થયેલો છે. બ્રહ્માંડના અન્ય કોઈ ચણીબોરને એ વિશેષાધિકાર હજી પ્રાપ્ત થયો નથી. પૃથ્વી પર પાંગરેલું જીવ રહસ્યમય છે અને આદરણીય છે. માનવી પણ એ આદરણીય જીવનનો જ એક અંશ છે. પૃથ્વી પર પાંગરેલી જીવસૃષ્ટિ, એ એનિમલ કિંગ્ડમ નથી, ઍનિમલ રીપબ્લિક છે. આવી ભાવના સેવીએ તો કહેવું રહ્યું કે માનવી કંઈ સમગ્ર જીવસૃષ્ટિનો સરમુખત્યાર નથી. આવી ભાવના અને એની પાછળ રહેલી વૃત્તિને આપણે 'અહિંસાનું લોકતંત્ર' કહી શકીએ. મારે મન ભગવાન મહાવીર આવા પરમ કલ્યાણકારી એવા લોકતંત્રના આદરણીય દર્શક (seer) હતા.

બ્રહ્માંડનો ભેદ ભલે મારા જેવા નાના માણસને ન સમજાય, પરંતુ એ વિરાટ મહાશૂન્ય અનંત છે એટલું તો સમજાય છે. એ અનંત શૂન્યમાં કોઈ પ્રકારનો લય વ્યાપી રહ્યો છે એવા અણસાર પણ માણસને સતત મળતા રહે છે. એ પરમ લયને આપણે કોસ્મિક લય કહી શકીએ. મનુષ્યે એવી રીતે જીવવું જોઈએ, જેથી પોતાના થકી કોસ્મિક લયમાં ઓછામાં ઓછો વિક્ષેપ પડે. રાગ, દ્વેષ, હિંસા, મમત્વ, પરિગ્રહ, ઈર્ષા અને મતાગ્રહને કારણે કોસ્મિક લય ખોરવાય છે. મારે મન એ પરમ લયનું ખોરવાવું એ જ હિંસા છે અને એ લયની જાળવણી થાય તે માટે સ્વસ્થતાપૂર્વક જીવવું એ જ અહિંસા છે. જે હિંસા અપરિહાર્ય છે તે બદલ સર્વ જીવો પ્રત્યે ક્ષમાપ્રાર્થી હોવું એ ઉદાત્ત જીવનની નિશાની છે. આવી ભાવના કેવળ જૈન સાધુ નહીં, પરંતુ માનવમાત્ર સેવે તો યુદ્ધ નહીં થાય. મારે મન મહાવીર સ્વામી કેવળ જૈનોના નહીં, સમગ્ર માવજાતના ઉપાસનીય અવતાર છે. એમને વંદન.

મહામાનવ કોને કહી શકાય? મને કંઈક આવો જવાબ જડે છે : માનવકલ્યાણ અંગેનું જેનું મૂળભૂત દર્શન કદી અપ્રસ્તુત ન બને તેને મહામાનવ કહી શકાય. વિગતો કે બાહ્યાચાર ભલે બદલાય, પણ પાયાની વાત કદી વાસી ન બને. આવી પાયાની વાતના પ્રત્યક્ષીકરણને દર્શન કહી શકાય. મહાવીરને 'મહામાનવ' કહેવા પાછળ આવી સમજ રહેલી છે.

આ પુસ્તકમાં જૈન દર્શનની શાસ્ત્રાધારિત છણાવટ નથી થઈ. એમ કરવાનો મારો અધિકાર પણ નથી. જ્વાળામુખીના જડબા પર બેઠેલી માનવજાતની આજની બેચેનીનો ઉકેલ અહિંસક સમાજરચના તરફ ડગ માંડવામાં રહેલો છે. અત્યાર સુધી પરિસ્થિતિ એવી હતી કે સશસ્ત્ર સૈનિકો સામે પ્રજાજનો ક્યાં તો નિઃશસ્ત્ર કે પછી ઊતરતાં શસ્ત્રો ધરાવતાં હતાં. હવે સૈનિકો પાસે હોય એવાં સ્ટેનગન, વાયરલેસ અને હેલિકોપ્ટર ત્રાસવાદીઓ તથા દાણચોરો પાસે પણ હોય છે. દુનિયાની અનેક પ્રજાઓ આજે હિંસાગ્રસ્ત સમાજમાં જીવવાનો ત્રાસ વેઠી રહી છે. રાઈફલ રમકડું બની જાય ત્યારે અહિંસાને દેરાસર, મંદિર કે ચર્ચમાં પુરાઈ રહેવું પડે છે. કોઈ દેશના અણગમતા નેતાને મારી નાખવાનો કોન્ટ્રાક્ટ લઈ શકે એવી માફિયા ટોળકીઓ વિશ્વના રાજકારણને ભીંસી રહી છે. આજે કુલ ૬૦,૦૦૦ હાઈડ્રોજન બૉંબ પૃથ્વીનો સમુચો વિનાશ પંદર વખત કરી શકે તેવી સ્થિતિ છે. રાષ્ટ્રો વચ્ચેની સત્તાની સમતુલાનાં ભૂંડાં સમીકરણો મંડાતાં રહે છે. એકાદ ભૂલ, સમગ્ર જીવનસૃષ્ટિનો ખાતમો બોલાવી શકે તેમ છે.

આવે વખતે ભગવાન મહાવીરનું દર્શન, ક્યારેય ન હતું એટલું પ્રસ્તુત બની રહે છે. મહાવીરનું વિભૂતિમત્ત્વ એટલું તો ગહન અને વિરાટ છે કે, એ કેવળ જૈનો પૂરતું સીમિત ન રહેતાં વૈશ્વિક તથા માનવીય બની રહ્યું છે. મારા પુસ્તકનું ગુરુત્વમધ્યબિંદુ આ જ ગણાય. આઈસેક એસિમોવની વાત તદ્દન સાચી છે : 'હિંસા કાયર માણસનું છેલ્લું આશ્રયસ્થાન છે.' મારા જેવા લઘુમાનવ તરફથી, આ જગતના પરમ વંદનીય મહામાનવને અપાયેલી અંજલિ રૂપે આ પુસ્તક વાંચવાની વિનંતી સાથે વિરમું છું. ■

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

યાત્રા

# સ્વ અને વિશ્વને જોડતો એક સેતુ

દક્ષા બી. સંઘવી

આ રાજગૃહી નગરી જોવાની તો મને ભારે ઉત્કંઠા હતી. બાળપણમાં વાંચેલ શ્રેણિક રાજા - શાલીભદ્ર ધન્ના શેઠની જૈન કથાઓમાં વર્ણવેલ રાજગૃહીના મહેલો - મહાલયોની જાહોજલાલીની વાતો મારાં સ્મૃતિજળના તળિયે અડિંગો જમાવીને બેઠેલી હતી તે બધી રંગબેરંગી માછલીઓની જેમ રહીરહીને સપાટી પર તરવાં-ઝળહળવાં લાગી. પણ નગરમાં પ્રવેશતાં જ હું સ્તબ્ધ! મેં પુસ્તકનગરીમાં જોયેલ રાજગૃહીના રાજમાર્ગો મહાલયોના ખંડેર તો શું; એક અવશેષે શોધ્યો ના જડે! એક ભવ્ય પ્રાચીન ઐતિહાસિક નગરીની આ બેહાલી! મને કચ્છી કવિ 'તેજ' ની એક ચોટદાર પંક્તિ યાદ આવી ગઈ :

*"ગયધર ચ્યોં, 'અસીં બંગલો બંધબો નેઢું'*
*સુણીને ખંનેર ખિલી પ્યા!"*

(અર્થાત્ : સ્થપતિએ કહ્યું, 'અમે બંગલો બનાવશું અતૂટ-મજબૂત' એ સાંભળી ખંડેરોએ અટ્ટહાસ્ય કર્યું!)

હા, પણ અહીં કુદરતે વેરેલી જાહોજલાલી તો અદ્‌ભુત જ. આ પ્રકૃતિરાણીના પળેપળ રૂપ-રંગ-છટા બદલતાં પાંચ મહાલય (પર્વતો) જુઓ. એનાં ઉત્તુંગ શિખરો પર રૂપેરી ઢોળ ચડાવવા આતુર વાદળીઓ અને સવાર-સાંજ સોનેરી વરખનો થાળ લઈ તહેનાતમાં કુર્નિશ બજાવતો સૂર્ય. વૃક્ષરૂપી નીલમજડિત આ પાંચ મહાલયની સામ્રાજ્ઞી એવી પ્રકૃતિદેવીનો દમામદાર ઠસ્સો જોઈને તો આંખો જ અંજાઈ જાય! ઉદયગિરી - રત્નગિરી - સ્વર્ણગિરી - વિપુલાચલ અને વૈભવગિરી એમ પાંચ પર્વતોમાંથી વૈભવગિરી પર્વત પુરાતત્ત્વ ખાતા દ્વારા આરક્ષિત જાહેર થયો હોવાથી ત્યાં જવાની મનાઈ હતી. પ્રાચીન મંદિરો-ગુફાઓના અવશેષો (ડોળીવાળા તો એમાં મૂલ્યવાન ખજાનાઓ હોવાની વાત પણ કરતા હતા.) પોતાના આંચલમાં છૂપાવીને બેઠેલા આ પર્વત માટે કેટલીક રહસ્યમય વાતો પણ સંભળાતી રહી.

આ પર્વતો તીર્થંકરોની સમોવસરણ (આત્મજ્ઞાન પછીની પ્રથમ દેશના) ની તથા નિર્વાણભૂમિ છે.

વહેલી સવારના જ અમે પર્વતારોહણ શરૂ કર્યું. રસ્તામાં દાદર ઉપર નાનકડા છોકરાઓ તૂટી ગયેલી રકાબીના બે ટુકડાના કાંસીજોડા વગાડતા હલકદાર કંઠે સ્તવન ગાઈ રહ્યા હતા - 'હૈ યે પાવનભૂમિ....' આ છોકરાઓને ભિખારી તો કેમ કહેવાય? મને પેરિસના સ્ટ્રીટસિંગરો વિશે વાંચેલી વાતો યાદ આવી ગઈ - ગીત પૂરું કરી હેટ લઈને ઊભા રહે, ફટાફટ શ્રોતાઓનાં પાકીટ ખૂલે અને હેટ નોટોથી છલકાઈ જાય! જો હું પેરિસમાં હોત તો કોઈ સ્ટ્રીટસિંગરનું ગાયન સાંભળ્યા પછી શું કરત?

મેં તરત જ પર્સ ખોલીને એ બંને છોકરાઓને દસ દસની નોટ આપી, પણ ક્ષણાર્ધ માટે વિચારમાં પડી ગઈ : પેલા સ્ટ્રીટસિંગર્સ અને આ છોકરાઓ બંને વચ્ચે ભેદ ખરો કે? બંને પોતાની મસ્તીમાં, પોતપોતાના સ્કેલ પર ગાઈ-બજાવીને જીવનનિર્વાહ કરે છે! મને સમજાયો તે ભેદ કંઈક આવો. પેલો સ્ટ્રીટસિંગર સંગીતના માધ્યમથી વિકસિત થઈ રહ્યો છે અને આ છોકરાઓ કદાચ ખીલવાના બદલે...આ છોકરાઓને જોઈને મને અંબાજીમાં સડકના કિનારે બેસી કેસૂડાનાં ફૂલનો વેપાર કરતા નાનકડા વેપારીઓ યાદ આવ્યા. અને હા, એ જ સડકની ધારે બેસી નાનાં રમકડાં જેવી હથોડી-ટાંકણું લઈને આરસના નકામા ટુકડાઓમાંથી ગણેશની સુંદર મૂર્તિઓ ઘડતા નાનકડા શિલ્પીઓ પણ કેમ ભૂલાય? એમની પાસેથી માત્ર પાંચ રૂપિયામાં ખરીદેલ એક અંગૂઠા જેવડા ગણેશજી હજી કદાચ મારા કબાટમાં કોઈ ખૂણે પલાંઠી વાળી બેઠા હશે!

હજી અડધે પહોંચતાં જ મને '...નહિ કાયરનું કામ જો...' યાદ આવી ગયું. હંમેશા દગો દેનાર પગ તો આજે તેજીલા તોખારની જેમ થનગની રહ્યા હતા, પણ છાતીની ધમણનો ફડફડાટ વધતો જતો હતો અને લુહારની કોઢની જેમ છાતીમાંય કોઈ અગ્નિ પ્રજ્જ્વલિત થઈ જશે એવું લાગવા માંડ્યું. હજી પહેલો પર્વત ચડ્યા ત્યાં જ આ દશા. પછી તો આ પર્વત ઊતરો ત્યાં સામે બીજો પર્વત માથું ઊંચકીને બેઠો છે. હવે શું કરવું? પતિદેવ તો ચૉરીમાં ચાર મંગળફેરામાં સાથે ચાલ્યા તે ચાલ્યા, પછી તો હંમેશાં આગળ જ હોય! ને અત્યારે તો એ અદશ્ય થઈ ગયા હતા. (પતિ પરમેશ્વર ખરા ને!) પણ આ કાયરોના લિસ્ટમાં બીજું એક નામ પણ હતું - મારાં દેરાણી નીતા. આમેય શૂરવીર એકલો ફતેહ કરી શકે, પણ કાયરને તો સંગાથની જરૂર પડે જ.

અમારા સદ્‌ભાગ્યે આ ડુંગર ઊતરતાં અધવચાળે પણ અમને એક ડોળીવાળો મળી ગયો ખરો. ડોળીવાળો એક જ એટલે અમે બંનેને થોડી થોડી વારે વારાફરતી બેસવું પડે તેમ હતું. ઉપર ધોમ તડકો આગ વરસાવતો હતો. થોડીવાર પછી હું ડોળીમાં

બેઠી. મેં જોયું કે ડોળીવાળાનો શ્વાસ ફૂલી ગયો હતો. દૂબળોપાતળો દેહ પરસેવાથી રેબઝેબ; અડવાણા પગ અને વસ્ત્રમાં પંચિયા જેવી ધોતી અને ગમછો. દેહને દઝાડી દે એવા તડકામાં આવું કષ્ટ વેઠીને મને યાત્રા કરાવનાર આ યુવાનનું ઋણ શું માત્ર થોડા રૂપિયા આપીને ફેડી શકાય ખરું? મારી આંખમાંથી અશ્રુ વહી રહ્યાં હતાં. પરભવની કોઈ સગાઈ હશે તો જ આજે શ્રવણની જેમ આ યુવાન મને યાત્રા કરાવે છે! અરે, મારો પોતાનો દીકરો હોત તોય આવું કરે - કરી શકે કે કેમ? મને રડતી જોઈ એ યુવાને પૂછ્યું, 'માજી કૂછ હો રહા ક્યા?' મેં એને કહ્યું કે, 'તારી આ હાંફ જોઈ મને ડર લાગે છે - તને કાંઈ થઈ જશે તો?' જવાબમાં તેણે કહ્યું, 'હમારા તો યે રોજ કા કામ, ઔર આપને તો રૂપિયા દિયા, પર હમારે માલિક કે યહાં સારા દિન પાલખી ઉઠાઓ તો ભી એક પઈસા ના મિલે.' માનવવંશ પર કલંકરૂપ આ વેઠપ્રથા હજી એમ જ...

થોડીવારે મેં એને ડોળી થંભાવી દેવા કહ્યું, 'થોડું ઘણું ચલાય એટલું ચાલી લઉં.' એણે સામેથી પ્રેમથી કહ્યું, 'માજી, યે રાસ્તા ઉબડા હૈ, થોડી દેર કે બાદ ઊતરો.'

બંને પર્વતની યાત્રા પૂરી થતાં સાંજ પડવા આવી હતી. હવે ત્રીજા પર્વત પર આવેલ શાંતિ પેગોડા - વિશ્વસ્તુય જોવા જવાનું હતું. અહીં પર્વત પર જવા માટેનો એકમાત્ર વિકલ્પ રોપ-વેનો હતો. રોપ-વે સુધી પહોંચવા માટે થોડાંક પગથિયાં હતાં. ત્યાં નીચે તળેટીમાં કેટલાક ફેરિયાઓ બેઠા હતા. ત્યાં એક નેપાળી જેવો દેખાતો છોકરો આસપાસ થોડાંક પીંજરાં રાખીને બેઠો હતો. પીંજરામાં રંગીન રૂપકડાં નાનાં નાનાં પંખી હતાં. છોકરો થોડી વારે લહેકાપૂર્વક તીણા સાદે બૂમ પાડતો હતો - ફ્રીડમ... ફ્રીડમ... મુક્તિ દો... મુક્તિ પાઓ... ફ્રીડમ... ફ્રીડમ. ચાની કીટલી ફેરવનારા, કુલ્ફી વેચનારા, પીપર-ગોળીવાળા, પાણીના પાઉચ વેચનારા તો ઘણા જોયા હતા, પણ આ તો ફ્રીડમ વેચવા બેઠો છે! સો રૂપિયા આપો, પીંજરનો દરવાજો તમારે હાથે ખોલી નાંખીને મુક્ત કરો - મોક્ષ મેળવો! આમાંનાં થોડાંક નસીબદાર પંખીડાંઓને તો આ પીંજરમાંથી મુક્તિ મળશે...ચહે...ચહે કરતું ઊડી જશે; પણ આ છોકરો? એને આ પીંજરાઓમાંથી મુક્તિ મળશે ખરી? અને છતાં પોકારી પોકારીને કહી રહ્યો છે, 'ફ્રીડમ... ફ્રીડમ...'

મારી રોપ-વેની યાત્રા પહેલીવારની જ; નીચે જોઉં તો ગીચ વૃક્ષો-ઝાડીઓમાંથી આચ્છાદિત ઊંડી ખીણો-સહેજ ડર લાગ્યો, સાથે એક અજબ રોમાંચ પણ ખરો.

પહાડ ઉપર ભગવાન બુદ્ધનું મંદિર - 'વિશ્વશાંતિ સ્તુપ' મંદિરના જ પરિસરમાં ભગવાન બુદ્ધની ચતુર્મુખી પ્રતિમા સત્ય અહિંસા-કરુણા-પ્રેમનો સંદેશ રેલાવી રહેલ. ભગવાન બુદ્ધનાં કમળપાંખડી જેવાં બીડાયેલ નેત્ર સ્વયંમાં જ જાણે એક શ્રેષ્ઠ કવિતા. વિશ્વના કોઈપણ ધર્મનો હાર્દ - સંદેશ આથી અલગ હોઈ શકે ખરો?

અહીં સ્તુપનાં સુંદર ધવલ શિખરો પર સોનેરી કળશ અને સામે નજર કરો તો ગગનના વિશાળ ઘુમ્મટ પર વાદળોના રૂપેરી કળશ ચડાવેલા છે. 'ડુંગરા દૂરથી રળિયામણા' નું સૂત્ર તો અહીં આવ્યા પછી 'દ્રાક્ષ તો ખાટી છે' જેવું લાગે. ન ચડાયા તે ડુંગરને દૂરથી જ સલામ! પણ ઉપર આવીને જુઓ તો આ ડુંગરોના સૌંદર્યને પીવા માટે આંખોની પ્યાલી નાની પડે. જામ છલકાતા-ઢોળાતા રહે. અને આ પર્વત પરથી ધરતીને જુઓ તો એય કેવી રળિયામણી લાગે! વારે વારે વાદળનો ધુમ્મસિયો ઘૂંઘટ ઓઢીને સૂરજને છેડતી ધરતી પર ઓળઘોળ થઈ જતો - ગીચ વનરાજીમાંથી સરકતો-મલકતો ધૂપ-છાંવની રમત રમતો સૂર્ય. સર્જનહારે પોતાના સઘળાં તેજ-પ્રાણ-ચૈતન્યને ઘૂંટીઘૂંટીને પોતાના પ્રેમરસમાં રસાવેલા આ સૌંદર્યના અઢળક જામ પીતા રહો, આંખથી-કાનથી-હોઠથી-સ્પર્શથી-નાકથી પીતા રહો. અસ્તિત્વના અણુએ અણુથી પીતા રહો...અને કૃતાર્થભાવથી આંખના ખૂણે ભીનાશ અનુભવાય એ જ ભક્તિ!

મનની ડાયરીમાં તો હજી યાત્રાના કેટકેટલા સુંદર મુકામો સચવાયેલા - સંઘરાયેલા એ બધાં પાનાંય ખુલશે કોઈ દિવસ. અત્યારે તો અમારી યાત્રાનો છેલ્લો મુકામ હસ્તિનાપુરમાં.

મહાભારતના ભીષણ યુદ્ધનું સાક્ષી આ હસ્તિનાપુર. આદિનાથ ભગવાને પહેલી ગોચરી વહોરી ઈક્ષુરસથી પારણાં કર્યા તે આ હસ્તિનાપુર. કાળની થપાટો કોઈ સ્થળના ચહેરા પર કેટકેટલું લખી જાય! માનવી આ બધું વાંચી શકે છે ખરો? હા, વાંચે છે, વાંચે છે, વાંચે છે અને છતાં પોતાની આદિમ પશુવૃત્તિને વશવર્તી માનવી હજી યુદ્ધખોર પ્રાણી જ છે. ભયાનક યુદ્ધોનાં પરિણામ જોયાં-વેઠ્યાં પછી પણ માનવી શું કરે છે? એથીય વિનાશક યુદ્ધો યુદ્ધનાં વેરઝેરના સત્તાખોરીના લોહીથી ખરડાયેલ ઇતિહાસનું પુનરાવર્તન!

હસ્તિનાપુરમાં પાંડવ મંદિર - પાંડવગુફાઓ જોતાં મન ઉદ્વિગ્ન થઈ ગયું. અહીં અષ્ટાપદ મંદિર તો નાનકડી પહાડી જેટલું ઊંચું. ઉપર ચતુર્મુખી પ્રતિમા અને ધ્યાન માટેની જગ્યા વિશાળ ખુલ્લા આકાશ નીચે. અહીં એક ખુલ્લી ઉપવન જેવી જગ્યામાં નાનીનાની દેરીઓમાં પ્રભુનાં પદચિહ્ન. ત્રણ તરફથી ખુલ્લી દેરીઓમાં ચડાવેલા ચોખાના દાણા ચણવાં ચકલીઓનું એક ઝૂંડ આવ્યું. સહેજ આમ તેમ જુએ - માથું નમાવે, ચીં-ચીં ની પ્રાર્થના કરે અને મોઢામાં ચોખાનો દાણો લઈ દેરીઓના શિખર પર જઈ બેસે. આગલા ભવમાં આ ચકલીઓએ પ્રભુની પ્રાર્થનામાં ગાયું હશે :

*'હૈ યે પાવનભૂમિ, યહાં બાર બાર આના.'*

બસ, આ છેલ્લું થાનક હતું. હવે ઘર તરફ પાછા ફરવાનું. સૌના ચહેરા પર આનંદ છલકાતો હતો, 'હોમ સ્વીટ હોમ' તરફના પ્રયાણનો હું જ - બસ હું એકલી જ કદાચ મારા ઘર

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૬ ઉપર)**

જીવન ધારા

# આંસુની કિંમત : રોતે રોતે બન જાએ બાત!

સંકલિત

કવિઓએ આંસુને ઈશ્વરની ભેટ કહી છે. આપણે રડીએ છીએ. શોક વ્યાકુળ થઈને રડીએ છીએ. ભાવવિભોર થતાં આપણી આંખ ભીંજાઈ જાય છે...રાષ્ટ્રગીત સાંભળતા, સુંદર સૂર્યાસ્ત નિહાળતા કોણ જાણે કે કેમ આંખ છલકાઈ જાય છે! રડવાની ક્રિયા આમ તો તદ્દન સામાન્ય અને સહજ સ્વાભાવિક છે. આંખના પલકારા અને હૃદયના ધબકારા જેવી જ. પણ સૌથી રહસ્યમય છે રુદન સમયે આંખમાંથી ટપકી પડતાં આંસુ! આંસુ શું છે? તે કેમ અને ક્યાંથી આવે છે? દુઃખ અને આનંદ, એ બંને પ્રસંગે તે કેમ ટપકી પડે છે? કવિ, કલાકારો અને સર્જકો આંસુથી હંમેશાં આકર્ષાતા રહ્યા છે. કાવ્યો, ચિત્રો અને મૂર્તિઓમાં તેના ઘણાં દૃષ્ટાંતો જોવા મળે છે, પણ હવે વિજ્ઞાનીઓ પણ આંસુ પ્રત્યે આકર્ષાયા છે અને આંસુ શું છે તે જાણવા ઊંડા ઊતરી રહ્યાં છે. વાસ્તવમાં દુઃખના કે આનંદના, દરેક પ્રકારના આંસુ ખારાં હોય છે. તેમાં લગભગ ૯ ટકા જેટલું મીઠું હોય છે. પુરુષ કરતાં સ્ત્રી વધારે રડે છે. તેનું કારણ શારીરિક છે, કે પછી લાગણીશીલતાના અતિરેક કે પછી એક માનવશાસ્ત્રી કહે છે તેમ નાકના નાના કદના લીધે? વિજ્ઞાનીઓ આ સવાલોના જવાબ મેળવવા મથી રહ્યા છે. વિજ્ઞાનીઓ અત્યારે બે પ્રકારના આંસુઓને અલગ પાડી શક્યા છે : એક છે 'રિફ્લેક્સ' આંસુ જેવા કે ડુંગળી વગેરેથી ટપકતાં આંસુ. બીજા છે ભાવનાત્મક આંસુ શોક કે આનંદથી વહી નીકળતાં આંસુ. મિનેસોટાના એક જૈફ રસાયણશાસ્ત્રી વિલિયમ કે. લાંબા સમયથી આંસુનો અભ્યાસ કરી રહ્યા છે. તેમણે શોધી કાઢ્યું છે કે રિફ્લેક્સના આંસુ કરતાં ભાવનાત્મક આંસુમાં પ્રોટીનનું પ્રમાણ વધારે હોય છે. પણ આ તેઓ તેનું કારણ જાણી શક્યા નથી. અથવા પ્રોટીનસભર આંસુથી રડનારને કે સમાજને શો ફાયદો થાય છે? તે પણ જણાવી શક્યા નથી. ગમે તેમ પણ આંસુ માનવ અસ્તિત્વનો એક મહત્ત્વનો ભાગ પરાપૂર્વથી રહ્યાં છે. રૂદન માનવીના રીતરિવાજ અને ક્રિયાકાંડોમાં સ્થાન પામતું રહ્યું છે. પ્રાચીન એસીરીયામાં ફળદ્રુપતા માટેના ક્રિયાકાંડમાં રૂદન આવશ્યક મનાતું- કદાચ વરસાદના પ્રતીક રૂપ! બાઈબલમાં પણ એક સ્થળે લખ્યું છે કે "જે આંસુમાં વાવણી કરશે તે આનંદની લણણી કરશે!" "નોર્સ" પુરાણ કથામાં આંસુની ઉપયોગિતાની રસપ્રદ કથા છે. ઓડિનનો પુત્ર બાલ્ડર જ્યારે મરણ પામે છે ત્યારે દેવતાઓ શરત મૂકે છે કે પૃથ્વી પરની દરેક વસ્તુ બાલ્ડર માટે શોક મનાવે, રુદન કરે, તો જીવતો પાછો મૂકવામાં આવે! કહે છે કે પૃથ્વી પરના તમામ માનવો, જીવંત પશુ-પક્ષીઓ ઉપરાંત પથ્થરો, ધાતુઓ અને વનસ્પતિ પણ રડી ઊઠ્યા!" ગ્રીક પુરાણ કથામાં રાણી નાયોબની વાત આવે છે. આ રાણી પોતાનાં સંતાનો માટે અત્યંત મગરૂર હતી. તેની સજારૂપે દેવતાઓએ તેના બધાં સંતાનોને મારી નાખ્યા. તથા વીસના અને સાઠના દાયકાના યુવાન અમેરિકનો પણ ભાવુકતાના જ્વલંત ઉદાહરણ ગણાય છે. પશ્ચિમી સભ્યતામાં કેથોલિક રૂઢિચુસ્ત ચર્ચની માન્યતાઓની અસર નીચે મહદઅંશે એવો મત પ્રવર્તે છે કે લાગણીઓને કાબૂમાં રાખીને જ સમાજ પોતાના પ્રશ્નોને બુદ્ધિગમ્ય રીતે ઉકેલી શકશે. અશ્રુવિરોધીઓને ત્યાં 'સ્ટોઈક' કહે છે ઈ.સ. પૂ. ૩૦૦ ની આસપાસ એથેન્સમાં થઈ ગયેલા ઝીનો નામની દાર્શનિકના એ અનુયાયીઓ છે અને સુખ તથા દુઃખને સમાન ગણી લાગણીઓ પર સંયમ રાખવામાં માને છે. આ સ્ટોઈસીઝમ ઉપરાંત બુદ્ધિવાદ કે રેશનાલિઝમની પણ પશ્ચિમમાં ઘણી ઊંડી અસર છે. ૧૭મી સદીમાં લોક નામના એક લેખકે બાળઉછેર અંગેના પુસ્તકમાં ચેતવણી આપી છે કે બાળકોના રૂદનને ઉત્તેજન આપવું નહીં કેમ કે આવી ભાવનાઓને દબાવવાનું આપણું મુખ્ય કાર્ય છે! ડૉ. સેમ્યુઅલ જહોન્સન જેવા લા આદમીએ પણ વધુ પડતી દિલગીરીને 'બિનફાયદાકારક' કહી છે. ૧૭૫૦ માં એક મિત્રે પોતાની માતાના મૃત્યુ વિશે લખ્યું ત્યારે તેના જવાબમાં જહોન્સનને લખ્યું કે 'એક વખત કુદરતી શ્રદ્ધાંજલિ અપાઈ ગઈ. પછી આંસુ તમારા કે મારા, કોઈના કામના નથી...જીવનના કાર્યો આપણને બિનજરૂરી દિલગીરીથી દૂર રહેવા સૂચવે છે..." ઈંગ્લેન્ડના રોમાન્ટિક યુગ દરમિયાન બુદ્ધિવાદ કરતાં ભાવનાવાદનું પલ્લું નમતું રહ્યું હતું. રડવું એ ફેશનેબલ ગણાતું! એટલે સુધી કે સ્મશાનયાત્રામાં પહેરવાનાં કાળાં કપડાં પુરુષોની ફેશન બની રહ્યાં છે. વિખ્યાત હાસ્ય લેખક માર્ક ટ્વઈને પોતાની સદાબહાર કથા 'હકાલબટી ફિન' માં આ મનોદશાની સરસ ઠેકડી ઉડાડી છે. ત્રણેક દાયકા બાદ પ્રથમ વિશ્વવિગ્રહ વખતે આંસુ વહેવડાવવાનો કોઈને સમય ન રહ્યો. ૧૯૨૦ ના દાયકાના સમૃદ્ધ કાળમાં ફરી આંસુની 'ફેશન' ચાલુ થઈ. ત્યાં જ જબ્બર મંદીનું મોજુ અને ત્યારબાદ બીજું વિશ્વયુદ્ધ આવ્યું અને ફરી આંસુ સુકાઈ ગયાં. અમેરિકામાં આંસુ સામે ભારે સૂગ હતી. સ્ત્રી પણ આંસુ વહેવડાવે તે સહન ન કરાતું. પણ ઐતિહાસિક અને સામાજિક પરિબળોએ આ વલણમાં

પરિવર્તન આણ્યું અને પુરુષ પણ પોતાની લાગણી પ્રદર્શિત કરી શકે છે એ હકીકતનો સ્વીકાર કરવામાં આવ્યો. કેટલાક સમાજશાસ્ત્રીઓના મતે ફરી પાછું અશ્રુવિરોધી વલણ વિશ્વમાં ઉપસતું જાય છે. કર્ટ સપ્લી નામના લેખકે લખ્યું છે કે તેમ એક વસ્તુ તદ્દન સ્પષ્ટ છે - વિલિયમ ફ્રે જેવા સંશોધકો જ્યાં સુધી અશ્રુનું કાર્ય અને તેમાંના વધારાના પ્રોટીનનું કાર્ય અને મૂળ ન શોધી શકે ત્યાં સુધી કે સ્ત્રીઓ પુરુષ જેવી અને પુરુષો પથ્થર જેવા ન બને ત્યાં સુધી ત્રણ વસ્તુઓ ચોક્કસ અવિચળ રહેવાની છે - મૃત્યુ, આંસુ અને કરવેરા. અત્યાર સુધી આંસુને મહિલાઓની પર્સનલ પ્રોપર્ટી માનવામાં આવતા હતા, પરંતુ હવે પુરુષો પણ રડવાનું જબરદસ્ત પરફોર્મન્સ કરી રહ્યા છે. પ્રસંગ ખુશીનો હોય કે ગમનો, તેમની આંખોમાંથી ગંગા-જમના વહેવામાં સમય લાગતો નથી. રસનીય બાબત એ છે કે દરેક ફિલ્ડમાં આંસુ વહાવનારા ખાસ એક્સપર્ટ છે. અનેક વેળા વિમ્બલડન ટાઈટલ જીતનારા રોજર ફેડરરની એક ખાસિયત છે. તેઓ કોઈ મેચ જીતે કે હારે, પરંતુ તેમની આંખમાં આંસુ દરેક ગેમ પછી આવતાં હોય છે. આમ તો ફેડરરનું માનવું છે કે ખુદને ઈન્સાન સાબિત કરવા માટે ક્યારેક ક્યારેક રડવું પણ જરૂરી છે, જેથી લોકોને ખબર પડે કે તમારું દિલ પણ તૂટી શકે છે. ન ફક્ત ફેડરર, પરંતુ આંસુના પ્રકરણમાં બોલીવૂડ પણ પાછળ નથી. 'સત્યમેવ જયતે' ના સેટ પર કોઈની દર્દભરી કહાની સાંભળતી વેળા આમિર ખાનની આંખો પણ છલકાતી હતી. ભૂતકાળમાં પુરુષો રડે અને ખાસ કરીને પબ્લિકમાં, તે મરદનું કામ માનવામાં આવતું નહોતું. અલબત્ત, હવે તો આ કોમન થઈ ગયું છે, કારણ કે સોસાયટી મેઈલ જેન્ડરની ઈમોશનલ સાઈડ જોવા ઈચ્છે છે. કેટલાક સમય પહેલાં કપિલદેવ પર આરોપ મૂકવામાં આવ્યા હતા. ત્યારે ટીવી પર પોતાની સ્પષ્ટતા કરતી વેળા તેમની આંખમાંથી ગંગા-જમના વહેતા હતા, જ્યારે ગયા વર્ષે ટીમ ઈન્ડિયાએ વર્લ્ડ કપ જીત્યો, તો 'મેન ઓફ ધ સીરીઝ' યુવરાજ સિંહ જેવો મજબૂત દિલનો ખેલાડી પણ પોતાની ભાવના પર કાબૂ રાખી શક્યો નહોતો. અને તેના મોતી જેવા આંસુ દુનિયાએ જોયાં હતાં. એટલું જ નહીં, 'કેપ્ટન કૂલ' મહેન્દ્ર સિંહ ધોનીએ પણ કબૂલ્યું હતું કે જીતની ખુશીમાં તેઓ ડ્રેસિંગ રૂમમાં... રડ્યા હતા. બોલીવુડના હીરો પણ ન ફક્ત ગુંડા સાથે ઢિશૂમ ઢિશૂમ કરે છે...તક મળતા પોતાનું ઈમોશનલ પાસું પણ દેખાડતાં હોય છે. શાહરૂખ ખાન પરની 'કુછ કુછ હોતા હૈ', 'કલ હો ના હો', 'કભી અલવિદા ના કહના' જુઓ. આ ફિલ્મોમાં રડીને શાહરૂખે પ્રેક્ષકોને પણ રડાવ્યા છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી બોલીવૂડના હીરો ખૂબ બદલાઈ ગયા છે. હવે ન ફક્ત ગમમાં તેમની આંખોમાં આંસુ આવે છે, પરંતુ ગુસ્સામાં પણ આંસુ આવી જાય છે. રાજકારણીઓની વાત કરીએ તો હિન્દુ હૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરેના નિધન પછી તેમની અંતિમયાત્રા વેળા તેમના પુત્ર ઉધ્ધવ ઠાકરે પણ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા અને ભત્રીજા રાજ ઠાકરે આંસુ ખાળી શક્યા નહોતા. આ અભિનય નહીં, લાગણીની અભિવ્યક્તિ હતી. પુરુષો હંમેશાં ઈમોશનલ હોય છે, પરંતુ તેઓ પોતાના આંસુને પોતાની માચો ઈમેજની પાછળ રાખતા હોય છે. જો કે હવે બધાને સમજાયું છે કે ઈમોશન્સને આવી રીતે દબાવી રાખવી લોન્ગ ટર્મમાં તેમના માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. આને લઈ હળવા થવા માટે લોકો આંસુ વહેવડાવી રહ્યા છે. આ બધું જોઈને લાગે છે કે આવનારા દિવસોમાં આપણા 'સિકંદરો' નું એન્થમ એ જ બની જશે કે રોતે રોતે બન જાએ બાત...!

## સ્વ અને વિશ્વને જોડતો એક સેતુ

**(અનુસંધાન : પાના નં.-૫૪ ઉપરથી ચાલુ)**

તરફ - નગર તરફ જતી ટ્રેનની ગતિથી વિમુખ દિશામાં ખેંચાતી રહું છું. 'હોમ સ્વીટ હોમ' કરતાંય આ પ્રવાસની રોચક સ્મૃતિઓ 'મેમરીઝ સ્વીટ મેમરીઝ' મને ફરીફરીને જાણે પ્રવાસમાં ખેંચી જાય છે. ભીતર ઘેરો વિષાદ છવાઈ ગયો છે. આ નિરાંતભરી ભાગ-દોડ, આ લાં...બા રેલપ્રવાસના નાનાં નાનાં સુંદર થાનકો, આ પહાડો પર મને મળવા દોડી આવેલું હરખપદુડું આકાશ, આ ખીણોમાં છૂપાઈને મારી સાથે થપ્પો રમતાં કલ કલ ઝરણાંઓ, રેલપ્રવાસમાં સાથોસાથ ચાલતી રાતનું મખમલિયું અંધારું, તારલિયાઓનું રણઝણ રણઝણ સમૂહ સ્તોત્રગાન, દિવસના પ્રવાસમાં મારી આગતા-સ્વાગતા-તહેનાતમાં ખડે પગે ઊભાં રહેતાં વૃક્ષો, પંખીઓ, નદીઓ, નિત્ય નવા રંગના લેબાશ પહેરી સ્મિત રેલાવતાં ફૂલો, આખેઆખાં જંગલો-ખેતરો-કોઈ નાનકડા ગામમાં રેલવે ટ્રેકના કિનારે ઊભો રહી નિર્દોષ સ્મિત સાથે ઉષ્માપૂર્વક હાથ હલાવતો-મારું અભિવાદન કરતો કોઈ નંગુ પુંગુ છોકરો.... ફરી ક્યારે જોવા મળશે આ બધું, ફરી ક્યારે?

ના, જાતરા પૂર્ણ નથી થઈ - અપૂર્ણ...અપૂર્ણ...જન્માંતરો સુધી ચાલતી જ રહો, ચાલતી જ રહો. જેમને હું ખૂબ ચાહું છું એવા આ પૃથ્વી-આકાશને એના પૂર્ણ સૌંદર્ય સાથે હજી ક્યાં મન ભરીને નીરખ્યાં છે? ચરાચરના અણુએ અણુથી વહેતાં નિઃશબ્દ ગાન હજી ક્યાં ધરાઈને સાંભળ્યાં છે? અને જાણ્યાં-અજાણ્યાં, પોતાનાં-પારકાં માનવીઓને પણ હજી ક્યાં મન ભરીને મળાયું છે? અને મળ્યા પછીનું સ્નેહરસિત મૌન, સંવાદો, લે-દે-ના વ્યવહાર-મીઠા ઋણાનુબંધો અને એ બધાંમાં આંતર-પ્રવાહમાં વહેતા પ્રેમનો હૃદયગમ્ય સ્પર્શ-એ બધું જ પામવા-અનુભવવાનું પણ હજી બાકી જ. એ માટે જ તો ફરીફરી આવવું છે આ પૃથ્વી નામના ગ્રહ ઉપર, રહેવું છે ઘર નામના સ્વર્ગમાં. અને આ સ્વર્ગને હોય એક દરવાજો, અને વિશ્વ તરફ ઊઘડતા એ દ્વારમાંથી અનેક દિશાઓ - અનેક શક્યતાઓ ફરીફરી લઈ જાય કોઈ નવા પ્રવાસમાં. ■

નારી વિમર્શ

# આધુનિક સ્ત્રીનો આત્મવિશ્વાસ

અનામિકા

આજની આધુનિક સ્ત્રી સાચા અર્થમાં આધુનિક છે. તેણે તેની આસપાસની નબળાઈઓને દૂર કરી પોતાની જાતને મજબૂત બનાવવાનો પ્રયાસ કર્યો છે. સાહસ, પરિપક્વતા, સહિષ્ણુતા તથા મક્કમ નિર્ધારના કારણે તેણે સમાજની સામે પોતાની વિશેષ ઓળખ ઊભી કરી છે. જેમાં તે સાહસિક, પરિપક્વ, સહિષ્ણુ તથા મજબૂત આકાંક્ષાઓ ધરાવનારી મહિલાના રૂપમાં બહાર આવી છે. તેણે પોતાની સમજદારી અને વિવેક બુદ્ધિથી પોતાની અલગ ઓળખ બનાવી છે. આજની આધુનિક સ્ત્રીએ સફળતાપૂર્વક, પોતાના બંને રૂપ સ્વીકારી લીધાં છે. એક તરફ 'કરિયર - વુમન' નો ખિતાબ મેળવ્યો છે, તો બીજી તરફ 'હોમ મેકર' નું બિરુદ મેળવીને એ 'સુપર વુમન' તરીકે આગળ આવી છે. આધુનિક સ્ત્રી શારીરિક રીતે પોતાના દેહ પ્રત્યે સજાગ બની છે. સફાઈદાર રહેવા પર પૂરતું ધ્યાન આપીને પતિની પ્રિયા બનવા માટે ચુસ્ત અને સ્વસ્થ રહેવા લાગી છે. આધુનિક સ્ત્રીએ સંકુચિત માનસિકતાનો ત્યાગ કરી આત્મવિશ્વાસ મેળવ્યો છે. તે સહનશીલતાના ગુણને પણ ઓળખવા લાગી છે. તે પતિની ઓફિસની સમસ્યાઓને સમજવા લાગી છે તથા તેને દૂર કરવા માટે પતિને પ્રત્યેક પ્રકારની સહાયતા કરવાનો પ્રયાસ કરે છે. પુસ્તકો વાંચવા, નોકરી કરવી જેવી પ્રવૃત્તિઓથી તેના વ્યવહાર, બોલવું ચાલવું વગેરે બાબતોમાં આશ્ચર્યજનક ફેરફાર આવ્યો છે. તેની ખ્યાતિ પણ વધી છે. સાથે સાથે નવા નવા વિષયો જાણવા માટેનો ઉત્સાહ વધ્યો છે. હવે તે કોઈપણ વર્તમાન વિષય પર પોતાના પતિ સાથે અથવા બહારની વ્યક્તિ સાથે સફળતાથી વાતચીત કરી શકે છે, પરિણામે લોકોની નજરમાં તો ઠીક પતિ પણ તેને માનથી જોવા લાગ્યો છે. પતિ પણ પોતાની આધુનિક પત્નીનાં સુઘડ, સુંદર, શિક્ષિત, વ્યવહારકુશળ, વાચાળ, સ્વાભિમાની સ્વરૂપનો આદર કરવા લાગ્યો છે. ઘર પ્રત્યે જરા પણ બેદરકાર નથી - આધુનિક નારી જાણે છે કે પ્રગતિશીલ પતિને માત્ર ભોજન બનાવી આપનારી, તેના પગ પૂજનારી, ઘૂમટામાં મોં છુપાવીને જીવતી પત્ની પસંદ નથી, પરંતુ ઉચ્ચ માનસિક, બૌદ્ધિક તથા સામાજિક સ્તર ધરાવતી પત્નીની જરૂર છે. એટલે તે પતિની ભાવનાઓની કદર કરીને તેને અનુરૂપ બનાવવાની કોશિશ કરે છે. હવે તે સંસ્કૃત, આત્મવિશ્વાસ ધરાવતી તથા મોહક વ્યક્તિત્વની સ્વામિની બની ગઈ છે. આજની સ્ત્રીએ એક સમજદાર પત્ની તરીકેનું સ્થાન મેળવી લીધું છે. તે પોતાના પ્રેમ વડે દાંપત્યજીવનને વધુ મજબૂત કરવાનો પ્રયાસ કરે છે અને તેમાં તેણે ખાસ્સી સફળતા પણ મેળવી છે. આજની નારી દાંપત્યજીવનમાં 'સેક્સ' ના મહત્ત્વને પણ પારખી ગઈ છે. તે તેના પ્રેમમાં ઉમંગ, ઉત્સાહ, આકર્ષણ, હૂંફ, માદકતાને ટકાવી રાખવા માટે પતિને આકર્ષિત કરવાનો પ્રયત્ન કરે છે. શિસ્ત અને સન્માનભર્યું જીવન - અંગ્રેજીમાં વાતચીત કરનારી સ્ત્રીઓ, કોન્વેન્ટમાં શિક્ષણ પામેલી સ્ત્રીઓ સાથે ઉચ્ચ શિક્ષણ પામેલી, બુદ્ધિજીવી સ્ત્રીઓ, આધુનિક પહેરવેશ પહેરનારી સ્ત્રીઓ, પોતાના વિચારોને ખુલ્લી રીતે રજૂ કરનારી સ્પષ્ટવક્તા સ્ત્રીઓ, સ્ત્રી-પુરુષોના સંબંધો વિશે લખનારી સ્ત્રીઓ વિશે સમાજમાં ખોટી છાપ ઊભી થઈ છે. પરંતુ આ ધારણા સાવ પાયા વિનાની છે. આવી સ્ત્રીઓ આધુનિકતાની આડમાં વધુ પડતી સ્વચ્છંદ હોય છે એ માન્યતા સાચી નથી. વાસ્તવિકતા તો એ છે કે કેટલાક અપવાદો બાદ કરતાં આ પ્રકારની સ્ત્રીઓ સન્માનભર્યું જીવન જીવતી હોય છે. આધુનિક સ્ત્રીઓ એવો પતિ પસંદ કરતી હોય છે જે સંવેદનશીલ હોય પરંતુ એ વધુ પડતો ભાવુક ન હોય. આધુનિક નારી ભાવુકતા અને પ્રેમ વચ્ચેના ભેદને બરાબર જાણી ગઈ છે. હવે કોઈપણ પુરુષ 'પ્રેમ' ના નામે તેને મૂર્ખ બનાવી શકે તેમ નથી. આધુનિક સ્ત્રી પોતાના પ્રશ્નો, પોતાનું રહસ્ય, પોતાના વિચારને કોઈની સામે બળાપા રૂપે રજૂ કરતી નથી. એ સારી રીતે જાણે છે કે એકવાર કોઈની સામે પોતાનું રહસ્ય ખોલી કાઢશે તો તે મુશ્કેલીમાં ફસાઈ જશે. એટલા માટે તે માત્ર વિશ્વાસપાત્ર વ્યક્તિ સામે પોતાની સમસ્યા ઉકેલવાનો પ્રયાસ કરે છે. આજકાલ તો 'કાઉન્સેલિંગ' ની સુવિધા પણ મળી શકે છે. આધુનિક સ્ત્રી માને છે કે સફળ પતિ-પત્ની એ જ છે જે એકબીજાની ઇચ્છાને સારી રીતે જાણી શકનારા, વિશ્વસનીય મિત્રો બનીને રહેનારા છે. બંને એકબીજા પ્રત્યે સન્માનની ભાવના તથા મનમાં અરસપરસ પ્રત્યે 'સોફ્ટ કોર્નર' પણ ધરાવે છે. આધુનિક સ્ત્રીઓ તેમનાં મિત્રો, પતિ તથા બાળકોને તેમના જન્મદિવસે, લગ્નની વર્ષગાંઠ પર અથવા તેમની સફળતા પર અભિનંદન આપે છે. સામે એવી જ અપેક્ષા પણ રાખે છે. પૈસાને મહત્ત્વ નથી આપતી - હાલની સ્ત્રીઓ પતિ સાથે કેટલોક સમય તાણ વિનાનો, આરામથી ગાળવા ઇચ્છે છે. હાલની નારી સફળ લગ્નજીવન માટે જીવનમાં પૈસાને મહત્ત્વ આપતી નથી. તે સારી રીતે સમજે છે કે સફળ જીવન જીવવા

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૯ ઉપર)

નિબંધ

# મનભર કેડીઓ

મનસુખ સલ્લા

રાજમાર્ગને આધિપત્ય ફાવે છે. બધાને ગળી જઈને એ પોતાને સ્થાપે છે. પરંતુ કેડીઓ ઝરણાં જેવી સહજ અને રમતિયાળ હોય છે. કેડીને જરાક તક મળે કે આડી ફંટાય. કેડીના નામનું પાટિયું ન હોય. એનું અસ્તિત્વ સર્જાયું એ પણ આકસ્મિક તો અસ્તિત્વ વિલાયું એની નોંધ નહિ લેવાની. કેડી ગ્રામ અને વન સંસ્કૃતિનું ફરજંદ છે. એટલે ગ્રામપ્રદેશ અને કૃષિસંસ્કૃતિ કેડીઓની લીલાથી તરબર હોય છે. લોકભારતીમાં નગરજીવનની સગવડો હતી, સાથે ગ્રામપ્રદેશની સાહજિકતા જળવાઈ હતી. આખા પ્રાંગણમાં એક જ પાકો રસ્તો હતો, બાકી બધે ધૂળિયા માર્ગો હતા. રહેણાંકની ફરતાં ચોતરફ ખેતરો હતાં. એને તો ગાડું ચાલવા માટે ચીલા મળ્યા કે ઘણું થયું. ખેતરોમાં જવાના રસ્તે કે ખેતરની વચ્ચે ચાલનારની મોજ પ્રમાણે કેડીઓ પડતી રહેતી. કેટલીક કેડીઓ કામચલાઉ હોય તો કેટલીક કેડીઓ રૂઆબભેર અસ્તિત્વ ટકાવે.

માણસની પ્રકૃતિ જ કેડી પાડવાની છે. એક ચીલે ચાલ્યા કરવાનું માણસને ગમતું નથી. જાહેર પાકો માર્ગ હોય તોપણ માણસ આડો ફંટાશે, કેડી પાડશે. જાણે નવીનવી કેડીઓ પાડવાની મોજ લેતો ન હોય! લોકભારતીમાં પગવાટમાં અને ખેતરોમાં તો કેડીઓ પડતી રહેતી, પણ રમત માટેનાં છાત્રાલયો વચ્ચેના મોટા મેદાનમાં કેડીઓ બનતી રહેતી. આ મોટા મેદાનમાં રમતો, સમૂહગરબી, સમૂહભોજન બધું થતું. દિવસે અને રાત્રે આ મેદાનનું રૂપ નોખું હોય. ઈસ્માઈલદાદા (નાગોરી) નો વૃક્ષપ્રેમ લોકભારતીમાં ચોતરફ ફળ્યો હતો. તેમના વારસદાર પ્રવીણભાઈ મશરૂવાળા અને મહિપતસિંહ ઝાલાએ તે વારસાને વિસ્તાર્યો હતો. જ્યાં કોઈનું ધ્યાન ન જાય ત્યાં પણ તેઓ વૃક્ષારોપણ કરાવે. છોડને સાચવીને મોટા કરે. રમતના મેદાનની ચારેબાજુ બબ્બે વૃક્ષોની હાર છે. બહેનોના છાત્રાલય બાજુ નીલગિરિનાં વૃક્ષો છે. પૂર્વભાગ લીમડા અને સોનમહોરથી શોભે છે. બાકીના ભાગમાં ગરમાળો, બુચ, સોનમહોર અને બીજાં વૃક્ષો છે. આ મેદાનમાંથી ચાલવાનું સૌને થાય. આમ તો ધૂળ વચ્ચે વારંવાર ચાલવાથી અંકાયેલો રસ્તો પણ છે. પરંતુ સર્પસીડી જેવી કેડીઓ અનેક છે. ચાલનારાંના મોજ અને મિજાજ પ્રમાણે કેડી રચાઈ જાય. ટૂંકું અને ઝટ પતે એ માણસની ગમતી પ્રવૃત્તિ છે. એટલે મેદાનને એક છેડેથી બીજે છેડે જવા દસેક કેડીઓ જન્મી છે. વળી કેડી પર વારંવાર ચાલવાથી ચાલનારનો નાતો બંધાઈ જાય એટલે તે અમુક કેડી પર જ ચાલે. એમાં ધ્યાન ખેંચે બબ્બે વૃક્ષોની હારમાળા. એકવાર એની નીચે લટાર મારતાં દર્શક કહે, 'સૂર્યોદય વખતે આ વૃક્ષોની હારમાળાની નીચે ફરતાં ફરતાં વિદ્યાર્થીઓ પ્લેટો- રૂસો, રામાયણ મહાભારત કે કાન્ત -ઉમાશંકરની ચર્ચા કરતા હોય એમ હુ ઈચ્છું છું. આવી નિરાંત વખતે ચિત્તમાં નવાનવા વિચારો કે અર્થઘટનો જન્મતાં હોય છે.'

મેદાનથી આગળ વધીને બળદછપ્પર વટાવીએ એટલે ખેતરો શરૂ થઈ જાય. ખેતરો કેટલાંક કુદરતી છે, કેટલાંક ઘાટઘૂટ આપી, પૂરણી કરી, પાળા બાંધી રચેલાં છે. એમાં કેડીઓનો યથેચ્છ વિહાર છે. ઘઉં વાવ્યા હોય કે કપાસ, એની વચ્ચે કેડી પડે જ પડે. કેડીને ભૂમિતિની દઢ રેખાઓ ન ફાવે, એ તો સ્વૈરવિહારી. ક્યાંક પાકની બે ઓળ (હાર) વચ્ચે ચાલ્યા પછી વચ્ચે ખાલું પડેલું દેખાય કે કેડીએ વળાંક લીધો જ સમજો. નાનું બાળક સીધી લીટીમાં ન ચાલે એમ કેડીઓ પણ ન ચાલે. એને વળાંક વિના ચેન ન પડે. એટલે ખેતીવાડી સંભાળનાર બાલુભાઈને આમ કોઈ પાક વચ્ચેથી ચાલે એ ન ગમે, પણ ચાલનારા કોઈને ગાંઠે નહિ.

મારો સવારનો ફરવાનો ક્રમ આ કેડીઓ ઉપર. બળદછપ્પરથી ટાલિયા ડુંગરની તળેટી સુધી કે મુખ્ય તળાવથી ચેકડેમ સુધીના રસ્તે બાળસૂર્યની સાક્ષીએ ચાલવું એનો લહાવો અનેરો છે. તેમ આવી કેડીઓનો સાથ પણ ભર્યા ભર્યા કરી દે. ચોમાસામાં કેડીઓને ઢાંકી દેતું ઘાસ આક્રમક રીતે ફેલાઈ જાય. જાણે ત્યાં કેડી કદી હતી જ નહિ. પરંતુ થોડા દિવસમાં કેડી પડી જાય. ઘાસની વચ્ચેથી કેડી પર ચાલતાં કપડાંને ઝાકળનો સ્પર્શ થાય એમ ઘાસની રજ, ફૂલો કે કાંટાળાં નાજુક ફૂલો કપડાં સાથે ચીટકી જાય. આપણે કેડી ઉપર ફર્યા છીએ તેની સાહેદી આપે.

કેડી પર ચાલતાં હોઈએ, ઉપરથી લીમડાનો કોર ઝરતો હોય, એની મીઠી સુગંધ હવામાં પ્રસરેલી હોય, સવારની ઝાકળ હજુ પર્ણ પર ઝુલતી હોય, ચાલતી વખતે ખુદનાં જ પગલાંનો ધબકાર સાંભળી શકાય એવી નિસ્તબ્ધતા વચ્ચે આપણી આગળ આગળ લલેડાં, કબૂતર કે મોર ચાલતાં હોય, ત્યારે થાય કે ચાલવાની ગતિ ઘટાડીને થોડીવાર એને મન ભરીને જોયાં કરીએ. ત્યાં તો આપણી હાજરી કે હલચલથી સભાન થઈને એ ઊડી જાય કે નજીકમાં ક્યાંક જઈને બેસે. એકલા હોઈએ તોય હસી

પડાય. ત્યારે કેડી જ સાથીદાર હોય. કોઈ કવિએ ગાયું છે તેમ ત્યારે કેડીને તેડી લેવાનું મન થાય.

રાજેન્દ્રહિલ અને આસપાસની ટેકરીઓ તો કેડીઓથી જ વિભૂષિત છે. કવિ ઉમાશંકરે લોકભારતીની સ્થાપનાના સમારંભમાં કહેલું કે, જેમણે ટેકરીઓની તળેટીની જગ્યા લોકભારતી માટે પસંદ કરી તે કવિજીવ હોવો જોઈએ. આ ઘટના જ રમણીય છે. રાજેન્દ્રહિલથી ટેકરીઓનો આખો પટ સાંઢીડા મહાદેવથી તે રામધરી-આંબલાની સીમ સુધી પહોંચે છે. આ ટેકરીઓ આવળ, બાવળ, ગોરડથી ભરેલી છે. મોટા ભાગના જંગલનાં કાંટાળાં વૃક્ષો વચ્ચેથી પશુઓ અને માણસો ચડતાં-ઊતરતાં હોય છે. તળેટીથી ટોચે પહોંચવા માટે અનેક કેડીઓ રચાઈ છે. શંકરના ગળાના સર્પની જેમ આ કેડીઓ રાજેન્દ્રહિલ અને આસપાસની ટેકરીઓ ફરતી વીંટળાયેલી છે. એકાદ મોટો પથ્થર કે મોટું ઝાડ આડા આવે કે કેડી વળાંક લઈને આગળ વધે. આવી કેડીઓ નીચેના ભાગે ઝાંઝર જેવી લાગે, મધ્યભાગે કંદોરા જેવી લાગે તો ઉપરના ભાગે કંઠહાર જેવી લાગે. ટેકરીઓની સ્થિતિ મુજબ કેડીઓની શોભા પ્રગટ થાય. ક્યાંક સૂતેલી ટેકરીના ગળાનો હાર વાંકોચૂંકો પથરાયો હોય તેમ કેડીઓ અંકાયેલી હોય, તો ક્યાંક ટેકરીને મથાળેથી ચારે દિશામાં વહેતાં ઝરણાં જેવી કેડીઓ પ્રસન્નતાથી ગતિ કરતી હોય. હશે ક્યાંક દુનિયામાં એવું કે ટેકરી ટોચે પહોંચવાનો એક જ માર્ગ હોય? શેત્રુંજય પર્વતના તો પાકાં પગથિયાં છે, આબુ પર્વતમાં તો પાકો પહોળો રસ્તો છે. છતાંય કેટલીય કેડીઓ અંકાયેલી છે. તો અમારી લોકભારતીની ટેકરીઓ કેડીવિહોણી શાની હોય? ટેકરીની ટોચે પહોંચીને ચારે દિશામા નજર કરતાં દૂરની ક્ષિતિજ કે વૃક્ષો, ખેતરો કે આથમતા સૂરજનાં વિવિધ રૂપો ધ્યાન ખેંચે તેનીય પહેલાં ચોતરફ વીંટળાયેલી કેડીઓ ધ્યાન આકર્ષે.

આ જ કેડીઓ વર્ષા વખતે જળરેલા બનીને નીચેની બાજુ ગતિ કરતી હોય ત્યારે કરંડિયામાંથી છૂટેલા સર્પો એકસામટા ચારે દિશાએ ફૂંફાડા મારતા ભાગી રહ્યા હોય એવું લાગે. એનો રવ, એની ગતિ, મેઘ-તાંડવ વખતની એની જળલીલા ચિત્તને અકથ્ય ભાવોથી ભરી દે.

કેવળ લોકભારતીના પ્રાંગણ પર જ નહિ, સાંઢીડા મહાદેવ જતાં કે ડુંગરમાં બીડમાં જતાં પણ મન ટૂંકા રસ્તા જ શોધતું. એને કારણે અંતરમાં ભલે ઝાઝો ફરક ન પડતો પણ આકર્ષણ તો કેડીનુ જ રહેતું. વળી મારી પહેલાં ચાલેલાં મનુષ્યો કે પશુઓએ કેડીઓ આંકેલી જ હોય. કવિ સ્નેહરશ્મિ સાચા છે કે દિશદિશ નૂતન કેડી આંક્યા વિના મનુષ્યને જંપ નથી. નવી કેડીઓ પાડવાનું આકર્ષણ અને સાહસ માણસના અસ્તિત્વનો અનિવાર્ય ભાગ છે. એટલે કેડીની પહોંચ અમુક સ્થળ પૂરતી મર્યાદિત નથી, વૈશ્વિક છે. એટલે દિશદિશમાં જ નહિ, પણ દરેક હૈયામાં નવી નવી કેડીઓ આકારિત થતી રહે છે. અન્યના હૈયા સુધી પહોંચવામાં તો વણબોટાયેલી કેડીઓ જ કામની.

લોકભારતીની કેડીઓ કેવળ જમીન પર અંકાયેલી નથી, મારા અસ્તિત્વમાં અનેક રૂપે કંડારાયેલી છે. એની હાજરી અનેક રૂપે અનુભવું છું. એટલે તો સ્વપ્નમાં પણ હું અનેકવાર કેડી ખોળતો હોઉં છું. જાણે કાંઈક ખોવાઈ ગયેલું શોધતો ન હોઉં! અને કેડી મળતાં મૂલ્યવાન મિરાત પાછી મળી હોય તેવી તૃપ્તિ થાય છે. કેડીનો પ્રવેશ સઘળે છે. ■

## આધુનિક સ્ત્રીનો આત્મવિશ્વાસ

**(અનુસંધાન : પાના નં.-૫૭ ઉપરથી ચાલુ)**

માટે પતિ પત્ની વચ્ચેનો પ્રેમ મહત્ત્વનો હોય છે. આધુનિક સ્ત્રી પોતાને મળેલા અધિકારોને સારી રીતે જાણે છે તથા પોતાની આસપાસની સ્ત્રીઓને પણ જરૂર પડતાં સમજાવતી રહે છે. આજની નારીએ પોતાના વ્યક્તિત્વને ઉચ્ચ ભણતર, ફેશન, સૌંદર્ય પ્રસાધનોની સહાય વડે અત્યંત પ્રભાવશાળી બનાવ્યું છે તથા પોતાને 'સ્પેશિયલ વુમન' બનાવી છે. આજની નોકરિયાત સ્ત્રીઓને તેમના બોસ આર્થિક ઉદારતા કે આર્થિક લાલચ આપી લલચાવી શકતા નથી. આજની નારી પોતાના દ્રઢ વ્યવહારથી પોતાની એક અલગ પ્રતિભા ઊભી કરી શકી છે.

આધુનિક સ્ત્રી જીવન પ્રત્યેના હકારાત્મક વલણથી જીવનને આનંદિત બનાવી શકે છે. આજની નારી પોતાના કાર્ય સાથે સ્વાસ્થ્યની પણ કાળજી રાખે છે. હાલની સ્ત્રી અત્યંત વ્યસ્ત હોવા છતાં પોતાના માટે અવશ્ય સમય કાઢે છે. તે સમયે તે પોતાનું મનપસંદ કાર્ય કરે છે. કોઈ પુસ્તકો વાંચે છે, કોઈ ગીતો સાંભળે છે તો કોઈ પાર્લરમાં જાય છે. હાલની સ્ત્રીનો આત્મવિશ્વાસ વધ્યો છે. તે પોતાની જાતને ચાહવા લાગી છે. પોતાના અંતરાત્માના અવાજને પણ સાંભળવા લાગી છે. આધુનિક સ્ત્રીને પોતાની સફળતાનું શ્રેય લેતાં ફાવી ગયું છે. એ અન્ય કોઈ પર આધાર રાખતી નથી. આધુનિક સ્ત્રી પોતાના પ્રશ્નોને પોતાની રીતે પોતાની શક્તિ મુજબ હલ કરે છે. આજની નારી પરંપરાથી ચાલી આવતી 'અબળા' ની ઈમેજમાંથી બહાર આવી, 'સબળા' બનવામાં સફળ રહી છે. પ્રગતિનું એવું કોઈ ક્ષેત્ર નથી કે જ્યાં એણે પ્રવેશ કર્યો ન હોય. આધુનિક સ્ત્રીને આજે સાચા અર્થમાં આધુનિક નારી કહીને સંબોધવામાં કશું ખોટું નથી. ■

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

E-mail : kaykay_industries@yahoo.com

સ્વપ્ન કથા

# સ્વપ્નવત્

કનુ સુણાવકર

આજુબાજુના વિસ્તારનાં બધાં જ વૃક્ષો કપાઈ વધરાઈ ગયાં છે; ફક્ત એક આ વડ બચી ગયો છે. આ વડની છાયામાં, વડના થડ પાસે બે બાંકડા ગોઠવાયા છે; વડની છાયાથી થોડે દૂર ભાંગ્યોતૂટ્યો એક બાંકડો છે. આ બાંકડાના ભાંગ્યાતૂટ્યા ભાગ, પછી થોડા ઠીક ભાગ ઉપર એક વૃદ્ધ બેઠેલો છે. સવારનો સમય છે. આ વૃદ્ધ કોઈની રાહ જોતો હોય એમ લાગતું નથી; થોડીવારે બીજા ચાર વૃદ્ધો આવીને, થડ આગળના બાંકડા ઉપર બેસી જાય છે. ચારેચાર એકબીજાને નમસ્કાર કરીને હસે છે; એ પછી રોજની જેમ કશીક બાબતો ઉપર ચર્ચાઓ શરૂ કરે છે.

એક દિવસની વાત છે. વડના થડ આગળના બાંકડે બેઠેલા ચાર વૃદ્ધોએ, પોતાને આવતાં સપનાની વાતો શરૂ કરી. એક વૃદ્ધ સપનાની કથા કહે ને બાકીના ત્રણ જણ એ ધ્યાનથી સાંભળતા હોય એમ વચ્ચે વચ્ચે ડોક હલાવતા રહે. વાસ્તવમાં બાકીના ત્રણેયના મનમાં, પોતપોતાની સ્વપ્નકથા ચાલતી રહેતી...છતાં સાંભળવાનો અભિનય કરે.

ચારેયની સ્વપ્નકથાઓ પૂરી થઈ ગઈ, ત્યારે ચારેયને ભાંગ્યાતૂટ્યા બાંકડે બેઠેલા વૃદ્ધ પર નજર પડી. એકે ઊભા થઈ, એ ચૂપ બેઠેલા વૃદ્ધને કહ્યું : 'તમે અમારી વાતો સાંભળી? તમે તમારી સ્વપ્નકથા કહો તો અમે બધાં સાંભળીએ.'

એ વૃદ્ધ કહે : 'જુઓ, મેં તમારી કથાઓ સાંભળી નથી; તમે કોણ છો?'

પેલો કહે : 'તમને સપનાં આવે છે? આવતાં નથી?'

વૃદ્ધ કહે : 'ના.'

'બને જ નહીં. બધાને સપનાં આવે જ આવે.'

'કહ્યુંને, મને સપનાં બપનાં કદી આવ્યાં નથી. આવશે પણ નહીં. થયું?'

'બહુ વટ ના મારો ભઈલા. સપના વન શેં જિવાય?' કહીને પેલો વૃદ્ધ પોતાને બાંકડે જઈને બેઠો. થોડીવારે બધા જમવાનો સમય થતાં ઘેર ભણી ગયા.

ભાંગ્યાતૂટ્યા બાંકડે બેઠેલા વૃદ્ધ ઘરે આવી ગયા. રાત પડી. પથારીમાં પડ્યા. પાસાં બદલ્યા કર્યા. ઊંઘ ન આવી. સપના ક્યાંથી આવે? ઊંઘની બારી જરા ઊઘડી અને એક સ્વપ્ન સરકી આવ્યું. એ વૃદ્ધ તે હું જ છું.

હું મારા ઘરની ઓસરીમાં ઊભો છું. મારી સામે કાળો કાળો ડામરનો રસ્તો પૂર્વ પશ્ચિમ જાય છે. પરમ શાંતિ પથરાયેલી છે. પછી એકાએક કશોક જોરદાર, ધમાકેદાર, ઘોંઘાટ ને પછી ચિચિયારીઓથી વાતાવરણ ભરાઈ જાય છે. હાકલા-પડકારા કરતું કોઈ આંદોલનકારીઓનું સરઘસ આવતું જાય છે. સરઘસ મારી સમક્ષ હજાર પગવાળું પશુ જેવું લાંબું સરઘસ પસાર થઈ રહ્યું.

સૌ પ્રથમ, ધડ ઉપર ફૂટબોલ દેખાયા. માથાં ગાયબ. માથાંની જગ્યાએ ફૂટબોલ. - પછી ધડ ઉપર તડબૂચનું પોસ્ટર - પછી ધડ ઉપર કોબીજના દડાનું પોસ્ટર - બચાવો, - ખુરશી છોડો - નહીં ચલેગી, નહીં ચલેગી - પછી હાયહાય - પછી અબ કી બાર આરપાર - પછી અમર રહો - પછી મુર્દાબાદ - પછી પૂંઠાના પોસ્ટર ઉપર 'જિન્દાબાદ' 'જિન્દાબાદ' - પછી જિન્દબાદ મુર્દાબાદ - કોઈના ધડ ઉપર માથાં હતાં જ નહીં. બધા સરઘસીઓનાં માથાં ગાયબ. ધડ ઉપર પૂંઠાના પોસ્ટર - પોસ્ટર - પોસ્ટર...ધસમસતાં ધડ...હજારપગા પશુ જેવું પસાર થઈ રહ્યું.

પછી બે પગે ચાલતાં, પાંખો વગરનાં પક્ષીઓનું સરઘસ આવી રહ્યું - ચાંચ વગરની ચકલી - કાબરો - પીંછાં વિનાના મોર - પછી કલગી વગરના કૂકડા - પછી લંગડી બતકો - પછી લબડતાં શીંગડા અને કપાઈ ગયેલાં પૂછડાવાળાં ઢોર - આમનેઆમ છેલ્લે મણિ વગરનો ફણી - ફણીધર ફૂંફાડતો નિઃસાસા નાખતા મારી નજર સામેથી પસાર થઈ ગયો.

હું ઓસરીમાંથી ઘરમાં અને ઘરના બાથરૂમમાં આવ્યો. અરીસામાં જોયું. હબકી ગયો. મારા ધડ ઉપર પણ માથું ગાયબ. મારું માથું ક્યાં? ■

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar, Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

આરોગ્ય

# ભારતમાં વ્યાવસાયિક રોગો : ગુજરાત નંબર વન

જગદીશ પટેલ

ભારતમાં છેલ્લા ત્રણ વર્ષમાં જે વ્યાવસાયિક રોગો નોંધાયા તેમાં ગુજરાત રાજ્ય મોખરે રહ્યું છે તેનું આમ તો ગૌરવ થવું જોઈએ. ગૌરવ શા માટે અને હીનતા કેમ નહીં તેની ચર્ચા આપણે પછી કરીએ પણ પહેલાં વિગત જોઈ લઈએ. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ની અમદાવાદ આવૃત્તિમાં ૨૮ જુલાઈ, ૨૦૧૭ ના અંકમાં પ્રગટ સમાચાર મુજબ કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા અપાયેલ માહિતી મુજબ ૨૦૧૪-૧૫-૧૬ એ ત્રણ વર્ષ દરમિયાન ગુજરાતમાં વ્યાવસાયિક રોગોના ૯૯ બનાવ નોંધાયા. સમગ્ર ભારતમાં કુલ ૧૩૨ બનાવ નોંધાયા તેમાં ૯૯ ગુજરાત એકલામાં! એટલે કે ૭૫ ટકા બનાવ માત્ર ગુજરાતમાં છે.

આ ૯૯માંથી ૨૦૧૪ માં ૯૧, ૨૦૧૫ માં ૩ અને ૨૦૧૬ માં ૫ બનાવ નોંધાયા છે. ૨૦૧૪ માં નોંધાયેલા ૯૧ પૈકી ૮૦ દર્દીઓ અવાજને કારણે આવેલી બહેરાશના હતા અને બાકીના ૧૧ સીલીકોસીસના હતા. ૨૦૧૫ માં નોંધાયેલા ત્રણ બનાવમાં ત્રણે બહેરાશના હતા.

મહારાષ્ટ્ર રાજ્યમાં આ ત્રણ વર્ષમાં નોંધાયેલા ૧૬ બનાવ પૈકી ૬ બનાવ ચામડીના રોગ ડર્મેટાઈટીસના, ૪ સીલીકોસીસના, ૨ એસ્બેસ્ટોસીસના, ૩ ક્રોમિયમના ઝેરને કારણે ચામડી પર ચાંદા પડવા અને એક બનાવ મુત્રાશયના કેન્સરનો નોંધાયો હતો. બહેરાશનો એક પણ બનાવ નોંધાયો નથી તેમ માનવાનું મુશ્કેલ છે. મહારાષ્ટ્રમાં નોંધણી પામેલા એકમોમાં કામ કરતાં કામદારોની સંખ્યાની દૃષ્ટિએ આ આંકડો તદ્દન નગણ્ય ગણાય. તેમ છતાં આ આંકડો શૂન્ય નથી તેટલો સંતોષ લેવો જોઈએ. વળી, ગુજરાત કરતાં અહીં રોગોનું વૈવિધ્ય જોવા મળે છે તે નોંધપાત્ર છે. ડર્મેટાઈટીસના જે છ બનાવ છે તે પણ કદાચ ક્રોમિયમને કારણે એક જ એકમના હોય તેવી સંભાવના છે પણ તે માત્ર અટકળ છે.

ગોવામાં ૨૦૧૪ અને ૨૦૧૬ માં એક પણ બનાવ નોંધાયો નથી પણ ૨૦૧૫ માં ૯ બનાવ નોંધાયા છે. આ તમામ ૯ બનાવ સીસાના ઝેરના છે. ઓડિશામાં ૨૦૧૪ માં ૭ બનાવ નોંધાયા છે જે તમામ સીલીકોસીસના છે. તેલંગણામાં ૨૦૧૪ માં એક બનાવ નોંધાયો છે જે બીસ્સીનોસીસનો છે.

ભારતના ૨૬ રાજ્યો પૈકી માત્ર ૫ રાજ્યોમાંથી જ અહેવાલો મળ્યા છે તે બીજી નવાઈ છે. પશ્ચિમ બંગાળ અને કેરળ જેવા રાજ્યોમાં જ્યાં ડાબેરી ચળવળ મજબૂત છે અને કામદારો મોટી સંખ્યામાં સંગઠિત છે ત્યાંથી એક પણ બનાવ નોંધાતો નથી તેનું કારણ એ તો ન જ હોય કે કામદારોએ પોતાની તાકાતથી કામના સ્થળોને આરોગ્યપ્રદ બનાવ્યા છે અથવા ત્યાંના માલીકોએ કારખાનાનાં કાયદાનું ચુસ્ત પાલન કર્યું છે અથવા સરકારી અમલદારોએ બાજ નજર રાખીને રોગો થતા અટકાવ્યા છે.

વાસ્તવિકતા એ છે કે વ્યાવસાયિક રોગો માટે કોઈ સામાજિક આંદોલનની ગેરહાજરી છે. વળી, ઉદ્યોગીકરણ ઓછું થયું હોય, બેકારી હોય, કામદાર સંગઠનો નબળા પડ્યા હોય, સરકારી અમલદારોની સંખ્યામાં ધરખમ ઘટાડો થયો હોય, રાજ્યની નીતિ ઈન્સ્પેક્ટર રાજ્ય ખતમ કરો અને ઉદ્યોગીકરણ અને ઉદ્યોગોમાં રોકાણને પ્રોત્સાહન આપવા શ્રમ કાયદાઓના અમલને ઢીલો કરવાની રહી હોય, માલીકોમાં કાયદાઓના અમલ અંગે કોઈ ડર ન હોય વગેરે વ્યાવસાયિક રોગોના બનાવ ન નોંધાવા માટેના મુખ્ય કારણો ગણી શકાય. એ સિવાયના કારણોમાં વ્યાવસાયિક રોગો અંગે તબીબી કૉલેજોમાં અપાતું અપૂરતું જ્ઞાન, કામદારો અને તબીબોના પોતપોતાના અજ્ઞાન અને ડર, રાજ્યની ઉદાસીનતા વગેરે ગણી શકાય.

હવે, આવા સંજોગોમાં જો ગુજરાતમાંથી ૯૯ બનાવો નોંધાતા હોય તો એ પરિવર્તનની દિશા તરફની ગતિ કહી શકાય. આ પરિપક્વતા સહજ નથી તે ચોખ્ખું છે. ગુજરાતમાં ઉદ્યોગીકરણની માત્રા અન્ય રાજ્યો કરતાં વધુ હોવી તે એક કારણ ગણી શકાય. પરંતુ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, તામિલનાડુ, આંધ્રમાં પણ ઉદ્યોગીકરણ મોટાપાયે થયું છે. પરંતુ તામિલનાડુમાંથી એક પણ બનાવ નોંધાયો નથી. ગુજરાતમાં ૧૯૬૯ માં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓક્યુપેશનલ હેલ્થની સ્થાપના થઈ અને તે કારણે ગુજરાતમાં એમના દ્વારા વધુ અભ્યાસો થયા હોય અને તે કારણે જાગૃતિ વધી હોય તેને એક કારણ ગણી શકાય. ૧૯૮૦ માં એલેમ્બિક ગ્લાસના કામદારોએ સીલીકોસીસ માટે આંદોલન કર્યું અને ૧૯૮૧ પછી સાબરમતી પાવર પ્લાન્ટમાં ભાઈ રઘુનાથે પ્રવૃત્તિશરૂ કરી. ૧૯૮૬માં અમે વ્યાવસાયિક સ્વાસ્થ્ય સુરક્ષા મંડળની રચના કરી અને ૧૯૮૮ માં પત્રિકા શરૂ કરી ને આ દિશામાં વ્યવસ્થિત કામ કરવાનું શરૂ કર્યું. અમને દઢપણે લાગે છે કે ગુજરાતના જે આંકડા દેખાય

છે તે પાછળ કાર્યકરોની મહેનત છે. આટલા મોટા સમૂહ માટે અમારા જેવા બે-ચાર કાર્યકરો શું અને કેટલું કરી શકે? અમારા કામની સમાજ પર પડેલી અસરને શી રીતે માપવી? કદાચ આ એક માપ છે. બાકી ગુજરાત તો જમણેરી મૂડીવાદનો ગઢ ગણાય. તેમાં મજૂરોના અધિકારોની વાત કરવી અને તે અધિકારો અંકે કરાવવા તે સામે પૂરે તરવા જેવું કામ છે. એવા સંજોગોમાં આ આંકડા ઘણું કહી જાય છે. આ આંકડા પરિવર્તનની છડી પોકારી રહ્યા છે તેમ પણ હું દાવાપૂર્વક કહી શકતો નથી પણ સમજ પ્રસરતી જાય છે તે નક્કી છે. 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા'ના પત્રકાર શ્રી આશિષ ચૌહાણે જ્યારે આ બાબતે મારો અભિપ્રાય જાણવા માગ્યો ત્યારે મેં જણાવ્યું કે આ આંકડા ૯૯ તો વાસ્તવિક પરિસ્થિતિ દર્શાવતા નથી. ગુજરાતમાં જેટલા કામદારો જુદા જુદા વ્યાવસાયિક રોગોથી પીડાતા હશે તેનો તો આ એક ટકો પણ નહીં હોય. અમે એને હિમશિલાની ટોચ સમાન ગણ્યું. પણ, અમારા મિત્ર ડૉ. જગદીશ પરીખ સાહેબ સાથે જ્યારે ફોન પર વાત થઈ ત્યારે તેમણે તો હિમશાલાની ચોટનું ટપકું માત્ર કહ્યું. સવાલ તો એવા પણ ઊભા થાય છે કે જો ૨૦૧૪માં ૮૦ કામદારો બહેરાશથી પીડાતા જોવા મળ્યા હોય અને તે પછીના વર્ષોમાં પણ ૩ - ૩ મળ્યા હોય તો બહેરાશથી પીડાતા કામદારોનું પ્રમાણ ઘણું મોટું હોવાની શક્યતા છે. આવા બનાવો નોંધાય તેમાં ગુજરાત મોખરે હોય તો અમે તો એને માટે ગૌરવ લઈએ એવું કામ થયું હોવાનું ગણીએ છીએ. એ માટે કારખાના નિરીક્ષણ કચેરીના અમલદારો, નિદાન કરનારા તબીબો, ડર રાખ્યા વગર તે માટે આગળ આવનારા કામદારો અને તેમને એ માટે સમજ આપી તૈયાર કરનારા કાર્યકરો સૌ અભિનંદનને પાત્ર છે. આશા રાખીએ કે આ ૯૯ કામદારોને વળતર મળ્યા હશે, તેમની નોકરી સચવાઈ હશે અને જે તે એકમોમાં હવે પરીસ્થિતિ સુધરી હશે જેથી અન્ય કામદારો ભોગ ન બને. આ ચળવળ વધુ મજબૂત બનવી જોઈએ અને તેને ટેકો કરવા માટે સમાજે આગળ આવવું જોઈએ. એમ થાય તેમાં ઉદ્યોગોનું કશું અહિત થતું હોય તેમ અમને લાગતું નથી. શરૂમાં થોડો આઘાત લાગે અને રોકાણ કરવું પડે પણ પછી એમને પણ પોતાના માટે ગૌરવની લાગણી જરૂર થાય કે અમે કંઈક સારું કામ કર્યું. ખરું કામદાર કલ્યાણ તો છે જ પણ તે કારણે અર્થતંત્ર વધ મજબૂત જ બનશે.

ભારતનું અર્થતંત્ર જીડીપીના સાત ટકાના વૃદ્ધિદરથી વિકસી રહ્યું છે, જે દુનિયામાં સૌથી ઊંચો દર છે એવું આપણે ગૌરવ લઈએ છીએ, પણ જીડીપીનો આ ઉંચો વૃદ્ધીદર ઝાઝી રોજગારી સર્જી શકતો નથી. તે ફરીથી ૨૦૧૬માં જોઈ શકાયું છે. ■

*"પ્રેમમાં અંધ" એ શબ્દો વપરાય છે કારણ કે પ્રેમ આંખોથી નહીં હૃદયથી જુએ છે.*

*– શેક્સપિયર*

## લઘુકથા : બળદિયો

*– ગિરિમા ઘારેખાન*

આમ તો હું ગામમાં કોઈ હારે ઝાઝી વાત નો કરું, પણ આજે અહીં પડે પડે તમારી હારે વાત કરવાનું મન થાય સે.

હું બુધિયો. ખાલી મારી મા મને 'ભોળિયો રાજા' કે, બાકી આખું ગામ મને 'બુદ્ધિનો બળદિયો' કે 'અક્કલનો ઓથમીર' કહીને જ બોલાવે.

નાનપણથી મારી મા મને લઈને હવેલીમાં કામ કરવા જાય, એટલે ફુલકુંવરબા હારે હું જરા હળી ગયેલો. મોટો થયા પસી કામના બા'ના કાઢીકાઢીને એમને જોવા જાઉં. બહુ ભણ્યો તો નો'તો, પણ બાપુ જે નાનુમોટું કામ ચીંધે, એ હડીયું કાઢીકાઢીને કરું.

ફૂલકુંવરબા મને બહુ હારાં લાગતાં. ઈ આમ તો મારી હામુ ય ના ભાળે, પણ થોડા દા'ડા પે'લા હું ઉપર મેડી વાળતો હોઉં ત્યારે મારી હામુ જોઈને મલકવા માંડેલાં. ઈ મલકે ને મારી પર તો જાણે વીજળી પડે, પસી હું પાણીપાણી થઈ જાઉં. એક દા'ડો એમણે મને બોલાઈને મારા હાથમાં એક ચિઠ્ઠી મૂકી. મને તો લાગ્યું એમનું દલડું મારા હાથમાં આઈ ગ્યું. પણ એમણે તો મને એ ચિઠ્ઠી કુંવરસાબના એક ભાઈબંધને પોંસાડવાનું કીધું. હું તો એનેય ઓળખું. કોઈ કોઈ વાર હવેલીમાં ય આવતો. એને ઘેર જઈને સાનીમાની હું કામ ચિઠ્ઠી દેવાની? પણ મારાથી એવું થોડું પૂસાય? હું તો દોડતો ગ્યો એને ઘેર. એણે તો મને હામી ચિઠ્ઠી દીધી. પસી તો આ રોજ હાલ્યું.

કાલે બાપુએ મને તાબતોડ હવેલીમાં તેડાવ્યો. ત્યાં ફૂલ કુંવરબા ચોધાર રડે. હામે બાપુ પેલી બધી ચિઠ્ઠીઓ લઈને ઊભેલા. મારી હામુ મોટા મોટા ડોળા કાઢીને પૂસ્યું : 'કુંવરબા કે' સે આ બધી ચિઠ્ઠીઓ તો એમને દીધી સે. હાચી વાત સે?'

હવે મેં દીધી હોય તો હા તો પાડવી જ પડે ને? પસી તો બાપુએ ફૂલકુંવરબાને ત્યાંથી મોકલી દીધાં. એ તો જાતાં જાતાં ઓઢણીની આડસે દાંત કાં કાઢતા હસે? પણ કોઈએ ઈમની હામુ તો જોયં જ નહીં, બધાં મારી હામું જ ડોળા તગતગાવતા ઊભા'તા.

પસી તો ત્યાં ચોકમાં બાપુની પાછળ ઊભેલા કુંવરસાબ ને એમના ભાઈબંધુ હંધાય મારી પર તૂટી જ પડ્યા. લાકડીઓને ગડદાપાટૂ. હું બરાડા પાડતો રહ્યો ને મારા હાથ, પગ, પીઠ હંધુંય તોડી નાખ્યું.

છેલ્લે ઢહડીને આ ખાડામાં પેલો ચિઠ્ઠીવાળો ભાઈબંધ જ નાખી ગ્યો. જતાં જતાં પાસો મને પાટૂ મારીને કે'તો ગ્યો. બળદિયા, મર અહીંયા. હારું થ્યું કોઈ ચિઠ્ઠીમાં મેં લિખિતંગ નો'તું લખ્યું.' ■

વ્યક્તિ વિશેષ

# ભાષા સુધારણાનું એક વ્યક્તિ મિશન

જ્વલંત છાયા

આપણા કોઈ મિત્ર આપણને સામે મળે અને એમની સાથે એક બહેન હોય એમની ઓળખાણ કરાવે કે આ મારાં માતૃશ્વસા છે!

તો આપણી પ્રતિક્રિયા શું હોય? માથું ખંજવાળીએ? મુંઝાઈ જઈએ? કંઈ ન બોલીએ? કે પછી એ મિત્રને પૂછીએ કે ભાઈ તમે કહેવા શું માંગો છો? ને પેલા ભાઈ કહે : અરે, એમ કહું છું કે આ મારાં માસી છે...તો આપણી હાલત શું થાય?

વાસ્તવમાં ક્યારેય આવા ભારેખમ શબ્દો ઉપયોગમાં કોઈ લેતું નથી. અહીં વાત એમ છે કે ગુજરાતી ભાષા જેટલી સમૃદ્ધ છે એટલી એ સરળ પણ છે. મૂળ શબ્દ સંસ્કૃત હોય એના પરથી કેટલાય ગુજરાતી શબ્દો ઉતરી આવે અને એવી તો કેટલીય વિવિધતા આ ભાષાની છે.

અહીં એવા એક માણસની વાત છે જે ગુજરાતી ભાષાને બચાવવા અને ખાસ તો આ ભાષાની જોડણીની સુધારણા માટે જંગે ચઢ્યા છે.

ભક્ત કવિ નરસિંહ મહેતાના જન્મસ્થાન તળાજામાં વસતા એક નિવૃત્ત શિક્ષક ઉમાકાંત વજેશંકર રાજ્યગુરુ ગુજરાતી ભાષાની જોડણીનું કામ વર્ષોથી એકલપંડે કરી રહ્યા છે. આ માટે તેમણે એક ખાસ યોજના પણ બનાવી છે. બદનમાં બાંડિયું કે જાડા સદરા અને લેંઘામાં સજ્જ ૭૩ વર્ષના આ નિવૃત્ત શિક્ષક ખભે થેલો ભરાવી અદમ્ય જુસ્સો, ઉત્સાહ અને પ્રતિબદ્ધતા સાથે ગુજરાતી ભાષા માટે કામ કરી રહ્યા છે.

તેઓ માને છે કે જ્યાં સુધી દરેક વિદ્યાર્થી ગુજરાતી ભાષા સાચી લખે નહીં, એની જોડણી જાણે નહીં ત્યાં સુધી તેમની પોતાની જાણકારી કે વિદ્વતા શા કામની? એમણે ગુજરાતી સાથે જોડણીકોશમાં પણ જે કેટલાક દોષ રહી ગયા છે એનું નિવારણ કરી એની સુધારણા કરવાનું કામ ઉપાડ્યું છે.

તેઓ કહે છે કે, આપણે ત્યાં હસ્વ અને દીર્ઘની ભૂલો બહુ થાય છે. માતૃભાષાનું કોઈ ગૌરવ કે એ લખવાની ચોક્કસ રીત હોય એ કોઈ સમજતું નથી. એનું કારણ એ છે કે પાયાથી જ એ શીખવવામાં આવતી નથી. ગુજરાતી ભાષાને આપણે સાધારણ માનીએ છીએ પણ એવું નથી. આપણી ભાષા ઋગ્વેદ કાલીન સંસ્કૃતનું સીધું અવતરણ છે. સંસ્કૃતનું સીધું રૂપાંતર જો કોઈ ભાષામાં થતું હોય તો એ માત્ર ગુજરાતી છે. ગુજરાતી એવી ભાષા છે કે જેમાં જોડણીના નિયમો છે.

એમણે 'ભાષાશુદ્ધિનું શિક્ષણ' એ નામે ત્રણ પુસ્તિકા લખી પોતાના ખર્ચે છપાવીને એનું વિતરણ કર્યું છે. એમની જોડણી ઝુંબેશની આ સફર અંબાજી-દાહોદ-ગોધરા-વલસાડ-મુંબઈના વસઈ સુધી પહોંચી છે. તેમનું કહેવું છે કે ગુજરાતી ભાષા અંક નથી. તેમાં એક જ શબ્દ પરથી આઠ-આઠ શબ્દ ઉતરી આવે છે. ઉદાહરણ તરીકે વત્સ-વચ્છરુ-વાછરુ-છોરુ-બટ્ટ-બેટા!

તેમનું માનવું છે કે ગુજરાતી ભાષાનું મહત્ત્વ ઘટી રહ્યું છે ત્યારે આ જોડણી સુધારણાથી લોકો એ તરફ વળશે.

ગુજરાતી ભાષા સુધારણાની ધૂણી ધખાવનાર એક વિરલ જોગી એવા ઉમાકાંતભાઈ વ્યવસાયે તળાજાની એમ.જે.દોશી હાઈસ્કૂલમાં શિક્ષક હતા. એમ.એ. થયા છે પણ ક્યારેય ટ્યુશન રાખેલ નથી. તેઓ ગુજરાતી અને સંસ્કૃત બંને પર પ્રભુત્વ ધરાવે છે તેમજ જોડકણાં પણ ગાઈ શકે છે અને તબલાં પણ વગાડી જાણે છે.

---

## તમે ફોન કરો!

**(અનુસંધાન : પાના નં.-૪૩ ઉપરથી ચાલુ)**

અને આનંદ રહે છે. શંકરભાઇ બોલ્યા તેમ બીમારી વખતે તો ખાસ! બે ફ્રુટ લઇને આવે ત્યારે ફ્રુટ કરતાં મા-બાપને જે લાગણી અને હેત જોવા મળે છે, તે તેમને સંતોષ આપે છે. અરે! પશુ પંખી પણ લાગણી બતાવો તો પાસે આવે છે. ભલે શંકરભાઇ આગળ તેમના મનને શાંત પાડવા સુફીયાણી વાતો કરી પરંતુ માનવ મન પ્રેમ, લાગણી અને હૂંફ ઝંખતું હોય છે.

બીજું, મને ડૉક્ટર તરીકે થોડો એ વાતનો સંતોષ અને આનંદ મળે છે કે મારા દર્દીઓ મને પોતાનો અંગત ગણે છે. શારીરિક અને માનસિક સારવાર આપવાનો ફેમિલી ડૉક્ટર પ્રયત્ન કરે છે. તદુપરાંત ઘણી વખત દર્દી સામાન્ય માનવી તરીકે આવીને પોતાના મનનો ઉભરો બહાર કાડે છે અથવા વ્યથિત હૃદય હળવું કરવા આવે છે. તેઓના મનને થોડું ઘણું સમાધાન કરાવીને અથવા શાંતિ આપીને તેઓને જિંદગી સારી રીતે જીવવામાં મદદ કરી શકે છે. એટલે પ્રભુનો આભાર માનવાનું મન થાય છે કે મને આ વ્યવસાયમાં નિમિત્ત બનાવી સમાજની થોડીઘણી સેવા કરવાનો લાભ અપાવે છે.

*૩, સમૃધ્ધ કેપીટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે,*
*પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ,*
*સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫*

સ્મરણ

# ગાંધી ચિંતન

ભાનુપ્રસાદ પુરાણી

*બાળકો આંખોથી ગ્રહણ કરે છે તેના કરતાં કાનેથી સાંભળેલું ઓછા પરિશ્રમથી ને ઘણું વધારે ગ્રહણ કરી શકે છે. વાંચવામાં તેમને કંટાળો આવતો. સાંભળવામાં તેઓ રસ લેતા.*

*કર્તવ્યનું ભાન થવું એ હંમેશા દીવા જેવું સ્પષ્ટ નથી હોતું. સત્યના પૂજારીને ઘણી વેળા ગોથાં ખાવાં પડે છે.*

*– મો. ક. ગાંધી (સત્યના પ્રયોગો)*

★

*ગાંધી મિત્રો!*

વર્ષ ૨૦૧૮માં ગાંધીજીના અવસાનને સીત્તેર વર્ષો પૂરાં થયા. જગતમાં સૌથી વધુ ચર્ચામાં રહ્યા હોય તો તે મહાત્મા ગાંધી છે. અદ્‌ભુત માણસ! રાજકોટ અને પોરબંદરના દિવાનનો દીકરો. ઇંગ્લેન્ડ જઈને બેરિસ્ટર થઈ આવેલ ઍડવોકેટ, જેની ત્યારે માસિક આવક ૧૫૦૦ પાઉન્ડ હતી. કુશળ અને કુશાગ્ર બુદ્ધિવાન ગાંધી જીવનમાં કેવું પરિવર્તન આવ્યું તે એક સાદી પોતડી અને જાડા ચામડાના ચંપલ પહેરી મહાત્મા કહેવાયા! આને ચમત્કાર નહીં તો બીજું શું કહીશું?

જેની એક હાકે મડદાં બેઠાં થાય એવી આત્મશક્તિ. એક એવી અહિંસક ફોજ તૈયાર કરી જે રણમેદાનમાં માથાં આપવા તૈયાર થતી. આજે ઘરમાં પિતાનું કહ્યું પુત્ર સાંભળતો નથી કે નેતાઓનું જનતા. એ ગાંધીમાં શું હશે કે કરોડો લોકો આઝાદી માટે સર્વસ્વનો ત્યાગ કરી ફનાગિરીને પંથે મરવા પણ તૈયાર થઈ ગયા?

એ શક્તિ હતી ગાંધીના જીવનની આચરણની! એમના જીવનમાં ક્યાંય ડાઘ નહીં દેખાય. પરિવારવાદના આજના રાજકારણમાં ગાંધીના પુત્રો કે પૌત્રો ક્યાંય સત્તા લોલુપ નહીં દેખાય! ત્યાગ આનું નામ! પરિવારને સત્તામાં સિંહાસને બેસાડવા આજે જ્યારે હોડ મચી છે ત્યારે ગાંધી કે એમનો પરિવાર ક્યાંય સત્તાસ્થાને નહીં દેખાય!...ને છતાં ગાંધી રાષ્ટ્રપિતા ગણાયા.

ગાંધી જીવતા હતા ત્યારે લાખના હતા. મર્યા પછી સવા લાખના બન્યા! દુનિયામાં આજે એક જ ચર્ચા ચાલે છે. ગાંધીના રસ્તે ચાલવામાં જ વિશ્વનું કલ્યાણ છે. ભારત કરતાં પશ્ચિમની દુનિયા કે બીજા દેશો ગાંધીને વધારે ઓળખી શક્યા છે કે પામી શક્યા છે. વિશ્વ સમજે છે કે અણુયુગના આ કપરા સમયે ગાંધીની અહિંસા જ જરૂરી છે એટલે તો બાપુના જન્મદિન બીજી ઓક્ટોબરને અહિંસા દિન તરીકે ઉજવાય છે.

જીવનનું કોઈ ક્ષેત્ર ગાંધીજીએ બાકી રાખ્યું નથી. સત્ય અહિંસા-અપરિગ્રહ જેવા અઢાર વ્રતોનો સરવાળો એટલે મહાત્મા ગાંધી! શિક્ષણ-આરોગ્ય-સ્ત્રી ઉન્નતિ-સમાનતા-અહિંસા-રાષ્ટ્રપ્રેમ-સ્વતંત્રતા-પરસ્પર ભાઈચારો-ધાર્મિક સહિષ્ણુતા. શું શું યાદ કરીએ ગાંધી જીવન દર્શનમાં? એટલે જ તો ગાંધીજીએ કહ્યું : 'મારું જીવન એ જ મારો સંદેશ', 'મારું જીવન એજ મારી વાણી!'

આપણે ત્યાં કહેવત છે પૂજે જનો સૌ ઉગતા રવિને! એમ ગાંધી ગયા સાથે ગાંધી જીવન દર્શન પણ ઝાંખું પડવા માંડ્યું છે. સત્તાની સાઠમાં ઊંચાં ગાંધીમૂલ્યો ભૂંસાવા માંડ્યા છે. ક્યાં છે ગાંધી?


આજે તો ગાંધીની પ્રસ્તુત વિષે ચર્ચા ચાલે છે. ઘણા બધાંને લાગે છે ગાંધીએ આઝાદી તો અપાવી દીધી! બસ, થયું. હવે ગાંધીની શી જરૂર છે. ગાંધીએ ખુદે કહ્યું હતું, હું એમ મરવાનો નથી. જ્યારે મારી જરૂર પડશે હું કબરમાંથી બેઠો થઈ આવીશ. પહેલાં ગાંધીની જેટલી જરૂર હતી એથી વધુ આજે ગાંધીની જરૂર છે.

વીતેલી પેઢીના લોકો પૂછે છે, આવી આઝાદી માટે અમે લૂંટાયા. માર ખાધો, વેઠ્યું? આ પેઢી એનો જવાબ આપવા તૈયાર નથી. લાઠીમાર બરફની પાટો પર સુવડાવી દંડા ખાનારા, બંદૂકના કૂંદાનો અસહ્ય માર વેઠનારા, ઘરબાર ત્યજી ફના થનારા અરે, શહીદ થનારા ત્યાગવીરોએ આવી આઝાદી માગી હશે?

૨૦૧૮ની ૩૦મી જાન્યુઆરીએ આપણે સૌએ ચિંતન કરવા જેવું છે. ગાંધી જેવા તો ન થવાય, ગાંધી જેટલા પણ ન થવાય. પણ એમના જીવન દર્શનનો એકાદ અંશ પણ મેળવાય તો પણ ભયોભયો!

આપણે એવું કંઈક ન વિચારીએ?


"ROLEX" Brand



**Rushabh**
STEEL CENTRE
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**

સંશોધન

# કચ્છી ભાષાનું દસ્તાવેજીકરણ

## DOCUMENTATION OF SPOKEN SPEECH VARIETIES OF KUTCHI

ભારત સરકારના ઉપક્રમે વર્ષ ૨૦૧૦માં થયેલ 'ભારતીય ભાષાઓના સર્વેક્ષણ' એટલે કે People's Linguistic Survey of India અનુસાર ભારતમાં આશરે ૬૭૯ જેટલી અને ગુજરાતમાં મુખ્ય ભાષા ગુજરાતી ઉપરાંત ૪૭ જેટલી 'બોલીઓ' અસ્તિત્વ ધરાવે છે. એટલે કે જીવંત અવસ્થામાં છે. આ કહેવાતી 'બોલીઓ'માં 'કચ્છી'ને પણ બોલી તરીકે ગુજરાત સરકારે સને ૧૯૬૧માં માન્યતા આપી ત્યારથી તેને ભાષા તરીકેનું સન્માન પ્રાપ્ત કરાવવા કચ્છી સાહિત્યકારો અને અન્ય કચ્છી પ્રેમીઓ પ્રયત્નશીલ છે.

ભારત સરકારના ઉપરોક્ત સર્વે બાદ એ ધ્યાનમાં આવ્યું કે રોજિંદા વ્યવહારમાં બહુભાષીય એટલે કે એક કરતા વધારે ભાષાઓના વપરાશને કારણે ઓછી પ્રભાવશાળી કે વપરાશવાળી ભાષાઓની લુપ્ત થવાની પ્રક્રિયાનો આરંભ થાય છે. ગુજરાતમાં પણ ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનાં વધતા વપરાશને કારણે મૂળ બોલીની છાપ ભૂંસાતી જાય છે. તે માટે ભાષા વિજ્ઞાનીઓએ સૂચવેલ પદ્ધતિઓ અનુસાર ભારત સરકાર સંચાલિત 'ભારતીય ભાષા સંસ્થાન' (The Central Institute of Indian Languages (CIIL)) (માનવ સંશોધન વિકાસ મંત્રાલય) મૈસુર, ભાષાની આવી લુપ્ત થવાની પ્રક્રિયા અટકાવવા માટે અભિયાન ચલાવે છે.

આ સંસ્થાને કચ્છી ભાષા વિજ્ઞાની મહેન્દ્ર દોશીએ સને ૨૦૧૦માં આપેલ વિચારધારા હેઠળ કચ્છી ભાષાનું દસ્તાવેજીકરણ (Documentation of Spoken Varieties of Kutchi) નો પ્રારંભ ફેબ્રુઆરી મહિનામાં કરવામાં આવ્યો. આ સર્વેક્ષણના પ્રથમ તબક્કામાં કચ્છના જુદા જુદા વિસ્તારોમાં બોલાતી વિવિધ કચ્છી બોલીના ઉચ્ચારણના અભ્યાસ માટે યાદી બનાવી ભુજ, નખત્રાણા, મુંદ્રા, માંડવી તથા ખાવડા વિસ્તારના કચ્છી બોલતા ભાષકોનાં ઉચ્ચારણોનું રેકોર્ડિંગ કરવામાં આવ્યું. આ વિસ્તારોના કચ્છી ભાષકો પાસેથી આશરે પંદરસો જેટલા શબ્દો તથા પાંચસો જેટલા વાક્યોના ઉચ્ચારણનું રેકોર્ડિંગ કરવામાં આવ્યું.

આના માટે કચ્છી ભાષકોની પસંદગી કરવા માટે કચ્છી સાહિત્યકાર તથા જિલ્લા તાલીમ ભવન - ભુજના પ્રાધ્યાપક સંજય ઠાકરે ઘણી જહેમત ઉઠાવી હતી. જ્યારે કચ્છી શબ્દોના ઉચ્ચારણના રેકોર્ડિંગનું કાર્ય ભાષા વિજ્ઞાની મહેન્દ્ર દોશી (અમદાવાદ) અને કાંતિ મહાલે (પૂના) તથા વાક્યોનું ઉચ્ચારણ ડૉ. કલિકાબેન મહેતા (પ્રિન્સિપાલ - ભારતીય ભાષા સંસ્થાન, પૂના)એ પાર પાડેલ.

આ રેકોર્ડિંગનું વૈશ્વિક નિયમો અનુસાર પૃથક્કરણ કરવામાં આવી રહેલ છે. વિવિધ વિસ્તારોમાં બોલાતી કચ્છીમાં ઉચ્ચારણોની લાક્ષણિકતાઓ, બંધારણીય વ્યવસ્થા ઇત્યાદિનું પૃથક્કરણ કરવામાં આવશે. બાદમાં બીજા તબક્કામાં 'કચ્છી'ના તજજ્ઞો પાસેથી ઉચ્ચારણની ખરાઈ કરાવવામાં આવશે અને તેમના અભિપ્રાય અને વિશ્લેષણથી નક્કી થશે કે કચ્છી બોલીએ કેટલી હદ સુધી પોતાની મુળભૂતતા ખોઈ છે કે હજી એ જ જૂની કચ્છી જીવંત છે?

કચ્છી બોલીને ભાષા તરીકે માન્યતા મળે તે માટે બધા પ્રયત્નશીલ છે. પરંતુ આ સરકારી સર્વેક્ષણ કદાચ આ માટે નિસરણીનું કામ કરે તેમ છે. ભુજમાં આ અંગે એક ચર્ચામાં ડૉ. મહેતાએ જણાવ્યું કે આ દસ્તાવેજીકરણ થવાને કારણે કચ્છી ભાષાની લાક્ષણિકતાઓ તથા મૂળ સ્વરૂપને સંગ્રહિત રાખી શકાશે અને તેનો અભ્યાસ કરી શકાશે. તે ઉપરાંત આ સંસ્કારણ International Phonetic Alphabet (IPA) માં કરવામાં આવેલ હોવાથી વિશ્વમાં કોઈપણ, ક્યાં પણ સાંભળી કે વાંચી શકશે. આને કારણે જેને કચ્છી નથી આવડતી તે પણ કચ્છી શીખી શકશે. જો કે આ બધું થવામાં થોડો સમય લાગશે.

આ સર્વેક્ષણને કારણે કચ્છીને ગુજરાતી કરતાં એક અલગ ભાષા છે તેમ સ્થાપિત કરી શકાશે તો કચ્છી ભાષાને બંધારણીય માન્યતા મળે એ માટે તેમની સંસ્થા દરખાસ્ત કરશે એમ કલિકાબેને જણાવ્યું હતું. આ થઈ જાય તો કચ્છી ભાષા માટે ખૂબ જ મોટું કામ થશે.

જો કે કચ્છી ભાષાનાં ગઢ સમા વાગડ તથા અબડાસાને આ સર્વેક્ષણમાંથી બાકાત રખાયા છે તે ન સમજાય તેવી બાબત છે. આ તાલુકાના લોકોના ઘરોમાં સૌથી વધુ કચ્છી બોલાય છે.

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૭ ઉપર)

હાસ્ય

# બગલાની પાંખ જેવાં

ભાનુબેન એન. સાવલા

પાંચનું એલાર્મ વાગતાં સફાળાં જાગીને અમે રસોડે દોટ મૂકી. હોલના સોફાને અડીને તાનપૂરો અમારી રાહ જોતો ઉભડક ગોઠવાયો હતો. આમ તો વહેલી સવારે રિયાઝ કરવા માટે ગીત નક્કી હતું. 'ભીની ભીની ભોર ભોર આઈ' પરંતુ એક તો દુકાળનું વરસ, તેમાં મે મહિને પાણી કાપ. મશીનની જેમ પાણીનું કામ આટોપતાં 'ભોર' ને બદલે અમે જ પરસેવાથી ભીના - ભીના થઈ જતાં. ઝટ ઝટ ચા મૂકી. પતિદેવને કહ્યું, "ચાલો સાહેબ! ઝટ ચા પીને નહાવાનું પતાવો. નવ વાગે પાણી જતું રહેશે." ચા પીને સાહેબ બેડરૂમમાં ગયા કે અમે પાછા પાણી સાથે જંગ લડવામાં પડ્યા. એક્વાગાર્ડ ચાલુ કરી અમે માળીનો વેશ ભજવવા ચાલ્યા. કૂંડાઓને પાણી પાયું ત્યારે પોણા ભાગનું કામ આટોપાઈ જતાં મનમાં થોડી હાશ થઈ. રંગીન કપડાં મશીન ધોઈ રહ્યું હતું. હવે અમારું નહાવાનું અને સફેદ કપડાં ધોવાનું બાકી હતું. ઘડિયાળ તરફ નજર ગઈ. સાડાસાત.

બેડરૂમમાં ડોકિયું કર્યું. સાહેબ તો પલંગ પર પગ પસારી મોબાઈલમાં ડૂબેલા હતા. "હે ભગવાન! હજી નહાવા નથી ગયા." ત્યાં બોલ્યા, "અરે જરા થોભો રાણી! આ ચોટી કાતરી જવાનું પ્રકરણ જરા જોઈ લેવા દો." "લ્યો બોલ્યા, ચોટી પ્રકરણ જોઈ લઉં." "અરે! કોઈની ચોટી કપાય, તે માટે ફોનમાં ચોંટી જવાની શી જરૂર. આ પાણી કપાઈ જશે તો નહાયા વિના રહેશો." કહે, "આ ફોર-જીની સ્પીડ ઝડપી બની છે તે જોઈ લઉં." મોબાઈલ પણ જી જી કરતો રહે. પહેલાં ૨-જી, પછી ૩-જી અને હવે ૪-જી એ તો જીવ લીધો બાપલા.

"અરે, કહું છું! આ પાણી જતું રહેશે પછી સફેદ કપડાંને બગલાની પાંખ જેવા ધોવાની બહુ પંચાત થશે." તો કહે, "મશીનમાં નાખી દેવાનાં.' "લ્યો, બોલ્યા! મશીનમાં નાખી દેવાનાં. અમે ધોઈએ એવાં ઊજળાં, મશીન થોડું ધોઈ શકે? ઉઠો! નહાવા જાવ." અમે રીતસરનો હલ્લો જ કર્યો. "આ પાણી જતું રહેશે તો બાવડાને કેટલું બળ પડે." ખલાસ! ગાદલે ફોન આપટીને ધડ દેતાંકને બાથરૂમમાં ઘૂસી ગયા. ફોન આપટવાની નિશાની સારી તો નહોતી પણ ઝાઝો વિચાર કર્યા વિના અમે કૂકરની તૈયારી અને કામવાળી માટે ડોલ ભરવામાં પડ્યાં. એ આવીને રોજ બબડાટ કરતી, "ટાંકી વસાવી લ્યો બા! નળમાં પાણી આવે તો મારે જલ્દી કામ થાય,' એની વાત સાચી હતી. જલદી કામ થાય તો વધુ એક ઘરનું કામ બાંધી શકે. ત્યાં સાહેબ નહાઈ ધોઈ તૈયાર થઈ રસોડે આવ્યા. ધોવાના કપડાનો ડૂચો ધબાક દેતો લોન્ડ્રી બેગમાં પધરાવ્યો ને ફુંગરાયેલા મોઢે બોલ્યા, "આજથી આ કપડાં મશીનમાં નાખી દેવાનાં." ઓર્ડર જેવી ભાષા બોલી પાછા મોબાઈલ અને બેડરૂમ ભેગા થઈ ગયા. થયું રિસાયા કે શું? મોઢા પર રીસના ભાવ જ હતા. રિસાવાનો જન્મસિદ્ધ હક તો અમારો અને આ રિસામણે બેઠા! ખેર! અમે પણ કાંઈ બોલ્યાં નહિ.

બીજે દિવસે કામવાળીને કહે, "મેરા કપડા મશીનમેં ડાલ દો," પેલીને પણ નવાઈ લાગી. અમે એને ચૂપ રહેવાનો ઈશારો કર્યો. આમ રોજ રોજ ચાલ્યું. સાહેબને એક વાતની બરાબર ખબર હતી. કપડાં ધોવાં તે ઉત્તમ કસરત હતી. એ કામ પછી ભૂખ સરસ લાગતી, ખાવાનું હજમ થતું અને સ્વીટને અમે બીટ કરી શકતા હતા. એટલે આટલા વખત સુધી ડાયાબિટીસે અમને અડકવાની હિંમત કરી નહોતી. પણ હવે શું થાય! તાલ જોયા કરવાનો. અમારી કસરતમાં પણ ખાડા પડવા લાગ્યા પરંતુ અમે તો બીજાં કપડાં ધોવાનો રસ્તો શોધી લીધો.

રિસામણે બેઠેલી માનુનીની જેમ એમની રીસ પણ લાંબી ચાલી. રોજ કપડાં લોન્ડ્રી બેગમાં પડી જતાં. અમે તો મેરી બી ચૂપ...ની જેમ અડગ રહ્યા. મશીન તો મશીન હતું. કાંઈ અમારાં બાવડાં થોડાં હતાં. એનાથી થતું એવું કામ કરી આપતું. બાકી સફેદાઈ માટે એણે હાથ ઊંચા કરી દીધેલા અને બિચારાં સફેદ કપડાં, બીજાં રંગીન કપડાંની શેહુમાં આવીને પોતાપણું છોડવા લાગ્યા. દોરી પર સૂકાતાં હોય તોય પહેલાં જેવો ઠસ્સો નહિ.

એક સાંજે શાક લઈ પાછા વળ્યા તો લિફ્ટ ખોટકાઈ હોવાથી અમે દાદરો ચડી ફ્લેટ પાસે આવ્યા તો ધોબી ઉભેલો દીઠો. સાહેબે ઈસ્રીના કપડાં આપ્યાં તે ગણીને ગાંઠડે મૂકતાં બોલ્યો, "ચાચા! આપકે કપડે કામવાલી બાઈ અચ્છે સે નહીં ધોતી ક્યાં? "ક્યું ભાઈ! ઐસા પૂછતા હૈ." "કુછ નહિ ચાચા! આપકે સફેદ કપડે અબ પહેલે જૈસે સફેદ નહિ હોતે ઈસી લિયે પૂછતા હું." ત્યાં સાહેબે ઘાંટો પાડી કહ્યું, "ઐ! તેરે કુ ક્યા કરના હૈ. અપના કપડા લેકે ભાગ" અને ધોબી ગાંઠડો બાંધતોકને ભાગ્યો. અમે આ સંવાદ સાંભળી લીધો છે એટલે સાહેબની રીસ બમણી થઈ ગઈ. એજ સિલસિલો ચાલુ હતો...

વળી એક દિવસ સવારે તૈયાર થઈ કહે, "સત ઈસબગુલ લેવા મોદીની દુકાને જાઉં છું. કાંઈ લાવવાનું હોય તો કહો." અમે લિસ્ટ પકડાવ્યું. "આ લખાવી લાવજો એ ઘરે પહોંચાડશે." સામાન ઘણો હતો. લિફ્ટમાં નીચે ઊતર્યા ત્યાં બીજા માળે રહેતા આર્યને બૂમ પાડી, "અરે! ૩૦૨વાળા અંકલજી, અંકલજી.

તમારી ચિઠ્ઠી પડી ગઈ.'' કહી જમીન પર પડેલું લિસ્ટ ઉપાડી, આપવા એ અમારા સાહેબ પાસે આવ્યો. એમનું મોં જોઈ તરત બોલ્યો, ''સોરી અંકલ! ૩૦૨ વાળા અંકલ પહેરે છે એવો જ ડ્રેસ તમે પહેર્યો છે એટલે મને થયું એ પેલા અંકલ હશે.'' કહી લિસ્ટ પકડાવી ત્યાંથી દોડી ગયો. અમારા સાહેબનો બડબડાટ ચાલુ હતો, ''મારા બેટા માણસ ઓળખાતા નથી.''

મોદીની દુકાને પહોંચી, લિસ્ટ પકડાવી કહ્યું, ''આ બધું ઘરે મોકલજો. મને એક ઈસબગુલનું પેકેટ આપો.'' કહી દુકાનદાર સાથે વાતે વળગ્યા. દુકાનના માણસે પેકેટ કાઢી ભળતા જ ઘરાકને આપ્યું ત્યાં દુકાનદાર બોલ્યા, ''અરે રમેશ પેકેટ અહીં લાવ. આ ૬૦૨વાળા ભાઈનું છે. રમેશ પાસે આવી એમનું નિરીક્ષણ કરતાં બોલ્યો, ''કાકા! હમણાં તમે 'ટીનોપોલ' નથી લઈ જતા? હું તો તમારો ડ્રેસ જોઈને થાપ ખાઈ ગયો. મને માફ કરજો કાકા. કાકા હસી પડ્યા, કહે, ''લાવ ભાઈ બે ડબ્બીઓ ટીનોપોલની આપ.''

ઘેર આવી સાહેબે લોન્ડ્રીબેગમાંથી કપડાં ઉપાડી બાથરૂમની ડોલમાં, છાનેમાને પધરાવ્યાં અને બેઝિનના પ્લેટફોર્મ પર અમને દેખાય તેમ ટીનોપોલની ડબ્બીઓ મૂકી પાછા પલંગ પર ચડી, મોબાઈલમાં ઘુસ્યા. ચાલો! અમે નહિ પણ બગલાની પાંખ જેવા કપડાંએ રિસામણે બેઠેલા ''એજી - ઓજી ની'' રીસ તો ઉતારી. અમનેય 'જીમ' જવાની જરૂરત ના રહી.

એક દિવસ અમે અને અમારાં એજી-ઓજી ગાર્ડન જવા લિફ્ટમાં નીચે ઉતર્યા કે આર્યન મળી ગયો. બોલ્યો, ''અંકલ સોરી! તે દિવસે હું તમને ૩૦૨વાળા ચંદુકાકા સમજ્યો હતો. પણ આજે તમે પહેલાં જેવા જ ડ્રેસમાં વ્હાઈટ અને ટાઈટ લાગો છો,'' કહીને ભાગ્યો. અમારા 'એજી-ઓજી' હોઠમાં હસતાં બોલ્યા, ''આજકાલના છોકરાઓ, મારા બેટા! બદમાશ થઈ ગયા છે.''

*વિલેપાર્લા, મુંબઈ.*

*ફોન : (૦૨૨) ૨૬૨૮૩૬૧૧*

*ગાંધીજીનું 'જીવનચરિત્ર' મને કોઈ લખવાનું કહે તો હું ના પાડું. કોઈ એકલો એવું ચરિત્ર લખવાને તૈયાર થાય તો હું એને ધૃષ્ટ નહિ તો પોતાની શક્તિ વિશે વધારે પડતો વિશ્વાસ રાખનાર માનું. ગાંધીજીનું જીવનચરિત્ર લખવાની વાત સૂર્યકિરણ ઝીલવાના મનોરથ સેવવા જેવી હું માનું છું. રૂપકની ભાષા જવા દઈને કહું તો ગાંધીજીના જીવનના એટલા બધા કાલવિભાગો છે, એની વિગતો એટલી બધી છે કે અનેક માણસો મળીને કદાચ થોડોઘણો ન્યાય તેને આપી શકે. એમનું જીવન, જેમાં પ્રતિપળે વિકાસ થતો જાય છે અને જેની પ્રતિપળ એકબીજા સાથે અજબ ઈશ્વર પ્રણિધાનથી સંકળાયેલી છે, તે જીવનની પળોની નોંધ તો એઓ પોતે રાખી શકે કે ઈશ્વર રાખી શકે. એ અસંખ્ય પળોમાંથી ખોબા જેટલી પળોની નોંધ પણ સત્યનો પરમ ઉપાસક હોય તે જ લઈ શકે.*

***– મહાદેવ દેસાઈ***

*('પરમ પૂજ્ય બાપુ.' પ્ર. 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય - અમદાવાદમાંથી, પૃ. ૩)*

## કચ્છી ભાષાનું દસ્તાવેજીકરણ

**(અનુસંધાન : પાના નં.-૬૫ ઉપરથી ચાલુ)**

કચ્છી બાબતે જાણવા જેવી બાબતો : વિકીપીડિયા મુજબ ભારતમાં કચ્છી બોલનારી ૮,૨૫,૦૦૦ વ્યક્તિઓ જ્યારે વિશ્વમાં કચ્છી બોલનારા ૮,૮૫,૦૦૦ વ્યક્તિઓ છે. Scientific Institute of Lingusitics દ્વારા કચ્છી માટે ISO Number પણ લેવામાં આવેલ છે. જે તેની વૈશ્વિક સ્તર પર કચ્છીની મહત્ત્વતા સાબિત કરે છે. કચ્છીનો ISO Number છે ૬૩૯-૩. જ્યારે SIL ની જ એક સંસ્થા Ethnologue – જેને વિશ્વની ભાષાઓનો એનસાયક્લોપીડિયા કહી શકાય (અહીં દુનિયાની ૭૧૦૫ ભાષાઓની માહિતી ઉપલબ્ધ છે) તેમાં પણ કચ્છીને સ્થાન મળેલ છે. (Link : https://www.britannica.com/topic/kachchhi=language) તો એનસાયક્લોપીડિયા બ્રિટાનિકામાં પણ કચ્છીનું સ્થાન એક ભાષા તરીકે જ છે. (Link : http://www.ethnologue.com/language/kfr)

કુંભારના ઘરે ઢાંકણી ન મળે એ ભાવાર્થે ગુજરાત સરકાર કચ્છીને ભાષાનો દરજ્જો આપતી નથી કે નર્મદાના પાણીની જેમ આમાં પણ આપણાં નેતાઓ વામણા પુરવાર થઈ રહ્યા છે એ ચર્ચાનો વિષય છે. ■

**પંચગની હવાફેર**

**પ્રકૃતિના સાનિધ્યમાં,**

**સુંદર મનોહર આહ્લાદક વાતાવરણમાં**

**હવાફેર કરવા પધારો.**

**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**

**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**

**રાજલક્ષ્મી આરોગ્યધામ**

**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

Estd. 1955

**Laxmichand Dharshi**

Container Transportation & Handling

Govt. Contractors • Erection Job

Owners & Suppliers

Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour

Calcuttawala Building, Masjid Bunder,

137/41, Samuel Street, Mumbai-400 009.

**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619

**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામેજે ફ્લેટમેં વનેચંદ રેતો અનજે ફ્લેટમેં બ્યે માળે વારી મરાઠી બાઈ વત્સલા વઇ વી. થોડીવાર ગાલીયું થઈયું પણ પોય વત્સલા રાડું વજેલા લગી ભાભી મુંગી ભાભી મુંગી... સે જરા તપાસ ત કર વત્સલા કુલા રાડુ વજેં... વનેચંદજી ઘરવાળી હીં ઓચિંધી મુંગી કીં થે વઇ... કુરો આઘાત લગો જરા ભરાભર તપાસ કર...

બચુડો : (તપાસ કે ને ચેં) અધા, વનેચંદજી ઘરવાળી ભરાભર આય - કીં મુંગી થે વઇ નાય, ભરાભર ગાલીયું કરેતી. પણ વત્સલા વનેચંદજે ઘરે વઇ વી તડેં વનેચંદજી ઘરવાળી વત્સલાકે ડબ્બે મેંજા બ પેડા કઢેને રકાબીમેં ખાધેલા ડેને વે. સે પેડો તેરંઇ મોંમે વધે પણ જેડો ચટકો લગો ક રાડું પાડે ભાભી મુંગી... ભાભી મુંગી... મરાઠીમેં કીડીકે મુંગી ચોવાજે. ને પેડે તે લાલ કિડીયું ચડેલી વ્યું તેમેં રાડારાડ કરે વધેં... ભાભી મુંગી... ભાભી મુંગી...

## ખિલજા મ ભલા

મમ્મી : અલ્યા પીન્ટુ, ગાંડો થયો છે કે શું? આમ ભગવાનની આરતી ઉતારવાને બદલે આ કિડીઓની આરતી ઉતારતો અહીં બબડ્યા કરે છે. મગજ તો ઠેકાણે છે ને?

પીન્ટુ : મમ્મી, મારું મગજ બરાબર છે પણ આ કિડીઓની લાઈન જ મને જણાવી દે છે કે કઈ બાજુ, કયા ડબ્બામાં તેં મીઠાઈ સંતાડી છે. એટલે હું આભાર માનવા આરતી ઉતારું છું.

☺ ☺ ☺ ☺ ☺

ઉષા : અલી આરતી, તું તારા પતિને સન માઈકા કેમ કહેતી હોય છે? સનમાઇકા જેવા લીસ્સા છે?

આરતી : ના ભાઈ ના... સન માઇકા એટલે માવડિયા છે. માં જે કહે તેમ જ કરે છે, બીજા કોઈનું સાંભળતા નથી.

☺ ☺ ☺ ☺ ☺

જિજ્ઞા : તેં જીજ્ઞેશને લાફો કેમ માર્યો? એણે તો તને સરસ મજાનું કમળનું ફૂલ આપ્યું તું... ગુલાબની બદલીમાં.

પ્રાચી : કમળ આપીને તેણે કહ્યું કે હું ભાજપનો પ્રચારક છું. એટલે મેં લાફો મારીને કહ્યું એમ છે? તો હું પણ કોંગ્રેસની પ્રચારક છું.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ બુધિયા, સળીનું બહુવચન શું થાય?

બુધિયો : સાહેબ, સાવરણી...

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : પાર્થ, આજે રીસેસ દરમિયાન તું મેદાનમાં ઊભો ઊભો બરફગોળો ખાવાને બદલે ગોળ ગોળ ફેરવી તું શું જોતો હતો?

પાર્થ : એ તો લીકેજ ક્યાં છે એ તપાસતો હતો.

☺ ☺ ☺ ☺ ☺

મેના : આ સવાર સવારમાં કોને કાગળ લખવા બેઠા છો?

પોપટ : સરકારને.... રેલ્વે ખાતામાં... જાણકારી માટે કાગળ લખી રહ્યો છું.

મેના : શું જાણકારી મેળવવી છે આમ કાગળ લખીને?

પોપટ : આ તો મારે જાણવું છે કે ચાલુ ટ્રેનમાં ઉપરની સીટ મળે તો પંખા ઉપર બુટ મૂકી શકાય એમ હોય છે. પણ મેટ્રો ટ્રેનમાં પણ આ સગવડ મળશે કે કેમ એ મારે જાણવું હતું.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : આ સવાર સવારમાં હાથે પગે શું લગાવવા બેઠી છે?

પત્ની : ઍલોવેરા લોશન છે. ચામડી મુલાયમ રહે એ માટે.

પતિ : સ્વભાવ મુલાયમ રહે એ માટે કાંઈક આવે છે કે કેમ?

પત્ની : એની તપાસ ચાલુ છે. મળશે એટલે આખું બૅરલ લાવી એમાં તમને ડૂબકા ખવડાવીશ.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : ક્યાં ગઈ હતી આમ બનીઠનીને?

પત્ની : રક્તદાન કરવા... રેડક્રોસની જાહેર અપીલ હતી.

પતિ : કેમ લોહી પી પી ને ઑવરફ્લો થઈ ગયું, તે આમ દાન કરવા નીકળી પડી?

☺ ☺ ☺ ☺ ☺

આમિરખાન : (સરકારના પર્યટન વિભાગના વડાને) તમે મને અતુલ્ય ભારતના પ્રચાર કાર્યક્રમમાંથી શું કામ દૂર કર્યો?

વિભાગીય વડા : શ્રીમાન, જે પોતાની પત્નીને દેશમાં રહેવાના ફાયદા ન સમજાવી શકતો હોય તે બીજાઓને શું સમજાવશે!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# અન્ય સંસ્થાના સમાચાર

## "કલા ઉત્સવ : ૨૦૧૮"

શ્રી કચ્છી વિશા ઓસવાળ જૈન મહાજન - મુંબઇ અને શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન દ્વારા "કલા ઉત્સવ - ૨૦૧૮" આયોજિત કરવામાં આવેલ. અત્યાર સુધી કલા ઉત્સવ ફક્ત મુંબઈ પૂરતું જ મર્યાદિત આયોજિત થતું હતું. પરંતુ આ વર્ષે શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશને તેનું ફલક વધાર્યું અને સમગ્ર ભારતને આવરી લેતા ભારતના અલગ અલગ રાજ્યોને (જ્યાં કચ્છી વિશા ઓસવાળ હોય) આ ઉત્સવમાં ભાગ લેવા માટે આમંત્રણ આપ્યું હતું. તેમાં ગુજરાતમાં અમદાવાદના શ્રી કચ્છી વિશા ઓસવાળ જૈન સમાજ - અમદાવાદને નિમંત્રિત કર્યા હતા.





શ્રી કચ્છી વિશા ઓસવાળ જૈન સમાજ - અમદાવાદમાં તા. ૧૭-૧૨-૨૦૧૭ને રવિવારના રોજ કલા ઉત્સવ-૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈના ટ્રસ્ટીગણના શ્રી ચંદ્રકાંત ગોગરી અને શ્રી દીપક ભેદા અને તેમની સાથે શ્રી લાલ રાંભિયા ઉપસ્થિત રહેલ હતા. કન્વીનર શ્રી નીલેશ શ્યામ શાહ અને શ્રી હિતેન સાવલા, કો-ઓર્ડિનેટર શ્રીમતી ચંદ્રિકાબેન નાગડા અહીં પધાર્યા હતા.

અતિથિ વિશેષ તરીકે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હાલના પ્રમુખ શ્રી પ્રતાપ દંડ તથા માજીપ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા અને શ્રી અશોક મહેતાને આમંત્રિત કર્યા હતા. વિશિષ્ટ અતિથિ તરીકે રેલવેને ડિવિઝનલ રેલવે મેનેજર (D.R.M.) શ્રી દિનેશ કુમારજી અને સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર (Sr. D.C.M.) શ્રી અજય પ્રકાશજીને આમંત્રિત કર્યા હતા. આ સર્વે મહાનુભાવોએ કાર્યક્રમને આનંદ પૂર્વક માણ્યો હતો.

કલા ઉત્સવ-૧૮માં મનકી બાત (વક્તૃત્વ સ્પર્ધા), તાલીઓના તાલે (ગરબા), આજા નચ લે (કપલ ડાન્સ), Mr. અને Mrs. KVO (ફેશન શો), KVO Idol (સિંગીંગ - ગાયકી), Different Stroke (પેઈન્ટિંગ, એનિમેશન, ફોટોગ્રાફી, રંગોળી વગેરે) જેવી વિવિધ હરીફાઈઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી કલાકારમાં રહેલી કલા બહાર ઉભરાઈ આવે.



Different Stroke – ફોટોગ્રાફીમાં સમગ્ર ભારતમાંથી અમદાવાદના શ્રી જય ચેતન ધરોડને પ્રથમ ઇનામ મળેલ હતું.

મનકી બાત (વક્તૃત્વ સ્પર્ધા)માં ચિ. નમન વોરાને (નાના ગ્રુપમાં) અને શ્રી મનીષ વીરાને (મોટા ગ્રુપમાં) અમદાવાદમાંથી ટ્રોફી મળેલ હતી.

આજા નચ લે (કપલ ડાન્સ)માં શ્રી આનંદ વોરા અને શ્રીમતી શ્વેતલ વોરાની જોડીને અમદાવાદમાંથી ટ્રોફી મળેલ હતી અને ઇશા ભાવેશ ગાલા અને કાજલ ગાલાની જોડીને પ્રથમ ઇનામ મળેલ હતું. ઉપરાંત તેમની જોડીની ભવ્ય નૃત્ય કલાકારીગરીથી પ્રભાવિત થઈને જજ દ્વારા સ્પે. પરફોર્મન્સ કરવા તેમને મુંબઇ આમંત્રિત કરાયા હતા.

Mr. અને Mrs. KVO (ફેશન શો)માં કુ. કૃપા છાડવા અને કુ. પરિતા સોની, KVO Idol (સિંગીંગ - ગાયકી)માં કુ. ભક્તિ મારૂ, કુ. કૃપા છાડવા, કુ. કાજલ ગાલા તેમજ તાલીઓના તાલે (ગરબા)માં ૩૫ વર્ષથી નીચે અને ૩૫ વર્ષથી ઉપર એમ બંને ગ્રુપ મળીને સર્વેને ફાઇનલ રાઉન્ડ માટે મુંબઇ આમંત્રિત કર્યા હતા.

ફાઇનલ રાઉન્ડ તા. ૮-૧-૨૦૧૮ને સોમવારે સન્મુખાનંદ હોલ, કિંગ્સ સર્કલ, મુંબઈમાં છે.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ. શ્રી ક.વિ.ઓ. જૈન સમાજના મંત્રી શ્રી ચેતન ધરોડે આવકાર પ્રવચન કર્યું. મુંબઇના ટ્રસ્ટી ગણ, સાથે આવેલ મહેમાન, અતિથિ વિશેષ તથા રેલવેના વિશિષ્ટ અતિથિઓનું વિશેષ બહુમાન કરાયું. કાર્યક્રમનું સંચાલન જ્યોતિ મારૂએ કર્યું હતું. શ્રી કિરીટ નંદુએ આભારવિધિ કરી હતી.

ચા-કોફી અને કૂકીઝથી શરૂ થયેલ કાર્યક્રમના અંતે કચ્છી ભોજનનો સહુએ આસ્વાદ માણ્યો હતો. જેનું આયોજન શ્રી ખુશાલ ગાલાએ સંભાળ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમના કો-ઓર્ડિનેટર તથા કન્વીનર તરીકે શ્રી ચેતન ધરોડ (મંત્રીશ્રી) અને શ્રી પંકજ ગોગરીની નિમણૂક કરવામાં આવી હતી.

## કચ્છીઓની દિલેરી : સેવા કાર્યના પોંખણા

કચ્છમાં માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા પરિવાર અને રિસર્ચ સેન્ટરના માધ્યમે પંદર (૧૫) વર્ષમાં ૨૦ લાખ દર્દીઓના નિરામય જીવનમાં નિમિત્ત બનનાર કચ્છી દાતાઓ દ્વારા અમદાવાદ ખાતે ૨૦ કરોડ રૂપિયાનો ઐતિહાસિક સિંહફાળો છારોડી ગુરુકુળ તરીકે ઓળખાતા સ્વામિનારાયણ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાન અમદાવાદ દ્વારા હોલીસ્ટીક પદ્ધતિથી દોઢ લાખ ચોરસ ફૂટમાં ૨૦૦ બેડની સાત મજલા હોલીસ્ટીક હોસ્પિટલ માટે આપ્યું છે. જેમાં એલોપથી, આયુર્વેદ, હોમિયોપથી, નેચરોપથી વગેરે ઉપચાર પધ્ધતિ એક છત્ર નીચે મળી રહેશે. અહીં કચ્છની કોઈપણ જ્ઞાતિના દર્દીઓ માટે અલાયદી વ્યવસ્થા હશે. હાલ હેલ્થ ચેક-અપ, આંખ, નાક, ગળા, દાંતના રોગો માટેના ઉપચારની શરૂઆત થઈ છે. સર્જરી સહિતનો વિસ્તાર તબીબોની ઉપલબ્ધિ અનુસાર કરાશે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં અખૂટ વિશ્વાસ ધરાવતા આ કચ્છી લેઉઆ પટેલ દાતાઓમાં શિરમોર મૂળ ફોટડીના મોમ્બાસા સ્થિત નિવાસી કેશવલાલ પ્રેમજી ભુડિયા અને કાનજી પ્રેમજી ભુડિયા પરિવાર છે.

# આંજો કાગર

અમો શ્રી S.O.S. H.G.P.S. School - Bhuj - Gada (Kutch) થી પર + ૫ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ આપના શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં stay કર્યું હતું. જેમાં અમને ભોજન બનાવવાની વ્યવસ્થા, રહેવા માટેની વ્યવસ્થા સુવ્યવસ્થિત રીતે પૂરી પાડેલ છે તે બદલ અમોશ્રી આપના આભારી છીએ. ઓવરઓલ આપવામાં આવેલી તમામ સવલતો તથા સગવડો સારી અને વ્યવસ્થિત હતી. પ્રસંશનીય હતી તથા સ્ટાફ તરફથી યોગ્ય સહકાર મળેલ છે તે બદલ તમામનો ખૂબ ખૂબ આભાર.

***અજય સોલંકી - શિક્ષક***
***મો. ૮૧૧૭૧૮૮૯૫***

★

અમોએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રૂમ નં.-૩૦૭ અને ૩૦૯ ભાડા પર લીધેલ હતા. ભૂલમાં અમારો મોબાઈલ ટેબ રૂમ નં.-૩૦૭માં ચેક આઉટ કરતી વખતે રહી ગયેલ. આપના સ્ટાફના ભાઈશ્રી ભાવેશભાઈએ સફાઈ દરમિયાન અમોને પરત કરેલ. તે બદલ અમે સર્વે ટ્રસ્ટીગણ, પ્રમુખશ્રી તેમજ શ્રી કચ્છી વિશ્રામગૃહના સ્ટાફના ઘણા જ આભારી છીએ.

***કીર્તિ લખમશી કાનજી ગાલા - ચેમ્બુર, મુંબઈ***
***મો. ૯૯૨૦૦ ૬૬૧૯૧***

*'હાઈવે'ના 'માઈલ સ્ટોન' પર દર્શાવેલ અંતરના પ્રતિભાવ, દરેક પ્રવાસીઓના જુદા જુદા હોય છે. એક કહેશે કે કેટલું અંતર કપાયું અને એક કહેશે કે કેટલું અંતર બાકી છે.*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

## ૧૦૮ પાર્શ્વનાથ તીર્થ દર્શન

(ગતાંકથી ચાલુ)

**૫૫. શ્રી નવખંડા પાર્શ્વનાથ ભગવાન - ઘોઘા**

*દુર્જન થકી નવ અંગ થાતા લપનશ્રી સંયોજતી,*
*સૂરવચનથી ભક્તિ પ્રતાપી મૂરત તો પાડિબોહતી;*
*નવખંડયુત તુજ અંગ જોતા પાપ રોતા ભવ્યના,*
*નવખંડ ઘોઘા પાર્શ્વ સેવા દે સુખો શિવ - દેવના...*

**૫૬. શ્રી અજાહરા પાર્શ્વનાથ ભગવાન - અજાહરા તીર્થ**

*તુજ ન્હવણનીરે અજયનૃપનો કુષ્ટ રોગ દૂરે કર્યો,*
*તત્કાળથી પારસ અજારા નામથી તુ અલંકર્યો;*
*તો રક્તતનું પર રક્ત થઈ વિરક્તિ હું માણું સદા,*
*ભવરોગહારી નામ સાર્થક આપ દ્યો શિવસંપદા...*

**૫૭. શ્રી દોકડિયા પાર્શ્વનાથ ભગવાન - પ્રભાસપાટણ**

*શ્રદ્ધેય! નિષ્ઠા આપની અવિહડ હૃદયમાં ધારતો,*
*અહોનિશ પૂજારી આપનો નિજ જીવનચિંત નિવારતો;*
*ચિંતાપૂરક તુજ ભક્તિ યોગે પામતો નીત દોકડો,*
*તીમહિ મને દ્યો પાર્શ્વ દોકડિયા કૃપાબળ ચોકડો...*

**૫૮. શ્રી ચોરવાડી પાર્શ્વનાથ ભગવાન - ચોરવાડ**

*દિલડું ચાહે અવિરત નિવારક મોહતૃષ્ણા - તાપને,*
*ચાતક મહે જ્યુ, મેઘ ત્યુ, પ્રભુ ચોરવાડી આપને;*
*હે ચોરવાડનાં પાર્શ્વ કામુઆપ કીરપા એટલી,*
*આત્મિક થવા દેવત દિયો, જિમ પાપ મુજ જાવે ટળી...*

**૫૯. શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ ભગવાન - માંગરોળ**

*હે નાથ! મૂરત આપ વૈરી મ્લેચ્છ નૃપતિ ખંડતો,*
*ત્યારે તમારો પ્રગટ પરચો ભાવિકને આનંદનો;*
*તત્કાળ તવ સહુ અંગૂલિ નવ પલ્લવિતતા ધારતી,*
*મંગલપૂરા હૈ પાર્શ્વ નવપલ્લવ કરું પ્રણતિ તતિ...*

**૬૦. શ્રી બરેજા પાર્શ્વનાથ ભગવાન - બરેજબંદર**

*સાગરતલેથી પ્રગટ થઈને દાસની રક્ષા કરી,*
*તીર્થ બરેજા સ્વામ પારસ મૂરત તો મહિમાગરી;*
*તિમહી પ્રભો ભાવસાગરે બુડતા ઉગારોને મને,*
*આશા ધરી એક જ ઉભો સેવક તમારા આંગણે...*

**૬૧. શ્રી અમૃતઝરા પાર્શ્વનાથ ભગવાન - ભાણવડ**

*અમૃત ઝરે તુજ અંગથી તેથી અભિધા આપનું,*
*અમૃતઝરા તુજને જપંતા સુખ મળે સોહામણું;*
*હે ભાણવડ શુભ તીર્થ હૃદયાંબુજ ધરી હૃદયને તને,*
*વંદન કરી વીતરાગતા પ્રાર્થું પ્રભો તારી કને...*

**૬૨. શ્રી સપ્તફણા પાર્શ્વનાથ ભગવાન - ભણસાલ**

*સપનું થયું સાકાર નૃપનું નાથ તુજને ધ્યાવતા,*
*પૂજા કરી પ્રાર્થી તને શુભ સંતતિ ઝટ પાવતા;*
*ભણશાલ ભાગ્ય વિકાસકારી પાર્શ્વ પરચ પૂરણા,*
*હે સપ્તફણ પ્રણમું તને હો જીવજીવન સંભારણા...*

**૬૩. શ્રી ભાભા પાર્શ્વનાથ ભગવાન - જામનગર**

*ભાગ્યોદયથી બનવા હું આયો જામનગરી ચૈત્યમાં,*
*ભાભાભિધાની પાર્શ્વ જોતાં મન ગમી સંયમરમાં;*
*પાવન થયો પરમેષ્ઠિ પદ દાયક નિહાળી આપને,*
*સત્કારું સેવ કરી કહું મુજ હર અનાદિ સ્વાપને...*

**૬૪. શ્રી ભદ્રેશ્વર પાર્શ્વનાથ ભગવાન - ભદ્રેશ્વરજી**

*વિજ્યા વિજય વિજયંકરી અધ્યાતમ સુખની આપણી,*
*માભોમ જગડુશ્રેષ્ઠીની ભદ્રેશ્વરી તીરથમણિ;*
*હે કપિલકેવલી પ્રાણ પ્રાપિત પાર્શ્વ ભદ્રેશ્વર કરો,*
*મુજપે કૃપા અબ રાગ દ્વેષને મોહનાં પડલો હરો...*

**૬૫. શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાન - સુથરી**

*કલ્લોલતા ધૃતઘટ વિશે તુજને નિહાળી હે પ્રભો!*
*કલ્લોલ કરતો સંઘ સ્થાપે નામ તુજ સાર્થક વિભો!*
*વામેય ધૃતકલ્લોલ ઘટના આપની અચરિજ કરી,*
*હે સુથરી તીરથપતિ પ્રણતિ સ્વીકારો શિવકરી...*

**૬૬. શ્રી ભયભંજન પાર્શ્વનાથ ભગવાન - ભિનમાલ**

*જબ મ્લેચ્છ પાપી ભૂપ આશાતન કરે તુજ ગર્વથી,*
*ભય ભાંજતો જય આલતો તબ સંઘને તુ સર્વથી;*
*ભીનમાલભૂષણ પાર્શ્વ ભયભંજન ભજુ અવધારીને,*
*ભય સપ્ત ટાળી લુપ્ત કર મુજ પાપ ભય પ્રગટાવીને...*

**૬૭. શ્રી નાકોડા પાર્શ્વનાથ ભગવાન - નાકોડાજી**

*મેવાનગરમાં નાથ મોહે ભક્તને તું અહનિશિ,*
*હે પાર્શ્વનાકોડા પ્રભાવ તુમારડો છે દશનિશિ;*
*તુજ ભક્તનો પણ દાસ ભૈરવદેવ પરચા આલતો,*
*થઈ રક્ત પ્રણમું નાથ તુજને પલપલે સંભારતો...*

**૬૮. શ્રી લોદ્રવા પાર્શ્વનાથ ભગવાન - લોદ્રવાજી**

*લોદ્રવપુરેશ અમૂલ્ય પારસનાથ તુ સીમા ધણી, શ્રદ્ધેય!*
*માનુ મૂરત તુજ અણમોલ સુખની આપણી;*
*મહામોહનું મારણ કરંતી કાય શ્યામલ ઝગમગે,*
*લોકોત્તરી, સૌંદર્યધારી વ્યાપી મારા રગરગે...*

**૬૯. શ્રી સંકટહરણ પાર્શ્વનાથ ભગવાન - જેસલમેર**

*હે પાર્શ્વ! જેસલમેર તીર્થ સ્વામ શ્યામ તનુધરા,*
*સંસાર ને સંકટહરા સૌભાગ્યને સંપદકરા;*
*શંકા તજી શ્રદ્ધા ધરી સેવું તને સંકટહરા,*
*સાર્થક ધરાવો નામ કીજે કામ મુજ ભદ્રંકરા...*

**૭૦. શ્રી કુંકુમરોલ પાર્શ્વનાથ ભગવાન - જાલોર**

*સોવનગિરિનાં શિખર ઉપર આશ્વસેની રાજતો,*
*શ્રી પાર્શ્વ કુંકુમરોલના નામા ભક્તની ભીડ ભાંજતો;*
*કુંકુમતિલક શિવનારીનું તવ દર્શ પામ્યો આજ હું,*
*તુજ સ્પર્શને શિવ સૌખ્ય પામ્યો નાથ આજે હું બહુ...*

**૭૧. શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ ભગવાન - નૂનગામ**

*આશા પૂરે નિજ ભક્તની અહોનિશ અણમોલા પ્રભુ,*
*તેથી જ આશાપુરણ નામે સેવ કરતા સહુ વિભુ;*
*હે નૂનતીરથ નાથ પારસ દૃષ્ટિ કરજો મુજ ભણી,*
*મુજ હૃદયવાસી થઈ વિદારો વાસના મુજ ભવ તણી...*

**૭૨. શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાન - જીરાવલ્લાજી**

*જ્યારે પ્રતિષ્ઠા જિનપની જિનમંદિરે કરતાં ભવિ,*
*તવ મંત્ર મૌલિક સિદ્ધિ હેતે ભીંત પર લખતા સવી;*
*એવો પ્રચંડ પ્રભાવ પરચો જાણી તુજ જીરાવલા,*
*શિવ હેત સેવું હું તને અબ તોડ મુજ ભવ અર્ગલા...*

**૭૩. શ્રી સિરોડિયા પાર્શ્વનાથ ભગવાન - સિરોડી**

*હે પાર્શ્વ સિરોડીક! પ્રતિષ્ઠા આપની સંય કરી,*
*સૂરિપ્રેમ યોગે લાગી માયા તુમ તણી અંતર ધરી;*
*મંડન સિરોડી તીર્થના છો મોહ માર નિવારણા,*
*વંદન કરી વિનવું તને ઘો દર્શ શિવના બારણા...*

**૭૪. શ્રી હમીરપુરા પાર્શ્વનાથ ભગવાન - મીરપુર**

*હે હમ્મીરપુરા પાર્શ્વ જગ રખવાલ જગદીશ્વર તમે,*
*છો મીરપુર તીર્થપતિ કરીયે નતિ તતિઓ અમે;*
*માલિક અનાદિ મોહ પીરને મુજ થકી નિવાર તું,*
*એ ઉચ્ચ ઉપકારો વડે તો નામ ઝટ સાર્થક થતું...*

**૭૫. શ્રી પોસલી પાર્શ્વનાથ ભગવાન - પોસાલીયા**

*પુણ્યોદયી વિમલપ્રભા ધારક નિહાળી પાર્શ્વને,*
*શ્રી પોસલીનામી તીર્થપોસાલીયા ઉજાસને;*
*શ્યામાંગ! હે વામાંગજાત! સ્વીકાર માંગ તુ માહરી,*
*ભવરોગ હારો નાથ હું ભાવે ભજુ પાયે ધરી...*

**૭૬. શ્રી કચ્છુલિકા પાર્શ્વનાથ ભગવાન - કાછોલી**

*ગુપ્તેન્દ્રિય કચ્છપ સમા હૈ પાર્શ્વ કચ્છુલિકા નમુ,*
*ભવવાસના કચ્છુ નિવારક આપના ધ્યાને રમું;*
*અર્બુદગિરિ તલહટ્ટી કાછોરી તીરથ અજવાળતા,*
*ઉપાસતા ફરશે હૃદય વર જ્ઞાન ઝાકઝમાળના...*

**૭૭. શ્રી દાદા પાર્શ્વનાથ ભગવાન - બેડા**

*દાદા દયાળુ પાર્શ્વ માણી આજ તારા ઉંબરે,*
*સદ્વાસ સુમન ગુલાબની હું ધન્યતા પામ્યો ખરે;*
*જીવંતતા ધારક નિવારો નાથ શ્યામલ અહંને,*
*કીરપા કરો મુજપે જરી ગુણ મ્હેકતું જીવન બને...*

**૭૮. શ્રી સેસલી પાર્શ્વનાથ ભગવાન - સેસલી**

*દોષો અશેષ નિવાર મારા રાખી તારા શરણમાં,*
*લેવા અશેષ ગુણો હું આયો શેષલી તવ ચરણમાં;*
*મીઠડી કિનારે મેં દીઠી મીઠડી તમરી મૂરતિ,*
*સુસ્તી ટળી તુજથી વહી સંવેદના ને અભિરતિ...*

**૭૯. શ્રી રાણકપુરા પાર્શ્વનાથ ભગવાન - રાણકપુરજી**

*જ્યાં સ્વપ્ન ધરણાશાતણું સાકાર થઈ શોભી રહ્યું,*
*ત્યાં ધરણસેવિત પાર્શ્વજિન મંદિર હૃદય લોભી રહ્યું;*
*કમનીય કાળી કાય ધારી પાર્શ્વ હે રાણકપુરા,*
*વંદન કરી શિવહેત સોપું આજ મુજ જીવનધરા...*

**૮૦. શ્રી સોગઠિયા પાર્શ્વનાથ ભગવાન - નાડલાઈ**

*પંચમગતિપ્રદ પંચફણનું છત્ર શિર ઉપર ધર્યું,*
*હે પાર્શ્વ સોગઠિયા નિહાળી આપને દિલડું ઠર્યું;*
*જેખલગિરિ હૃદયે વસ્યા છો નાડલાઈ નાથજી,*
*આત્મૈક સિદ્ધિ પામવા કાંક્ષા પ્રભો! તુજને ભજી...*

**૮૧. શ્રી વરકાણા પાર્શ્વનાથ ભગવાન - વરકાણા**

*જે બાવના ચંદન સમા શીતલ જિનાલય બાવને,*
*બેસી કહે ભવથી ઉગરવા આવજો મારી કને;*
*તે વરકનકપુરનાથ શ્રી વરકાણ પારસ પૂજતા,*
*જગનાથ જોડી હાથ નમતાં પાપ પડલો ધ્રુજતા...*

**૮૨. શ્રી નવલખા પાર્શ્વનાથ ભગવાન - પાલી**

*તુજ નામનું ઔષધ ધરી શ્રદ્ધા સદા જપતી કહે,*
*વૃદ્ધાં તણા સંકટ ટળે સંપદ મળે કારજ સરે;*
*નવલક્ષ દ્રવ્ય લગાવી અનુપમ ચૈત્ય તવ નિરમાપતિ,*
*પાલીભૂષણ હે પાર્શ્વ નવલખ તો મૂરત મન ભાવતી...*

**૮૩. શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ ભગવાન - કાપરડાજી**

*કામિટ કરી પ્રગટી સ્વયંભૂ પાર્શ્વ મૂરત આપની,*
*પરચાપૂરક છે નીલવર્ણ સુપર્ણસમ લલચામણી;*
*રઢ લાગી તારી કર્મ બબ્બુલ કંટકો હરવા ઘણી,*
*ડારો પ્રભુ મુજ દોષ ટાળો તીર્થ કાપરડા ધણી...*

**૮૪. શ્રી ફલવૃદ્ધિ પાર્શ્વનાથ ભગવાન - મેડતા રોડ**

*નિશિએ અધિષ્ઠાયકા સદા થઈ અશ્વવાહી આવતા,*
*તીર્થપ તમારા મંદિરે તવ દાસને હરખાવતા;*
*પરચાપૂરક ફલવૃદ્ધિ પારસ મેડતા તીર્થપતિ,*
*દેજો મને ફલવૃદ્ધિકારી ભક્તિ - શક્તિ - અભિરતિ...*

**૮૫. શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન - મેડતાસીટી**
*હે વિજય ચિંતામણિ પ્રભો છો નામથી કામણકરા,*
*વિજયંકરા જાણી લીધા મેં આપના શુભ આશરા;*
*મેડતપુરે તુજ ભક્તિયોગે મોહ સામે જે લડે,*
*આનંદઘન પારસ પ્રભાવે કર્મ તેના તરફડે...*

**૮૬. શ્રી મંડોવરા પાર્શ્વનાથ ભગવાન - મુંડવાતીર્થ**
*સપનું થયું સાકાર પામી દાસ તવ તુજમાં રમે,*
*તારા પ્રતાપે ધાન જવ કંચનસ્વરૂપે પરિણમે;*
*મંડન મરૂધરંન મહોદયકાર હે મંડોવરા,*
*શ્રી પાર્શ્વ મુંડેવાધણી હો મોહનાં મુંડનકરા...*

**૮૭. શ્રી કરડા પાર્શ્વનાથ ભગવાન - ભોપાલસાગર**
*કરજો કૃપા કરહેટ પારસ જિમ કરી ઝાંઝણ પ્રતિ,*
*લઈ સંઘ યાત્રા આવતો મન ભાવતી તુજશુ રતિ;*
*તવ ચૈત્ય તીર્થોધ્ધાર યોગે ઉધ્ધરે નિજ આતમા,*
*હું પણ કરૂં તવ ભક્તિ કર પાવન મને પરમાતમા...*

**૮૮. શ્રી વહી પાર્શ્વનાથ ભગવાન - વહીતીર્થ**
*સ્થાપ્યા પદે નિજ રાગદ્વેષનાં વ્યાઘ્રનો નિગ્રહ કરી,*
*ભવભ્રમણ વારક આકૃતિ તવ શિલ્પની વિસ્મય કરી;*
*અધ્યાત્મ ઉર્મિ, હૃદય ઉભરી નિરખતા પારસ વહી,*
*હે વહી તીર્થનાં સ્વામી સ્થાપો શીઘ્ર મુજને શિવમહી...*

**૮૯. શ્રી સમીના પાર્શ્વનાથ ભગવાન - સમીનાખેડા**
*હે પાર્શ્વ સમીના પૂર અમીના તુજ નયનથી વહી રહ્યાં,*
*સંતાપ ટાળી શૈત્યદાયી આપના શરણા ગ્રહ્યાં;*
*શ્રી તીર્થ સમીના ખેડધામી હેત દઈ હિતકારણા,*
*શ્યામાંગ! નવફણયુક્ત નમતાં નિત્ય સુખ રળિયામણા...*

**૯૦. શ્રી ચંદા પાર્શ્વનાથ ભગવાન - ઉદયપુર**
*જે નિત્ય અવિરત પૂનમ શશીની ચાંદની ફેલાવતી,*
*સંતાપને સહુ તાપ ટાળી ભવિક મન મલકાવતી;*
*આત્મા તણો ઉદયંકરી પૂર હર્ષનાં ઉભરાવતી,*
*તે પાર્શ્વ ચંદા મૂરત નમતાં હું વર્યો, ટાઢક અતિ...*

**૯૧. શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન - નાગેશ્વરજી**
*છો નાગની નવ ફેણ ધારી, હાથ નવ ઉંચા વળી,*
*નાગેશ્વરા પારસ નમું હું, આપ ચરણો લળી લળી;*
*મર્કટ સમું મન સ્થિર થયું, પ્રભુ મૂરત જોતાં આપની,*
*મરકતમણિમય પુનીત મુદ્રા પીર હરો ભવતાપની...*

**૯૨. શ્રી રાવણ પાર્શ્વનાથ ભગવાન - અલવર**
*નિત જિન પૂજનની ટેક હેતે નેહથી તવા મૂરતનું,*
*નિર્માણ કરતો રાય રાવણ અર્ચતો મણિમય તનું;*
*તે રાવણા રળિયામણા પારસ મળ્યા બહુ પુણ્યથી,*
*અલવરપતિ પૂજ્યો પ્રજાળો પાપ મારા મન્મથી...*

**૯૩. શ્રી કલ્પદ્રુમ પાર્શ્વનાથ ભગવાન - મથુરા**
*હે પાર્શ્વ! તારા નામથી પણ સંકટો સહેજે ટળે,*
*કલ્પિત અને વણકલ્પી પણ શિવસંપદા સહુને મળે;*
*છો કલ્પદ્રુમ સમા તમે અભિધાન સાર્થક તાહરૂં,*
*મથુરાપતિ ટાળી અઢારે નાતરા દ્યો સુખ ખરૂં...*

**૯૪. શ્રી કૂકડેશ્વર પાર્શ્વનાથ ભગવાન - કૂકડેશ્વર**
*નિજ પૂર્વ ભવ સંભારતો કુર્કુટ અને ઈશ્વરતણો,*
*મૂરતિ ભરાવી ગાવતો નૃપ દત્ત ઉપકારો ઘણો;*
*શ્રી દત્ત શિવદાતા બનો ઈમ પ્રાર્થતો પૂજન કરે,*
*હે પાર્શ્વ! કુકડેશ્વર! ભવિ તવ દર્શને ભવજલ તરે...*

**૯૫. શ્રી કામિતપૂરણ પાર્શ્વનાથ ભગવાન - ઉન્હેલ**
*કામિતપૂરણ પારસથકી સહુ કામના પૂરણ થતી,*
*ઉન્હેલતીર્થ સેવતા પુણ્યાઈ સહુવિધ ઉભરતી;*
*અબ એક મારી કામના મુજ કામ ઝટપટ ટાળીયે,*
*સ્વામી બનાવી દાસ મુજને એક નજર ભાળીયે...*

**૯૬. શ્રી અવંતી પાર્શ્વનાથ ભગવાન - ઉજ્જૈન**
*ગજસિંહ - સંપ્રતિ - વીરવિક્રમ - માણિભદ્ર જિંહા થયા,*
*ઉજ્જૈનની તે અવનિમાં પારસપ્રભુ શોભી રહ્યાં;*
*નામે અવંતી સમરતા, સુકુમાળતા દિલડું વરે,*
*ભદ્રકપણે પ્રભુ ભેટતાં આતમતણા કારજ સરે...*

**૯૭. શ્રી અલૌકિક પાર્શ્વનાથ ભગવાન - હાસામપુરા**
*મુદ્રા અલૌકિક નાથની તેથી અલૌકિક નામના,*
*પારસ પૂજા પ્રત્યુષ કરતાં હોય સહુ હિત કામના;*
*કંદર્પ - દર્પ સમા નિહાળ્યા નાગ - નાગણી લંછને,*
*નિગ્રહ કરી તીર્થપ હવે સૌ દોષથી રક્ષો મને...*

**૯૮. શ્રી મક્ષી પાર્શ્વનાથ ભગવાન - મક્ષીજી**
*જસ નામ મક્ષી તીર્થસ્વામી મોહનિંદ ભગાડતી,*
*સૌ કામ હરતી શ્યામ પડિમા આત્મારામ જગાડતી;*
*નિર્મલ થયા મુજ નેણ નિરખી પાર્શ્વચંદન બાવના,*
*સેવા થકી શીતલ થયું મુજ હૃદય અવિચલ ભાવના...*

**૯૯. શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથ ભગવાન - નગપુરા**
*શિવનાથ સરિતા ભોમથી દૂધધાર સંયુત પ્રગટતા,*
*છો ચિત્તના ચમકારકારી દેખી ભવિજન હરખતા;*
*નિર્માણ કરતો નૃપપ્રદેશી કેશી ઉપદેશે તને,*
*હે નગપુરાનાં પાર્શ્વ સહુ ઉપસર્ગહર શિવ દ્યો મને...*

**૧૦૦.શ્રી વારાણસી પાર્શ્વનાથ ભગવાન - બનારસ**
*સૂરલોક પ્રાણતથી ચ્યવન વામા કુખેથી જનમિયા,*
*વારાણસીમાં ત્રિશત સહ થઈ સંયમી જ્ઞાની થયા;*
*ચિહુગતિ નિવારક ચાર કલ્યાણક ભૂમિને સ્પર્શતા,*
*વારાણસી પ્રભુ પાર્શ્વ પ્રગતિકારી અહોનિશ પ્રણમતા...*

**૧૦૧.શ્રી સમેતશિખર પાર્શ્વનાથ ભગવાન - મધુવન**

*અણસણ કરી એક માસનું પ્રભુ શૈલ સમ્મેતે રહ્યાં,*
*તેત્રીસા મુનિ સંઘાત સઘળા કર્મ ઈંધનને દહ્યાં;*
*સિધ્ધિ વર્યા શ્રાવણ સુદી આઠમ દિને પારસ તમે,*
*સમ્મેતશિખરાભિધ તીર્થપ તુજ ચરણ ચિત્તે રમે...*

**૧૦૨.શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભગવાન - સીરપુર**

*છો પ્રાણ ખરદૂષણ તણા ભાવે ભરાવ્યા આપને,*
*અધ્ધર રહ્યાં આકાશમાં હે અંતરિક્ષ નમું તને;*
*મોહાંધતા નાશક ધરી આશા હું આયો આંગણે,*
*હે પાર્શ્વ શિરપુરનાં તિમિર ટાળી પ્રકાશ દીયો મને...*

**૧૦૩.શ્રી કેસરીયા પાર્શ્વનાથ ભગવાન - ભાંડકજી**

*છે કેસરી પડિમા તમારી પાર્શ્વ કેસરીયા પ્રભુ,*
*ભદ્રાવતીના ભવ્ય ભાગ્યે આપ પ્રગટ્યા છો વિભુ;*
*સાર્થક અભિધ છો સ્વપ્નદેવા સેવ ચાહુ આપની,*
*વીતરાગતા આપો મને મુજ દોષ સઘણા અવગણી...*

**૧૦૪.શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાન - કુંભોજગિરિ**

*હે અમીત સુખદાતાર તારી અમી ભરેલી આંખડી,*
*કરતી શીતલ મુજ નયનને જાણે કમળની પાંખડી;*
*વાત્સલ્ય લહેરી અનુભવી તુજ યોગ પામી આજ મેં,*
*હે પાર્શ્વ જગવલ્લભ હવે મુજ ચિત્તડું તુજમાં રમે...*

**૧૦૫.શ્રી ગિરુઆ પાર્શ્વનાથ ભગવાન - અમલનેર**

*શ્રી પાર્શ્વ ગીરુઆ કર્મવીરુવા ટાળનારા આપ છો,*
*ગીરુવા બનાવી ભક્તને શિવ સ્થાપનારા આપ છો;*
*મુજ મોહ અમલ નિવારી અમૃતકાર સ્વામ સુહંકરા,*
*નિર્મલ કરો મુજને અમલનેરી પ્રભો જગદીશ્વરા...*

**૧૦૬.શ્રી મનોવાંછિત પાર્શ્વનાથ ભગવાન - નેર**

*નિજ ભક્તની કરતી કસોટી, રત્નનિર્મિત મૂરતિ,*
*પણ ભક્તિ કરતાં આપની સ્ફુર્તિ વરે સૌ અવિરતિ;*
*તું કલ્પવેલી પામતાં ચિંતા ટળી પામ્યો સુધી,*
*હે નેરતીર્થપ પાર્શ્વ મનવાંછિત મળો મોક્ષાવધિ...*

**૧૦૭.શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ ભગવાન - નાસિક**

*ચિંતા ટળી મુજ ચિત્તની પામી તને ચિંતામણિ,*
*હે પાર્શ્વ! નીલવરણ તમારી મૂરત મન લોભામણી;*
*નાસિક પુરેશ્વર નેહ કરતાં નેત્ર મુજ પાવન થયા,*
*સીતાપૂજિત તુજ યોગ ચાહુ પુણ્યને ગુણ ઉપચયા...*

**૧૦૮.શ્રી ગોડીજી પાર્શ્વનાથ ભગવાન - મુંબઈ**

*મોહાંધતા પ્રભુ છો સ્વામ મોહમયીતણા,*
*તારા પ્રતાપે મોહમયીના ભવિક સૌ સુખીયા ઘણા;*
*હું પણ ધરી વિશ્વાસ તારે દ્વાર દોડી આવીયો,*
*હે પાર્શ્વ ગોડી! આત્મશુદ્ધિ હેત તું મન ભાવીયો...*

---

***શ્રી જિનાજ્ઞા વિરુધ્ધ કંઈ લખાયું હોય અને બીજી કોઈ ભૂલચૂક થઈ હોય તો મિચ્છામિ દુક્કડં.***

---

## NanoNine *Sudoku*

*નવેમ્બર-૨૦૧૭ના અંકમાં છપાયેલ*
*સુડોકુ-૧૦૯૧ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. અવંતી દંડ - અમદાવાદ
૨. અજય રાણા - અમદાવાદ
૩. ઝરણા પારેખ - અમદાવાદ
૪. નીના ગોરજી - અમદાવાદ
૫. પ્રતિમા શાહ - અમદાવાદ
૬. ખુશી વોરા - અમદાવાદ
૭. રીતલ ગાંધી - અમદાવાદ
૮. ગીતા મહેતા - અમદાવાદ
૯. નિખિલ પરીખ - અમદાવાદ
૧૦. સંજય શાહ - અમદાવાદ
૧૧. જયસુખ સંઘવી - અમદાવાદ
૧૨. મહેન્દ્ર મહેતા - અમદાવાદ
૧૩. શીત મહેતા - અમદાવાદ
૧૪. ચંદુભાઈ કુબડિયા - અમદાવાદ
૧૫. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૧૬. મૃદુલા ચોક્સી - અમદાવાદ
૧૭. બિનોય ગોગરી - અમદાવાદ
૧૮. સ્મિતા શાહ - અમદાવાદ
૧૯. ઉષ્મા શાહ - અમદાવાદ
૨૦. ચંદ્રા શાહ - અમદાવાદ
૨૧. કલ્પના પાલાણી - અમદાવાદ
૨૨. કુણાલ શાહ - અમદાવાદ
૨૩. ધ્રુવી મહેતા - અમદાવાદ
૨૪. શાંતિલાલ શાહ - અમદાવાદ
૨૫. જયંતિલાલ મહેતા - અમદાવાદ
૨૬. રીટા ગાંધી - અમદાવાદ
૨૭. ધરા વોરા - અમદાવાદ
૨૮. ડૉ. અતુલ ધરોડ - અમદાવાદ
૨૯. હેમલતા દેઢિયા - અડાલજ
૩૦. પ્રભા શેઠિયા - વલસાડ
૩૧. નવલ નીસર - સુરત
૩૨. સરોજ ચંદુરા - સુરત
૩૩. પાર્થ મહેતા - સુરત
૩૪. ચંદનબેન શાહ - અગાસ
૩૫. નિરલ કુબડિયા - ગાંધીધામ
૩૬. દિયા કુબડિયા - ગાંધીધામ
